ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી



ગરીબ બિચારાં
ધવલ નિશાઓ

"...તમે કહો છો કે દોસ્તોયેવ્સ્કીએ બધા લોકોને પોતાના જેવા જ માની લઈને પોતાનાં પાત્રોમાં ખુદ પોતાનું જ ચિત્રણ કર્યું છે. પરિણામ કેવું છે? એ અસાધારણ પાત્રોમાં કેવળ આપણે જ નહિ, તેની પોતાની પ્રજાના લોકો જ નહિ, પરંતુ વિદેશીઓ પણ પોતાને, પોતાના આત્માને, પારખી લે છે."

લેવ તોલ્સ્તોય


1929

ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી

ગરીબ બિચારાં

ધવલ નિશાઓ

પ્રગતિ પ્રકાશન
મોસ્કો

અનુવાદ — અતુલ સવાણી
સજાવટ — આનાતોલી મોઈસેયેવ

Ф. М. Достоевский

БЕДНЫЕ ЛЮДИ
БЕЛЫЕ НОЧИ

на языке гуджарати

સોવિયેત સંઘમાં મુદ્રિત

Д $\frac{70301-039}{016(01)-79}$ 853—79

4702010100

અનુક્રમણિકા

આમુખ . . . . ગ
ગરીબ બિચારાં ૧૧
ધવલ નિશાઓ ૧૬૫

આમુખ

મહાન રૂસી લેખક દોસ્તોયેવ્સ્કીએ 'ગરીબ બિચારાં' નવલ અને 'ધવલ નિશાઓ' નવલિકાનું સર્જન ઓગણીસમી સદીના પાંચમા દાયકામાં પોતાની સાહિત્યિક કારકિર્દીના છેક આરંભમાં કર્યું હતું. પિટર્સબર્ગમાં જીવનનાં આરંભનાં વર્ષો દરમિયાન પોતાના અનુભવોને યાદ કરતાં તેણે જણાવ્યું છે કે આ કૃતિઓના વિચારો તેની કલ્પનામાં કેવી રીતે ઉદય પામ્યા હતા. તેની નજરમાં શહેર રહસ્યમય તથા અગમ્ય હતું અને તેને શેરીઓમાં રખડવાનો તથા રાહદારીઓના ચહેરા નીરખવાનો શોખ હતો. યુવાન સ્વપ્નદર્શીને (તેણે પોતાને વિશે કહ્યું છે કે હું એ વખતે ઉત્સાહી સ્વપ્નદર્શી હતો) એક વાર પિટર્સબર્ગની ધુમ્મસભરી સાંધ્યા વેળાએ શહેરમાં નજર ફેરવતાં થયું કે અંધારઘેરાં મેશ છવાયેલાં મકાનોની ભીતર જિંદગી કેવી હશે, અને તરત જ નિષ્ઠુર રૂસી વાસ્તવિકતામાં પીડાતા ગરીબ નેક લોકોની કરુણતાઓ અંગે ઊંડી અનુકંપાની લાગણી તેના હૈયામાં છલકાઈ ગઈ. 'ગરીબ બિચારાં' નવલનું સર્જન એવી રીતે થયું હતું, અને તેનાં સ્વપ્નો તથા ચિંતનોનું સુફળ 'ધવલ નિશાઓ' વાર્તામાં અંકિત થયું. એ નવલિકા રૂસી સાહિત્યમાં અત્યંત કાવ્યમય અને કલાત્મક કૃતિનું સ્થાન ધરાવે છે.

'ગરીબ બિચારાં' દોસ્તોયેવ્સ્કીની પ્રથમ કૃતિ છે. ૧૮૪૫ની વસંતમાં તેણે એ કૃતિ પોતાના સુપરિચિત અંગત મિત્ર યુવાન લેખક ગ્રિગોરોવિચને વાંચી સંભળાવી. ગ્રિગોરોવિચને નવલ બહુ ગમી ગઈ એટલે તે હસ્તપ્રત નેક્રાસોવ પાસે લઈ ગયો. નેક્રાસોવે 'પિટર્સબર્ગ સંગ્રહ' નામે ગ્રંથના પ્રકાશનની યોજના ઘડી હતી. આગળ જતાં મહાન રૂસી કવિ તરીકે ખ્યાતિ

મેળવનાર નેક્રાસોવની સાહિત્યિક કારકિર્દી પણ એ વખતે જ શરૂ થઈ હતી. તેમણે ભેગા મળીને હસ્તપ્રત વાંચી. વાંચતાં વાંચતાં કેટલીય જગ્યાએ તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. ૧૮૪૫માં પિટર્સબર્ગની ધવલ નિશા દરમિયાન પરોઢિયે ચાર વાગ્યે તેઓ દોડતા દોસ્તોયેવ્સ્કીને ત્યાં પહોંચી ગયા અને દેકારો કરીને તેને જગાડી દીધો: "આ તો નીંદર કરતાં ઘણી વધારે મહત્ત્વની વાત છે!" તે જ દિવસે સવારે નેક્રાસોવે હસ્તપ્રત મહાન રૂસી સાહિત્ય વિવેચક બેલીન્સ્કીને આપી. હસ્તપ્રત વાંચીને તેણે લેખક જોડે પરિચય સાધવાની મંછા વ્યકત કરી. તેણે કહ્યું કે "અદ્ભુત પ્રતિભા ધરાવતો માનવી જ પચીસ વર્ષની ઉંમરે આવું લખી શકે..."

ત્યાર પછી ઘણાં વરસે દોસ્તોયેવ્સ્કીએ બેલીન્સ્કી સાથેની પ્રથમ મુલાકાતને યાદ કરતાં કહેલું: "મારા આખા જીવનમાં અત્યંત અદ્ભુત ઘડી એ હતી." બેલીન્સ્કીએ દોસ્તોયેવ્સ્કીના ખૂબ તેજસ્વી ભવિષ્યની આગાહી કરી હતી: "તમે કલાકાર હોવાથી તમારે માટે સત્યનો માર્ગ મોકળો છે, તમને તે ભેટ તરીકે મળ્યું છે, તમારે ભેટની કદર કરવી જોઈએ, તેને વફાદાર રહેશો તો મહાન લેખક બની જશો."

'પિટર્સબર્ગ સંગ્રહ' ૧૮૪૬માં પ્રગટ થયો હતો. તેમાં પહેલી નવલ દોસ્તોયેવ્સ્કીની 'ગરીબ બિચારાં' હતી. પરંતુ તેનું પ્રકાશન થયું તે પહેલાં પણ પિટર્સબર્ગના લોકોમાં દોસ્તોયેવ્સ્કીનો ઉલ્લેખ અસાધારણ લેખક તરીકે થવા લાગ્યો હતો.

'ગરીબ બિચારાં'ની રચના પત્રોના રૂપમાં કરવામાં આવી છે. એ રૂપ યુરોપના સાહિત્યમાં નવું નહોતું (યુવાન ગેટે, રૂસો, ઝોર્ઝ ઝાન્દ, વગેરેની કૃતિઓ યાદ કરીએ). પરંતુ એ વખતે તેમાં કેવળ "ઉમરાવ" કુળનાં સોહામણાં યુવાન પાત્રોનું જ નિરૂપણ થતું. દોસ્તોયેવ્સ્કીની નવલમાં માકાર દેવુશિકન યુવાન પણ નથી અને સોહામણો પણ નથી, સતત ઘૂરકતી રહેતી કંગાલિયતમાં જિંદગી ગુજારતો સાધારણ કારકુન છે, અને વાર્વારા દોબ્રોસ્યોલોવા પારાવાર વ્યથા વેઠી ચૂકેલી ગરીબ યુવતી છે. તેમની વચ્ચે એપ્રિલથી સપ્ટેંબર સુધી છ મહિના પત્રવ્યવહાર ચાલે છે. દોસ્તોયેવ્સ્કીની પ્રથમ નવલનો વિષય પણ નવો નહોતો. દોસ્તોયેવ્સ્કીના ઘણા રૂસી પુરોગામીઓ તથા સમકાલીનોએ ઉપહાસ અને વગોવણીના ભોગ બનતા ગરીબ નિરાધાર કારકુનોનું ચિત્રણ પોતાની કૃતિઓમાં કર્યું છે. પરંતુ એ કૃતિઓનાં પાત્રોથી

નિરાળું દોસ્તોયેવ્સ્કીનું સાધારણ કારકુનનું પાત્ર "મુકત ચિંતન" વ્યકત કરવાની, જગતના અન્યાય તથા નિષ્ઠુરતા અંગે પોતાનો રોષ જાહેર કરવાની, હિંમત બતાવે છે. પિટર્સબર્ગમાં અમીરોના વિસ્તારો અને ગરીબોના મહોલ્લાઓ વચ્ચેનો તફાવત જોઈને માકાર દેવુશ્કિન સવાલ કરે છે — "નેક ઇન્સાનોને ગરીબી અને અવગણનાની હાલતમાં કેમ સબડવું પડે છે? અને બધું સુખ બીજા લોકોને ભાગે કેમ જાય છે?" ગોરોખોવાયા માર્ગે ફરીને જાહોજલાલીના ઝગારા મારતી દુકાનો જોયા પછી તેણે વારેન્કાને લખેલા પત્રમાં કેવું "મુકત ચિંતન" છલકાય છે! દોસ્તોયેવ્સ્કીના પાત્રના જૂના અને જરેલા ઓવરકોટમાં ઢંકાયેલી કાયામાં એવા માણસનું દિલ ધબકી રહ્યું છે કે જે બેહદ કપરા તથા નાઉમેદ સંજોગોમાં પણ પોતાના મોભાની રક્ષા કરી શકે છે, સ્વાભિમાન તથા સ્વતંત્રતા જાળવી શકે છે. 'ગરીબ બિચારાં' કૃતિને સમકાલીનોએ રૂસી સાહિત્યમાં સામાજિક નવલના પ્રથમ પ્રયાસ તરીકે ગણાવેલી તેમાં આકસ્મિક કશું નથી. દોસ્તોયેવ્સ્કીની પ્રથમ નવલનું નૂતન લક્ષણ એ હકીકતમાં હતું કે તેણે ભારે કાબેલિયતથી ગરીબોની, "નાના" માણસોની, સમૃદ્ધ આંતરિક દુનિયા પર પ્રકાશ પાથરી દીધો, તેમના ચારિત્રની ઉમદાઈ તથા ગહનતાનું નિરૂપણ કર્યું, બીજા લોકોની વ્યથાઓ તેમ જ નિસર્ગની તથા કાવ્યની સુંદરતા અંગે ઉદાસીન ન બની રહેવાની તેમની વૃત્તિનું ચિત્રણ કર્યું.

દોસ્તોયેવ્સ્કીની નવલમાં સુખ માણવા તથા આદર ધરાવવાના ગરીબ લોકોના અધિકારનું સમર્થન કરવામાં આવ્યું હતું. 'પિટર્સબર્ગ સંગ્રહ'ના અવલોકનમાં બેલીન્સ્કીએ લખેલું: "ઘણા લોકો કદાચ માની લે કે દેવુશ્કિનના પ્રકારના નિરૂપણમાં લેખકનો આશય એવા માનવીનું ચિત્રણ કરવાનો હશે કે જેનું માનસ તથા શકિતઓ જીવનના ભારથી કચડાઈ ગયાં હોય. એમ માની લેવામાં મોટી ભૂલ થશે. લેખકની વિભાવના ઘણી વધારે ગહન તથા માનવતામય છે. માકાર દેવુશ્કિનના પાત્ર મારફત તેણે બતાવ્યું છે કે અત્યંત સંકુચિત મનના માણસમાં પણ કેટલી બધી ઉમદાઈ તથા સુંદરતા ભરેલી હોય છે."

એ જ પિટર્સબર્ગના માર્ગોએ ફરવા નીકળતો માકાર દેવુશ્કિન જ્યાં ડગલાં ભરતો હોય છે ત્યાં દોસ્તોયેવ્સ્કીનું બીજું એક પાત્ર, 'ધવલ નિશાઓ'ના ગરીબ યુવાન સુશિક્ષિત કર્મચારીનું પાત્ર, પણ ફરવા નીકળે છે.

એ માણસ પણ શહેરના કોઈ દૂરના ભાગમાં રહે છે પરંતુ દરરોજ સાંજે ફોન્તાન્કા વિસ્તારમાં ફરવા આવે છે. પિટર્સબર્ગની ધવલ નિશાઓ દરમિયાન નહેરને કિનારે તેને અજાણી યુવતી નાસ્તેન્કા અકસ્માત્ મળી જાય છે.

નવલિકાનો નાયક સ્વપ્નદર્શી છે. બિચારો સાધારણ કર્મચારી જીવનના મુશ્કેલ સંજોગોમાંથી, સર્વત્ર ફેલાયેલી કરુણ વાસ્તવિકતામાંથી, છટકી જઈને "સ્વપ્નાંના રાજ"માં, પોતાની કલ્પનાના મનોહર જગતમાં, આશરો લે છે.

વાસ્તવિકતાથી અળગો થઈ ગયેલો એકાકી સ્વપ્નદર્શી ક્યારેક પોતાને ઉમદા શૂરવીર માનવીઓનું વર્ણન કરતી નવલકથાઓનાં પ્યારાં પાત્રોની ભૂમિકા ભજવતો કલ્પી લે છે, અને ક્યારેક નાયકની ભૂમિકા અપનાવી લે છે. નિષ્ઠુર વાસ્તવિકતાની સામે તેનો પડકાર એવો હતો. પરંતુ તેનાં સઘળાં પુસ્તકિયાં સ્વપ્નાંને જિંદગીએ છિન્નભિન્ન કરી નાખ્યાં. નસીબે તેને ચાર ધવલ નિશાઓની, દુનિયાદારીના રંગે રંગાયેલી યુવતી નાસ્તેન્કા સાથે મુલાકાતોની, ભેટ આપી પરંતુ તે સુખનું જીવન સાધી ન શક્યો. મલકતી ચમત્કારી ધવલ નિશાઓ પછી વરસાદ વરસાવતું બેનૂર પરોઢ આવ્યું.

નવલિકાની રચના વિભાગોમાં નહિ પરંતુ 'રાત્રિઓ'માં કરવામાં આવી છે—પહેલી રાત, બીજી રાત... એવી રચના આકસ્મિક નથી. ધવલ નિશાઓ અને ધુમ્મસનું નગર પિટર્સબર્ગ નવલિકાનું એક વિશિષ્ટ પાત્ર બની રહે છે (દોસ્તોયેવ્સ્કીની ભાવિ 'પિટર્સબર્ગ' નવલકથાઓની બાબતમાં પણ એમ જ છે).

આખી નવલિકાને ધવલ નિશાઓ જાણે મૃદુ, વિષાદમય, અને અમુક અંશે કાવ્યમય રંગ પ્રદાન કરે છે, તેમને કારણે રોજિંદી વાસ્તવિકતા જાણે રંગદર્શી અને ઉદાત્ત લાગે છે. અમુક પ્રમાણમાં કારુણ્ય છતાં હળવી લાગતી આ ગમગીન નવલિકાનું પ્રકાશન દોસ્તોયેવ્સ્કીએ ૧૮૪૮ના ડિસેમ્બરમાં 'પિતૃભૂમિની તવારીખ' સામયિકમાં કર્યું હતું.

એ સમયે દોસ્તોયેવ્સ્કી યુવાન લોકોના એક વર્તુળનો સભ્ય હતો. વર્તુળના સભ્યો પેત્રાશેવ્સ્કીના, ઓગણીસમી સદીના પાંચમા દાયકાના મુક્તિ આંદોલનની નામાંકિત વ્યક્તિના, ઘરમાં ભેગા થતા. તેઓ તરંગી સમાજ-વાદીઓની કૃતિઓનો તથા ૧૮૪૮ની ફ્રેંચ ક્રાંતિના વિચારોના અભ્યાસ

કરતા અને રશિયાની વાસ્તવિક પરિસ્થિતિની સમસ્યાઓ વિશે જોરદાર ચર્ચાઓ કરતા. એ સમયે પ્રચલિત વિષય "સ્વપ્નો અને વાસ્તવિકતા"નો હતો.

દોસ્તોયેવ્સ્કીએ કાવ્યમય નવલિકા પોતાના મિત્ર યુવાન કવિ પ્લેશ્ચેયેવને અર્પણ કરી હતી. કવિ પ્લેશ્ચેયેવ પણ પેત્રાશેવ્સ્કીના વર્તુળનો સભ્ય હતો. વર્તુળમાં સામેલગીરીના ગુના બદલ થયેલી મોતની સજાના અમલ માટે દોસ્તોયેવ્સ્કી અને પ્લેશ્ચેયેવને ભેગા જ ફાંસીને માંચડે ખડા કરવામાં આવ્યા હતા. આ વાત ૧૮૪૯ના ડિસેંબરની છે. પરંતુ પછી મોતની સજા સખત કેદ અને હદપારીમાં ફેરવી નાખવામાં આવી હતી. દોસ્તોયેવ્સ્કીએ લગભગ દસ વરસ કંઈ ન લખ્યું. તેણે ૧૮૬૧માં સાઈબિરિયાથી પાછા ફરીને 'હિણાયેલાં અને નિંદાયેલાં' નવલકથા લખી ત્યારે તેના સમકાલીનોને લાગ્યું કે 'ગરીબ બિચારાં' કૃતિમાં નિરૂપિત બુનિયાદી વિષયો તથા કલ્પનોનું મૂળ હજી સપ્રાણ છે. લેખકના સર્જનનું મુખ્ય લક્ષણ હજી "માનવી અંગેની વેદનામય ચિંતા"નું હતું. 'રમૂજી આદમીનું સ્વપ્ન' નામે કૃતિના સ્વપ્નદર્શી પાત્ર મારફત દોસ્તોયેવ્સ્કીએ પોતાના સર્જનાત્મક પ્રયાસોમાંનું ઊંડું સંવેદન વ્યકત કર્યું હતું: "હું જાણું છું કે જગતમાં લોકો સુંદર અને સુખી બની શકે એમ છે..."

ગાલીના કોગાન

ગરીબ બિચારાં

નવલકથા

અરે, જુઓ તો ખરા પેલા વાર્તાકારોને! કશુંક ઉપયોગી, ખુશી ઊપજે એવું, મઝા પડે એવું, તેઓ ના લખી શકે? ના! તેમને બધો ગંદવાડ ખોદી કાઢ્યા વગર ચાલે જ નહિ. હું તો તેમને લખવાની તદ્દન મનાઈ કરી દઉં. ફાયદો શો છે? તેમણે લખેલું વાંચીએ એટલે વિચારમાં પડી ગયા વગર રહેવાય જ નહિ—અને માથામાં જાતજાતની નકામી વાતો ઘોળાવા લાગે. હું તો બસ તેમને લખવાની તદ્દન મનાઈ કરી દઉં, ખરેખર કરી દઉં!

પ્રિન્સ ઓદોયેવ્સ્કી

૮ એપ્રિલ

મારાં અણમૂલાં વાર્વારા આલેક્સેયેવ્ના,

કાલે રાતે હું બહુ ખુશ હતો, જાણે બને જ નહિ એટલો ખુશ! હઠીલાં બાઈ, મેં જેમ કહ્યું તેમ તમે જિંદગીમાં આખર એક વાર તો કર્યું. હું સાંજે ઊઠયો ત્યારે આઠ વાગી ગયા હતા (વહાલાં, તમને તો ખબર છે કે કામ પછી થોડીક વાર સૂઈ લેવાનું મને ગમે છે). હું મીણબત્તી લઈ આવ્યો અને કાગળો ગોઠવીને હજી કલમ તૈયાર કરી રહ્યો હતો એટલામાં મારી નજર ઉપર ગઈ—અને મારા હૈયાના ધબકારા એકદમ વધી ગયા! તો તમે મારી મરજી, મારા બિચારા દિલની મંછા, બરાબર સમજી ગયાં! બરાબર મેં કહેલું એમ જ તમારા પડદાનો ખૂણો ફૂલઝાડના કૂંડા સાથે બાંધેલો હતો. મને તો એમ પણ લાગ્યું કે જાણે તમારું મીઠું મુખડું બારીએ દેખાય છે, તમે બહાર ડોકાઈ રહ્યાં છો, મારા વિચારોમાં મશગૂલ છો. નાનકડું પારેવડું મારું, તમારું મધુરું વદન હું સાફ જોઈ નહોતો શકતો એટલે મને બહુ જ અફસોસ થયો. અરે, એક જમાનામાં મને પણ બરાબર દેખાતું. વહાલાં, ઘડપણ કંઈ વરદાન નથી: બધું ધૂંધળું ધૂંધળું લાગે છે, સાંજે થોડુંક જ લખું તોયે સવારે આંખો એટલી સૂજી જાય અને તેમાં એટલાં પાણી છલકાતાં હોય કે અજાણ્યા માણસોની નજરે પડવામાં શરમ આવે. પણ મારાં નાનકડાં

પરીવદન, તમારો મલકાટ, તમારો મધુરો મલકાટ, મારી કલ્પનામાં બસ એકધારો ઝગમગી રહ્યો હતો! મેં તમને ચૂમી ભરેલી ત્યારે મને જેવી લાગણી થયેલી એવી જ લાગણી મારા દિલમાં ઉછાળા મારવા લાગી. યાદ છે ને? મારા મનમાં તો એવો તરંગ પણ આવ્યો કે તમે જાણે મારી સામે આંગળી હલાવી હોય. તોફાની છોડી જેવાં છો તમે, આંગળી હલાવેલી કે નહિ? આગલા પત્રમાં મને એ બધું વિગતવાર લખવાનું છે.

વારેન્કા, આપણી આ પડદાવાળી તરકીબ વિશે તમારો શો ખ્યાલ છે? મઝાની છે, નહિ? કામમાં પડયો હોઉં, સૂવા જતો હોઉં, કે જાગતો હોઉં, મને તરત ખબર પડી જાય છે કે તમે ત્યાં મારા જ વિચારોમાં ડૂબી ગયેલાં છો, મને યાદ કરો છો, કુશળ અને આનંદી છો. પડદો પડી જાય એટલે સમજવું કે "આવજો, માકાર આલેક્સેયેવિચ, સરખી રીતે સૂઈ જજો!" અને પડદો ઊંચો થાય એટલે સમજવું કે "કેમ છો, માકાર આલેક્સેયેવિચ! નીંદર તો બરાબર આવેલી ને?" અથવા "તબિયત કેમ છે, માકાર આલેક્સેયેવિચ? હું તો મઝામાં છું, ભગવાનની દયા છે!" વહાલુડાં, જોયું ને, તરકીબ કેવી સરસ છે! એથી તો પત્રોનીયે જરૂર નથી રહેતી! ખરી ચતુરાઈ, નહિ? અને આખી તરકીબ મેં જ ઘડી કાઢેલી! એવી વાતોમાં મને સારી ફાવટ છે, ખરું કે નહિ?

વહાલાં વાર્વારા આલેક્સેયેવ્ના, પહેલાં તો હું જણાવી દઉં કે મને રાતે નીંદર બહુ સરસ આવેલી. ભારે સંતોષની વાત છે. નવી જગ્યાએ સરખી નીંદર કદી આવે જ નહિ. આ કે તે કંઈક ને કંઈક જાગરણ કરાવે જ. હું સવારે ઊઠયો ત્યારે તનમનમાં ખુશી અને તાજગી છલકાઈ રહી હતી. અને વહાલાં, સવારનું વાતાવરણ એવું મઝાનું હતું કે બસ! બારી ખોલી નાખવામાં આવી હતી, સૂરજ તેજ રેલાવી રહ્યો હતો, પંખી ગાન કરી રહ્યાં હતાં, હવામાં વસંતની ફોરમ ભળેલી હતી અને સમગ્ર નિસર્ગમાં જાણે ચેતન રેડાઈ ગયું હતું - બીજું બધું પણ સુભગ સુમેળમાં વણાઈ ગયેલું હતું, વસંતમાં હોવું જોઈએ એવું હતું. મેં તો સવારે મઝેદાર તરંગોની થોડીક મોજ પણ માણી લીધી, અને વહાલાં, બધા તરંગો તમારે વિશે જ હતા. માનવીના સાંત્વન અને કુદરતની સજાવટ માટે સર્જાયેલા ગગનવિહારી નાનકડા પંખી જોડે મેં તમને સરખાવ્યાં. વારેન્કા, મને ખબર છે કે સંતાપ તથા ફિકરમાં જિંદગી ગુજારતા ઇન્સાનોને આકાશમાં વિહરતા નિર્દોષ પંખીઓની

ઈર્ષા થવી જોઈએ—એવા તરંગોમાં ડૂબી જઈને હું તરેહવાર ભાવમય તથા ખુશનુમા તુલનાઓ કરતો રહ્યો. વારેન્કા, મારી પાસે એક પુસ્તક છે, તેમાં આવી જાતની ઘણી ઘણી વાતો છે, અને પાછી બહુ જ વિગતવાર. વહાલાં, ભાતભાતનાં સ્વપ્નોની રેલમછેલ છે, અને મારાથી તેમને વિશે લખ્યા વગર રહેવાતું જ નથી. વસંતના દિવસો આવી ગયા છે એટલે એ બધાં મનમાં ઉત્તેજના ભરી દે છે, આનંદ છલકાવી દે છે, તરંગો જગાવે છે, અત્યંત મૃદુ લાગે છે, જાણે સુરખી નીતરતાં છે. એટલે જ હું આમ લખી રહ્યો છું. પણ ખરી વાત કરું તો આ બધું મેં પુસ્તકમાંથી જ મેળવી લીધેલું છે. લેખકની વિહ્વળતા આબેહૂબ મારા મનોભાવને મળતી છે, અને બધું કાવ્યમાં અંકિત થયેલું છે:

આભને આંબતું હોત હું જો પંખી શિકારી!

બસ, વાણીનો પ્રવાહ એમ જ વહેતો રહે છે, અને બીજા વિચારો પણ છે. પરંતુ આ બધું રહેવા દઈએ! વાર્વારા આલેક્સેયેવ્ના, કહો જોઉં, આજે સવારે તમે ક્યાં ગયેલાં? હું કામે જવા હજી તો પૂરો તૈયાર પણ નહોતો થયો એટલામાં તમે ખુશીથી તરવરતું મુખડું લઈને જાણે ફરફરાટ કરતાં તમારા ખંડમાંથી બહાર નીકળ્યાં. તમારી ઉપર નજર પડતાં જ મનમાં આનંદ છવાઈ ગયો. ઓહ, વારેન્કા, વારેન્કા! દુખી ન થાઓ, આંસુથી કંઈ નહિ વળે. ખરું કહું છું, વહાલુડાં, મેં તો અનુભવથી જાણી લીધું છે. વળી હવે તો તમને શાંતિ મળી છે, અને તમારી તબિયત પણ બહેતર છે. ફેદોરા કેમ છે? કેવી ભલી બાઈ! વારેન્કા, મને લખીને જણાવજો કે તમારે બેઉને કેવુંક ભળે છે. બધું બરાબર છે ને? ફેદોરા થોડોક બબડાટ કરે છે ખરી, પણ તમારે એને ધ્યાનમાં ન લેવો. બહુ સારી બાઈ છે, ભગવાન એને સુખી રાખે!

હું થેરેઝા વિશે તો લખી ચૂક્યો છું—ભલી ને વળી ઈમાનદાર બાઈ છે. મને બહુ ફિકર હતી કે આપણે એકબીજાને પત્રો કેવી રીતે પહોંચાડીશું. અને ભગવાને આપણને થેરેઝા મોકલી દીધી. બહુ માયાળુ દિલની બાઈ છે, બહુ વિનયથી વર્તે અને બધી મદદ કરે. પણ મકાન માલિકણમાં દયાનો છાંટોયે નથી, બિચારીને હાડકાં ઘસાઈ જાય એટલી મહેનત કરાવે છે.

વાર્વારા આલેક્સેયેવ્ના, હું તો કોણ જાણે કેવી જગ્યામાં આવી પડયો છું, ભારે ગંદો લત્તો! કેવું મકાન! તમને ખબર છે કે હું જોગીની જેમ રહેતો, ખંડમાં માખી ઊડે તોયે સંભળાય એવી નીરવતા ને શાંતિ છવાયેલી રહેતી. અને અહીંયાં તો ઘોંઘાટ, રાડારાડી, શોરબકોર. પણ જગ્યા કેવી છે એ તો મેં તમને કહ્યું જ નહિ. કલ્પના કરો — લાંબી ભોંયરા જેવી કૉરિડોર, અંધારઘેરી ને ગંદી. જમણી તરફ ખાલી ભીંત છે, અને ડાબી બાજુએ હોટેલની જેમ બારણાંની કતાર, એક અથવા બે અથવા ત્રણ માણસોને રહેવાના ઓરડા. અહીંયાં સરખા બંદોબસ્તની કશી આશા તો રાખી જ ન શકાય, જાણે બરાબર હજરત નોઆની નાવડી જ છે! તેમ છતાં લોકો સારા છે, સંસ્કારી ને શિક્ષિત. તેમાં એક કારકુન છે (કોઈ રીતે સાહિત્ય જોડે સંકળાયેલો), એણે વાંચન ઘણું કરેલું છે, હોમર તથા બ્રામ્બ્યુસ* અને બીજા તરેહવાર સાહિત્યની તેમ જ દરેક બાબતની પુષ્કળ જાણકારી ધરાવે છે, બુદ્ધિશાળી માણસ છે. પછી બે લશ્કરી અફસરો છે, જ્યારે જુઓ ત્યારે પત્તાં રમતા હોય. એક છે નૌકાદળનો અફસર, વળી એક આદમી અંગ્રેજ શિક્ષક છે. પણ વહાલુડાં, મારો આ પછીનો પત્ર વાટ જોવા જેવો હશે. તમારું મન બહેલાવવા હું એ સૌનું વર્ણન વ્યંગની ભાષામાં કરીશ, તેઓ ખરેખર જેવા છે એવું જ ચિત્રણ વિગતવાર કરીશ. અમારી મકાન માલિકણ સાવ નાના કદની ગોબરી ડોશી છે, ડ્રેસીંગ ગાઉન તથા સ્લીપર પહેરીને ફરતી રહે છે, અને આખો દિવસ થેરેઝાને ધમકાવતી રહે છે. હું રસોડામાં રહું છું, અથવા હકીકત આમ છે: રસોડાની જોડાજોડ એક ઓરડો છે (અને કહેવું જ પડે કે અમારું રસોડું બહુ સરસ છે, સાફસૂથરું અને ઉજાસભર્યું), ઓરડો મોટો નથી, સમજો કે સુઘડ મઝાની નાનકડી ઓરડી છે... અથવા એમ કહેવું બહેતર ગણાશે કે ત્રણ બારીઓવાળું રસોડું મોટું છે, તેમાંથી એક હિસ્સો નોખો પાડીને વધારાનો ઓરડો બનાવી લેવામાં આવ્યો છે, જાણે એમ કે એક વધુ ભાડૂતની જગ્યા બનાવી લેવામાં આવી છે. જગ્યા ઘણી છે, સગવડ છે, એક બારી પણ છે. હું તેમાં રહું છું. ટૂંકમાં, બધી રીતે પૂરા સંતોષની વાત છે. વહાલાં, તમે રખે માની

---

*બૅરોન બ્રામ્બ્યુસ — વિધવિધ વિષયો પરત્વે લખનારા અને ઓગણીસમી સદીના પાંચમા દાયકામાં લોકપ્રિય બનેલા લેખક સેન્કોવ્સ્કીનું તખલ્લુસ.

લેતાં કે મેં આ બધું લખ્યું છે તેમાં કશોક છૂપો અર્થ હોય, મારો ઓરડો રસોડાનો જ એક હિસ્સો છે તેમાં નામોશી જેવું કંઈ હોય! હું પાર્ટિશન વડે નોખા પાડેલા એ ઓરડામાં જ રહું છું, અને એમાં વાંધા જેવું કંઈ નથી—મને અંગત એકાંત છે, હું છું ને મારી જિંદગી છે, શાંતિથી એકલો રહું છું. ફર્નિચરમાં એક પલંગ, એક ટેબલ, એક કબાટ, અને બે ખુરશી છે. વળી મેં એક દેવચિત્ર ગોઠવી લીધું છે. એ ખરું કે મારાથી બહેતર, કદાચ ઘણા વધારે સારા, ઓરડાઓ જરૂર હશે, પણ મોટી વાત તો સગવડની છે, નહિ? અને મેં તો બધો બંદોબસ્ત સગવડની વાત ધ્યાનમાં રાખીને જ કર્યો છે, એક પળ પણ ધારશો નહિ કે મારા મનમાં બીજી કોઈ વાત રહી હોય. અને તમારી બારી બરાબર આંગણની પેલી પાર છે, આંગણ સાંકડું છે, હું તમને જતાંઆવતાં જોઈ શકું છું, એથી એકલવાયા આદમીની જિંદગીમાં તેજ ફેલાઈ જાય છે. વળી ખરચ પણ ઓછું થાય છે! મકાનમાં સૌથી રદ્દી ઓરડાનું ભાડું જમણ સાથે પાંત્રીસ રૂબલ છે—મારી પહોંચથી વધારે. મારા ઓરડાનું ભાડું જમણ સાથે સાડી ચોવીસ રૂબલ છે. અગાઉ મારે પૂરા ત્રીસ રૂબલ ભરવા પડતા હતા અને જિંદગીમાં ઘણી ચીજો જતી કરવી પડતી હતી. પહેલાં મને ચા પીવાનું હંમેશાં ન પોસાતું, પણ હવે તો એટલું બચે છે કે ચા અને ખાંડ બેઉની સગવડ છે. વહાલાં, કોણ જાણે કેમ પણ મને ચા વગર ચલાવી લેવામાં શરમ આવે છે, અહીંયાં સૌ પૈસેટકે સુખી છે એટલે એમ કરું તો અકળામણ થાય છે. વહાલુડાં, ચા તો એ કારણે જ પીવામાં આવતી હોય છે, બીજા લોકોને ખાતર, દેખાવને ખાતર, સારી રીતભાતને ખાતર. એમ ન હોત તો હું ચાની ફિકર જ ન કરત, હું કંઈ આ જોઈએ ને તે જોઈએનું પૂંછડું પકડી રાખું એવો માણસ નથી. અને થોડાક પૈસા અણધારી જરૂરતો માટે, પગરખાં માટે, અથવા ક્યારેક એકબે કપડાં માટે, નોખા રાખી મૂકવામાં આવે તો પછી બાકી શું બચે? આખો પગાર એવી રીતે ખતમ થઈ જાય છે. આમાં હું ફરિયાદ કરતો હોઉં એવું નથી. જેટલું છે એટલું મારે માટે પૂરતું છે. હું તો કેટલાંય વરસોથી જરૂર પૂરતું કમાઉં છું, અને ક્યારેક ક્યારેક બોનસ પણ મળે છે. ઠીક ત્યારે, મીઠડાં, આવજો! મેં તમારે માટે ફૂલઝાડનાં થોડાંક કૂંડાં ખરીદી રાખ્યાં છે—એમાં ઝાઝું ખર્ચ નથી થયું. તમને કોઈ ખાસ ફૂલઝાડનો શોખ છે? બધાં જ મળે છે. હોય તો મને લખજો, પણ

ભલાં થઈને પત્ર વધારે વિગતે લખજો. અને વહાલુડાં, એક વાત ફરી કહી દઉં, મેં આવો ઓરડો ભાડે રાખ્યો છે એ બાબતમાં કશા ખોટા ખ્યાલો મનમાં આણશો નહિ. મેં તો સગવડની વાત ધ્યાનમાં રાખીને જ એમ કર્યું છે, સગવડ સિવાય બીજું કશું જ નહિ. મારા હૈયાનાં રાણીબા, હું પૈસા બચાવી રહ્યો છું, મેં થોડાક પૈસા અલગ તારવી રાખ્યા છે. હું ભલે નરમ લાગતો હોઉં, માખીની પાંખ અડતાં જ ઢળી પડું એટલો નબળો લાગતો હોઉં, પણ ખરેખર તો હું એવો જરાય નથી. મને બરાબર ખબર છે કે હું શું કરવા માગું છું. મારું ચારિત્ર તો દૃઢ અને સ્વસ્થ મન ધરાવતા માણસના જેવું છે. આવજો, મારાં નાનકડાં પરીબાઈ! મેં એટલું બધું લખી નાખ્યું કે બે કાગળ પૂરા ભરાઈ ગયા, અને કામે જવા ક્યારનું નીકળી જવું જોઈતું હતું. તમારી આંગળીઓને ચૂમી લઉં છું, વહાલુડાં, અને સદા

તમારો અત્યંત વિનમ્ર સેવક અને સૌથી વફાદાર દોસ્ત

માકાર દેવુશ્કિન

તા. ક. મારી એક અરજ છે, વહાલાં! તમારા પત્રમાં બને એટલી વધારે વિગતો લખજો. વારેન્કા, હું તમને એક રતલ ચૉકલેટ મોકલી રહ્યો છું, આશા છે કે તમને ભાવશે, અને ઈશ્વરને ખાતર મારે વિશે જરાય બેચેન ન બની જશો. તો ફરી વાર વિદાય, વહાલુડાં!

૮ એપ્રિલ

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

મને લાગે છે કે તમારી સાથે [illegible] આખર કરવી જ પડશે. ભલા માકાર આલેક્સેયેવિચ, હું તમને ખાતરીથી કહું છું કે તમારી ભેટો સ્વીકારવાનું મારે માટે ખરેખર મુશ્કેલ છે, મને ખબર છે કે આમાં તમને કેટલું ખર્ચ થયું છે, તમારે કેવા ત્યાગ કરવા પડ્યા છે, કેવાં બલિદાન આપવું પડ્યું છે. મેં તમને કેટલી વાર કહ્યું છે કે મને કશાં ચીજની જરૂર નથી, બિલકુલ કોઈ ચીજની જરૂર નથી. તમે મારા તરફની જે ભલાઈઓ દાખવી રહ્યા છો તેનો બદલો હું વાળી શકું એમ નથી. તમે ફૂલ શા મોકલ્યાં?

ફૂલઝાડનું એક કૂંડું તો જાણે ઠીક, પણ બે શા માટે મોકલ્યાં? મારાથી બે જાતનાં ફૂલઝાડની વાત થઈ ગઈ એમ ગફલતમાં કોઈ વેણ હોઠેથી નીકળી જાય કે તરત જ તમે ખરીદી કરવા નીકળી પડો છો! બહુ મોંઘાં મળ્યાં હશે. પણ ફૂલ છે બહુ મઝાનાં, જાણે નાનકડા રાતા ક્રોસ જોઈ લો! ક્યાં મળ્યાં? મેં તેમને બારીએ એકદમ નજરે પડે એવી રીતે ગોઠવ્યાં છે. નીચે બાંકડો મૂકવાની છું, અને તેની ઉપર બીજાં ફૂલ — પૈસાની બાબતમાં જરાક હાથ છૂટો થાય એટલી જ વાર છે. ફેદોરાની આંખો તો ફૂલને નીરખતાં નીરખતાં થાકતી જ નથી. અહીંયાં તો હમણાં જાણે સ્વર્ગ જેવું છે — એકદમ સ્વચ્છ અને તેજસ્વી. પણ ચૉક્લેટની શી જરૂર હતી? તમારો પત્ર વાંચતાં જ મને ખબર પડી ગયેલી કે તમને ચોક્કસ કંઈક થઈ ગયું છે — સ્વર્ગ ને વસંત ને ફોરમ ને ગાન કરતાં પંખીઓની વધારે પડતી વાતો. મને લાગ્યું કે કાવ્યો પણ જરૂર હશે જ. તમે થોડાંક કાવ્યો લખ્યાં હોત તો સારું હતું, માકાર આલેક્સૅયેવિચ! બાકી તો બધુંયે પત્રમાં છે — મૃદુ લાગણીઓ, ગુલાબી સ્વપ્નો, અને એવું જ ઘણું ઘણું! પડદાની બાબતમાં એમ કે મારી કશી ખાસ મુરાદ નહોતી. કૂંડાં ગોઠવતી હતી ત્યારે કદાચ એમાં ભરાઈ ગયો હશે. તમારે જાણવું હોય તો ખરી વાત એમ જ છે!

અરે હા, માકાર આલેક્સૅયેવિચ! તમે ભલે ગમે તેમ કહો અને મને સમજાવવાની કોશિશ કરો કે તમે બધા પૈસા તમારી પોતાની જરૂરિયાતો સંતોષવા માટે જ ખરચો છો, પણ મારાથી કશું છુપાવી નહિ શકો. સાફ દેખાઈ આવે છે કે તમારી એકદમ જરૂરિયાતની ચીજો પણ તમે મારે ખાતર જતી કરો છો. તમને આવો ઓરડો ભાડે લેવાનો ખ્યાલ ક્યાંથી આવ્યો? એમાં તમને નથી શાંતિ કે નથી નિરાંત, વળી સંકડાશ ને અગવડ પડે છે. તમને એકાંત ગમે છે, પણ એમાં એકાંતની તો પાકી ખામી છે જ. તમારો પગાર જોતાં તમે ઘણી વધારે સગવડભરી જિંદગી જીવી શકો એમ છો. ફેદોરાનું કહેવું છે કે અગાઉ તમે ઘણા વધારે સુખસગવડમાં રહેતા. શક્ય છે ખરું કે તમે આખી જિંદગી એકલતામાં, ગરીબી અને ગમગીનીમાં, દોસ્તીની લાગણીનો એક પણ શબ્દ કદી સાંભળ્યા વગર, અજાણ્યા માણસો પાસેથી ભાડે રાખેલા કઢંગા ખૂણાઓમાં જ ગાળી હોય? ભલા મિત્ર, તમારો ખ્યાલ આવતાં મારું હૈયું કકળી ઊઠે છે! પણ બીજું કંઈ નહિ તો તબિયત સાચવજો, માકાર આલેક્સૅયેવિચ. તમે લખ્યું છે કે મીણબત્તીના

અજવાળામાં લખવાથી તમારી આંખોમાં દુખાવો થાય છે. તો પછી એમ કેમ કરો છો? તમારા ઉપરીઓ તો ચોક્કસ જાણતા જ હશે કે તમે આમેય કેટલા ખંતીલા છો.

ફરી વાર હું તમને વીનવું છું કે મારે ખાતર આટલું બધું ખર્ચ ન કરશો. મને ખબર છે કે તમે મને ચાહો છો, પણ તમે અમીર નથી... હુંયે સવારે ઊઠી ત્યારે ખુશ હતી. બહુ મઝાનું લાગતું હતું. ફેદોરા ક્યારની કામે વળગી ગયેલી હતી અને મારે માટે પણ કામ લાવી હતી. હું બહાર જઈને થોડુંક રેશમ ખરીદી લાવી અને પછી કામ કરવા લાગી. સવારે બધો વખત મારું મન હળવું ફૂલ જેવું હતું અને હું મોજમાં હતી. પરંતુ હવે વળી પાછી ગમગીની સવાર થઈ ગઈ છે અને હૈયું જાણે ભારે ભારે લાગે છે.

અરે, મારું તે કોણ જાણે શું થશે, નસીબ કેવું હશે! ભવિષ્યની કશી ખબર ન હોય, કોઈ જાતની સંભાવનાઓ નજરે ન પડતી હોય, શું થવાનું છે તેનો જરાક સરખોયે ખ્યાલ ન આવતો હોય, ત્યારે મનમાં નિરાશા ભરાઈ જાય છે. અને પાછળ નજર નાખતાં કમકમાં આવે છે. વીતેલી જિંદગી એવી ભયાનક હતી કે બસ! તેનો તો ખ્યાલ પણ મારા દિલને ભાંગી નાખે છે. મારી જિંદગીને ખરાબે ચડાવી દેનારા માણસોની ઉપર કારમી કદુવાઓ વરસાવતી હું આખરી ઘડી સુધી કકળતી રહીશ.

અંધારું થવા લાગ્યું છે અને હવે મારે કામે વળગી જવું જોઈએ. મને હજી તો ઘણું ઘણું લખવાનું મન છે, પણ વખત નથી. કામ તાકીદનું છે અને મારે ઉતાવળ કરવાની છે. પત્રો [illegible] ગમે જ, જાણે એકલતા ઓસરી જાય. પણ [illegible] નથી? કેમ નહિ, [illegible], અને એટલો વખત તો તમને [illegible] જ તમારી થેરેઝાને મળો. [illegible] હમદર્દી થઈ આવી કે મેં તને [illegible] ભૂલી જ ગયેલી: તમારી જિંદગીની [illegible] જોડે રહેતા માણસો કેવા છે, અને [illegible] છે? મને જાણવાનું બહુ મન છે. બરાબર [illegible] તો હું ઈરાદાપૂર્વક પડદાનો ખૂણો [illegible]. કાલે મેં તમારી મીણબત્તી લગભગ [illegible] ત્યારે,

આવજો! આજનો દિવસ તો ઉદાસ, નીરસ, કંગાલ છે. કોણ જાણે કેમ એવો જ છે. આવજો.

તમારી

વાર્વારા દોબ્રોસ્યોલોવા

૮ એપ્રિલ

ભલાં બાનુ વાર્વારા આલેક્સેયેવ્ના,

હા, વહાલુડાં, એ તો મારા કિસ્મતનો માઠો દિવસ જ હતો. વાર્વારા આલેક્સેયેવ્ના, તમને મારા જેવા ડોસાની ઠેકડી કરવાનો મોકો બરાબર મળી ગયો! પણ વાંક મારો છે, મારો એકલાનો જ છે. ટાલિયા માથામાં એકલી અટૂલી લટ ધરાવતો ઘરડો આદમી રસઘેલછા ને લાગણીઓના પૂરમાં તણાઈ ગયો! વહાલુડાં, તોયે હું આટલું તો કહીશ જ: માનવી બિચારો ક્યારેક અજબ જીવ, ઘણો અજબ જીવ, બની જાય છે. ભલા ભગવાન, કેવા કેવા લવારા કરે છે અને હદ આળંગી જાય છે! અને તેનો અંજામ કેવો આવે છે, નતીજામાં શું થાય છે? આવા નર્યા બકવાદ સિવાય બીજું કંઈ જ નહિ, ઈશ્વર આપણને એવા બકવાદથી બચાવે! મને જરાય ગુસ્સો નથી આવ્યો, વહાલાં, પણ મેં તમને એવી અલંકારી અને મૂર્ખાઈભરી રીતે લખ્યું તેનો ખ્યાલ આવતાં જ મારી પોતાની ઉપર ખીજ ચડે છે. આજે હું કામે ગયો ત્યારે મનમાં ખુશીના ઓઘ ઊછળતા હતા. મારા દિલમાં જાણે તેજના ફુવારા ઊડતા હતા અને મનમાં ઉત્સવનો ઉમંગ હતો. ટૂંકમાં, હું ખરેખર મોજમાં હતો! પહેલાં તો હું કાગળો ઉપર નજર ઠેરવીને પૂરા જોમથી કામમાં મશગૂલ થઈ ગયો, પણ પછી આસપાસ નજર નાખી તો બધું અગાઉના જેવું જ બેનૂર અને બેજાન હતું. રોશનાઈના ડાઘા એવા ને એવા જ હતા, ટેબલો અને કાગળો એવા ને એવા જ હતા, હું પણ એવો ને એવો જ હતો. તો પછી હું પાંખાળા ઘોડા પર સવાર કેમ થઈ ગયો હોઈશ? મેં એમ શા કારણે કર્યું હશે? સૂર્યનાં કિરણો ફેલાયેલાં હતાં અને ગગન નીલું હતું એટલે? આપણી બારીઓ નીચે જાતજાતના કચરાના ગંજ ખડકાયેલા હોય ત્યારે હવામાં કેવી ફોરમ હોઈ શકે? એ બધું તો મારા બેવકૂફીભર્યા તરંગોમાંથી

ઊભું થયું હશે. માણસ ક્યારેક એટલો બધો ભટકવા લાગે કે પોતાની જાતને જ ભૂલી જાય — અને કારણમાં મૂર્ખાઈભર્યા આવેશનું વધારે પડતું જોર જ હોય. સાંજે હું ઘેર પાછો ફરતો હતો ત્યારે ચાલતો નહોતો પણ જાણે પગ ઘસડતો હતો. વળી કોણ જાણે કેમ માથામાં દુખાવો ઊપડયો. કમનસીબીઓ આવે ત્યારે એક પછી એક આવતી જ જાય. (કદાચ પવનમાં પીઠે ટાઢ લાગી ગઈ હશે.) વસંતના આગમનની એટલી બધી ખુશી મારા મનમાં છલકાતી હતી કે મૂરખની જેમ હું પાતળો કોટ પહેરીને જ બહાર નીકળી ગયેલો. વહાલુડાં, તમે મારી લાગણીઓને સમજવામાં ભૂલ કરી છે, સાવ ખોટી રીતે સમજ્યાં છો. વાર્વારા આલેક્સેયેવ્ના, મારા શબ્દોમાં તો પિતાતુલ્ય હેત હતું, નિર્ભેળ પિતાતુલ્ય હેત જ હતું. તમારી એકલતાભરી અનાથ દશામાં મેં તો જાણે તમારા પિતાની જગ્યા લીધી છે. હું આ વાત ખરા દિલથી કહી રહ્યો છું, સાચા સ્વજનની જેમ જ કહી રહ્યો છું. આખર હું તમારો દૂરનો સંબંધી તો છું જ, ખરું ને? બેશક બહુ બહુ દૂરનો સંબંધી, પણ સંબંધી તો ખરો જ — અને હવે તો હું તમારો નજીકમાં નજીકનો સંબંધી અને રક્ષણહાર બની ગયો છું કારણ કે જે લોકો પાસેથી તમને મદદ અને રક્ષણ મળવા જોઈતાં હતાં તેમના તરફથી તમને વિશ્વાસઘાત અને અપમાન જ મળ્યાં છે. વહાલાં, કાવ્યોની બાબતમાં તો મારી ઉંમરના માણસને કાવ્યો રચવાનું ઘેલું છાજે જ નહિ. કાવ્યો એટલો કચરો. આજકાલ તો નાનકડા બાળકોને નિશાળમાં એ કારણસર મેથીપાક ખાવો પડે છે... તો એ બાબતમાં મારો ખ્યાલ એવો છે, વહાલાં.

વાર્વારા આલેક્સેયેવ્ના, આ સગવડ ને શાંતિની અને એવી બધી વાતો તમે કેમ લખી છે? મારા સ્વભાવમાં એવું છે જ નહિ કે આ જોઈએ અને પેલું જોઈએ. મારી જરૂરિયાતો બહુ ઓછી છે. મારી જિંદગીમાં હાલના કરતાં બહેતર દિવસો કદી નથી રહ્યા. આ ઘડપણમાં આ કે તે બાબતનો ખાસ મોહ રાખવાની મારે શી જરૂર છે! મને પૂરતું ખાવા પીવાનું, થોડાંક કપડાં, અને પગરખાં મળી રહે છે. હું તે કોણ છું કે મને ઉડાઉપણાની ઘેલછા હોય? હું રજવાડી કુળનો માણસ નથી. ના, મારા પિતા કાંઈ ઉમરાવ નહોતા. મારાથી ઓછી આવકમાં કુટુંબનું ગુજરાન ચલાવતા. વળી હું ઢીલોપોચો આદમી પણ નથી! પણ ખરી વાત કહું તો મારી અગાઉની જગ્યા ઘણી વધારે સારી હતી. વહાલાં, મને ત્યાં વધારે નિરાંત લાગતી

હતી. મારો હાલનો ઓરડો બેશક સારો મઝાનો છે, અમુક રીતે જોતાં તેમાં વધારે ખુશી લાગે છે અને તમે માનો તો જાણે વધારે રંગત છે. હાલના રહેઠાણની બાબતમાં મારાથી કશી ફરિયાદ થઈ શકે એમ નથી, પણ તોયે જૂની જગ્યા યાદ જરૂર આવે છે. અમને ઘરડા લોકોને, એટલે કે મોટેરાંને, સંજોગો ને ચીજવસ્તુઓ જોડે લાગણી બંધાઈ જાય. જગ્યા નાની તો જાણે હતી જ, અને દીવાલો... ઠીક હવે, દીવાલો બેશક બીજી બધી દીવાલો જેવી જ હતી. દીવાલો એટલે કંઈ નહિ. મને તો ત્યાંની યાદો ગમગીન બનાવી દે છે... અજબ વાત છે કે એ યાદો મને આટલો બધો સંતાપમાં નાખી દે છે કારણ કે આમ તો મઝાની યાદો જ છે. જે બાબતો ખરાબ હતી અને મને એ વખતે ખીજે ભરાવી દેતી તે પણ હવે યાદોમાં સારી ને નિર્મળ લાગે છે. અમે, હું અને ડોશીમા, શાંત જિંદગી જીવતાં. ડોશીમા તો હવે મરી પરવાર્યાં છે. હવે હું મારાં એ ડોશીમાને ઉદાસ ભાવે સંભારું છું. બાઈ ભલી હતી અને જગ્યાનું ભાડું વધારે પડતું ક્યારેય ન લેતી. તરેહવાર કાપડની પટ્ટીઓ લઈને ગજ ગજ લાંબા સોયા વડે ચાદરો ગૂંથતી રહેતી, ખાલી તેમાં જ મશગૂલ રહેતી. અમે એક જ મીણબત્તી બાળતાં અને એક જ ટેબલ પાસે બેસીને પોતપોતાનું કામ કરતાં. તેની નાનકડી પોતરી માશા — એ મને સાવ નાનકડી બાળકીના રૂપમાં હજી યાદ છે — હવે તેર વરસની બાળા થઈ ગઈ હશે. બહુ ખેપાની હતી, જ્યારે જુઓ ત્યારે કંઈક ને કંઈક મસ્તી કરતી જ હોય, અને એવી હસાવે અમને કે બસ! અમે ત્રણ એવી રીતે રહેતાં. શિયાળાની લાંબી રાત વહેલી પડે. એ વખતે અમે ગોળ ટેબલ ફરતાં બેસીને ચા પીતાં અને પછી કામે વળગી જતાં. બાળકીને રાજી રાખવા અને તોફાન કરવાનું ભુલાવી દેવા ડોશીમા વાર્તાઓ કહેતાં. અને કેવી વાર્તાઓ! બાળકની વાત તો રહેવા દઈએ, મોટા અને સમજદાર માણસો પણ સાંભળવામાં તલ્લીન થઈને બધું ભૂલી જાય. હું પણ હોકલીના ધુમાડા કાઢતો કાઢતો વાર્તા સાંભળવામાં એવો તલ્લીન થઈ જતો કે મારા કામનેય સાવ ભૂલી જતો. તોફાની બારકસ જેવી નાનકડી બાળકી જાણે વિચારમાં લીન થઈ જતી, ગુલાબી ગોરું વદન હાથ ઉપર ટેકવી દેતી અને તેનું રૂપકડું મોં અરધું ઉઘાડું રહેતું. વાર્તા બીક લાગે એવી હોય તો બાળકી દાદીમાને વળગીને લપાઈ રહેતી. એ વખતે તેને નીરખી રહેવાનું અમને કેવું ગમતું! અમે બેઠાં બેઠાં મીણબત્તી ઓલવી

નાખવાનું સાવ ભૂલી જતાં, અને જાણે કાન બહેર મારી ગયા હોય એમ પવનના સુસવાટા કે હિમઝંઝાવાતના ઝપાટા અમને સંભળાતા જ નહિ. હા, વહાલુડાં, જિંદગી મઝાની હતી, અને અમે એવી રીતે લગભગ વીસ વરસ ભેગાં રહ્યાં. પણ આ બધો લવારો હું કેમ કરી રહ્યો છું! આવી વાતોમાં તમને કદાચ જરાય રસ નહિ પડતો હોય, અને મને પણ એ બધી યાદો તાજી કરવાનું સહેલું નથી લાગતું, ખાસ તો અત્યારે. અંધારું થવા લાગ્યું છે. થેરેઝા એક યા બીજી બાબતમાં અટવાતી રહે છે. મારું માથું દુખે છે, પીઠમાં પણ થોડીક પીડા છે, અને મારા વિચારો એવા કઢંગા અને ગોટાળે ચડી ગયેલા છે કે જાણે પીડામાં સપડાઈ ગયા હોય. વહાલાં, આજે મારું મન ઉદાસ છે. પણ આ તમે શું લખ્યું છે, વહાલુડાં? હું તમારે ત્યાં કેવી રીતે આવી શકું? લોકો કેવી વાતો કરે? હું આંગણ પાર કરું તો મને જોઈને સવાલો પુછાય,—વાતો થાય, કૂથલી શરૂ થઈ જાય, દરેકે દરેક બાબતનો સાવ ખોટો અર્થ કાઢવામાં આવે. ના, મારાં નાનકડાં પરીબાઈ, હું તમને કાલે સાંજે પ્રાર્થનામાં મળું એ જ બહેતર છે, એમાં જ સમજદારી અને આપણ બેઉની સલામતી છે. આવો પત્ર લખવા બદલ મને માફ કરજો, વહાલાં! પત્ર ફરી વાંચી જોતાં સાફ દેખાઈ આવે છે કે ઢંગધડા વગરની વાતોથી ભરેલો છે. વહાલુડાં, હું તો ઘરડો આદમી છું, ઘરડો અને અજ્ઞાની. જુવાન હતો ત્યારે મેં શીખવાની તસ્દી બહુ ઓછી લીધી, અને હવે તો શરૂઆતથી શીખવાની કોશિશ કરું તોયે ભેજામાં કંઈ ટકતું જ નથી. હું એકરાર કરી લઉં છું કે મારામાં વર્ણન કરવાની ઉસ્તાદી નથી, અને મને કંઈ કહેવામાં ન આવે અથવા મારી ઠેકડી ઉડાડવામાં ન આવે તોયે હું સમજું છું કે જ્યારે જ્યારે વધારે તરંગી રીતે કશુંક લખવાની કોશિશ કરું ત્યારે મારાથી બકવાદના ઢગલા જ ખડકાઈ જાય છે. મેં આજે તમને બારીએ જોયાં હતાં, તમે પડદો નીચે પાડી રહ્યાં હતાં. આવજો, આવજો, ઈશ્વર તમારી રક્ષા કરે, આવજો, વાર્વારા આલેક્સેયેવ્ના!

તમારો વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

તા. ક. હવે હું કોઈને વિશે વ્યંગમાં લખી શકતો જ નથી, વહાલુડાં! એટલો ઘરડો થઈ ગયો છું કે કોઈની હાંસી ઉડાડવાનું મારાથી બનતું નથી,

વાર્વારા આલેક્સેયેવ્ના! ઊલટાની લોકો મારી ઠેકડી કરે અને પેલી રશિયન કહેવત જેવું થાય: જે માણસ પોતાના પાડોશી માટે ખાડો ખોદે તે પોતે જ એ ખાડામાં પડે.

૯ એપ્રિલ

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

મારા મિત્ર અને મહેરબાન, આવા ખ્યાલો અને આવા લાગણીવેડાને વશ થઈ જવામાં તમને શરમ નથી આવતી? મેં શું ખરેખર તમને માઠું લગાડ્યું છે? મને ખબર છે કે હું ઘણી વાર વગર વિચાર્યે કંઈ ને કંઈ કરી બેસું છું, પણ મને મુદ્દલ ખ્યાલ જ નહોતો કે તમે મારા શબ્દોને તમારી હલકટ ઠેકડી ગણી લેશો. હું તમને ખાતરી આપું છું કે તમારી ઉંમર કે ચારિત્રની મજાક હું કદી ન જ કરી શકું. એમાં તો ખાલી મારું અવિચારીપણું જ છે, અને એથીયે વધારે તો જિંદગીનો ભયંકર કંટાળો છે. માણસ કંટાળાનો ભોગ બની જાય ત્યારે શું ન કરી બેસે? ખરી વાત કહું તો મને ઊલટાની તમારા પત્રમાં મજાક લાગેલી. તમે મારાથી આટલા બધા નારાજ થઈ ગયા છો એ જોઈને હું બેહદ બેચેન બની ગઈ છું. મારા ભલા મિત્ર અને મહેરબાન, તમે મને લાગણી વગરની અને નગણી ધારી લેશો તો ભારે અન્યાય કરી બેસશો. મારા દુશ્મનોની સામે મારી રક્ષા કરવાની બાબતમાં, તેમના તિરસ્કાર અને કનડગતથી મને બચાવવાની બાબતમાં, તમે જે બધું કર્યું છે તેનો મને પૂરો ખ્યાલ છે. હું હંમેશાં તમારા ભલા માટે પ્રાર્થના કરતી રહીશ – અને ઈશ્વર મારી પ્રાર્થના સાંભળશે તો તમે સુખી થશો.

આજે મારી તબિયત બહુ ખરાબ છે. મને ઘડીક ગરમી થાય છે અને ઘડીક ટાઢની ધ્રુજારી આવે છે. ફેદોરા ફિકરમાં પડી ગઈ છે. માકાર આલેક્સેયેવિચ, અમારે ત્યાં આવવામાં તમારે જરાય સંકોચ ન રાખવો જોઈએ. એમાં લોકોને શો લેવાદેવા! આપણને તો એકબીજાની જોડે સારી ઓળખાણ છે, ખરું ને? આવજો, માકાર આલેક્સેયેવિચ — કહેવાની આખી વાત મેં કહી દીધી છે અને મારી તબિયત એટલી બધી ખરાબ છે કે વધારે

લખાય એમ નથી. ફરી વાર વીનવું છું કે મારી ઉપર ગુસ્સે થતા નહિ અને મારા તરફથી સતત આદર અને લાગણીની ખાતરી રાખજો.

તમારી એકદમ વફાદાર અને વિનમ્ર દાસી

વાર્વારા દોબ્રોસ્યોલોવા

૧૨ એપ્રિલ

ભલાં બાનુ વાર્વારા આલેક્સેયેવ્ના,

અરે, તમારી તબિયત ખરાબ થઈ ગઈ! શું થયું? તમે તો મને હંમેશાં ગભરાવી નાખો છો. દરેક પત્રમાં હું તમને વીનવું છું, આજીજી કરું છું, કે વધારે કાળજી રાખો, કપડાં બરાબર પહેરો, મોસમ ખરાબ હોય ત્યારે ઘરમાં જ રહો, બધું સમજી વિચારીને કરો. પરંતુ તમે તો કશું ધ્યાનમાં લેતાં જ નથી, મારાં પરીબાઈ. પારેવડું મારું, તમે તો સાવ નાના બચ્ચા જેવું વર્તન કરો છો. મને ખબર છે કે તમે તણખલા જેવા નાજુક છો, હવાની જરાક સરખી લહેરખી આવે તોયે તમને શરદી થઈ જાય છે. કાળજી રાખો, વહાલાં, શરીરનું ધ્યાન રાખો, તબિયત બગડવાના જોખમથી બચીને રહો, અને તમારા મિત્રોને સંતાપ તથા ચિંતાથી ઉગારી લો.

તમને મારી રોજિંદી જિંદગી અને આસપાસના વાતાવરણ વિશે જાણવાની ઉત્કંઠા છે, ખરું ને? ભલે, મારાં વહાલાં, બહુ ખુશીથી જણાવીશ. પહેલેથી જ શરૂઆત કરું તો વધારે ઠીક રહેશે. મકાનના આગલા ભાગમાં દાદરો, ખાસ કરીને મુખ્ય [illegible], [illegible] દેખાવડો છે—ચમકદાર, સાફ, અને પહોળો. કઠેરા તો જાણે સોનાના અને [illegible]ધાતુની સુંદર કારીગરી જોઈ લો! પણ પાછલા ભાગની સીડીની તો વાત જ કરવી નકામી છે—વાંકીચૂકી, ભેજવાળી, અને ગંદી. પગથિયાં બધાંય પડું પડું થઈ રહ્યાં છે, અને દીવાલો એટલી ચીકણી છે કે હાથ અડાડતાં જ ચોંટી જાય. વચમાં દરેક મજલે જરાક પહોળી જગ્યામાં [illegible] ભાંગેલાં તૂટેલાં કબાટ, પેટીઓ, ખુરશીઓ, વગેરે ખડકેલું છે, અને બારીઓ પર સુકવેલાં કતારબંધ લૂગડાં હરદમ નજરે પડે છે. ઘણા ભાગની બારીઓ તૂટી ગયેલી છે. ઠેર ઠેર પડેલાં

ટબમાં ગંદવાડ, કચરો, ઈંડાંનાં કોચલાં, અને સડતાં માછલાં છલોછલ ભરેલાં હોય છે. સૂગ ચડે એવી બદબો છૂટતી રહે છે... ટૂંકમાં, હાલત ખરાબ છે.

ઓરડાઓની ગોઠવણી વિશે તો હું તમને લખી ચૂક્યો છું. આમ તો બધી સગવડ છે, પરંતુ જરાક, સમજો કે—ગૂંગળામણ થાય એવા છે. એટલે એમ નહિ કે ખરાબ વાસ આવતી હોય, ખાલી મંદવાડની મીઠી ગંધ ફેલાયેલી રહે છે. પહેલાં તો આપણને ખીજ ચડે, પણ પછી થોડી વારમાં ટેવાઈ જવાય કારણ કે અહીંયાં તો દરેક વસ્તુમાંથી—ખુદ આપણાં પોતાનાં કપડાંમાંથી અને હાથમાંથી પણ—વાસ આવતી હોય છે. જોકે પંખી થોડા વખતમાં મરી જાય છે. અહીં રહેતો નૌકાદળનો અફસર પાંચમી વાર પંખી ખરીદી લાવ્યો છે. પંખીઓને અહીંની હવા માફક આવતી જ નથી. સવારે માંસ ને માછલાં રંધાતાં હોય અને રસોડું ગંધારું હોય ત્યારે હવામાં જાણે થોડીક ખટાશ લાગે, પણ સાંજે તો જાણે સ્વર્ગ. અમારે ત્યાં રસોડું મોટું અને હવાઉજાસવાળું છે. તેમાં લૂગડાં સુકવવામાં આવે છે, અને મારો ઓરડો બાજુમાં છે એટલે તેની ગંધથી જરાક અકળામણ થાય છે ખરી. પણ એમાં ફિકર કરવા જેવું કંઈ નથી, માણસ લાંબો વખત અહીંયાં રહે એટલે ટેવાઈ જાય.

ઘરમાં હલચલ પરોઢિયે બહુ વહેલી શરૂ થઈ જાય છે, વારેન્કા. સૌ ઊઠીને આંટા મારવા લાગે છે અને કોઈ કોઈ તો આમતેમ પગ પછાડતા રહે છે. કેટલાકને કામે જવાનું હોય છે અને કેટલાકને નથી હોતું. પહેલાં અમે સૌ ચા પીએ છીએ. મોટા ભાગના સમોવાર મકાન માલિકણના છે, અને સમોવાર પૂરતા નથી એટલે દરેકને પોતાના વારાની વાટ જોવી પડે છે. કોઈ માણસ વારા પહેલાં કીટલી ભરી લેવાની કોશિશ કરે તો આખી મંડળી ગુનેગારનો ઊધડો લઈ નાખે. પહેલી વાર તો મારી પણ એવી જ વલે થયેલી, પણ તેની વાત કરવા જેવી નથી. બધાંની સાથે મારી ઓળખાણ એ વખતે થયેલી. સૌપ્રથમ નૌકાદળના અફસરની જોડે. દિલ ખોલીને વાતચીત કરે એવો જીવ છે. તેણે મને તેના પિતા, માતા, અને બહેન (તૂલામાં કોઈ અમલદાર જોડે પરણેલી છે) વિશે તેમ જ કોન્સ્તાન્તિનોપલ શહેર વિશે માંડીને વાત કરી, અને એ જ ઘડીએ મને ચા પીવા તેને ત્યાં જવાનું આમંત્રણ આપ્યું. તેના ઓરડામાં પત્તાંની રમત ક્યારેય થંભતી જ નથી.

ચા પીવાનું પતી ગયું એટલે સૌએ આગ્રહ કર્યો કે મારે પણ પત્તાંની રમતમાં સામેલ થઈ જવું. આગ્રહમાં ગંભીરતા હતી કે નહિ તેની મને ખબર નથી. તેઓ આખી રાત રમતા રહ્યા હતા અને હું પહોંચ્યો ત્યારે રમત ચાલુ જ હતી. સૌ પત્તાંમાં મશગૂલ હતા, ચોમેર ખડીની રજ ફેલાયેલી હતી, પત્તાં વેરવિખેર પડયાં હતાં, અને ધુમાડો એટલો બધો ભરાઈ ગયો હતો કે આંખોમાં બળતરા થાય. મેં જુગાર રમવાનો ઇનકાર કરી દીધો એટલે મને પરખાવી દેવામાં આવ્યું કે ફિલસૂફી ડહોળવાનું બંધ કરી દેવું. ત્યાર પછી મારી જોડે કોઈએ મુદ્દલ વાત જ ન કરી. અને ખરું પૂછો તો મને તેમાં વાંધા જેવું કંઈ ન લાગ્યું. હવે ફરી ક્યારેય ત્યાં નહિ જાઉં. જુગારીઓ, એવા જ છે, જુગારીઓ! લેખક પણ પોતાના ઓરડામાં મેળાવડા કરે છે. પરંતુ ત્યાં બધું સાવ નિર્દોષ, શિષ્ટ, લાલિત્યભર્યું, અને જાણે ઊંચા સ્તરનું છે.

વારેન્કા, આમાં હું એટલું ઉમેરીશ કે અમારી મકાન માલિકણ ઝેરીલી ડોકરી છે, રીતસરની ડાકણ છે. તમે થેરેઝાને તો જોઈ છે અને જાણો છો કે એ કેટલી દૂબળી છે—જાણે પાંખ વગરનું મરઘડું. નોકર બે જ છે—થેરેઝા અને ફાલ્દોની. ફાલ્દોનીનું નામ કદાચ બીજું કંઈક છે, પરંતુ તે આ નામે જવાબ આપે છે. એટલે સૌ તેને ફાલ્દોની કહીને જ બોલાવે છે. રાતા વાળ, ત્રાંસી આંખો, અને ચપટા નાકવાળો રોંચો થેરેઝા જોડે હરઘડી તકરાર કરતો રહે છે. ક્યારેક તો તેઓ લગભગ મારામારીની હદે પહોંચી જાય છે. બધી રીતે જોતાં મારે કહેવું જોઈએ કે અહીંયાં જિંદગી બહુ ખુશાલ નથી... સૂવાના નક્કી વખત જેવું, શાંતિ છવાઈ જાય અને નિરાંતે નીંદરમાં પડી શકાય એવું, કશું અહીંયાં નથી. કોઈ ને કોઈ ઓરડામાં પત્તાંની રમત ચોક્કસ ચાલતી જ હોય. અને ક્યારેક તો અહીંયાં એવાં કામાં થતાં હોય છે કે મને વાત કરતાંયે શરમ આવે છે. હું તો હવે ટેવાઈ ગયો છું, પણ મને અચરજ થયા વગર રહેતું નથી કે કુટુંબવાળા લોકો આવા પાગલખાનામાં કેવી રીતે રહેતા હશે. પરસાળને સામે છેડે ખૂણામાં જરાક અળગા ઓરડામાં એક ગરીબ કુટુંબ રહે છે. એ લોકો શાંત સ્વભાવના છે. તેમના પાર્ટિશન પાછળથી ન તો કશો અવાજ સંભળાય કે ન કોઈ બહાર નીકળે. આદમીનું નામ ગોર્શકોવ છે. તે સાત વરસ પહેલાં કશાક કારણસર બરતરફ થઈ ગયેલો બેકાર કારકુન છે. નાના કદના આદમીના વાળ સફેદ થઈ ગયેલા છે. તે

એવાં મેલાં ને ચોળાયેલાં કપડાં પહેરે છે કે તેની સામે જોવામાંયે આપણને ત્રાસ થાય. તેનો કોટ તો મારા કોટથીયે બદતર છે. બિચારો ગમગીન સુકલકડી આદમી છે. (ક્યારેક ક્યારેક કૉરિડોરમાં અમારો ભેટો થઈ જાય છે.) તેના પગ ઢીલા પડી ગયેલા છે, અને હાથ ને માથું પણ ધ્રૂજતાં રહે છે. કંઈક બીમારી હશે અથવા ભગવાન જાણે શું કારણ હશે. સાવ રાંક જેવો ધાક ખાઈ ગયેલો આદમી છે, અને સૌથી અળગો જ રહે છે. ક્યારેક તો હુંયે ગરીબડો લાગું, પરંતુ તેની હાલત એથીયે બદતર છે. તેને પત્ની અને ત્રણ બાળકો છે. સૌથી મોટો દીકરો બાપ જેવો જ વામણો છે. વહુ એક જમાનામાં રૂપાળી રહી હશે — એવો ખ્યાલ તો આજે પણ આવી જ જાય છે. પરંતુ બિચારીનો લેબાસ ચીંથરેહાલ હોય છે. સાંભળ્યું છે કે તેમનું ભાડું બહુ ચડી ગયું છે. ગમે તેમ હોય પણ તેમની તરફ મકાન માલિકણના વર્તનમાં ભલાઈ જેવું બહુ નથી દેખાતું. મેં એમ પણ સાંભળ્યું છે કે ગોર્શ્કોવ કશીક ગરબડમાં સંડોવાઈ ગયો હતો, અને એ કારણે જ નોકરી ખોઈ બેઠો હતો. તેની ઉપર કશોક આરોપ મૂકવામાં આવ્યો હતો, કદાચ મુકદ્દમો ચાલતો હશે અથવા તપાસ થઈ રહી હશે. મને બરાબર ખબર નથી. પરંતુ એ લોકો ગરીબ છે, હે ભગવાન, કેવા ગરીબ! તેમના ઓરડામાંથી જરાય અવાજ ક્યારેય સંભળાતો નથી, જાણે કેમ જીવતાં જાગતાં માણસો તેમાં રહેતાં જ ન હોય. બાળકોના અવાજ પણ કદી કાને નથી પડતા. તેમને દોડાદોડી કરતાં કે રમતાં મેં ક્યારેય નથી જોયાં. એ તો માઠી નિશાની! એક વાર સાંજે મકાનમાં અજબ શાંતિ છવાઈ ગયેલી હતી ત્યારે તેમના બારણા પાસેથી નીકળતાં મને ડૂસકું સંભળાયું, પછી ફફડતા હોઠનો અવાજ કાને પડયો, અને વળી પાછું ડૂસકું. કોઈ એવી દયાજનક રીતે રડી રહ્યું હતું કે મારું તો હૈયું વલોવાઈ ગયું. આખી રાત મારા મનમાં તેમના જ વિચારો ઘોળાતા રહ્યા અને મને જરાય નીંદર ન આવી.

ઠીક ત્યારે, આવજો, વારેન્કા, મારાં અણમૂલાં મિત્ર! મેં બધું મને આવડયું એવી રીતે લખ્યું છે. હું આખો દિવસ તમારા અને માત્ર તમારા જ વિચારો કરતો રહ્યો છું. મને તમારી બહુ જ ફિકર થાય છે, મને ખ્યાલ છે કે પિટર્સબર્ગની વસંતના આવા દિવસોમાં તમારે માટે ગરમ કોટ જરૂરી છે. કેવો પવન, કેવો વરસાદ, કેવું હિમ — મને ખબર છે કે હું તો આમાં મરી જ જવાનો, વારેન્કા. ભગવાન બચાવે આવી મઝાની મોસમથી

આપણને! વહાલાં, મારી લખવાની રીતથી ગુસ્સે થશો નહિ. એમાં છટા જેવું કંઈ છે જ નહિ, મુદ્દલ નથી, વારેન્કા. હોત તો કેવું સારું! હું તો મનમાં આવે તે લખી નાખું છું, ફક્ત એટલી જ આશા હોય છે કે તમને જરાક ખુશી થાય. મને રીતસરનું શિક્ષણ મળ્યું હોત તો વાત જુદી જ હોત, પણ હું જાણું છું કે મને કેવું શિક્ષણ મળ્યું છે, એક ટકાનીયે કિંમતનું નહિ.

તમારો સદૈવ અને વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

૨૫ એપ્રિલ

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

આજે હું સાશાને મળી. મારી દૂરના સગપણની બહેન થાય છે. ભયંકર! બરબાદીની ખાઈમાં ધકેલાઈ રહી છે, બિચારી! મારે કાને પણ વાત આવી ગઈ છે કે આન્ના ફ્યોદોરોવ્ના મારે વિશે પૂછપરછ કરી રહી છે. મારો ખેધો ક્યારેય નહિ મૂકે? **મને માફ કરી** દેવા માગે છે, જે કંઈ બની ગયું છે તેને ભૂલી જવા માગે છે, અને મને મળવા આવવાનો ઈરાદો રાખે છે. તેનું કહેવું એમ છે કે તમે મારા સંબંધી કોઈ રીતે નથી, તે પોતે વધારે નજીકની સગી છે, તમને અમારા કુટુંબના મામલામાં દખલ કરવાનો જરાય અધિકાર નથી, તમારી સખાવત અને મદદના આધારે જિંદગી ગુજારવામાં મને શરમ આવવી જોઈએ. તે મને ઠપકો આપે છે, ફરિયાદ કરે છે કે હું તેનું અહેસાન ભૂલી ગઈ છું... કહે છે કે મેં તેનું લૂણ ખાધું છે એ પણ હું ભૂલી ગઈ છું, તેણે જ મારી માને તથા મને ભૂખમરાથી બચાવ્યાં હતાં, ભારે ખરચ વેઠીને અઢી વરસ અમને ખવડાવ્યું હતું, અને હવે તે અમારાં દેણાં ભૂલી જવા તૈયાર છે. મારી માને પણ તેણે છોડી નહિ. બિચારી માને ખબર હોત કે એ લોકોએ મારી કેવી વલે કરી છે! પણ ભગવાન બધું જુએ છે! આન્ના ફ્યોદોરોવ્નાની વાતો મુજબ તો મારું સુખ ઓસરી ગયું તેમાં દોષ મારો જ છે, તેણે મને માર્ગ બતાવેલો, પણ મારી આબરૂ હું જાળવી ન શકી અથવા કદાચ મારે જાળવવી નહોતી તેમાં તેનો જરાય

વાંક નથી. તો પછી કોનો વાંક છે, ભલા ભગવાન! તેના કહેવા મુજબ તો મિસ્ટર બીકોવનું વર્તન સાવ વાજબી હતું, કોઈ આદમી પાસેથી એવી બાઈને પરણવાની અપેક્ષા ન જ રાખી શકાય કે જે... એ બધું લખવાથી શો ફાયદો? એવાં જૂઠાણાં સાંભળીને મારું હૈયું વલોવાઈ ગયું, માકાર આલેક્સેયેવિચ! મારી હાલત બેહદ ખરાબ છે. હું અહીંયાં બેઠી બેઠી થરથરી રહી છું, ડૂસકાં ભરી રહી છું, વલોપાત કરી રહી છું. આ પત્ર લખવામાં મને બે કલાક લાગ્યા છે. મને એમ હતું કે તે કંઈ નહિ તો મને કરેલા અન્યાયની વાત માની લેશે. પણ જોયું ને! ખેર, તમે ફિકર કરતા નહિ, મિત્ર, મારું ભલું વાંછનારા તમે એકલા જ છો! ફેદોરા તો હંમેશાં વાત વધારીને જ કરતી હોય છે. હું માંદી નથી. કાલે વોલ્કોવો કબ્રસ્તાનના દેવળે પ્રાર્થનામાં ગયેલી ત્યારે જરાક ટાઢ લાગી ગઈ છે. તમે ભેગા કેમ ન આવ્યા? મેં તમને ઘણા વીનવેલા. અરે, મારી બિચારી પ્યારી મા — અગર તું કબરમાંથી ઊભી થઈને જાણી તથા જોઈ શકે તો કે એ લોકોએ મારી કેવી વલે કરી છે!..

વા. દો.

૨૦ મે

પારેવડું મારું, વારેન્કા,

થોડીક અંગૂર મોકલું છું, વહાલુડાં. અંગૂર તમને ભાવે છે, અને મંદવાડની કમજોરીમાં ફાયદો કરે. ડૉકટરો પણ કહેતા હોય છે કે તરસ છિપાવવા માટે અંગૂર સારી ગણાય — અને એટલા માટે જ મોકલી છે, માત્ર તરસ છિપાવવા. કાલે તમે કેક મંગાવેલી તે મોકલી છે. ભૂખ કેવીક લાગે છે, વહાલાં? મોટી વાત તો એ જ છે. ભગવાનની દયા કે માઠા સંજોગો બધા વીતી ગયા છે અને ખતમ થઈ ગયા છે, અને આપણા સંતાપનો છેડો આવી રહ્યો છે. તેને માટે ઉપરવાળાનું અહેસાન માનીએ. પુસ્તકો હું હજી મેળવી શક્યો નથી. સાંભળ્યું છે કે અહીંયાં બહુ સારી ચોપડી આવી છે, બહુ સુંદર રીતે લખાયેલી. વાતો થાય છે કે સારી ચોપડી છે. મેં હજી વાંચી નથી, પણ સૌ વખાણ કરે છે, અને મને પણ આપવાના છે — પણ તમે વાંચશો? તમને ખુશ કરવાનું કામ બહુ મુશ્કેલ છે — તમારી રુચિ સંતોષવાની

વાત અઘરી છે. મને બરાબર ખબર છે, મારાં વહાલુડાં, તમને તો ઘણું કરીને કશુંક કાવ્યમય જોઈએ, કશુંક નિસાસા અને પ્રેમથી છલકાતું. ભલે, કાવ્યોયે મળી રહેશે, બધું મળી રહેશે. કાવ્યોની નકલ ઉતારેલી એક નોટબુક પડી છે.

હું મઝામાં છું. તમે ફિકર કરશો નહિ, વહાલાં. અને ફેદોરાની વાતો ધ્યાનમાં લેશો નહિ. તેને કહી દેજો કે તું તો ઘરડી વાતોડિયણ છો. બરાબર એમ જ કહેજો!.. મેં મારો નવો યુનિફૉર્મ વેચી નથી નાખ્યો. શું કામ વેચી નાખું? તમે જ વિચાર કરો કે શા માટે? વાત સાંભળી છે કે મને ચાળીસ રૂબલનું બોનસ મળવાનું છે. તો પછી શી જરૂર છે વેચવાની? એટલે તમે ફિકર કરશો નહિ, મારાં વહાલુડાં. ફેદોરા તો વેવલી છે, સાવ વેવલી. હવે તો સુખના દહાડા આવવાના છે, પારેવડીબાઈ! ઝટ સાજાં થઈ જાઓ, પરી મારાં! ભગવાનને ખાતર સાજાં થઈ જાઓ, તમારા ઘરડા મિત્રને ગમગીનીથી ઉગારી લો. તમને કોણે કહ્યું કે હું દૂબળો થઈ ગયો છું? વળી પાછાં ગપ્પાં, સાફ નાલેશી! હું એકદમ તંદુરસ્ત છું અને એટલો જાડો થઈ ગયો છું કે હકીકતમાં મને મારી પોતાની જ શરમ આવે છે—સો વાતની એક વાત કે મોજમાં રહું છું. તમે ઝટપટ સાજાં થઈ જાઓ તો બહુ સારું, બસ. ઠીક ત્યારે, આવજો, પરી મારાં. તમારી આંગળીઓ પર એક એક કરીને ચૂમી.

તમારો સદાનો અને અફર મિત્ર

માકાર દેવુશ્કિન

તા. ક. ખરેખર, મારાં વહાલુડાં, તમે પેલી વાત ફરી કેમ લખી છે? સમજદારીથી કામ લો! હું એમ વારે ઘડીએ તમને મળવા કેવી રીતે આવી શકું? એવું વર્તન મારાથી કેવી રીતે થાય? અંધારાની ઓથ વગર મારા આવવાની ધારણા તમે ન રાખી શકો. કેવી રીતે રાખી શકો, વહાલાં? અને આજકાલ રાતે અંધારું કેટલી વાર ટકે છે? વળી તમે માંદાં હતાં અને તમારું મન આમતેમ ભટકતું રહેતું હતું ત્યારે હું તમારી પથારી પાસેથી આઘો ભાગ્યે જ ગયેલો. મને ખબર જ નથી કે મારાથી એમ કેવી રીતે થઈ શક્યું. પણ પછી વાતો અને કૂથલીની બીકે મારે આવવાનું બંધ કરી

દેવું પડયું. તેમ છતાં વાતો થવા લાગી છે. મને થેરેઝામાં પૂરો વિશ્વાસ છે—તેને કૂથલી કરવાની ટેવ નથી. પણ જરાક વિચાર કરો કે એ લોકોને આપણે વિશે વધારે જાણવા મળી જાય તો કેવી હાલત થઈ જાય, તેઓ આપણે વિશે કેવા ખ્યાલ બાંધી લે અને કેવી વાતો કરે! ધીરજ રાખો, વહાલાં, તમારી તબિયત સારી થઈ જાય પછી વાત. ત્યારે આપણે મળવાની ગોઠવણ કરીશું.

૧ જૂન

હેતાળ માકાર આલેક્સેયેવિચ,

તમે મારી ઉપર આટલું બધું હેત રાખો છો એટલે તમને ખુશી થાય એવું કંઈક કરવાનું મને બહુ મન હતું. મેં મારા કબાટનાં ખાનાં ફંફોળીને આ જૂની નોટબુક ગોતી કાઢી છે અને તમને મોકલું છું. મેં તેમાં લખવાનું શરૂ કર્યું ત્યારે સુખના દિવસો હતા, અને પછી થોડા થોડા સમયના અંતરે ચાલુ રાખેલું. તમે મને મારા ભૂતકાળ અને મારી મા વિશે, પોક્રોવ્સ્કી વિશે, આન્ના ફ્યોદોરોવ્ના સાથેની મારી જિંદગી વિશે, અને વધારે તાજેતરની પરેશાનીઓ વિશે ઘણી વાર પૂછ્યું છે. કોણ જાણે કેમ પણ મને જ્યારે જ્યારે વખત મળ્યો ત્યારે મેં મારી વીતેલી જિંદગીની વિવિધ ઘડીઓનું વર્ણન આ નોટબુકમાં ટપકાવી લીધું છે. તમે મારી નોંધો વાંચવાની ભારે ઉત્સુકતા બતાવી છે એટલે મને ખાતરી છે કે વાંચવામાં તમને મઝા પડશે. હું તો જ્યારે વાંચું છું ત્યારે ગમગીનીમાં ગરકાવ થઈ જાઉં છું. મેં છેલ્લી પંક્તિઓ લખેલી ત્યારની સરખામણીમાં આજે મારી ઉંમર જાણે બમણી થઈ ગઈ હોય એવી લાગણી મને થાય છે. આવજો, માકાર આલેક્સેયેવિચ. મને એટલો થાક અને એટલું એકલું લાગે છે કે બસ, અને નીંદર આવતી જ નથી. માંદગી પછી નબળાઈના દિવસો કેવા કંટાળાજનક હોય છે!

વા. દો.

૧

મારા પિતાનું અવસાન થયું ત્યારે હું ચૌદ વરસની હતી. મારા જીવનના વધારેમાં વધારે સુખી દિવસો બાલ્યાવસ્થાના હતા. મારા પિતા ... ગુબેર્નિયામાં ઠાકોર ...ની વિશાળ જાગીરના કારભારી હતા. અહીંથી ખૂબ

ખૂબ દૂર ઠાકોરના એક ગામમાં અમે સુખશાંતિની જિંદગી ગાળી રહ્યાં હતાં. હું ચંચળ બાળકી હતી, હંમેશાં બગીચાઓમાં, ચરાણોમાં, કે વનમાં રખડતી રહેતી. મારી સંભાળ રાખનારું કોઈ નહોતું. બાપુ જાગીરના કારભારમાં ડૂબેલા રહેતા અને મા ઘરકામમાં અટવાયેલી રહેતી, એટલે મારી ફિકર કોઈ ન કરતું. મને ભણાવનારું કોઈ નહોતું, અને એ બાબતની મને તો બહુ ખુશી હતી. વહેલી સવારે હું દોડતી તળાવડીએ, વૃક્ષરાજિમાં, ખડ વાઢનારાઓ પાસે, અથવા પાક લાણનારાઓ પાસે પહોંચી જતી. ધોમ ધખતો હોય, ઘરથી બહુ દૂર નીકળી ગઈ હોઉં, કે પછી ઝાડીમાં મારા હાથમાં ને મોં પર ઉઝરડા પડયા હોય અને કપડાં ફાટી ગયાં હોય — હું કશી વાતની પરવા જ ન કરતી. પછી ઘરમાં ઠપકો ખાવો પડતો, પરંતુ એ બાબતની ફિકર મને જરાય થતી જ નહિ.

મને તો આખી જિંદગી ગામમાં જ રહેવાનું ગમ્યું હોત, પરંતુ એમ બનવાનું નહોતું. હું હજી બાર વર્ષની બાળા હતી ત્યારે અમે પિટર્સબર્ગ રહેવા ગયાં. એ વખતની યાદ તાજી થતાં મારું હૈયું ભરાઈ આવે છે — અમે સફરની તૈયારી કેવી રીતે કરેલી, મને પ્યારી દરેક વસ્તુની વિદાય લેતી વેળા હું કેટલું રડેલી, મેં મારા હાથ બાપુને ગળે વીંટાળીને થોડોક વધારે સમય રોકાઈ જવાની આજીજી કેવી રીતે કરેલી! બાપુએ ગુસ્સે થઈને મને ધમકાવેલી. માએ રોતાં રોતાં કહેલું કે બાપુના કામકાજની બાબતને લીધે જવું જ પડે એમ છે. વૃદ્ધ ઠાકોરને કાળનું તેડું આવી ગયું હતું અને તેના વારસદારોએ બાપુને બરતરફ કરી દીધા હતા. બાપુએ થોડાક પૈસા પિટર્સબર્ગમાં અમુક માણસોને ધીરેલા, અને તેમને એવો ખ્યાલ હતો કે પાટનગરમાં જઈને રહેવાથી હાલત સુધારી શકાશે. એ બધી વાત મને માએ પછી કરેલી. પાટનગરમાં પહોંચીને અમે પિટર્સબર્ગ વિસ્તારમાં સ્થાયી થયાં અને મારા પિતાના અવસાન સુધી ત્યાં જ રહ્યાં.

નવા જીવનથી ટેવાઈ જવામાં કેવી મુશ્કેલીઓ પડેલી! અમે શરદના દિવસોમાં શહેરમાં પહોંચેલાં. ગામથી નીકળ્યાં ત્યારે સરસ મઝાનો તડકો હતો, હવામાં આછી ઉષ્મા હતી, અને ચોગમ જાણે ઉલ્લાસનું વાતાવરણ છવાયેલું હતું. ખેતીનું કામ લગભગ પતી ગયું હતું. ખળાંમાં અનાજના ગંજ ખડકેલા હતા અને તેની ઉપર પંખીઓના જોરશોરથી ફફડાટ કરી રહ્યાં હતાં. બધે જાણે તેજ અને ખુશી છલકાઈ રહ્યાં હતાં. પરંતુ શહેરમાં વરસાદ

અણથંભ વરસી રહ્યો હતો, મ્લાન ગગન તળે શરદમાં જામવા લાગતા પાણીનો ચીકણો કાદવ પથરાયેલો રહેતો, હવામાન બેહદ ખરાબ હતું. રસ્તે અતડા, દ્વૈષીલા, અને ચિડિયલ અજાણ્યા લોકોનાં ટોળાં નજરે પડતાં હતાં. પરંતુ અમે ધીરે ધીરે ઠરીઠામ થઈ ગયાં. મને યાદ છે કે સૌ નવું ઘર વસાવવાના કામમાં કેવી ભાગદોડ અને ધમાલ કરતાં હતાં. બાપુ તો ઘરમાં ક્યારેય દેખાતા જ નહિ, અને માને એક પળ પણ શાંતિ નહોતી મળતી. હું તો જાણે સાવ ભુલાઈ ગઈ હતી. શહેરના જીવનનું અમારું પ્રથમ પ્રભાત કેવું વિષાદમય હતું! અમારા ઘરની બારીઓમાંથી પીળી વાડ નજરે પડતી હતી, અને નીચે શેરીમાં કાદવ કદી સુકાતો જ નહિ. સખત ટાઢને લીધે ઓવરકોટમાં લપેટાઈને નીકળતા થોડાઘણા રાહદારીઓ જોવા મળતા હતા.

અમારા ઘરમાં પણ આખો દિવસ જાણે ત્રાસ અને કંટાળાની હાલત રહેતી. કોઈ સગાંસંબંધી કે મિત્રો ભાગ્યે જ આવતાં. બાપુને આન્ના ફ્યોદોરોવ્ના જોડે બોલવાનો સંબંધ રહ્યો નહોતો (બાપુ તેના કરજદાર હતા). અમારે ત્યાં આવનારા માણસો એટલે બાપુના કામધંધાના સાથીદારો. તેઓ માથાઝીક કરે, દલીલો કરે, અને ઘાંટા પાડે. એવા મુલાકાતીઓ જાય પછી બાપુ હંમેશાં એકદમ હતાશ થઈ જતા અને ખીજે ભરાયેલા રહેતા. ગમગીન વિચારોમાં ગરકાવ થઈ જઈને કલાકો સુધી ઓરડામાં આંટા મારતા રહેતા. એમ બને ત્યારે માને તેમની જોડે વાત કરવામાં બીક લાગતી, અને હું પણ ખૂણામાં લપાઈ જતા ઉંદરની જેમ ચુપચાપ બેસીને કોઈ ચોપડી વાંચતી રહેતી.

અમને પિટર્સબર્ગમાં ત્રણ મહિના થઈ ગયા ત્યાર પછી મને છાત્રાલયવાળી નિશાળમાં દાખલ કરાવી દેવામાં આવી. અજાણ્યા લોકો વચ્ચે મારું મન બહુ ઉદાસ રહેતું. કોઈ માયામમતા દાખવતું નહિ, શિક્ષકો હરદમ બરાડા પાડતા રહેતા, છોકરીઓ મારી મશ્કરી કરતી રહેતી, મને જાણે ગમાર હોઉં એવી લાગણી થતી. કરડાકી અને સખતીનો જ અમલ હતો. દરેક બાબત માટે વખત નક્કી થયેલો હતો. સૌ ભેગાં જમતાં, શિક્ષકો સાવ શુષ્ક હતા. શરૂઆતમાં મને બહુ ત્રાસ થતો, મન સાવ દુખી દુખી થઈ જતું, નીંદર ન આવતી, હું આખી રાત પથારીમાં રડતી રહેતી. કેવી અંતહીન, ટાઢી, કંગાલ રાતો! સાંજે અમે લેસન કરવા બેસીએ ત્યારે હું

ક્રિયાપદો અને વાક્યોની દુનિયામાં અટવાઈ જાઉં અને હલવાનીયે બીક લાગતી હોય એવી હાલતમાં મારું મન ભટકતું બાપુ અને મા પાસે, મારી ઘરડી આયા પાસે, પહોંચી જતું. મને લાગતું કે આયા વાર્તા સંભળાવી રહી છે અને હું પરીકથામાં મશગૂલ થઈ ગઈ છું. એવે વખતે વેદના અસહ્ય બની જતી. ઘરની નાનામાં નાની વાતનો વિચાર પણ મનમાં ખુશી પેદા કરતો, અને ઘેર પહોંચી જવાની ઝંખના તીવ્ર બની જતી — નાનકડા ખંડમાં બાપુ અને મા ભેગી બેસીને ચા પીતી હોઉં, ટેબલ પર સમોવારમાંથી વરાળ નીકળતી હોય, બધે જાણે સુઘડ, સુપરિચિત, ઉષ્માભર્યા જીવનની આણ ફેલાયેલી હોય. માને ભેટી પડું, ભેટી પડું અને જોરથી દબાવું! હું બેઠી બેઠી એવા વિચારોમાં ડૂબી જઈને છાનું રુદન કરવા લાગતી, લેસન સાવ ભુલાઈ જતું, રાતે મને શિક્ષકનાં, હેડ-મિસ્ટ્રેસનાં, અને છોકરીઓનાં ખરાબ સપનાં આવતાં, હું નીંદરમાં લેસન ગોખતી રહેતી પણ સવારે કંઈ જ યાદ ન રહેતું. મને સજા કરીને ગોઠણભેર ઊભી રાખવામાં આવતી અને જમવાનું એક જ વાર આપવામાં આવતું. હું સદા ગમગીન રહેતી અને કંટાળી જતી. શરૂઆતમાં બીજી છોકરીઓ મારી મશ્કરી કરતી, મને ખિજાવતી, હું શિક્ષકના સવાલોના જવાબ આપતી હોઉં ત્યારે મને ગૂંચવાડામાં નાખી દેતી, અમે જોડીબંધ કતારમાં જમવા કે ચા પીવા જતાં હોઈએ ત્યારે મને ચૂંટીઓ ખણતી, અને કશા જ કારણ વગર હેડ-મિસ્ટ્રેસ પાસે જઈને મારે વિશે મનઘડંત વાતો કહી આવતી. પરંતુ શનિવારે સાંજે મારી આયા આવે ત્યારે કેવી મઝા પડતી! હું તેને ભેટી પડતી, ખુશીમાં જાણે ઘેલી બની જતી. તે મને સરખી રીતે કપડાં પહેરાવતી અને અમે રવાના થઈ જતાં — પરંતુ ઘરને રસ્તે હું ઝડપથી ચાલતી હોઉં ત્યારે બિચારી માંડ ભાગી ચાલી શકતી. હું એક અથવા બીજી બાબત વિશે [illegible] બોલતી જ રહેતી. આખરે ઘર આવી જતું. હું ઉત્સાહમાં [illegible] જતી, મારું હૈયું હળવું ફૂલ બની જતું. જાણે દસ વરસથી મળી જ ન હોઉં એમ [illegible] હું દરેકને ભેટતી અને બચી ભરતી. કેવી સુખમય [illegible] જતી! હું દોડતી જઈને સૌને મળતી, હસતી, બોલબોલ કરતી, [illegible] માતા [illegible] પછી બાપુ જોડે મારા અભ્યાસ વિશે, શિક્ષકો વિશે, [illegible] ભાષા અને [illegible] વ્યાકરણ વિશે, ગંભીર વાતચીત થતી. સૌને [illegible] અને [illegible] લાગણી થતી. એ બધું યાદ આવતાં આજે પણ મારું [illegible] છે. મારા પિતાને

ખાતર હું અભ્યાસ સરખી રીતે કરવાની પૂરી કોશિશ કરતી. મને ખબર હતી કે તે મારે માટે આખરી કોપેક પણ ખરચી નાખતા, ભારે મુશ્કેલીથી કામ ચલાવી લેતા, ભગવાન જાણે કેવી રીતે! તે દરરોજ વધારે ઉદાસ, વધારે અસંતુષ્ટ, અને વધારે ચિડિયલ બની રહ્યા હતા; કામધંધામાં હાલત બદતર બનતી ગઈ અને તેમને માથે કરજનો મોટો બોજો લદાઈ ગયો. તે એટલા બધા ખિજાળ બની ગયા કે માને તેમની હાજરીમાં વાત કરતાં અથવા રડતાં બીક લાગતી. બિચારી માંદી પડી ગઈ, દરરોજ સુકાતી ગઈ અને એકધારી દૂબળી પડતી ગઈ, તેને સખત ઉધરસ આવવા લાગી. હું નિશાળેથી પાછી આવું ત્યારે સૌ ગમગીન હોય, બાપુ ગુસ્સામાં હોય, અને મા ચૂપચાપ રડતી હોય. ફરિયાદનાં અને ઠપકાનાં વેણ બોલાતાં. બાપુ ફરિયાદ કરતા કે મારા તરફથી તેમને કશી ખુશી કે આશ્વાસન નહોતાં મળતાં, મારા શિક્ષણ માટે તેમણે આખરી દમડી પણ ખરચી નાખી હોવા છતાં હું ફ્રેંચ ભાષા બોલતાંયે નહોતી શીખી. ટૂંકમાં, તેમની બધી નિષ્ફળતાઓ અને કમનસીબીઓ માટે માને અને મને દોષિત ગણાવવામાં આવતાં. મારી માને એટલી બધી દુખી કેવી રીતે કરી શક્યા હશે? માની સામે જોતાં જ મારું હૈયું વલોવાઈ જતું. તેનો ચહેરો કરમાઈ ગયો હતો, આંખો ઊંડી ઊતરી ગઈ હતી, અને તેના ફિક્કા ગાલ ઉપર અકુદરતી રોગિષ્ઠ રતાશ દેખાતી હતી. પરંતુ મારી હાલત બદતરીન હતી. શરૂઆત હંમેશાં કોઈ નજીવી વાતથી થતી, પરંતુ પછી તો ભગવાન સાક્ષી છે કે વાત કેટલી વધી જતી. ઘણી વાર મને મૂળ વાતનો ખ્યાલ જ ન રહેતો. મારા જાતજાતના વાંક કાઢવામાં આવતા — મને ફ્રેંચ બરાબર આવડતું નથી, મારામાં અક્કલ નથી, હેડ-મિસ્ટ્રેસ બેવકૂફ ઓરત છે, પોતાની ફરજો અવગણે છે, બાળકોની નૈતિક કેળવણીની ફિકર જ નથી કરતી, તેમને, અર્થાત્ બાપુને, હજી કામ નથી મળતું, લોમોન્ડનું વ્યાકરણનું પુસ્તક નકામું છે, ઝાપોલ્સ્કીના પુસ્તકથી બહુ ઊતરતું છે, મારે ખાતર પુષ્કળ પૈસા બરબાદ થઈ ગયા છે, હું નઠોર અને લાગણી વગરની છું. ટૂંકમાં, ક્રિયાપદો અને વાક્યોની બાબતમાં હું ગમે એટલી મહેનત કરું તોયે દરેક મુસીબતમાં વાંક તો મારો જ. વળી એમ પણ નહોતું કે હું બાપુને વહાલી ન હોઉં. વાત એથી ઊલટી જ હતી, મા અને હું તેમને બહુ જ વહાલાં હતાં, પરંતુ તેમનો સ્વભાવ જ એવો હતો.

ચિંતાઓ અને નિષ્ફળતાઓની પરેશાનીઓને લીધે તે બેહદ ધૂની અને શંકાશીલ બની ગયા. ઘણી વાર જાણે સાવ હતાશામાં સરી પડતા, અને તબિયતની બાબતમાં તદ્દન બેપરવા બની ગયા. એવી હાલતમાં શરદી થઈ જતાં ટૂંકી માંદગી પછી તે એટલા અચાનક ગુજરી ગયા કે અમારા હોશ ઊડી ગયા અને અમે માની જ ન શક્યા કે તેમણે આખરી વિદાય લઈ લીધી છે. મા તો સાનભાન ખોઈ બેઠી અને મને બીક લાગી કે ક્યાંક તેનું મગજ ખસી ન જાય. બાપુનું અવસાન થયું કે તરત જ ચારે બાજુએથી લેણદારોનું ઝુંડ અમારી ઉપર તૂટી પડ્યું. અમારી પાસે જે કંઈ હતું તે બધું અમે તેમને આપી દીધું. અમે શહેરમાં રહેવા આવ્યાં ત્યાર પછી લગભગ છ મહિને બાપુએ પિટર્સબર્ગ વિસ્તારમાં ખરીદેલું નાનકડું ઘર પણ વેચી નાખવું પડ્યું. મને ખબર નથી કે લેણદેણની બાબત આખરે કેવી રીતે પતાવવામાં આવેલી, પરંતુ અમે ઘરબાર વગરનાં થઈ ગયાં, અમારી પાસે ફૂટી કોડીયે નહોતી રહી, અને મદદ કરનારું કોઈ નહોતું. માનું શરીર પીડાકારી રોગને લીધે ઘસાઈ રહ્યું હતું, અમે ગુજરાન ચલાવી શકતાં નહોતાં, અમારી પાસે જિંદગી ટકાવી રાખવા કશું જ નહોતું. કશો ઉપાય હતો જ નહિ. એ વખતે હું ચૌદ વરસની હતી, અને આન્ના ફ્યોદોરોવ્ના પહેલી વાર અમને મળવા ત્યારે આવેલી. તે ફરીફરીને કહેતી રહી કે પોતે અમુક રીતે જમીનદાર છે અને અમારાં સગાંમાંથી છે. માએ પણ કહ્યું કે સગપણ છે ખરું, પણ બહુ દૂરનું. બાપુ જીવતા હતા ત્યારે તે અમને મળવા ક્યારેય નહોતી આવી. હવે તે આંખોમાંથી આંસુ વહેવડાવતી આવી પહોંચી, તેણે અમને આશ્વાસન આપ્યું, અને અમારા દુઃખ તથા અમારી કંગાલ હાલત અંગે હમદર્દી બતાવી, પરંતુ ભેગું ઉમેરી દીધું કે એમાં વાંક બાપુનો જ હતો: તેમણે આવકથી વધારે ખર્ચાળ જિંદગી અપનાવી હતી, તેમને વધારે પડતું ઊંચે ચડવું હતું, તેમને વધારે પડતો આત્મવિશ્વાસ હતો. તેણે અમારી જોડે સારા સંબંધો રાખવાની ઉત્સુકતા બતાવી, વીતેલી વાતોને ભૂલી જવાની સલાહ આપી, અને માએ જ્યારે કહ્યું કે તમારી તરફ કોઈ જાતની કડવી લાગણી મારા મનમાં ક્યારેય નથી રહી ત્યારે તે રડવા લાગી. પછી તે માને દેવળે લઈ ગઈ અને તેણે સ્વર્ગવાસી સ્વજનના (તે મારા પિતાના સંબંધમાં એવા શબ્દો વાપરતી) આત્માના ઉદ્ધાર માટે દેવળમાં પ્રાર્થનાની વ્યવસ્થા કરાવી. એ રીતે અમારી વચ્ચે સુમેળ થઈ ગયો.

તેણે શરૂમાં અમારી કંગાલ હાલત, તદ્દન એકલતા, લાચારી, અને નાઉમેદ સંજોગોની લાંબીલચક વાતો કરીને પછી તેના જ શબ્દોમાં અમને તેને ત્યાં આશરો લેવાની સલાહ આપી. માએ તેનો આભાર માન્યો, પરંતુ કેટલીય વાર સુધી તે કશું નક્કી ન કરી શકી. આખરે તેણે આન્ના ફ્યોદોરોવ્નાને અહેસાન માનીને જણાવી દીધું કે તમારી સલાહ અમને મંજૂર છે, કારણ કે કશો ઉપાય હતો જ નહિ, અમે બીજું કંઈ કરી શકીએ એમ હતાં જ નહિ. જે દિવસે સવારે અમે પિટર્સબર્ગ વિસ્તારમાંથી વસીલ્યેવ્સ્કી ટાપુમાં રહેવા ગયાં તેની યાદ આજ સુધી મારા મનમાં એકદમ તાજી છે. શરદનો દિવસ હતો, હવામાન સાફ અને તાજગીબક્ષ હતું. મા રડી રહી હતી, અને મારું મન પણ બેહદ ઉદાસ હતું; મારી છાતી જાણે ફાટી જતી હતી, મારા દિલમાં ભવિષ્ય વિશે અમંગળ આશંકાઓ લદાઈ ગયેલી હતી... એ દિવસો કારમા હતા.

૨

અમે આન્ના ફ્યોદોરોવ્ના સાથેના જીવનથી ટેવાઈ ગયાં તે પહેલાં શરૂ શરૂમાં અમને ત્યાં બહુ વિચિત્ર અને કોણ જાણે કેમ પણ ખોફનાક લાગતું હતું. છઠ્ઠી શેરીમાં આન્ના ફ્યોદોરોવ્નાનું ઘર તેની પોતાની માલિકીનું હતું. તેમાં પાંચ ઓરડા હતા. ત્રણ ઓરડામાં આન્ના ફ્યોદોરોવ્ના અને મારી દૂરના સગપણની બહેન સાશા રહેતાં હતાં. સાશા અનાથ હતી અને આન્ના ફ્યોદોરોવ્નાએ તેને દત્તક લીધી હતી. મા અને હું ચોથા ઓરડામાં રહેતાં હતાં, અને પાંચમો ઓરડો પોક્રોવ્સ્કી નામે ગરીબ વિદ્યાર્થીને ભાડે આપવામાં આવ્યો હતો. આન્ના ફ્યોદોરોવ્ના પહેલી નજરે લાગે તેનાથી વધારે ધનવાન હતી, પરંતુ તેની આવકનું મૂળ તેના કામધંધા જેટલું જ રહસ્યમય હતું. તે ક્યારેય નિરાંતે બેસતી નહિ, હંમેશાં કામકાજમાં તથા વિચારોમાં ડૂબેલી રહેતી, અને દિવસમાં કેટલીય વાર બહાર જતી. પરંતુ તે કેવા કામમાં ગૂંથાયેલી રહેતી હશે, શાના વિચારોમાં અને શા માટે વિચારોમાં ડૂબેલી રહેતી હશે, તેની ધારણા હું નહોતી કરી શકતી. તેના સંખ્યાબંધ અને તરેહવાર ઓળખીતા માણસોની આવજા સતત ચાલુ રહેતી. એ લોકો કોણ હશે તેની તો ભગવાનને ખબર, પરંતુ તેઓ હંમેશાં કામસર આવતા અને

ખાલી એકબે મિનિટ જ રોકાતા. બારણાની ઘંટડી વાગે કે તરત જ મા મને ઓરડામાં બોલાવી લેતી. એથી આન્ના ફ્યોદોરોવ્ના હંમેશાં બહુ ખિજાઈ જતી. તે માને વઢતી અને કહેતી કે અમે ઘમંડી છીએ, પાલવે તેનાથી વધારે ઘમંડી છીએ, અમારે એટલો બધો ઘમંડ ન રાખવો જોઈએ—તે કલાકો સુધી એવો બડબડાટ કરતી રહેતી. તેનાં એવાં વઢકણાં વેણનો મતલબ મને એ વખતે સમજાતો નહોતો. મને હવે જ સમજણ પડી છે અથવા કંઈક ધારણા કરી શકું છું કે મા આન્ના ફ્યોદોરોવ્નાને ત્યાં રહેવા જવામાં કેમ બહુ અચકાતી હતી. તે ખારીલી ઓરત હતી અને અમને લગાતાર સંતાપતી રહેતી. તેણે અમને પોતાને ત્યાં રહેવા કેમ બોલાવ્યાં હશે એ વાત તો મારા મનમાં હજી કોયડા જેવી જ છે. તેનું વર્તન શરૂઆતમાં માયાળુ હતું, તેનો ખરો સ્વભાવ તો તેણે થોડા સમય પછી જ, તેને ખાતરી થઈ ગઈ કે અમે તદ્દન લાચાર છીએ અને બીજે ક્યાંય જઈ શકીએ એમ નથી ત્યાર પછી જ, જાહેર કર્યો હતો. આગળ જતાં મારી બાબતમાં તેનું વર્તન ફરી માયાળુ બની ગયું, આત્મીયતા અને ખુશામતની હદ સુધી માયાળુ બની ગયું. પરંતુ શરૂઆતમાં તો મારે મારી મા જેટલું જ સહન કરવું પડયું હતું. તે પોતાની ઉદારતા અમને ફરીફરીને યાદ કરાવતી, અને આખો દિવસ હરઘડી અમને વઢતી રહેતી. તે અજાણ્યા માણસોને અમારી ઓળખાણ પોતે ખ્રિસ્તી દયાળુતાને કારણે આશરો આપીને ઘરમાં રાખેલાં ગરીબ દુખી સગાં તરીકે કરાવતી. સૌ જમવા બેઠાં હોય ત્યારે તે અમારા એક એક કોળિયાને આંખો ફાડીને તાકતી રહેતી, પરંતુ અમે બહુ ઓછું ખાઈએ તો વળી પાછી કંકાસ કરતી: અમે તો બહુ વાયડાં છીએ, તેના ઘરનું ખાવાનું અમને ભાવતું નથી, એથી બહેતર ખાવાનું અમને કદી મળેલું ખરું? તે બાપુને વગોવવાનું ક્યારેય બંધ ન કરતી, કહેતી કે એ માણસ પોતાને સૌથી ઊંચો ગણતો હતો અને તેનો અંજામ બૂરો આવ્યો હતો—તેણે કુટુંબને ભીખ માગવાની હાલતમાં ધકેલી દીધું હતું, અને પરોપકારી સંબંધી ન હોત, માયાળુ ખ્રિસ્તી જીવ ન હોત, તો કુટુંબનાં માણસો ભૂખમરો વેઠતાં રસ્તે રઝળતાં હોત. તે શું શું નહોતી બોલતી! તેનાં વેણ સાંભળીને દુખ કરતાં નફરત વધારે થતી. મા સતત રડતી રહેતી. તેની તબિયત રોજ વધારે લથડી રહી હતી, તેની કાયા ઘસાઈ રહી હતી. તેમ છતાં અમે સવારથી રાત સુધી કામ કરતાં, મોટે ભાગે સીવણનું. એ બાબત પણ આન્ના

ફ્યોદોરોવ્નાની નારાજીનું કારણ બની રહેતી, તે વારંવાર કહેતી કે મારું ઘર કંઈ ફૅશનની દુકાન નથી. પરંતુ અમારે તો અમારાં કપડાં ખરીદવા માટે અને અણધાર્યાં ખર્ચને પહોંચી વળવા માટે કામ કરવું જ પડે એમ હતું. અમારા હાથમાં થોડાક પૈસા તો હોવા જ જોઈએ. વળી બીજે ક્યાંક રહેવા જઈ શકાય એવી આશાએ અમે પૈસા બચાવવાની કોશિશ કરી રહ્યાં હતાં. પરંતુ કામ મારી માની રહીસહી શકિતને ભરખી જતું હતું, તે રોજ વધારે દૂબળી પડી રહી હતી. માંદગી તેની જિંદગીને જાણે જીવડાની જેમ ધીરે ધીરે કોરી ખાતી હતી. હું એ બધું જોતી હતી, સમજતી હતી, દુખી દિલે સહન કરતી હતી, એ બધું મારી આંખોને જાણે પીડતું હતું.

એકસરખાં અઠવાડિયાં એક પછી એક વીતી રહ્યાં હતાં. અમારી જિંદગી સાવ શાંત હતી, જાણે કેમ અમે પાટનગરમાં નહિ પરંતુ પ્રાંતની કોઈ જગ્યાએ રહેતાં હોઈએ. આન્ના ફ્યોદોરોવ્નાને અમારી ઉપર તેના કાબૂની ખાતરી થઈ ગઈ એટલે તે ધીરે ધીરે શાંત બનતી ગઈ. આમેય તેનો વિરોધ કરવાનો તો કોઈને ખ્યાલ પણ નહોતો આવી શકતો. તેના અને અમારા ઓરડા વચ્ચે કૉરિડોર હતી, અને અમારી બાજુના ઓરડામાં પોક્રોવ્સ્કી રહેતો હતો. તેનો ઉલ્લેખ તો હું અગાઉ કરી ચૂકી છું. પોક્રોવ્સ્કી સાશાને ફ્રેંચ અને જર્મન ભાષાઓ તેમ જ ઇતિહાસ અને ભૂગોળ આન્ના ફ્યોદોરોવ્નાના શબ્દોમાં સઘળાં વિજ્ઞાનો — ભણાવતો, અને બદલામાં તેને રહેવા જમવાનું મફત મળતું. એ વખતે સાશા તેર વરસની બહુ ચતુર બાળા હતી, પરંતુ જરાક અલ્લડ જેવી હતી. એક વાર આન્ના ફ્યોદોરોવ્નાએ કહ્યું કે નિશાળમાં મારું ભણતર બરાબર નહોતું થયું એટલે હું પણ સાશા ભેગી ભણવા બેસું તો કંઈ વાંધો નહિ. માએ તેની વાત ખુશીથી માની લીધી. ત્યારથી હું સાશા ભેગી ભણવા લાગી. પોક્રોવ્સ્કીએ અમને બેઉને એક વરસ ભણાવ્યાં.

અમારો શિક્ષક બહુ બહુ ગરીબ યુવક હતો. તેની નબળી તબિયતને કારણે તે નિયમિત અભ્યાસક્રમોનો લાભ નહોતો લઈ શકતો, અને સૌ તેને વિદ્યાર્થી તો ખાલી ટેવને લીધે જ કહેતા. તેની જિંદગી એટલી બધી શાંત હતી, તે એટલા વિનય વિવેકથી રહેતો, કે તેના ઓરડામાંથી કોઈ જાતનો અવાજ અમને કદી ન સંભળાતો. વળી તેનો દેખાવ પણ વિચિત્ર હતો — તેની ચાલ એવી બેઢબ હતી, તે માથું એવી કઢંગી રીતે નમાવતો, અને

તેની બોલવાની રીત એવી અજાબ હતી કે શરૂઆતમાં તો હું હસવું ખાળી જ ન શકતી. સાશા હંમેશાં તેની મશ્કરી કરતી, ખાસ કરીને તો ભાણવાનું ચાલતું હોય ત્યારે. તેનો સ્વભાવ ખિજાળ હતો, નજીવી વાતથી પણ તેનું મગજ તપી જતું. તે બરાડા પાડતો, અને ભાણવાનું પૂરું થતાં પહેલાં જ ઓરડામાંથી બહાર દોડી જઈને આન્ના ફ્યોદોરોવ્નાને ફરિયાદ કરતો. પછી કેટલાય દિવસો સુધી એકલો બેસી રહેતો અને પુસ્તકો વાંચતો રહેતો. તેની પાસે ઘણાં ઘણાં પુસ્તકો હતાં, અને બધાં કિંમતી તથા મેળવવાં મુશ્કેલ. તે બીજાં ઘરોમાં પણ ભણાવતો એટલે ક્યારેક ક્યારેક થોડાક પૈસા કમાઈ લેતો, અને ફી મળે કે તરત જ નવાં પુસ્તકો ખરીદી લાવતો.

વખત વીતતો ગયો તેમ તેમ હું તેને વધારે ને વધારે સમજતી ગઈ. તે એકદમ સરસ અને બહુ ભલો આદમી હતો, મારી જિંદગીમાં એટલો ભલો માણસ મને બીજો કોઈ નથી મળ્યો. માને પણ તેના તરફ ખૂબ આદર હતો, અને માને બાદ કરતાં તે મારો સર્વોત્તમ મિત્ર બની રહ્યો.

પરંતુ હું મોટી હોવા છતાં શરૂઆતમાં તો સાશા ભેગી મળીને તેની ઠેકડી કરતી. અમે કલાકો સુધી અમારાં ભેજાં કસીને તેને ચીડવવાની અને એકદમ ગુસ્સે કરી દેવાની તરેહવાર રીતો ઘડી કાઢતાં. તે ગુસ્સે થઈ જાય ત્યારે સાવ બેહૂદો દેખાતો અને અમને ખૂબ રમૂજ પડતી (આજે એ વાત યાદ કરતાં મને શરમ આવે છે). એક વાર અમે તેને ખરેખર રડાવી દીધેલો ત્યારે તેના હોઠેથી આવા શબ્દો મારા કાનમાં પડયા: "કેવાં નિર્દય બાળકો!" એકાએક મારામાં પરિવર્તન થઈ ગયું — મને દુઃખ થયું તથા શરમ આવી અને તેની તરફ અનુકંપાની લાગણી થઈ. મારા ગાલ રાતોચોળ થઈ ગયા, મારી આંખોમાં આંસુનું પડ છવાઈ ગયું, હું તેને અમારી પરવા ન કરવાની અને અમારાં મૂઢતાભર્યાં મસ્તી તોફાનથી માઠું ન લગાડવાની આજીજી કરવા લાગી. પરંતુ તે પુસ્તક બંધ કરીને, ભણાવવાનું પૂરું કર્યા વગર જ, ઓરડામાંથી ચાલ્યો ગયો. આખો દિવસ હું પસ્તાવાથી પીડાતી રહી, તેને રડાવી દેવાનું અમારું કરતૂત મારા દિલને કોરી ખાતું હતું. અમે તેને રડાવવાની જ ધારણા રાખેલી ના? અમારી મુરાદ તેને રડાવવાની જ હતી ને? અમે બે બાળાઓએ બિચારા દુઃખી આદમીને તેની કારમી હાલત યાદ કરાવી હતી. મને મારી પોતાની ઉપર એટલી બધી ખીજ ચડી હતી, હું એટલા બધા અફસોસ અને પસ્તાવામાં ડૂબી ગઈ હતી, કે મને રાતે

નીંદર કોઈ રીતે આવી જ નહિ. કહેવાય છે કે પસ્તાવાથી હૈયું હળવું થઈ જાય છે. કેટલી ખોટી વાત! અને કોણ જાણે કેમ પણ મારા અફસોસમાં મિથ્યાભિમાન ભળેલું હતું. તે મને બાળકી ગણે એ વાત મને પસંદ નહોતી, એ વખતે હું પંદર વરસની હતી.

એ દિવસથી પોક્રોવ્સ્કીનો મારે વિશેનો ખ્યાલ બદલાવી નાખવાની હજાર હજાર તરકીબો મારા મનમાં ઘોળાતી મને પીડતી રહી. પરંતુ હું શરમાળ હતી, સાવ ભીરુ હતી, અને આછાંપાંખાં સપનાં (અને કેવાં સપનાં!) સિવાય બીજું કંઈ મારા મનમાં નક્કી જ નહોતી કરી શકતી. હું માત્ર એટલું જ કરી શકી કે મેં સાશાનાં મસ્તી તોફાનમાં સાથ આપવાનું છોડી દીધું, અને તેનું ગુસ્સે થવાનું બંધ થઈ ગયું. પરંતુ મારા મિથ્યાભિમાનને સંતોષવા એટલું તો કોઈ રીતે પૂરતું નહોતું જ.

હવે મારે મારી જાણમાં આવેલા વધારેમાં વધારે વિલક્ષણ, અજબ, તથા દયાજનક માનવી વિશે થોડાક શબ્દો કહેવા જ જોઈએ. હું આ તબક્કે તેનો ઉલ્લેખ કરું છું કારણ કે મેં અગાઉ તેની બાબતમાં જરાય ધ્યાન આપ્યું જ નહોતું, અને તેની જોડે સંકળાયેલ સર્વકંઈ એકાએક મારે માટે ઊંડા રસનો વિષય બની ગયું ત્યારે જ મેં તેની ઉપર ધ્યાન આપવાનું શરૂ કર્યું હતું.

થોડા થોડા સમયે નાના કદનો એક ઘરડો આદમી એ ઘરમાં આવતો — બેહાલ લેબાસ, ધોળા વાળ, કઢંગો દેખાવ — ટૂંકમાં અજબ આદમી. તે હંમેશાં જાણે કશીક બાબતની શરમ અનુભવતો હોય, તેને ખુદ પોતાની જ શરમ આવતી હોય, એમ લાગતું. એ કારણે તે હંમેશાં રઘવાયો લાગતો, મરડાતો રહેતો, અને એવા ચેનચાળા કરતો રહેતો કે તેનું ભેજું કદાચ ખસી ગયું હોય એમ લાગે. તે ઘર પાસે પહોંચે એટલે અંદર આવવામાં બીક લાગતી હોય એમ કાચના બારણાની બહાર ઊભો રહે. કોઈ ત્યાંથી નીકળે — હું કે સાશા કે વધારે સુજન નોકરોમાંથી કોઈ — એટલે તે ધ્યાન ખેંચવા જાતજાતના હાવભાવ કરવા લાગતો. જવાબમાં કરવામાં આવતા સંકેતથી તેને ખાતરી થઈ જાય કે ઘરમાં કોઈ મહેમાન નથી અને પોતે અંદર જઈ શકે એમ છે, એટલે તે કાળજીથી બારણું ઉઘાડતો અને ખુશીના ભાવે હથેળીઓ મિલાવીને હળવે પગલે પોક્રોવ્સ્કીના ઓરડામાં ચાલ્યો જતો. તે પોક્રોવ્સ્કીનો પિતા હતો.

તેને વિશેની આખી વાત મને આગળ જતાં જાણવા મળેલી. એક જમાનામાં તે ક્યાંક કારકુનની નોકરી કરતો હતો. તેનામાં કોઈ જાતની આવડત નહોતી અને તેનું પદ સાવ નજીવું હતું. તેની પહેલી પત્ની, પોક્રોવ્સ્કીની મા, મરી ગઈ ત્યારે તેણે ફરી વાર શાદી કરી. નવી વહુ જોડે પહેલેથી જ કોઈ રીતે મેળ ન જામ્યો. તે ખરેખરી જુલમગાર હતી અને સૌને બરાબર કાબૂમાં જકડી રાખતી. એ વખતે પોક્રોવ્સ્કી દસ વરસનો છોકરો હતો. નવી મા તેની ઉપર ધિક્કાર વરસાવતી, પરંતુ પછી તેના નસીબ આડેથી પાંદડું ખસી ગયું. બીકોવ નામે એક જમીનદાર મોટા પોક્રોવ્સ્કીને ઓળખતો હતો, તેને અગાઉ મદદ કરી ચૂક્યો હતો, અને હવે તેણે છોકરાને મદદ કરીને નિશાળમાં દાખલ કરાવી દીધો. તેણે છોકરાને ખાતર એટલું કર્યું કારણ કે તે બાળકની મરી પરવારેલી માને ઓળખતો હતો. પોતાના અહેસાનમાં બંધાયેલી જુવાન બાઈને આન્ના ફ્યોદોરોવ્નાએ સ્વાર્થ સાધી લીધા પછી પોક્રોવ્સ્કી જોડે પરણાવી હતી. આન્ના ફ્યોદોરોવ્નાના ગાઢ મિત્ર મિસ્ટર બીકોવે ઉદારતા દાખવીને કન્યાને પહેરામણીમાં પાંચ હજાર રૂબલની રકમ આપી હતી. એ પૈસાનું શું થયું તેની કોઈને ખબર નથી. મને તો આટલી વાત આન્ના ફ્યોદોરોવ્ના પાસેથી જાણવા મળી હતી. યુવાન પોક્રોવ્સ્કી પોતાના કુટુંબની વાતો કદી ન કરતો. તેની મા બહુ રૂપાળી ગણાતી હતી, અને તેનું લગ્ન આવા ગરીબ આદમી જોડે થયેલું એ વાત મને વિચિત્ર લાગે છે. તે જુવાનીમાં જ, લગ્ન પછી માત્ર ચાર જ વરસે, ગુજરી ગઈ.

પોક્રોવ્સ્કી શાળાનો અભ્યાસ પૂરો કરીને યુનિવર્સિટીમાં દાખલ થયો. મિસ્ટર બીકોવને પિટર્સબર્ગ આવવાનું ઘણી વાર થતું, અને યુવક તરફનું માયાળુ વર્તન તેણે ચાલુ રાખ્યું. પોક્રોવ્સ્કીને નબળી તબિયતને કારણે અભ્યાસ છોડી દેવો પડયો ત્યારે મિસ્ટર બીકોવે આન્ના ફ્યોદોરોવ્નાને ભલામણ કરી એટલે તેણે સાશાને ભણાવવાના બદલામાં પોક્રોવ્સ્કીના રહેવા જમવાની સગવડ પોતાને ત્યાં કરી આપી.

દરમિયાનમાં મોટા પોક્રોવ્સ્કીને નવી વહુ એટલો બધો પરેશાન કરી દેતી હતી કે તે ખરાબમાં ખરાબ લતે ચડી ગયો અને લગભગ કાયમ નશામાં ચકચૂર રહેવા લાગ્યો. તેની વહુ તેને ઝૂડી નાખતી, રસોડામાં ગોંધી રાખતી, અને એટલો ઉતારી પાડતી કે તે ખરાબ વર્તન તથા મારપીટથી ટેવાઈ ગયો

અને તેણે ફરિયાદ કરવાનું બંધ કરી દીધું. ખરું જોતાં તે હજી બહુ ઘરડો નહોતો થયો, પરંતુ દારૂની લતને લીધે તેનું ભેજું ચસકી જવાનું જોખમ ઊભું થયું હતું. તેનામાં બચેલી માનવીય સુજનતાની આખરી નિશાની યુવાન પોક્રોવ્સ્કી ઉપરના તેના હેતમાં જોવા મળતી હતી. દીકરો બરાબર મરહૂમ મા જેવો જ હતો. કદાચ પ્રેમાળ પહેલી પત્નીની યાદ જ બેહાલ ઘરડા આદમીના દિલમાં હેતનો એવો જુવાળ પેદા કરતી હોય? તે દીકરા સિવાય બીજા કોઈની વાત કે વિચાર કરી જ નહોતો શકતો. અને નિયમિત અઠવાડિયામાં બે વાર દીકરાને મળવા આવતો. એથી વધારે વાર આવવાની હિંમત જ તેને નહોતી થતી કારણ કે યુવાન પોક્રોવ્સ્કીને તો પિતાની મુલાકાતો કડવી ઝેર જેવી લાગતી. તેના બધા અવગુણોમાં સૌથી મોટો પિતા તરફના આદરના તદ્દન અભાવનો હતો. પરંતુ ઘરડો માણસ પણ ક્યારેક ક્યારેક તો આખી દુનિયાનો વધારેમાં વધારે અણગમતો જીવ બની રહેતો હતો. તેનું કુતૂહલ ભયંકર હતું, અને તેના સાવ નિર્માલ્ય તથા નકામા બડબડાટ તથા સવાલોથી યુવકના અભ્યાસમાં ખલેલ પડતી. વળી તે અવારનવાર દારૂ ઢીંચતો. પુત્ર પિતાની લત, કુતૂહલ, તથા બડબડાટ છોડાવવાની કોશિશ કરી અને તેમાં તેને થોડીઘણી સફળતા પણ મળી હતી. પરિણામે ઘરડો આદમી તેને દેવ જેવો ગણવા લાગ્યો, અને ખાસ પરવાનગી વગર મોં ખોલવાનીય હિંમત નહોતો કરી શકતો.

બિચારો બુઢ્ઢો માણસ પોતાના પેતેન્કાને (દીકરાને તે એવા નામે બોલાવતો) જોતાં ને સાંભળતાં ધરાતો જ નહિ. તે દીકરાને મળવા આવે ત્યારે લગભગ હંમેશાં તેના મોં પર ગમગીની અને બીકના ભાવ છવાયેલા રહેતા — તેને કદી ખાતરી ન રહેતી કે પોતાને કેવો આવકાર મળશે. તે અચકાતો ઊભો રહેતો, અને હું નજરે પડી જાઉં તો પૂરી વીસ મિનિટ સુધી પોતાના પેતેન્કા વિશે મને સવાલો પૂછતો રહેતો. તેની તબિયત કેમ છે? મિજાજ કેવો છે? કશાક મહત્ત્વના કામમાં મશગૂલ તો નથી ને? અને હોય તો શું કરવું? કંઈ લખી રહ્યો છે કે ખાલી વિચારમાં ડૂબી ગયેલો છે? હું ડોસાને પૂરતું પ્રોત્સાહન અને હિંમત આપું ત્યારે જ તે બારણું ઉઘાડે પણ કેટલી સંભાળથી — અને અંદર ડોકિયું કરે. તેને લાગે કે દીકરો ગુસ્સામાં નથી, માથું હલાવીને આવકાર પણ આપે છે, ત્યારે જ તે જરાય અવાજ કર્યા વગર અંદર દાખલ થાય અને ઓવરકોટ તથા હૅટ — ચોળાઈ ગયેલી,

કેટલાંય કાણાંવાળી, અને ફાટેલી કિનારીવાળી કાઢીને ખીંટીએ ટાંગે. પછી એટલી જ સાવધાનીથી ખુરશીમાં બેસે, દીકરા ઉપરથી નજર એક પળ પણ આઘી ન હઠાવે — જાણે પેતેન્કાનો મિજાજ પારખી લેવાની કોશિશ કરતો હોય. પેતેન્કાનો મિજાજ જરાક સરખોયે બગડેલો હોય તો તેને તરત જ ખબર પડી જતી, તે એમ ગણગણતો ઊભો થઈ જતો કે હું તો અમસ્તો જ જરાક વાર આવ્યો છું, અહીંથી નીકળેલો એટલે થયું કે લગરીક પોરો ખાઈ લઉં. પછી ગુપચુપ કોટ અને ચીંથરા જેવી હૅટ લઈને ફરી બહુ સંભાળ રાખીને બારણું ખોલે અને પોતાની કારમી નિરાશાને દીકરાથી છુપાવવા હોઠ મલકાવીને હળવે પગલે નીકળી જાય.

પરંતુ એથી ઊલટું બને, તેને સારો આવકાર મળે, ત્યારે ડોસો ખુશીથી ઘેલો બની જતો. તેના ચહેરાની દરેક રેખામાં, દરેક હાવભાવમાં, સંતોષ ઝળકવા લાગતો. પેતેન્કા તેની જોડે વાત કરવાની મહેરબાની કરે તો તે ખુરશી પરથી ઊભો થઈને દબાતા અવાજે, તાબેદારીથી, લગભગ અંજાઈ જઈને, અત્યંત શિષ્ટ ભાષામાં, એટલે કે અત્યંત હાસ્યાસ્પદ શબ્દોમાં, જવાબ આપતો. બિચારો કોઈ વકતા તો હતો નહિ, હંમેશાં ગૂંચવાઈ તથા શરમાઈ જતો, તેને ભાગ્યે જ ખ્યાલ રહેતો કે હાથ કેમ રાખવા, પોતે શું કરવું, અને પોતાના જવાબ સુધારવાની તાલાવેલી હોય એવી રીતે હંમેશાં કશુંક ગણગણતો રહેતો. પરંતુ આકસ્મિક ખરો જવાબ અપાઈ જાય તો તે ખભા સીધા કરે, બંડી, ટાઈ, તથા કોટ સરખાં કરે, અને ભારે મોભાનો ભાવ ધારણ કરી લે; ક્યારેક તો ઊભો થઈને પુસ્તકોના કબાટ પાસે જવાની અને ગમે તે પુસ્તક ખેંચી કાઢીને તેનું નામ વાંચવાની હિંમત પણ કરે. એમ કરતી વેળા તે સાધારણ વર્તન જેવો ડોળ કરતો, જાણે કેમ પોતે દીકરાનાં પુસ્તકો વાંચવા ટેવાયેલો હોય અને પેતેન્કાનું માયાળુ વલણ જાણે રોજની વાત હોય. પરંતુ એક વાર હું હાજર હતી ત્યારે મેં જોયું કે પુસ્તકોને હાથ ન અડાડવાની દીકરાની સૂચના સાંભળીને તે કેટલો ગભરાઈ ગયેલો. તે છોભીલો પડી ગયો તથા મૂંઝવણમાં અટવાઈ ગયો અને પુસ્તક ઊંધું ગોઠવવા લાગ્યો, પછી ભૂલ સુધારી લેવાની ઉતાવળમાં તેણે પુસ્તકને અવળી બાજુ સામે રાખીને ખાનામાં ઘુસાડી દીધું, અને બધો વખત તેના હોઠ મલકી રહ્યા હતા, ગાલમાં રતાશ વધી રહી હતી, તેને જાણે સમજાતું જ નહોતું કે પોતાના અપરાધનો છેદ કેવી રીતે ઉડાડી દેવો. પિતાની રીતો

સુધારવા આતુર પોક્રોવ્સ્કી ડોસાને ક્યારેક ક્યારેક પચીસ, પચાસ, અથવા વધારે કોપેક એવી શરતે આપતો કે તે લાગલાગટ ત્રણ વાર નશા વગર સુધબુધ ઠેકાણે રાખીને મળવા આવે. અથવા તેને નવા બૂટની જોડી, ટાઈ, કે બંડી ભેટ આપતો, અને ઘરડો આદમી નવી ચીજ પહેરીને ફુલાતો કૂકડાની જેમ ગરદન ટટાર રાખીને આંટા મારતો. ક્યારેક તે સાશા અને મારે માટે કેક અને સફરજન લાવતો, અમે પેતેન્કાની વાતો કરતાં. તે અમને ધ્યાનથી ભણવા તથા પેતેન્કા જેમ કહે તેમ કરવા સમજાવતો, અને કહેતો કે પેતેન્કા મઝાનો દીકરો છે, દાખલો લેવા જેવો દીકરો છે, અને વધુમાં વિદ્વાન દીકરો છે. એમ કહેતી વેળા તે અમારી સામે એવી રમૂજી રીતે મિચકારો કરતો, એવી સૂરત બનાવતો, કે અમે ખિલખિલાટ હસતાં હસતાં બેવડ વળી જતાં. માને પણ તે બહુ ગમતો. પરંતુ ઘરડો આદમી આન્ના ફ્યોદોરોવ્નાને નફરત કરતો, જોકે તેની હાજરીમાં બિચારો ગરીબ ગાય જેવો થઈને સાવ મૂંગો રહેતો.

મારે માટે પોક્રોવ્સ્કી પાસે ભણવાના દિવસો પૂરા થઈ રહ્યા હતા. તે હજુ મને બાળકી જ ગણતો, સાશા જેવી તોફાની છોકરી ગણતો. મને એથી માઠું લાગતું કારણ કે હું મારાં અગાઉનાં મસ્તી તોફાનનો બદલો સારા વર્તન વડે ચૂકવી દેવાની પૂરી કોશિશ કરતી રહેતી, પરંતુ તે કશું ધ્યાનમાં લેતો જ નહિ, અને એથી મને વધારે ખીજ ચડતી. ભણવાના વખત સિવાય બીજી કોઈ વેળાએ હું તેની સાથે ભાગ્યે જ વાત કરતી – મોકો મળે તોયે માંડ વાત કરી શકતી. મારા ગાલ શરમથી લાલ થઈ જતા, હોઠ જાણે સિવાઈ જતા, અને પછી હું ખીજની મારી કોઈ ખૂણામાં ભરાઈને રડતી રહેતી.

અમને વધારે નિકટ આણતી એક અજબ ઘટના ન બની હોત તો કોને ખબર કેવો અંજામ આવ્યો હોત. એક વાર સાંજે મા આન્ના ફ્યોદોરોવ્નાના ઓરડામાં હતી ત્યારે હું ગુપચુપ પોક્રોવ્સ્કીના ઓરડામાં પહોંચી ગઈ, મને ખબર હતી કે તે બહાર ગયો હતો. હું નથી જાણતી કે મેં એમ શા માટે કર્યું હશે. અમે એક વરસ કરતાં વધારે સમયથી પાડોશી હતાં, પરંતુ હું તેના ઓરડામાં અગાઉ ક્યારેય નહોતી ગઈ. મારું દિલ એટલા જોરથી, એટલા જોરથી ધડકી રહ્યું હતું કે જાણે છાતીમાંથી બહાર ધસી જવા માગતું હોય. પહેલાં તો મેં ગભરાતાં ગભરાતાં અને કુતૂહલથી આસપાસ બધે નજર ફેરવી. રાચરચીલું ખાસ દમ વગરનું હતું અને ઓરડાની સંભાળ ઢંગધડા

વગરની લાગતી હતી. ભીંતે પાંચ ખાનાંમાં પુસ્તકો હારબંધ ગોઠવેલાં હતાં. ખુરશીઓ અને ટેબલ પર કાગળોના ગંજ ખડકેલા હતા. જ્યાં જુઓ ત્યાં ચોપડીઓ ને કાગળો! મારા મનમાં વિચિત્ર ખ્યાલ ઝબકી ગયો અને હું બેચેન બની ગઈ, ખિજાઈ ગઈ. તેને મારી મિત્રતા અને હેતની પરવા શા માટે હોય? તે વિદ્વાન છે અને હું સાવ ગમાર જેવી—મને કશું જ આવડતું નહોતું અને મેં કશું જ વાંચ્યું નહોતું, એક પુસ્તક પણ નહિ... એટલાં બધાં પુસ્તકોના ભારથી જાણે કણસી રહેલાં ખાનાંને હું ઈર્ષાભરી નજરે જોતી રહી. મને અકળામણની તથા નારાજગીની લાગણી થઈ અને હું જાણે એક જાતના વિચિત્ર આવેશમાં આવી ગઈ. મેં એ બધાં પુસ્તકો તત્કાળ વાંચી નાખવાનું, એકેએક પુસ્તક બને એટલી ઝડપથી વાંચી લેવાનું, નક્કી કર્યું. ઘણું કરીને મારા મનમાં એવો ખ્યાલ હતો કે તેના જેટલી જાણકારી હાંસલ કરી લઉં તો તેની મિત્રતા માટે વધારે લાયક બની જાઉં. મેં પહેલા ખાના પાસે દોડી જઈને કશો વિચાર કે વિલંબ કર્યા વગર આડેધડ હાથ લંબાવીને એક ધૂળિયું જૂનું પુસ્તક ઉતાવળમાં ખેંચી કાઢ્યું, અને તેને છાતીએ દબાવીને હું બીક તથા ઉત્તેજનાથી ધ્રૂજતી બહાર ધસી ગઈ. મારો ચહેરો ઘડીક રાતોચોળ થઈ જતો હતો અને ઘડીક ફિક્કો પડી જતો હતો. મારો ઇરાદો મા સૂઈ જાય ત્યારે પથારીની બત્તી કરીને પુસ્તક વાંચવાનો હતો.

પરંતુ મારા ઓરડામાં જઈને મેં જોયું તો એ પુરાણું ફાટેલું અને જીવડાંએ કોરી ખાધેલું પુસ્તક લૅટિન ભાષામાં કોઈ પ્રબંધનું હતું. હું એકદમ નિરાશ થઈ ગઈ. હું જરાય ઢીલ કર્યા વગર તરત પાછી ગઈ, અને પુસ્તક પાછું ખાનામાં ગોઠવી રહી હતી એટલામાં કૉરિડોરમાંથી પગલાંનો અવાજ મારે કાને પડયો. હું જાણે ઘાંઘી થઈને એ કાળમુખા પુસ્તકને ખાનામાં પાછું ઘુસાડવાની મહેનત કરવા લાગી. ખાનું એટલું ખીચોખીચ ભરેલું હતું કે એક પુસ્તક નીકળતાં જ આજુબાજુનાં પુસ્તકો એકબીજાની નજીક ખસી ગયાં હતાં અને જગ્યા ભરાઈ ગઈ હતી. હું તેને અંદર ઘુસાડી જ નહોતી શકતી. હું પૂરું જોર લગાવી રહી હતી. ખાનું જેના આધારે ગોઠવેલું હતું એ કટાઈ ગયેલી ખીલીને જાણે એવા જોરની જ વાટ હતી. ખાનું ધડાક કરતું હેઠું પડી ગયું અને પુસ્તકો વેરણછેરણ થઈ ગયાં. એ જ ઘડીએ બારણું ખૂલ્યું અને પોક્રોવ્સ્કી ઓરડામાં દાખલ થયો.

તેનાં પુસ્તકો જોડે કોઈ ચેડાં કરે એ તો તેનાથી સહન થાય જ નહિ. પુસ્તકોને હાથ પણ અડાડનારને ભગવાન જ ઉગારી શકે. જાડાં અને પાતળાં તેમ જ તરેહવાર કદ તથા આકારનાં બધાં પુસ્તકો ધડાધડ હેઠાં પડી ગયાં અને ટેબલ તથા ખુરશીઓ નીચે તેમ જ આખા ઓરડામાં વેરણછેરણ થઈ ગયાં ત્યારે મને થયેલી ત્રાસની લાગણીની કલ્પના કરો. મને ભાગી જવાનું મન થયું પરંતુ વેળા વીતી ગઈ હતી. મને થયું કે બસ, હવે તો આવી બન્યું! ખલાસ! મારી ખેર નથી! દસ વરસના બાળક જેવું તોફાન કરતાં પકડાઈ ગઈ! મૂરખ છોકરીની જેમ! તદ્દન બેવકૂફ! પોક્રોવ્સ્કીને ભયંકર ગુસ્સો ચડી ગયો. "આટલાથી સંતોષ નહિ થાય તમને!" તેણે બરાડો પાડ્યો. "આવાં તોફાન કરતાં શરમ નથી આવતી? તમે ક્યારેય મોટાં થશો કે નહિ?" તે નીચે નમીને પુસ્તકો એકઠાં કરવા લાગ્યો. હું પણ મદદ કરવા નીચે નમી. "જરૂર નથી!" તે તીખા અવાજે બોલી ઊઠ્યો. "તમે આવ્યાં જ ન હોત તો સારું હતું, કોઈએ બોલાવ્યાં તો નહોતાં!" પરંતુ મારું નરમાશભર્યું વર્તન તેના ધ્યાનમાં આવી ગયું હતું એટલે તેના અવાજમાં હળવાશ આવી ગઈ. તે ઠપકો આપતા શિક્ષકની જેમ, થોડા વખત પહેલાં ભણાવતી વેળા બોલતો હતો એવી રીતે, કહેવા લાગ્યો: "તમે સમજણાં આખર ક્યારે થશો? ખુદ પોતાનો વિચાર કરો! હવે તમે કંઈ બાળક નથી રહ્યાં, નાનકડી છોકરી નથી રહ્યાં. તમારી ઉંમર પંદર વરસની થઈ ગઈ છે." અને જાણે ખાતરી કરી લેવા માગતો હોય તેમ તેણે માથું ઊંચું કરીને મારી સામે જોયું અને તરત જ તેનું મોં રાતું રાતું થઈ ગયું. મને કશી સમજણ ન પડી—હું તો તેની સામે નજર તાકીને ઊભી રહી. તે ઊભો થયો, અકળામણમાં અટવાઈ ગયો, અને સમજાય નહિ એમ બોલવા લાગ્યો—કશાકની માફી માગી રહ્યો હતો, કદાચ એ કારણે કે હું મોટી થઈ ગયેલી એ વાત હવે જ તેના ધ્યાનમાં આવી હતી. આખરે મને સમજાઈ ગયું. એ વખતે મેં શું કરેલું તેનો મને ખ્યાલ જ નથી, સિવાય કે મારું મોં તેના કરતાંયે વધારે રાતું રાતું થઈ ગયું, અને એકદમ મૂંઝવણમાં પડી જઈને હું હાથ વડે મોં ઢાંકતી ઓરડામાંથી ભાગી ગઈ.

મને શરમમાં ને શરમમાં ગમ જ નહોતી પડતી કે મારે કરવું શું. અરે, મને તેણે પોતાના ઓરડામાં જોઈ લીધી! ત્રણ દિવસ સુધી હું તેની સામે જોવાની હિંમત જ નહોતી કરી શકતી, અને એટલી બધી શરમાઈ જતી

કે લગભગ રડી પડતી. મારા મનમાં વિચિત્ર અને તદ્દન ગોટાળિયા વિચારો ઘોળાતા રહ્યા. તેમાં સૌથી વધારે વિચિત્ર વિચાર તો એવો હતો કે તેની પાસે જઈને આખી વાત સાફ દિલે જણાવી દેવી—તેને બધું સમજાવીને ખાતરી કરાવી દેવી કે હું ખાલી મૂરખ છોકરી નથી અને મારો ઈરાદો નેક હતો. મેં લગભગ ફેંસલો કરી લીધો હતો પરંતુ હિંમત ન થઈ. ભગવાનની દયા! હું બરાબર કલ્પના કરી શકું છું કે એમ કર્યું હોત તો કેવી બેવકૂફ લાગી હોત. તેનો ખ્યાલ આવતાં આજે પણ મને શરમ આવે છે.

થોડાક દિવસ પછી મારી મા ગંભીર માંદગીમાં પટકાઈ ગઈ. તે બે દિવસ ઊઠી જ ન શકી, પથારીમાં જ પડી રહી. ત્રીજી રાતે તેને સખત તાવ ચડયો અને સનેપાત શરૂ થઈ ગયો. હું એક રાત જરાય સૂતી જ નહિ, માના ખાટલા પાસે બેસીને તેને પીવાનું આપતી રહી અને વખતસર દવા આપતી રહી. બીજી રાત સુધીમાં હું સાવ થાકી ગઈ હતી અને માંડ માંડ જાગતી રહી શકતી હતી. મારી નજર સામે જાણે લીલાં કુંડાળાં નાચતાં રહેતાં અને મારી આસપાસ બધું જાણે હવામાં તરતું હોય એમ લાગતું હતું. માના હળવા ઊંહકારા વારે ઘડીએ ન સંભળાતા હોત તો હું ગમે તે પળે નીંદરમાં સરી પડી હોત. હું ફરીફરીને ઝોકાંમાંથી સફાળી જાગી જતી, પરંતુ નીંદર વળી પછી સવાર થઈ જતી. કેવી યાતના! મને ખબર નથી, યાદ નથી, પણ નીંદર જાગરણનો મુકાબલો કરી રહી હતી ત્યારે કોઈ ઘડીએ મને વિચિત્ર સ્વપ્ન આવ્યું, મારા તદ્દન થાકેલા મનમાં કોઈ ભયંકર દૃશ્ય ભરાઈ ગયું. ઓરડામાં અંધકાર છવાયેલો હતો. મીણબત્તી બળીને ખતમ થઈ ગઈ હતી. દીવાલ ઉપર પ્રકાશની રેખાઓ ઘડીક ઝબકી જતી અને ઘડીક સાવ અદૃશ્ય થઈ જતી. હું જાણે બીકની, વિચિત્ર ત્રાસની, પકડમાં જકડાઈ ગઈ—મારી કલ્પના અનિષ્ટ સ્વપ્નમાં અટવાઈ ગઈ હતી, મારું હૃદય સંકોડાઈ ગયું. હું વેદનાનો, અસહ્ય પીડાનો, ચિત્કાર કરતી ખુરશીમાંથી ઊભી થઈ ગઈ. બારણું ખૂલ્યું અને પોક્રોવ્સ્કી અંદર આવ્યો.

મને માત્ર એટલું યાદ છે કે હું પાછી ભાનમાં આવી ત્યારે તેના હાથ મારી ફરતે વીંટાયેલા હતા. તેણે મને હળવેથી ખુરશીમાં બેસાડી, પાણીનો ગ્લાસ આપ્યો, અને એક પછી એક સવાલો પૂછ્યા. મેં કંઈક કહ્યું—યાદ નથી કે શું.

“તમારી તબિયત ખરાબ છે,” તે મારો હાથ પોતાના હાથમાં લેતો

બોલ્યો. "બહુ ખરાબ છે! તાવ જેવું લાગે છે. તમે માંદવાડનું જોખમ માથે લઈ રહ્યાં છો. આરામ કરો. સૂઈને નીંદર કરી લો. હું તમને બે કલાક પછી જગાડીશ. સૂઈ જાઓ, સૂઈ જાઓ!" તે મને વાંધો ઉઠાવવાનો મોકો આપ્યા વગર વીનવતો રહ્યો. હું તો થાકને લીધે ઢળી પડું એવી હાલતમાં હતી, મારી આંખો એકદમ ભારે થઈ ગયેલી હતી. હું ખુરશીમાં લપાઈને ઊંઘી ગઈ. મારો ઈરાદો અરધો કલાક આરામ કરી લેવાનો હતો, પરંતુ સવારે માને દવા આપવાનો વખત થતાં પોક્રોવ્સ્કીએ મને ઉઠાડી ત્યાં સુધી હું ગાઢ નીંદરમાં પડી રહી.

પછીની રાતે હું નીંદરમાં ન સરી પડવાનો પાકો મનસૂબો ઘડીને બેઠી હતી. અગિયાર વાગ્યે પોક્રોવ્સ્કીએ બારણું ખખડાવ્યું. મેં બારણું ખોલ્યું એટલે તેણે કહ્યું: "તમને અહીંયાં બેઠાં બેઠાં એકલવાયું લાગતું હશે. તમારે માટે એક પુસ્તક લાવ્યો છું. એથી વખત પસાર થઈ જશે." મેં પુસ્તક લઈ લીધું. મને યાદ નથી કે કયું પુસ્તક હતું, અને મેં ખોલીને જોયેલું કે નહિ, જોકે એ રાતે મેં એક પળ પણ નીંદર નહોતી કરી. મનમાં છવાઈ ગયેલી અજબ પ્રફુલ્લતાને કારણે હું જાગતી જ રહી. હું બેચેન બની ગઈ હતી, નિરાંતે બેસી નહોતી શકતી, વારે ઘડીએ ઊઠીને ઓરડામાં આંટા મારવા લાગતી. મારા અંગેઅંગમાં જાણે મઝાની હૂંફ, સંતોષની લાગણી, ફેલાઈ ગયેલી હતી! તેની કાળજીથી હું રાજી રાજી થઈ ગઈ હતી; તેની મારે અંગેની ફિકર જોઈને હું ગર્વની લાગણી અનુભવી રહી હતી. આખી રાત હું સ્વપ્નોમાં રાચતી રહી, વિચારોમાં ગરકાવ રહી. તે ફરી ન આવ્યો, અને મને ખબર હતી કે નહિ આવે. એટલે હું વિચાર કરતી રહી કે પછીની રાતે આવશે કે નહિ.

બીજે દિવસે રાતે સૌ નીંદરને ખોળે પડી ગયાં હતાં ત્યારે પોક્રોવ્સ્કીએ પોતાના ઓરડાનું બારણું ખોલીને ઉંબરેથી મારી જોડે વાતો કરી. અમે એકબીજાને શું કહ્યું તેનો એક શબ્દ પણ મને યાદ નથી. માત્ર એટલું જ યાદ છે કે શરમથી મારા ગાલ રાતા થઈ જતા હતા, હું ગૂંચવાડામાં અટવાઈ ગઈ હતી, મને પોતાની ઉપર ખીજ ચડી રહી હતી, એવી લાગણી થઈ રહી હતી કે આ ઝટ પતી જાય તો સારું, જોકે હું આખો દિવસ એવી વાતચીતને જ ઝંખતી રહી હતી, તેનું જ સ્વપ્ન સેવતી રહી હતી, મારા સવાલો અને જવાબો ઘડતી રહી હતી... એ રાતે અમારી મિત્રતા શરૂ

થઈ ગઈ. માની માંદગીના પૂરા ગાળા દરમિયાન અમે દરરોજ કેટલાય કલાક ભેગાં ગાળતાં. ધીરે ધીરે મારી શરમ ઓસરતી ગઈ, જોકે દરેક વાતચીત પછી મને હજી પોતાની ઉપર ખીજ તો ચડતી જ. પરંતુ હું છાની ખુશી અનુભવતી, અને તેને મારા સંગાથ ખાતર પોતાનાં કાળમુખાં પુસ્તકોને ભૂલી જતો જોઈને મનમાં ફુલાતી. એક વાર ટોળટપ્પા દરમિયાન પુસ્તકોનાં ખાનાં પડી જવાની વાત નીકળી. એ વખતે મારા મનોભાવ અજબ હતા. હું દિલ ખોલીને બધું કહી દેવાની વધારે પડતી આતુરતા અને નિખાલસતા અનુભવી રહી હતી. હું અજબ આહ્લાદમાં તણાઈ ગઈ અને મેં એકરાર કરી લીધો કે મારી મુરાદ કશુંક શીખવાની, જાણવાની, હતી અને મને ખાલી બાળક ગણી લેવાના વલણથી હું ખિજાતી હતી. મારા મનોભાવ ખરેખર અજબ હોવા જોઈએ—મારા હૈયામાં હેત ઊભરાઈ રહ્યું હતું અને મારી આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. મારા મનમાં હતું તે બધું મેં તેને જણાવી દીધું—તેની તરફ મિત્રતાની લાગણી, તેની સંભાળ રાખવાની ઉત્કંઠા, તેની જોડે એક થઈ જવાની ઉત્સુકતા, તેને દિલાસો અને સાંત્વન આપવાની તાલાવેલી, બધું જણાવી દીધું. તેણે વિચિત્ર નજરે મારી સામે જોયું, તે જાણે અચરજમાં અને અકળામણમાં પડી ગયો, કંઈ બોલ્યો નહિ. એકાએક મને માઠું લાગ્યું અને નિરાશા થઈ. મને થયું કે તેને સમજણ નથી પડી અને મારું વર્તન જોઈને કદાચ મનમાં હસતો હશે. હું બાળકની જેમ રડી, મારી આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં, અને હું ડૂસકાં ખાળી ન શકી. તેણે મારા હાથ પોતાના હાથમાં લઈને ચૂમી લીધા અને પોતાની છાતીએ ચાંપી દીધા, તે દિલાસાનાં વેણ ગણગણવા લાગ્યો. તેના દિલના તાર ઝણઝણી ઊઠયા હતા. મને યાદ નથી કે તેણે શું કહેલું—માત્ર એટલું જ યાદ છે કે હું રડતી હતી, હસતી હતી, અને ફરી રડવા લાગતી હતી, મારા ગાલમાં ઉષ્મા આવી ગઈ હતી, અને હું ખુશીની મારી એક શબ્દ પણ બોલી શકતી નહોતી. હું ઉત્તેજિત હોવા છતાં મારા ધ્યાનમાં આવી ગયું કે તે સંકોચ અનુભવી રહ્યો હતો અને બેચેન હતો. મારી ખુશીનો ઊભરો, મારો અણધાર્યો ભાવાવેશ, જોઈને થયેલી અચરજની લાગણીથી તે હજી કદાચ છૂટી નહોતો શક્યો. શરૂઆતમાં તેને કદાચ વિસ્મય થયું હશે, પરંતુ પછી મારા હેતપ્રેમને, મારા વહાલભર્યા શબ્દોને, અને તેના સંબંધમાં મારી કાળજીને મારા જેટલી જ હાર્દિક ભાવનાથી, મારા જેટલી જ કાળજીની

લાગણી તથા મમતાથી, મિત્ર તરીકે, લગભગ ભાઈ તરીકે, સ્વીકારી લીધાં. મને કેટલી ખુશી થયેલી, મારા હૈયાને કેટલી હૂંફ મળેલી!.. કશુંયે છુપાવવાની જરૂર નહોતી રહી, તે એ બધું સમજતો હતો અને દિન પ્રતિદિન મારી તરફ વધારે ને વધારે ખેંચાતો ગયો.

રાતે મીણબત્તીના ફરકતા અજવાળામાં મારી બિચારી માંદી માના ખાટલા પાસે બેસીને એ વેદનામય પરંતુ ભેગી મધુર ઘડીઓ દરમિયાન અમે શાની શાની વાતો નહિ કરી હોય!.. અમે મનમાં આવે અને હૈયે ઝબકે તે બધું બોલી નાખતાં અને લગભગ સુખી હતાં. અરે, એ વખત એકીસાથે ગમગીની અને ખુશીનો હતો, અને આજે પણ તેને યાદ કરતાં મારા દિલમાં ગમગીની અને ખુશી છલકાવા લાગે છે. સ્મરણો આનંદનાં હોય કે વિષાદનાં હોય પણ હંમેશાં પીડાકારી હોય છે, કંઈ નહિ તો મારી બાબતમાં તો એમ જ છે. પરંતુ આ પીડા જાણે મીઠી છે. મારું દિલ જ્યારે ભારે હોય, દુખી હોય, તડપતું હોય, ગમગીન હોય, ત્યારે સ્મરણો મને ચેતન અને તાજગી બક્ષે છે, બપોરના તાપમાં કરમાવા લાગેલા બિચારા પુષ્પની ઉપર શીતળ રાત્રિએ પડતી ઝાકળની જેમ ચેતન અને તાજગી બક્ષે છે.

માની તબિયત સુધરવા લાગી હતી પરંતુ હું હજી તેના ખાટલા પાસે બેસી રહેતી. પોક્રોવ્સ્કી ઘણી વાર મને પુસ્તકો આપી જતો. શરૂઆતમાં તો હું ખાલી જાગતી રહેવાના આશયે જ વાંચતી, પરંતુ ધીરે ધીરે વધારે ધ્યાનથી અને પછી ઉત્સુકતાથી વાંચવા લાગી. નવું અને અણધારેલું ઘણું ઘણું મારી સામે પ્રકાશમાં આવ્યું, મારા હૈયામાં નવી લાગણીઓ અને નવા વિચારોનાં પૂર છલકાવા લાગ્યાં. તેમને સમજવાનું જેટલું વધારે કઠિન હોય એટલા પ્રમાણમાં તે મને વધારે પ્યારાં લાગતાં, મારા આત્માને અધિક મધુર લાગતાં. તે પાર વગર મારા દિલમાં ભરાતાં જઈને મને ચેન નહોતાં લેવા દેતાં. મારી આખી હસ્તી અંધેરમાં અટવાઈ ગઈ હતી. પરંતુ એ વિચિત્ર માનસિક ચડાઈ મને સાવ વિચલિત ન બનાવી શકી. હું વધારે પડતી સ્વપ્નશીલ છું, અને મારા એવા સ્વભાવે મને બચાવી લીધી.

માની તબિયત સારી થઈ ગઈ એટલે અમારું રાતે બેસીને ધ્યાન રાખવાનું અને વાતો કરવાનું બંધ થઈ ગયું. અમે ક્યારેક થોડીઘણી, સાવ નજીવી, વાતચીત કરી લેતાં; પરંતુ મને તેનો અર્થ મારી પોતાની રીતે

ઘટાવવાનું, તેમાંથી છૂપો અર્થ તારવવાનું, બહુ ગમતું. મારી જિંદગી જાણે સભરે ભરાઈ ગઈ હતી, અને હું સુખી હતી, કેટલાંય અઠવાડિયાં હું સ્વસ્થ સુખની લાગણી અનુભવતી રહી હતી...

એક દિવસે ઘરડો પોક્રોવ્સ્કી અમને મળવા આવ્યો. તે ઘણી વાર સુધી અમારી જોડે વાતોના તડાકા મારતો રહ્યો, અજબ તાન અને ખુશમિજાજમાં હતો, બેહદ વાચાળ બની ગયેલો હતો. તેણે હસતાં હસાવતાં આખરે પોતાના ઉમંગનું કારણ જાહેર કરી દેતાં અમને જણાવ્યું કે આવતે અઠવાડિયે મારા પેતેન્કાની વરસગાંઠ છે, ત્યારે હું તેને મળવા આવવાનો છું, મારી નવી બંડી પહેરીને આવીશ, અને બૂટ પણ નવા હશે, ઘરવાળી અપાવવાની છે. ટૂંકમાં, ડોસો ખૂબ લહેરમાં હતો, અને અણથંભ બોલબોલ કરતો રહ્યો.

તેની વરસગાંઠ! હું દિવસરાત એ બાબતના જ વિચારો કરતી હતી. હુંયે તેને અમારી મિત્રતાની યાદ તાજી કરાવવા વરસગાંઠની ભેટ આપીશ. પણ શું આપવું? આખરે મેં થોડાંક પુસ્તકો આપવાનું નક્કી કર્યું. પૂશ્કિનની કૃતિઓની નવી આવૃત્તિનો આખો સેટ વસાવવાની તેની મંછાની મને ખબર હતી. એટલે મેં પૂશ્કિનનાં પુસ્તકો આપવાનું ઠરાવ્યું. મેં સીવણકામ કરીને લગભગ ત્રીસ રૂબલ નવા ફ્રૉક સારુ બચાવી રાખ્યા હતા. અમારી કામવાળી ઘરડી માત્ર્યોનાને મોકલીને મેં આખા સેટની કિંમતની તપાસ કરાવી. પણ ભલા ભગવાન! અગિયાર પુસ્તકોના ઓછામાં ઓછા સાઠ રૂબલ થાય એમ હતા. એટલા પૈસા ક્યાંથી લાવું? હું વિચારતી ને વિચારતી જ રહી, પરંતુ કશી સૂઝ ન પડી. મા પાસેથી માગવાનો તો સવાલ જ નહોતો. તેણે જરૂર મદદ કરી હોત, પરંતુ એથી તો ઘરમાં સૌને ખબર પડી જાય અને મારી ભેટ મને એક વરસ ભણાવવા બદલ પોક્રોવ્સ્કી તરફ અમારા અહેસાનની લાગણી જાહેર કરવાની વસ્તુ જ બની રહે. મારી મંછા પુસ્તકો પૂરેપૂરી મારી પોતાની જ ભેટ તરીકે આપવાની હતી. તેણે મને ભણાવવાની તકલીફ લીધી હતી તેનું અહેસાન તો મારે શિરે સદા રહેવાનું જ હતું, તેનો બદલો મારે ખાલી મારી મિત્રતાની લાગણી વડે જ ચૂકવવાનો હતો. આખરે મને ઉપાય મળી ગયો.

મને યાદ આવ્યું કે ગોસ્તિની દ્વોરની પુસ્તકોની દુકાનોમાં ક્યારેક લગભગ નવાં જેવાં જૂનાં પુસ્તકો અરધી કિંમત મળી જાય છે. તેને માટે થોડીક સોદાબાજી ને રકઝક કરવી પડે છે. એટલે મેં જેમ બને તેમ જલદી

ગોસ્તિનની દ્વોર જઈ આવવાનું નક્કી કર્યું. મોકો બીજે દિવસે જ મળી ગયો. અમારે કશુંક ખરીદવાનું હતું, પરંતુ માની તબિયત સારી નહોતી અને આન્ના ફ્યોદોરોવ્નાને બરાબર એ વખતે જ આળસ ચડી એટલે કામ મારે માથે આવ્યું. હું માત્ર્યોના જોડે નીકળી પડી.

નસીબ બહુ જોરમાં હશે એટલે પૂશ્કિનનાં પુસ્તકોનો સરસ મઝાનો સેટ પણ જડી ગયો. મેં સોદાબાજી શરૂ કરી દીધી. પહેલાં તો દુકાનદારે નવા સેટની કિંમત કરતાંયે વધારે પૈસા માગ્યા. પરંતુ મેં સારી પેઠે મહેનત કરી, ખરેખર બહુ મહેનત કરી, કેટલીય વાર જતી રહેવાનો ઢોંગ કરીને પાછી ફરી, ત્યાર પછી તે ચાંદીના* દસ રૂબલ લઈને સેટ આપી દેવા તૈયાર થઈ ગયો. સોદાબાજીમાં કેવી મઝા પડેલી!.. બિચારી માત્ર્યોનાને તો સમજણ જ નહોતી પડતી કે હું એટલી બધી ઉત્તેજિત કેમ થઈ ગયેલી અને એટલાં બધા પુસ્તકોની મારે શી જરૂર હતી. પરંતુ મુશ્કેલી એ હતી કે મારી પાસે બૅંક-નોટના ફક્ત ત્રીસ જ રૂબલ હતા, અને દુકાનદાર સેટની કિંમતમાં એક કોપેક પણ ઓછો કરવા તૈયાર નહોતો. મેં બહુ આજીજી કરી એટલે તેણે આખરે જરાક ઢીલ મૂકીને કિંમતમાં બીજા બે રૂબલ ઓછા કર્યા અને ભગવાનનું નામ લઈને મને કહ્યું કે તમે મઝાનાં બાનુ છો એટલે બસ તમારે ખાતર જ કિંમત ઓછી કરું છું, બીજા કોઈને માટે કરું જ નહિ. હવે ફક્ત અઢી રૂબલ ઓછા પડતા હતા. હું તો મૂંઝવણમાં રડમસ થઈ ગઈ, પરંતુ એક અણધારી બાબતથી મને મારા દુખમાં રાહત મળી.

નજીકની દુકાન પાસે મને ઘરડો પોક્રોવ્સ્કી નજરે પડયો. ચોપડીઓ વેચનારા ચાર કે પાંચ માણસો તેને ઘેરીને ઊભા ઊભા પરેશાન કરી રહ્યા હતા, પોતાનાં પુસ્તકો તેને વળગાડી દેવાની મથામણ કરી રહ્યા હતા. ડોસો અકળામણમાં અટવાઈ ગયો હતો. તેની સામે જાતજાતનાં પુસ્તકો ધરવામાં આવતાં હતાં, અને તેને જાણે બધાંયે લઈ લેવાનું, એથીયે વધારે લઈ લેવાનું, મન થતું હતું. બિચારો ઘરડો આદમી તેમની વચ્ચે ઊભો ઊભો ગરીબ ગાય જેવો લાગતો હતો, અને સાફ વરતાતું હતું કે પસંદગીની બાબતમાં એકદમ મૂંઝાઈ ભયેલો હતો. મેં તેની પાસે જઈને પૂછ્યું કે અહીંયાં શું કરો છો.

---

*એ વખતે ચાંદીનો એક રૂબલ એટલે બૅંક-નોટના ત્રણ રૂબલ અને પચાસ કોપેક.

તે બેહદ ખુશ થઈ ગયો. તેને મારી ઉપર બહુ જ વહાલ હતું, કદાચ જેટલું પેતેન્કા ઉપર હતું એટલું જ. "હું પુસ્તકો ખરીદવા આવ્યો છું, વાર્વારા આલેક્સેયેવ્ના, પેતેન્કા સારુ. તેની વરસગાંઠ આવે છે, તેને પુસ્તકો પસંદ છે. એટલે મારે થોડાંક ખરીદવાં છે." ડોસો આમેય હંમેશાં હસવું આવે એવી રીતે વાત કરતો, અને એ વખતે તો ભેગો ગોટાળામાં સપડાઈ ગયેલો પણ હતો. ગમે તે પુસ્તક હાથમાં લે પણ કિંમત એક, બે અથવા ત્રણ ચાંદીના રૂબલ હોય. મોટાં પુસ્તકોની બાબતમાં તો કિંમત પૂછવાની હિંમત પણ તે નહોતો કરી શકતો, ખાલી આતુર નજરે જોતો રહેતો પાનાં ઉલટાવતો, અને પછી બહુ કાળજીથી પાછાં મૂકી દેતો. "ના, ના, આ તો બહુ મોંઘું છે, કદાચ પેલાંમાંથી કંઈક મળી જાય?" તે ગણગણતો અને સામયિકો, ગીતોની ચોપડીઓ, તથા સસ્તાં પંચાંગોના ઢગલામાં ફંફોળવા લાગતો. "આને ખરીદીને શું કરશો? સાવ નકામાં છે," મેં કહ્યું. "ના, ના, સારાં પુસ્તકો છે, જરાક જુઓ તો ખરાં, કેટલાંક તો બહુ જ મઝાનાં છે," તેણે જવાબ આપ્યો. છેલ્લા શબ્દો તે એકદમ ગમગીન અવાજે બોલેલો એટલે મને થયું કે સારાં પુસ્તકો બહુ મોંઘા હોવાથી તે હમણાં રડી પડશે, અને મને તેના રાતા નાક ઉપરથી આંસુનું મોટું ટીપું જાણે સરકતું નજરે પડ્યું. મેં તેને પૂછ્યું કે તમારી પાસે કેટલા પૈસા છે. "અરે, પૈસા..." ગણગણતા બિચારા આદમીએ અખબારના કાગળમાં વીંટી રાખેલો આખો ખજાનો મારી સામે ધરી દીધો. "જુઓ, આ અરધો રૂબલ, આ વીસ કોપેકનો સિક્કો, બીજા વીસ કોપેકનું પરચુરણ..." હું તેને મારા દુકાનદાર પાસે લઈ ગઈ. "જુઓ, આ અગિયાર પુસ્તકોની કિંમત બત્રીસ રૂબલ અને પચાસ કોપેક છે. મારી પાસે ત્રીસ રૂબલ છે. તમે બે રૂબલ અને પચાસ કોપેક આપો તો આપણે મળીને આ પુસ્તકો ખરીદી લઈએ અને આપણા બેઉની ભેગી ભેટ આપીએ." તે ખુશીમાં ઘેલો થઈ ગયો અને બધા પૈસા તેણે દુકાનદારના હાથમાં મૂકી દીધા. દુકાનદારે તરત જ પુસ્તકો તેને પકડાવી દીધાં. બુઢ્ઢો આદમી પુસ્તકોને ખીસાંમાં ખોંસીને તથા બગલમાં દબાવીને ઘેર લઈ ગયો. જતાં જતાં તેણે પાકો વાયદો કર્યો કે બીજે દિવસે પુસ્તકો મને ચૂપચાપ પહોંચાડી દેશે.

વળતે દિવસે તે દીકરાને મળવા આવ્યો, અને હંમેશની જેમ લગભગ એક કલાક તેની પાસે બેસીને પછી અમારે ત્યાં આવ્યો. કલ્પનામાંયે ન

આવે એવા બેહદ હાસ્યજનક તથા ભેદી ભાવ ચહેરા પર આણીને તે મારી નજીક બેસી ગયો. નરમાશથી હોઠ મલકાવીને અને મનમાં કશોક ભેદ હોવાનો ગર્વ અનુભવતાં હરખમાં હથેળીઓ મિલાવીને તેણે મને જણાવ્યું કે પુસ્તકો છાની રીતે પહોંચાડી દેવામાં આવ્યાં છે અને માત્ર્યોનાએ સંભાળથી રસોડામાં ક્યાંક મૂકી દીધાં છે. પછી આગામી સુખદ પ્રસંગની વાત નીકળી. ઘરડા આદમીએ ખૂબ વિગતવાર સમજાવ્યું કે ભેટ કેવી રીતે આપવાની છે. તેની વાત જેમ જેમ આગળ ચાલતી ગઈ તેમ તેમ મને વધારે ને વધારે ખ્યાલ આવતો ગયો કે તેના મનમાં કશુંક ઘોળાઈ રહ્યું છે, પરંતુ તેને વાત કહી નાખવાની હિંમત નથી પડતી, બીક લાગે છે. હું કશું બોલી નહિ, વાટ જોતી બેસી રહી. તેનાં ટીખળ, ચેનચાળા, તથા ડાબી આંખના મિચકારાઓમાં પહેલાં નજરે પડેલો હરખનો તણખો, છાનો સંતોષ, ઓસરી ગયો. દરેક પળે તે વધારે ને વધારે ચિંતાતુર તથા બેચેન બની રહ્યો હતો.

"વાર્વારા આલેક્સેયેવ્ના," આખરે તેણે ડરતાં ડરતાં હળવા અવાજે શરૂ કર્યું, "સાંભળો, મારો ખ્યાલ આવો છે, વાર્વારા આલેક્સેયેવ્ના." તેનું મન સાવ ગોટાળામાં અટવાઈ ગયેલું હતું. "વાત આમ છે: ધારો કે તમે દસ પુસ્તકો તેને તમારી ભેટ તરીકે આપો. અને અગિયારમું પુસ્તક હું આપું, મારી ભેટ તરીકે. એમ કરીએ તો એક ભેટ તમારી અને એક ભેટ મારી થાય—આપણે બેઉ તેને ભેટ આપી શકીએ, દરેકની અલગ અલગ..." તે એટલો બધો ગૂંચવણમાં પડી ગયેલો હતો કે વધારે કંઈ બોલી ન શક્યો, મૂંગો થઈને મારા ફેંસલાની વાટ જોવા લાગ્યો. "પણ આપણી બેઉની ભેગી ભેટ આપવામાં તમને શો વાંધો છે, ઝાખાર પેત્રોવિચ?" મેં પૂછ્યું. "જુઓ ને, વાર્વારા આલેક્સેયેવ્ના, હકીકતમાં એમ છે કે..." તેની જીભ તોતડાઈ રહી હતી, તે પોતાના જ શબ્દોના વમળમાં સપડાઈ ગયો હતો, તેનું મોં રાતુંચોળ થઈ ગયું હતું.

"એમ છે કે..." તેણે આખરે ખુલાસો કર્યો, "હું ક્યારેક ક્યારેક છાંટોપાણી લઉં છું, વાર્વારા આલેક્સેયેવ્ના, મતલબ કે હરદમ ઢીંચતો રહું છું એમ સમજો. સો વાતની એક વાત — મારું વર્તન જેવું હોવું જોઈએ એવું નથી. ક્યારેક બહાર બહુ ટાઢ હોય, કશુંક અણગમતું બની જાય, મારા મનમાં ગમગીની છવાઈ જાય, કંઈક ગરબડગોટાળો થઈ જાય, ત્યારે મારાથી રહેવાતું નથી,

જરાક વધારે પડતું પિવાઈ જાય છે. તમને તો ખબર છે કે એ વાત પેતેન્કાને પસંદ નથી. તે બહુ ખિજાઈ જાય છે, મને ઠપકો આપે છે, ઉપદેશ આપવા લાગે છે. હું ભેટ આપું તો તેને ખ્યાલ આવે કે હું મારું વર્તન સુધારી રહ્યો છું. તેની જાણમાં આવે કે હું કેટલાય વખતથી પૈસા બચાવતો રહ્યો છું કારણ કે પેતેન્કા આપે તે સિવાય બીજા પૈસા તો મારી કને હોતા જ નથી, તેને ખબર છે... એટલે તેને ખુશી થાય કે મેં બધા પૈસા માત્ર તેને માટે જ બચાવીને આવી રીતે વાપર્યા છે."

મારી ઉપર ચિંતાતુર નજર ઠેરવીને બેઠેલા ઘરડા આદમીની મને દયા આવી. મેં તરત જ ફેંસલો કરી લીધો.

"ઝાખાર પેત્રોવિચ, એમાં ફિકર કરવા જેવું શું છે?" મેં કહ્યું. "બધાં પુસ્તકો તમે જ તમારી ભેટ તરીકે આપજો." "બધાં? તમારો મતલબ કે બધાં?" "બેશક." "મારી ભેટ તરીકે?" "હા." "મારી એકલાની ભેટ તરીકે?" "તમારી એકલાની ભેટ તરીકે!" મેં સાવ સાફ જણાવ્યું હોવા છતાં કેટલીય વાર સુધી વાત જાણે તેની સમજણમાં ઊતરતી જ ન હોય એમ લાગતું હતું.

"સમજ્યો," તે જાણે સ્વપ્નમાં હોય એવી રીતે ગણગણ્યો, "એ તો ખરેખર મઝાની વાત—ચોક્કસ બહુ સરસ. પણ તમે... તમે શું કરશો, વાર્વારા આલેક્સેયેવ્ના?" "મારા તરફથી કશી ભેટ નહિ હોય, બસ," મેં કહ્યું. "કશી ભેટ નહિ?" તે ગભરાઈને બોલી ઊઠયો. "તમારા તરફથી કંઈ નહિ, બિલકુલ કંઈ જ નહિ?" તે નિરાશામાં ડૂબી જઈને પોતાનો ખ્યાલ તજી દેવા તૈયાર થઈ ગયો, જેથી હું પણ તેના પુત્રને ભેટ આપી શકું. બિચારો ભલો જીવ હતો. મેં તેને દિલાસો આપતાં સમજાવ્યું કે તમારા દીકરાને કશીક ભેટ આપવામાં મને ખુશી થઈ હોત, પરંતુ મારે તમારી મઝા બગાડવી નથી. "તમારો દીકરો રાજી થાય," મેં ઉમેર્યું, "અને તમે રાજી થાઓ, તો મને પણ મનમાં ખુશી થાય, મને તો એ ભેટ જાણે મેં જ આપી હોય એમ લાગે." એથી તેનું મન હળવું થઈ ગયું. પછી તે બે કલાક અમારે ત્યાં બેઠો, પરંતુ તેને એક પળ પણ શાંતિ નહોતી—ઠેકડા મારે, ગપગોળા ચલાવે, હસવા લાગે, સાશા જોડે તોફાન કરે, મને છાની બચી ભરે, મારા હાથમાં ચૂંટી ખણે, અને આન્ના ફ્યોદોરોવ્નાનું ધ્યાન

ન હોય ત્યારે તેના ચાળા પાડે. આખરે આન્ના ફ્યોદોરોવ્નાએ તેને કાઢી મૂક્યો. તેણે એટલી ધાંધલ અગાઉ ક્યારેય નહોતી કરી.

વરસગાંઠને દિવસે તે પ્રાર્થનામાંથી સીધો બરાબર અગિયાર વાગ્યે અમારા ઘરને બારણે પહોંચી ગયો. તે કાળજીથી સાંધીસૂંધીને સરખો કરેલો કોટ અને સાચેસાચ નવી બંડી તથા નવા બૂટ પહેરીને આવ્યો હતો. તેના બેઉ હાથમાં પુસ્તકોનું એકેક બંડલ હતું. અમે આન્ના ફ્યોદોરોવ્નાના દીવાનખાનામાં કૉફી પી રહ્યાં હતાં (રવિવારનો દિવસ હતો). તેણે પહેલી વાત એમ કરી કે પૂશ્કિન બહુ સરસ કવિ હતો, પરંતુ પછી તરત તે ગોટાળામાં અટવાઈ ગયો અને બીજા વિષયમાં સરી પડયો. તે કહેવા લાગ્યો કે માણસનું વર્તન સારું હોવું જોઈએ, વર્તન સારું ન હોય તો ખોટે રવાડે ચડી જવાય, અને મનમાં ખરાબ ખ્યાલો આવવા દેનારો માણસ બરબાદ થઈ જાય. તેણે જીવલેણ નશાખોરીના કેટલાય દાખલા આપ્યા અને જણાવ્યું કે હું થોડા વખતથી મારી ટેવો સુધારી રહ્યો છું અને સજ્જન માણસને છાજે એવું વર્તન કરી રહ્યો છે. હું હંમેશાં સમજતો રહ્યો છું કે મારા દીકરાની વાત ખરી છે, તેનાં વેણ હું હંમેશાં ધ્યાનથી સાંભળતો રહ્યો છું, પરંતુ મારા વર્તનમાં ખરેખર સુધારો તો હું હવે જ આણી શક્યો છું. તેની સાબિતી તરીકે તેણે લાંબા વખત દરમિયાન બચાવેલા પૈસા વડે ખરીદેલાં પુસ્તકો સ્વીકારી લેવાની વિનંતિ દીકરાને કરી.

ડોસાની વાત સાંભળીને હું એકીવેળાએ હસવું ને રડવું ખાળી ન શકી. જરૂર પડે ત્યારે કહાણી ઘડી કાઢવાની પાકી આવડત તેનામાં હતી. પુસ્તકો પુત્રના ઓરડામાં પહોંચાડીને ખાનામાં ગોઠવી દેવામાં આવ્યાં. પોક્રોવ્સ્કી તો સાચી વાત તરત જ કળી ગયો હતો. ઘરડા આદમીને જમવા રોકી રાખવામાં આવ્યો અને તે દિવસે ખૂબ મઝા પડી. જમી લીધા પછી અમે પત્તાંની અને બીજી રમતો રમ્યાં. સાશાએ બહુ મસ્તી તોફાન કર્યાં, અને હું પણ તેમાં ઓછી ન ઊતરી. પોક્રોવ્સ્કી મારું બરાબર ધ્યાન રાખતો હતો અને તેણે મારી જોડે એકલા વાત કરવાની કોશિશ કરી પરંતુ મેં મોકો આપ્યો જ નહિ. ચાર વરસમાં એ દિવસ વધારેમાં વધારે સુખનો હતો.

અને હવે વિષાદ અને વેદનાનાં, અંધારઘેરા દિવસોનાં, સ્મરણો આવે છે. કદાચ એટલે જ મારી કલમનો વેગ મંદ પડી ગયો છે, તે જાણે આગળ કશું લખવા તૈયાર નથી. અને કદાચ એ જ કારણે મેં મારા વધારે સુખી

દિવસોની નાની નાની વિગતોનું વર્ણન બહુ ઉમંગથી કર્યું છે. એવા દિવસો બહુ ઓછા હતા, અને તેને પગલે પગલે આવેલા કારમી વેદના અને અપાર દુખના દિવસો ભગવાન જાણે ક્યારે પૂરા થશે.

મારા દુર્ભાગ્યની શરૂઆત પોક્રોવ્સ્કીની માંદગી અને અવસાનથી થઈ.

મેં હમણાં જ વર્ણવેલી ઘટનાઓ પછી બે મહિને તે માંદગીમાં પટકાઈને પથારીવશ થઈ ગયો. એ છેલ્લા બે મહિના દરમિયાન તેણે ગુજરાન માટે સખત મહેનત કરી હતી. તેને કોઈ જાતનું ખાતરીબંધ કામ તો હતું જ નહિ. બધા ક્ષયરોગીઓની જેમ તે આખરી ઘડી સુધી એવી આશાના તાંતણાને વળગી રહ્યો હતો કે હજી તો ઘણી જિંદગી બાકી છે. તેને શિક્ષકનું કામ સહેલાઈથી મળી ગયું હોત પરંતુ તેને એ ધંધા તરફ નફરત હતી. તેની ઢીલી તબિયતને લીધે સરકારી નોકરીનો તો સવાલ જ નહોતો. વળી તેમાં પહેલા પગાર માટે લાંબો સમય રાહ જોવી પડે એમ હતું. ચોમેર નિષ્ફળતા સિવાય બીજું કશું હતું જ નહિ, અને તેનું મન ખાટું થઈ જતું હતું. તેની તબિયત એકધારી કથળતી રહી હતી પરંતુ એ વાત તેના ધ્યાનમાં નહોતી આવી. શરદના દિવસો આવ્યા. તે દરરોજ પાતળો કોટ પહેરીને નોકરીની અરજી તથા આજીજી કરવા નીકળી પડતો. તેમાં તેને ભયંકર હીણપત લાગતી. તે વારંવાર વરસાદમાં [illegible] જતો, તેના પગ ભીંજાઈ જતા. આખરે તે પથારીવશ થઈ ગયો અને ફરી કદી ઊભો ન થયો... તે શરદના મધ્યમાં, ઑક્ટોબરના અંતમાં, મરણ પામ્યો.

તેની માંદગીના આખા ગાળા દરમિયાન હું ભાગ્યે જ તેના ઓરડામાંથી બહાર જતી. હું સતત તેનું ધ્યાન રાખતી, તેની જરૂરિયાતો પૂરી કરતી, અને ઘણી વાર આખી રાત જાગતી રહેતી. તેનું મગજ લગભગ હરદમ ભટકતું રહેતું અને તે તરેહવાર વાતો કર્યા કરતો, તેનાં પુસ્તકોની, નોકરી મેળવવાની કોશિશોની, મારી, તેના પિતાની. તેમાંથી ઘણી બાબતો કદી મારી જાણમાં નહોતી આવી અને તેનો [illegible] હું અગાઉ ક્યારેય નહોતી કરી શકી. તેની માંદગીના શરૂઆતના દિવસોમાં સૌ મને અજબ નજરે જોતાં રહેતાં, અને આન્ના ફ્યોદોરોવના માથું ધુણાવતી. પરંતુ હું સ્વસ્થ રહીને સામી નજર ઠેરવી રાખતી અને ધીમે ધીમે તેમણે મારી તરફ ધ્યાન આપવાનું પડતું મૂકી દીધું, ઓછામાં [illegible] મારી માફક તો મૂકી જ દીધું.

પોક્રોવ્સ્કી ક્યારેક મને ઓળખતો હતો, પરંતુ સાફ સમજણની એવી

પળો વિરલ હતી. મોટે ભાગે તે સનેપાતમાં જ રહેતો. તે આખી રાત લાંબાં, અસ્પષ્ટ, અને અગમ્ય વાક્યો વાપરીને કોઈની જોડે દલીલો કરતો રહેતો. નાના ઓરડામાં તેનો ઘોઘરો અવાજ જાણે ભોંયરામાં થતો હોય એવી રીતે વિચિત્ર પોલો રણકાર કરતો રહેતો. મને બીક લાગતી. ખાસ તો છેલ્લી રાતે તેને જાણે ઘેલછા ચડી ગઈ હતી, સખત પીડા થઈ રહી હતી, અને તે ઊંહકારા કરતો રહ્યો હતો. તેના દર્દનાક ઊંહકારા સાંભળીને મારું હૈયું વલોવાઈ જતું હતું. આખા ઘરમાં ચિંતાનું વાતાવરણ ફેલાઈ ગયું હતું અને આન્ના ફ્યોદોરોવ્ના ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે બિચારાને જલદી બોલાવી લે. ડૉક્ટર બોલાવવામાં આવ્યો. તેણે કહ્યું કે અંત નજીક છે, કાલની સવાર કદાચ જ જુએ.

ઘરડો પોક્રોવ્સ્કી આખી રાત બારણા પાસે બેસી રહ્યો. તેને જાજમ પાથરી આપવામાં આવી હતી. તે ઘડીએ ઘડીએ ઓરડામાં આવતો. તેને દીકરા ઉપર નજર નાખવામાં બીક લાગતી હતી. તેનું દિલ ભાંગી ગયું હતું, તેનું મન વેદનાથી બહેર મારી ગયું હતું, તે જડ જેવો થઈ ગયો હતો. તેનું માથું બીકમાં હલી રહ્યું હતું, તેની આખી કાયા ધ્રૂજી રહી હતી, તે ગણગણતો અને મનમાં જ કશીક દલીલો કરતો રહેતો હતો. મને તેનું ભેજું ખસી જવાની બીક લાગી.

બેહદ થાકને લીધે તે પરોઢ પહેલાં મોત જેવી નીંદરમાં પડી ગયો.

સાત વાગ્યા પછી થોડીક વારે મને લાગ્યું કે મોત સાવ નજીક આવી ગયું છે એટલે મેં પોક્રોવ્સ્કીના પિતાને ઉઠાડયા. જિંદગીને છેડે પહોંચી ગયેલો આદમી પૂરો સભાન હતો. તેણે દરેકની વિદાય લીધી. અજબ વાત છે કે મારું હૈયું ભાંગી રહ્યું હોવા છતાં હું રડી ન શકી.

પરંતુ આખરી ઘડીઓ એકદમ ભયંકર હતી. તે ખેંચાતી જીભે કશીક વિનવણી કરી રહ્યો હતો, પરંતુ હું શબ્દો નહોતી સમજી શકતી. એવી હાલત મારાથી સહેવાતી નહોતી. તે એક કલાક બેચેન રહ્યો, દયાજનક નજરે મારી સામે જોતો અને હાવભાવ કરીને મને વાત સમજાવવાની કોશિશ કરતો રહેતો. પછી તેણે ઘોઘરા અસ્પષ્ટ અવાજે ફરી વિનંતિ કરી. પરંતુ તેના શબ્દો છૂટક છૂટક અવાજો જેવા હતા અને મને કંઈ જ ન સમજાયું. હું એક પછી એક સૌને તેની પથારી પાસે લઈ ગઈ. મેં તેને પાણી આપ્યું પરંતુ તેણે ગમગીન ભાવે માથું હલાવીને ના પાડી. આખરે મને તેની મંછાનો

ખ્યાલ આવી ગયો. તે મને પડદો હઠાવવાનું કહી રહ્યો હતો જેથી પોતે દિવસના અજવાળાને, સૂર્યને, ઈશ્વરના આખા જગતને એક નજરે નીરખી લઈ શકે. મેં પડદો હઠાવ્યો પરંતુ પરોઢની વેળાએ બહાર, તેના ઓસરતા જીવનની જેમ જ, ગમગીની અને શોકનું વાતાવરણ ફેલાયેલું હતું. સૂર્ય દેખાતો નહોતો. આકાશમાં વાદળો ધુમ્મસની ચાદરની જેમ છવાયેલાં હતાં. ગગન ઘેરાયેલું હતું, તદ્દન મ્લાન હતું, જળધારાઓ વરસાવી રહ્યું હતું. ઝરમર વરસાદનાં ફોરાં બારીઓના કાચ ઉપર ટપટપાટ કરી રહ્યાં હતાં અને ટાઢા ગંદા પાણીની પાતળી ધારાઓ રચી રહ્યાં હતાં. વાતાવરણ બેનૂર અને અંધારઘેરું હતું. દિવસનું નિર્માલ્ય અજવાળું ઓરડામાં સરકતું દેવપ્રતિમાના દીપકની ફરકતી જ્યોતિને નબળા પડકાર કરતું હતું. મરવા પડેલા આદમીએ વિષાદભરી નજરે મારી સામે જોયું. બીજી જ પળે તેના જીવનની જ્યોતિ ઓલવાઈ ગઈ.

દફનનો બંદોબસ્ત આન્ના ફ્યોદોરોવ્નાએ કર્યો હતો. સાવ સાદી કફનપેટી ખરીદવામાં આવી હતી અને ભાડાના સાધારણ ગાડાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આન્ના ફ્યોદોરોવ્નાએ ખર્ચના બદલામાં પરલોકગામી માણસનાં પુસ્તકો તથા બીજી વસ્તુઓ વગેરે કબજે કરી લીધું. બુઢ્ઢા પોક્રોવ્સ્કીએ તેની જોડે સખત ઝઘડો કર્યો, બન્યાં એટલાં પુસ્તકો પાછાં લઈને ખીસાંમાં તથા હૅટમાં ભરી દીધાં. દફનનું કામકાજ ત્રણ દિવસ ચાલતું રહ્યું ત્યાં સુધી તેણે પુસ્તકોને અળગાં ન કર્યાં, દેવળમાં પણ ભેગાં જ લઈ જતો. તે એટલો બધો આભો થઈ ગયો હતો કે જાણે સાન ગુમાવી બેઠો હોય એમ લાગતું હતું. તે કફનપેટી ફરતે આંટાફેરા કરતો રહેતો અને ક્યારેક વેનચિક* સરખી કરવામાં તો ક્યારેક મીણબત્તીઓ સળગાવવામાં અથવા ઓલવી નાખવામાં મશગૂલ થઈ જતો. તેનું મન કોઈ પણ એક બાબત ઉપર ઝાઝી વાર ટકતું નહોતું. દેવળમાં પ્રાર્થનામાં મા પણ નહોતી આવી અને આન્ના ફ્યોદોરોવ્ના પણ નહોતી આવી. માની તબિયત ખરાબ હતી, અને આન્ના ફ્યોદોરોવ્ના જવા તૈયાર થઈ ગયેલી પરંતુ ઘરડા

---

*વેનચિક — ઈસુ ખ્રિસ્ત, પવિત્ર કુમારિકા, અને ધર્મદૂત જોનનાં ચિત્રોવાળી સાટીનની કે કાગળની પટ્ટી. ગ્રીક રૂઢિચુસ્ત ખ્રિસ્તી ધર્મના રિવાજ મુજબ મૃત માનવીના કપાળે એવી પટ્ટી ગોઠવવામાં આવે છે.

પોક્રોવ્સ્કી જોડે ફરી ઝઘડો થવાથી તેણે માંડી વાળ્યું. બુઢ્ઢો આદમી અને હું — અમે બે જ હતાં. પ્રાર્થના દરમિયાન મને એક જાતની દહેશત લાગી, જાણે ભવિષ્યની અમંગળ આશંકા થઈ. એવી લાગણીને હું પ્રાર્થના પૂરી થઈ ત્યાં સુધી માંડ માંડ સહી શકી. આખરે કફનપેટી બંધ કરી દેવામાં આવી, ખીલીઓ મારી દેવામાં આવી, ગાડામાં ગોઠવીને લઈ જવામાં આવી. હું શેરીના નાકા સુધી પાછળ ચાલી. ગાડાવાળો ઘોડાને દોડાવવા લાગ્યો, અને બુઢ્ઢો આદમી ગાડાની પાછળ દોડતો દોડતો જોરથી રડી રહ્યો હતો. તેને શ્વાસ ચડી જતો ત્યારે તેનાં ડૂસકાં પળવાર થંભી જતાં. તેની હૅટ ઊડી ગઈ પરંતુ તેને પાછી લઈ લેવા તે ઊભો ન રહ્યો. તેના વાળ વરસાદમાં ભીંજાઈ ગયા હતા, અને સખત પવનના ઝપાટા તેના ચહેરા પર ઝીંકાઈ રહ્યા હતા. તે જાણે કશી વાતની પરવા કર્યા વગર ઘડીક ગાડાની એક તરફ તો ઘડીક બીજી તરફ દોડતો હતો, તેના જૂના કોટના છેડા ફડફડાટ કરી રહ્યા હતા. તેનાં બધાં ખીસાંમાંથી ચોપડીઓ બહાર ડોકાઈ રહી હતી. સૌથી મોટું પુસ્તક તેણે છાતીએ વળગાડી રાખ્યું હતું. રાહદારીઓ માથેથી હૅટ ઉઠાવી દેતા અને ક્રૉસની નિશાની કરતા. કેટલાક થંભી જઈને બુઢ્ઢા આદમીને તાકવા લાગતા. તેનાં ખીસાંમાંથી પુસ્તકો કાદવમાં પડી રહ્યાં હતાં. કોઈ તેને રોકીને તેનું ધ્યાન ખેંચતું ત્યારે તે ચોપડી પાછી ઉપાડી લઈને ફરી ગાડા પાછળ દોડવા લાગતો. શેરીને નાકે એક ચીંથરેહાલ બુઢ્ઢી ભિખારણ તેની પાછળ પાછળ દોડવા લાગી. ગાડું દેખાતું બંધ થયું એટલે હું ઘેર પાછી ફરી અને માની છાતીએ વળગીને જોર જોરથી ડૂસકાં ભરવા લાગી. મેં તેને બચીઓ ભરી અને મારા હાથ તેની કાયા ફરતે વીંટાળી દીધા, જાણે કેમ મારા છેલ્લા બાકી રહેલા મિત્ર જેવી માને મોતના પંજાથી બચાવી લેવાની કોશિશ કરતી હોઉં... પરંતુ તેની ઉપર તો મોત ક્યારનું ચકરાવા લઈ રહ્યું હતું...

. . . . .

૧૧ જૂન

ગઈકાલે ટાપુઓમાં ફરવા ગયાં તે બદલ હું તમારી કેટલી અહેસાનમંદ છું, માકાર આલેક્સેયેવિચ! કેવા રળિયામણા હતા, કેવા તાજગીબક્ષ અને હરિયાળા હતા! મેં તો જમાનાથી હરિયાળું ઘાસ અને વૃક્ષો જોયાં જ

નહોતાં. માંદી હતી ત્યારે લાગતું હતું કે મોત આંબી જવાનું છે, એટલે કલ્પના કરો કે ગઈકાલે મને કેવી લાગણી થઈ હશે! હું બહુ ઉદાસ હતી એથી તમે નારાજ ન થશો. હું ખરેખર સુખમાં હતી, અને મારું હૈયું હળવું ફૂલ જેવું થઈ ગયું હતું, પરંતુ અત્યંત સુખની ઘડીઓમાં હું હંમેશાં ઉદાસ થઈ જાઉં છું. અને હું રડી પડી તેમાં ફિકર કરવા જેવું કંઈ નથી, મને તો કોણ જાણે કેમ ઘણી વાર રડવું આવી જાય છે. મને દરેક બાબતની બહુ ઊંડી કરુણ અસર થતી હોય છે, મારી લાગણીઓ હંમેશાં બહુ વેદનામય હોય છે. વાદળવિહોણું અને નિસ્તેજ ગગન, અસ્તાચળમાં ગમન કરતો સૂર્ય અને ચોમેર છવાયેલી નીરવતા — એ બધું — ખબર નથી — હું એવી હાલતમાં હતી કે અમસ્તી જ લાગણીવશ અને ગમગીન બની જાઉં, હૈયું ભારે ભારે થઈ જાય, અંતરમન જાણે આંસુને બોલાવે. આ બધું હું કેમ લખી રહી છું? મારા મનમાંયે બધું સાવ અસ્પષ્ટ છે, અને કાગળ ઉપર તો નિરર્થક જ લાગે છે, પણ તમે કદાચ સમજી શકશો. વિષાદ અને સ્મિત! તમે કેટલા નેક છો, કેટલા ભલા છો, માકાર આલેક્સેયેવિચ! તમે ગઈકાલે મારી લાગણીઓને આંખોમાં પારખી લેવા મારી સામે કેવી રીતે જોતા હતા, અને મારી પ્રફુલ્લતા જોઈને કેટલા ખુશ થઈ જતા હતા! છોડવો હોય, નાનકડું કુમળું ઝાડ હોય, વૃક્ષરાજિ હોય, તળાવડી જેવું કંઈક મારી નજરે પડે, ત્યારે તમે મને નીરખતા રહેતા અને જાણે તમારી પોતાની જાગીર હોય એવી રીતે ગર્વની લાગણી અનુભવતા, ફુલાઈ જતા. આ બધું બતાવે છે કે તમે માયાળુ હૈયું ધરાવો છો, માકાર આલેક્સેયેવિચ, અને એ કારણે મને તમારી ઉપર હેત ઊપજે છે. ઠીક ત્યારે, આવજો! મારી તબિયત આજે પાછી ખરાબ થઈ ગઈ છે. ગઈકાલે મારા પગ ભીંજાઈ ગયેલા એટલે શરદી થઈ ગઈ છે. ફેદોરા પણ માંદી છે એટલે અમે બેઉ અપંગ જેવાં થઈ ગયાં છીએ. અમને ભૂલશો નહિ અને જેટલી વાર બને એટલી વાર આવતા રહેજો.

તમારી
વા. દો.

વાર્વારા આલેક્સેયેવ્ના, પારેવડું મારું!

મને તો એમ હતું કે ગઈકાલના અનુભવનું વર્ણન તમે કાવ્યમાં કરશો, પરંતુ તમે એક સાદા પાનામાં આખી વાત લખી છે. મારો મતલબ એવો છે કે તમે લખ્યું છે તો બહુ ઓછું, પરંતુ ખૂબ સરસ અને એકદમ ગમી જાય એવું છે. તેમાં પ્રકૃતિ છે, તરેહવાર નિસર્ગદૃશ્યો છે, લાગણીઓ છે, ટૂંકમાં આખું વર્ણન બહુ સુંદર છે. મારામાં તો એવી પ્રતિભા છે જ નહિ. દસ પાનાં લખું તોયે વાતમાં કંઈ માલ ન હોય. હું કોશિશ કરી ચૂક્યો છું અને મને બરાબર ખબર છે. વહાલાં, તમે લખો છો કે હું માયાળુ માણસ છું, પાડોશીને કશી હાનિ પહોંચાડું એવો નથી, કુદરતમાં જાહેર થતી ભગવાનની દયાને સમજું છું, અને તમે બીજી ઘણી રીતે પણ મારાં વખાણ કર્યાં છે. એ બધું ખરું છે, વહાલુડાં, પ્રભુના શબ્દો જેવું સત્ય છે, હું તમારા વર્ણન જેવો જ છું, હું એ બધું જાણું છું. તેમ છતાં, તમે લખો છો તે વાંચતી વેળા દિલમાં લાગણીઓનો ઊભરો આવી જાય છે, પરંતુ પછી હું ઘેરા વિચારોના વમળમાં અટવાઈ જાઉં છું. હું તમને મારે વિશે થોડીક વાત કરીશ.

શરૂઆતમાં જણાવું કે હું ઑફિસમાં કામ કરવા જોડાયો ત્યારે મારી ઉંમર સત્તર વરસની હતી. બરાબર ત્રીસ વરસ પહેલાંની વાત છે. એટલા વખતમાં મેં કોણ જાણે કેટલા યુનિફૉર્મ વાપરી નાખ્યા હશે. નોકરીના એ સમય દરમિયાન મેં ઘણું ઘણું જોયું અને જાણ્યું છે, અને મને સંતોષ નથી એમ ન કહેવાય. મારી ઉંમર અને ડહાપણ વધ્યાં છે, અને લોકોની થોડીઘણી સમજણ પણ મને હાંસલ થઈ છે. મેં જિંદગી જીવી જાણી છે, તેની ખાતરી રાખજો! અરે, એક વેળાએ મને ઇલકાબ એનાયત કરવાની ભલામણ લગભગ થઈ ગઈ હતી. તમે મારી વાત કદાચ નહિ માનો, પરંતુ ઈશ્વર મારો સાક્ષી છે. એવા સુખના સંજોગો હતા, વહાલાં, પણ અદેખા લોકોએ મારું બધું બરબાદ કરી નાખ્યું. અબુધ આદમી છું, અને કદાચ સાવ મૂરખ, પણ બીજા કોઈની જેમ મનેય દિલ છે. વારેન્કા, તમને ખબર છે એ અદેખા લોકોએ મારી બાબતમાં શું કરેલું? મને તો કહેતાંયે શરમ આવે છે—પૂછો કે કેમ કરેલું. ફક્ત એટલા કારણે કે હું રાંક જેવો

છું, નરમ સ્વભાવનો છું, મારું દિલ માયાળુ છે. હું તેમને ગમું એવો નહોતો, એટલા કારણે. શરૂઆત નાની નાની વાતોથી થયેલી: "માકાર આલેક્સેયેવિચ આવા છે, અને માકાર આલેક્સેયેવિચ તેવા છે." પછી: "માકાર આલેક્સેયેવિચથી બીજું શું થાય?" અને છેલ્લે: "કોનો વાંક? બેશક માકાર આલેક્સેયેવિચનો, બીજા કોનો!" જોયું ને, વહાલુડાં, વાંક તો હંમેશાં માકાર આલેક્સેયેવિચનો જ. એ લોકોએ એવાં કરતૂત કરેલાં — માકાર આલેક્સેયેવિચનું નામ આખા ખાતામાં વગોવી દીધું. પણ તેમને એટલાથી સંતોષ ન થયો. થોડા વખતમાં મારા બૂટ વિશે, કોટ વિશે, વાળ વિશે, અને મારા દેખાવ વિશે પણ ટકોરો થવા લાગી. એ બધું અજુગતું હતું, અને તેને પલટાવી નાખવાનું જરૂરી હતું. પરંતુ વરસોથી, રોજ રોજ, મારી યાદ પહોંચે છે ત્યારથી, એમ જ ચાલતું આવ્યું છે. હવે તો હું ટેવાઈ ગયો છું, હું ગમે તેવી બાબતથી ટેવાઈ શકું છું કારણ કે સાવ નાનો આદમી છું, મારું કશું મહત્ત્વ જ નથી. તેમ છતાં, મારે એ બધું શા માટે સહી લેવું? મેં શો ગુનો કર્યો છે? મેં મારા વારા પહેલાં બીજા કોઈ માણસની બઢતી તો નથી તફડાવી લીધી ને? મેં ઉપરીઓ પાસે જઈને કોઈની નાલેશી ક્યારેય કરી છે ખરી? મેં કદી પગાર વધારા માટે માથાઝીક કરી છે ખરી? મેં ક્યારેય કોઈની વિરુદ્ધ કારસ્તાન કર્યાં છે ખરાં? એવા ખ્યાલમાંયે પાપ ગણાય! મારે એવું કંઈ કરવાની શી જરૂર? અને જરાક વિચાર કરો, વહાલાં, મારામાં પદલોલુપ અને કપટી બનવા જેટલી ચાલાકી છે ખરી? મેં શું કર્યું છે કે મારે આવું બધું વેઠી લેવું પડે? તમે મને નેક આદમી ગણો છો, અને તમે તો, વહાલાં, એ સૌ કરતાં સરખામણી ન થઈ શકે એટલાં બહેતર છો. વળી મોટામાં મોટો નાગરિક સદ્ગુણ આખર કયો ગણાય? ગઈકાલે યેવ્સ્તાફી ઈવાનોવિચ ખાનગી વાતચીતમાં કહ્યું કે મોટામાં મોટો નાગરિક સદ્ગુણ પૈસા પેદા કરવાનો છે. યેવ્સ્તાફી ઈવાનોવિચ તો બેશક મજાકમાં એમ કહી રહ્યા હતા (મને ખાતરી છે કે યેવ્સ્તાફી ઈવાનોવિચ મજાક કરી રહ્યા હતા), પણ બોધપાઠ એવો છે કે માણસે બીજા કોઈની ઉપર બોજો બનીને ન રહેવું જોઈએ, અને હું કોઈનીયે ઉપર બોજો બનીને રહેતો નથી. મને રોટીનો ટુકડો મળી રહે છે, કદાચ વાસી પણ ઈમાનદારીથી રળેલો, અને હું તેને સાવ કાયદેસર રીતે ખાઉં છું. માણસ શું કરે? કાગળોની નકલ કરવામાં કોઈ મોટું પરાક્રમ તો નથી જ, પણ તોયે મને એ બાબતનું

અભિમાન છે કારણ કે હું કપાળેથી પરસેવો પાડીને કામ કરું છું. વળી કાગળોની નકલ કરવામાં ખોટું શું છે? એ શું પાપ છે? "નકલ લખતો બેઠો છે!" "ઑફિસનો ઉંદર નકલ લખવામાં મશગૂલ છે!" એથી શું થયું? તેમાં બેઈમાની જેવું શું છે? મારું લેખન સાફ અને જોતાં ગમી જાય એવું હોય છે. નામદાર હંમેશાં રાજી રહે છે - નામદારનાં મોટા ભાગનાં મહત્ત્વનાં કાગળોની નકલ હું જ કરું છું. છટાની વાત જવા દો, હું છટા મુદ્દલ નથી ધરાવતો, મને બરાબર ખબર છે. એટલે જ હું નોકરીમાં કદી આગળ નથી વધી શક્યો. વહાલાં, હું તો તમને પણ અત્યારે લખું છું એવી જ રીતે, રૂપકડા અલંકારો વગર જ, લખું છું, મનમાં ખ્યાલ આવતા જાય તેમ ટપકાવતો જાઉં છું... એ બધું હું બરાબર જાણું છું, પરંતુ દરેક માણસ સાહિત્યની રચના કરવા લાગે તો શું થાય? પછી નકલનું કામ કોણ કરે? હું તમને એવો સવાલ પૂછું છું, અને મને જવાબ જોઈએ છે. વારુ, હું જાણું છું કે હું જરૂરી છું, અને એ લોકો મને ટોણાં મારીને હેરાન કરવાનું બંધ કરી દે. હું "ઑફિસના ઉંદર" જેવો દેખાતો હોઉં તો ભલે મને એમ કહેતા, પણ તેમને એટલું નહિ સમજાતું હોય કે આ ઉંદર જરૂરી છે, આ ઉંદર ઉપયોગી છે, આ ઉંદરની કદર થાય છે, આ ઉંદરને ઈનામ પણ આપવામાં આવે છે. હું એવો ઉંદર છું. પણ ઉંદરની વાત બહુ થઈ ગઈ, વહાલાં. મારો ઈરાદો આમ લખવાનો નહોતો, પણ મને જરાક ખીજ ચડી ગઈ. ક્યારેક ક્યારેક મનને મોકળું મૂકી દેવાથી સારું લાગે છે. આવજો, વહાલુડાં, તમે તો મારું નાનકડું પારેવડું છો, મારા હૈયામાં શાતા રેડનારાં છો. હું તમને મળવા થોડા વખતમાં ચોક્કસ આવીશ, મારાં પરી! ત્યાં સુધી રોવાનું બંધ રાખજો. અને હું પુસ્તક પણ લાવીશ. આવજો, વારેન્કા!

તમારો એકદમ ખરા દિલે શુભેચ્છક

માકાર દેવુશ્કિન

૨૦ જૂન

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

હું મારું એક કામ વખતસર કરી લેવાના આશયે આ ઉતાવળમાં લખી રહી છું. ખુલાસો કરું: સરસ મઝાના સોદાની શક્યતા છે. ફેદોરાને જાણવા

5*

મળ્યું છે કે કોઈને નવો યુનિફૉર્મ વેચવો છે. આખેઆખો છે—પાટલૂન, બંડી, ટોપી, બધું જ. વળી સાવ નવો અને સસ્તો. તમે ન ખરીદી શકો? હવે તમારી હાલત સુધરી છે, તમે પોતે કબૂલ કરો છો કે તમારી પાસે થોડાક પૈસા છે. જુઓ, કંજૂસ ન બનો, તમારે એ બધી ચીજોની જરૂર છે. તમને પોતાને એક નજરે જરાક જોઈ લો, તમારાં કપડાં પર એક નજર નાખી જુઓ. એવાં લઘરવઘર છે કે શરમ આવે. અને તમે કહેતા રહો છો ખરા કે તમારી પાસે નવી વસ્તુઓ છે, પરંતુ મને ખાતરી છે કે નવું કશું જ તમારી પાસે નથી. ભગવાન જાણે તમે તમારા નવા યુનિફૉર્મનું શું કર્યું! મારી વાત સાંભળો અને મળે છે તે ખરીદી લો. મારે ખાતર, તમને મારી ઉપર હેત છે એ બતાવવા, જરૂર ખરીદી લો.

તમે મને અમુક કપડાંની ભેટ મોકલી છે, પરંતુ તમે ખુદ પોતાને જ બરબાદીમાં ધકેલી રહ્યા છો. મારે માટે તમે કેટલી મોટી રકમ ખરચી નાખી છે, કેટલા બધા પૈસા વેડફી નાખ્યા છે! તમે બેહદ ઉડાઉ છો. એવી વસ્તુઓ ખરેખર જરૂરી નથી. હું જાણું છું, મને પૂરી ખાતરી છે, કે તમને મારી ઉપર હેત છે, મને ભેટ મોકલીને એ વાત યાદ કરાવવાની જરૂર નથી, ખાસ તો જ્યારે તમારી ભેટ સ્વીકારી લેવાનું મારે માટે બહુ જ મુશ્કેલ બની રહે છે ત્યારે. મને ખબર છે કે તેમાં તમારે કેટલું ખર્ચ કરવું પડયું છે. આખરી વાર કહી દઉં છું કે ફરી ક્યારેય આવું કરશો નહિ, તમને આજીજી કરું છું. નહિ કરો ને? માકાર આલેક્સેયેવિચ, તમે મને બાકીની નોંધો મોકલવા લખ્યું છે, અને તમે ઇચ્છો છો કે મારે નોંધો છેવટ સુધી લખી નાખવી. ખરું પૂછો તો મને સમજાતું જ નથી કે આટલુંયે હું કેવી રીતે લખી શકી. હું વીતેલા દિવસોની વાત જ નથી કરી શકતી, તેનો વિચાર પણ નથી કરી શકતી, યાદ કરતાં જ ભયભીત બની જાઉં છું. અને મારી બિચારી માની, દીકરીને રાક્ષસોના પંજામાં પડતી મૂકીને સિધાવી ગયેલી માની, વાત કરવાનું તો મારે માટે સૌથી વધારે મુશ્કેલ બની જાય છે. હજી પણ તેનો વિચાર આવતાં મારા હૈયામાંથી લોહી ટપકવા લાગે છે. એક વરસ વીતી ગયું હોવા છતાં બધું એટલું તાજું છે કે હું હજી સ્વસ્થ નથી બની શકી, મનની શાંતિની તો વાત જ રહેવા દઈએ. પરંતુ તમે તો એ વિશે પૂરા વાકેફગાર છો.

આન્ના ફ્યોદોરોવ્નાના હાલના ખ્યાલો વિશે મેં તમને જણાવ્યું છે.

તે મારી ઉપર નિમકહરામીનો આક્ષેપ મૂકે છે અને પોતાને મિસ્ટર બીકોવનાં કૃત્યો જોડે કશો સંબંધ હોવાનો સાફ ઇનકાર કરે છે. તે મને પાછી પોતાને ત્યાં રહેવા બોલાવે છે. તેનું કહેવું એમ છે કે હું ભીખ માગીને જીવું છું અને તેનો અંજામ સારો નહિ આવે. તે વાતો કરે છે કે હું પાછી તેને ત્યાં રહેવા જાઉં તો તે મિસ્ટર બીકોવની સાથે બધી પતાવટ કરાવી દેશે, મને કરવામાં આવેલા ગેરઇનસાફનો બદલો આપવા તેને સમજાવશે, અને એમ કે મિસ્ટર બીકોવ મને પહેરામણી આપવા માગે છે. મારે તેમની પાસેથી કંઈ જ નથી જોઈતું. હું અહીંયાં તમારી જોડે અને ભલી ફેદોરા જોડે સુખી છું. ફેદોરાને જોઈને મને મારી આયા યાદ આવે છે. તમે દૂરના સગા છો, પરંતુ તમારું નામ જ એક જાતનું રક્ષણ છે. મારે એ લોકોની જોડે ઓળખાણ રાખવી જ નથી, અને બનશે તો તેમને ભૂલી જઈશ. હવે તમને મારી પાસેથી વધારે શું જોઈએ છે! ફેદોરા કહે છે કે આ બધું તો ગપગોળા છે અને તેઓ હવે મારી બાબતમાં કંઈ નહિ કરે. ભગવાન દયા કરે ને એમ જ થાય!

વા. દો.

૨૧ જૂન

મારાં વહાલુડાં, મારું પારેવડું,

સમજાતું નથી કે શરૂઆત કેવી રીતે કરવી. વહાલાં, અજબ વાત છે કે આપણે અહીંયાં આવી રીતે રહીએ છીએ. હું એમ કહેવા માગું છું કે આટલી ખુશીના દિવસો મેં કદી જોયા નથી. જાણે ઈશ્વરની દયાથી મને ઘર અને કુટુંબ મળી ગયું હોય! મારું વહાલું મઝાનું બાળ! મેં તમને જેવાંતેવાં ચાર પોલકાં મોકલ્યાં તેમાં અકળાઈ જવાની જરૂર નથી. તમારે તેની જરૂર હતી, મને ફેદોરા પાસેથી ખબર પડેલી. તમને ખુશ કરવામાં મને ખાસ સુખની લાગણી થાય છે, તમારી ખુશી એ તો મારી પોતાની ખુશી છે, એટલે નકામા વાંધા ન ઉઠાવો અને દલીલો ન કરો. મારી બાબતમાં આવું અગાઉ ક્યારેય નથી બન્યું, વહાલાં. જિંદગીમાં જાણે ઉજાસ ફેલાઈ ગયો છે. પહેલી વાત તો એ કે હું જાણે બેવડી જિંદગી માણી રહ્યો છું કારણ કે તમે સામે જ રહો છો અને મારી દરેક ઘડીને ઉજાળી દો છો. બીજી

વાત એ કે મને આજે મારા પાડોશી રાતાઝ્યાયેવે ચાનું આમંત્રણ આપ્યું છે. તે અમલદાર છે અને સાહિત્યિક મેળાવડાઓ કરે છે. અમે સાહિત્ય વાંચવાના છીએ. અમે એવા લોકો છીએ, સમજ્યાં! ઠીક ત્યારે, આવજો! મેં આટલું અમસ્તું લખી નાખ્યું છે, મારી તબિયત ઠીક છે એમ તમને જણાવવા સિવાય બીજા કોઈ ખાસ હેતુ વગર. વહાલાં, તમે થેરેઝા મારફત કહેવડાવ્યું છે કે તમારે ગૂંથણ માટે થોડાક રંગીન રેશમની જરૂર છે. હું ખરીદી લઈશ, વહાલાં, જરૂર ખરીદી લઈશ. તમારી ઈચ્છા સંતોષવાની ખુશી માણવામાં મને આવતીકાલથી વધારે મોડું નહિ થાય. ક્યાં મળશે તેનીયે મને બરાબર ખબર છે.

સદૈવ તમારો હેતાળ મિત્ર

માકાર દેવુશ્કિન

૨૨ જૂન

ભલાં બાનુ વાર્વારા આલેક્સેયેવ્ના,

અમારે ત્યાં બની ગયેલા એક કરુણ બનાવ વિશે, બહુ જ કરુણ બનાવ વિશે, તમને જણાવતાં મને અફસોસ થાય છે. આજે સવારે ચાર વાગ્યા પછી ગોર્શ્કોવના નાનકડા દીકરાનું અવસાન થઈ ગયું. રોગની મને ખબર નથી—કોઈ જાતનો ચેપી રોગ કે એવું કંઈક. હું તેમને દિલાસો આપવા બેશક ગયેલો. ગરીબોની જિંદગી જીવે છે, અને ઓરડો સાવ ગંદો ને બેહાલ હતો! તેમાં અચરજ થાય એવું કંઈ નથી. બધાં એક જ ઓરડામાં રહે છે, ખાલી શિષ્ટતાને ખાતર પડદા ગોઠવી રાખેલા છે. કફનપેટી તૈયાર હતી, નાનકડી ને સાદી, પણ દેખાવડી. તૈયાર જ ખરીદી લીધેલી. છોકરો નવ વરસનો હતો. સાંભળ્યું છે કે આશા જન્માવે એવો હતો. વારેન્કા, તેમની સામે જોવામાંયે દુઃખ થતું હતું. મા રડતી નહોતી, પણ એટલી ગમગીન લાગે છે કે બસ, બિચારી! એક બાળકને ખવડાવવાનું મટ્યું એથી કદાચ થોડીક રાહત થાય. બીજાં બે છે — એક તો સાવ બચ્ચું છે અને બીજી લગભગ છ વરસની નાનકડી દીકરી છે. બાળકોને પીડાતાં જોવામાં કોઈને ખુશી ન જ થાય, ખાસ કરીને પોતાનાં હોય અને તેમને કોઈ રીતે મદદ કરી શકાય એમ

ન હોય ત્યારે. બાપ જૂનો ચળકતો ફ્રૉક-કોટ પહેરીને ભાંગેલી ખુરશી પર બેઠો હતો. તેના ગાલ પર આંસુની ધારાઓ વહી રહી હતી, પરંતુ આંસુ દુખનાં નહોતાં, કદાચ ટેવને લીધે હશે, કારણ કે તેને આંખોની કશીક બીમારી છે. અજબ આદમી છે—કોઈ તેની જોડે વાત કરે તો શરમથી રાતો રાતો થઈ જાય, ગૂંચવાડામાં અટવાઈ જાય, અને તેની જીભ જાણે ઝલાઈ જાય. નાનકડી બાળકી, તેની દીકરી, કફનપેટી પાસે ઊભી હતી, બિચારી સાવ કરમાઈ ગયેલી લાગતી હતી, અને વિચારમાં ગરકાવ હતી. કોઈ બાળકને એવી રીતે વિચારોમાં અટવાઈ ગયેલું જોવાનું મને ગમતું નથી, કોણ જાણે કેમ પણ એ ઠીક નથી લાગતું. તેની ચીંથરાંની ઢીંગલી ભોંય પર પડી હતી—તે ઢીંગલી લઈને રમતી નહોતી, હોઠે આંગળી દબાવીને ઊભી હતી, અને જરાય હલતી નહોતી. મકાન માલિકણે તેને ખાટીમીઠી આપી, અને તેણે લીધી પણ ખાધી નહિ. બહુ અફસોસની વાત છે, વારેન્કા, નહિ?

માકાર દેવુશ્કિન

૨૧ જૂન

હેતાળ માકાર આલેક્સેયેવિચ,

તમારું પુસ્તક પાછું મોકલું છું, બહુ જ ખરાબ છે. હાથ અડાડવામાંય ચીતરી ચડે એવું છે. આવું રતન તમે ક્યાંથી ગોતી કાઢ્યું? મજાક રહેવા દઈએ, પરંતુ તમને શું ખરેખર આવાં પુસ્તકો ગમે છે, માકાર આલેક્સેયેવિચ? થોડા દિવસ પછી મને કશુંક વાંચવા આપવાનો વાયદો કરવામાં આવ્યો છે. તમારી મરજી હોય તો તમને પણ મોકલીશ. ઠીક, આવજો. વધુ લખવાનો સમય નથી.

વા. દો.

૨૯ જૂન

વહાલાં વારેન્કા! હકીકતમાં વાત એમ છે કે મેં પુસ્તક વાંચેલું જ નહિ. થોડાંક પાનાં વાંચીને મને લાગ્યું કે ખાલી લોકોને હસાવવાના જ આશયથી નાદાનીની વાતો લખેલી છે. મને થયું કે તમને મઝા પડશે. મારા મનમાં

ખ્યાલ આવ્યો કે કોને ખબર કદાચ વારેન્કાને ગમી જાય, એટલે મેં તમને મોકલ્યું.

પરંતુ રાતાઝ્યાયેવે મને ખરેખર વાંચવા લાયક કશુંક આપવાનો વાયદો કર્યો છે, એટલે તમને વાંચવાનું પુષ્કળ મળી રહેશે, વહાલાં. આ રાતાઝ્યાયેવ પાકો છે, ખરો વિદ્વાન, અને પોતે પણ લખે છે. વાહ, કેવું સરસ લખે છે! તેની કલમ તેજીલી છે, અને તેને લખાણમાં, દરેક શબ્દમાં, છટા રેડી દેતાં આવડે છે. અરે, હું ફાલદોની કે થેરેઝા જોડે વાત કરતી વેળા વાપરું એવા સાવ ઠાલા, નજીવા, બેઢંગા શબ્દો પણ તેની કલમ વડે લખાય ત્યારે એકદમ છટાદાર બની જાય. હું તેના મેળાવડાઓમાં પણ જાઉં છું. અમે ધુમાડા કાઢતા બેસીએ અને તે પોતાનાં લખાણ વાંચી સંભળાવે—ક્યારેક તો સવારના પાંચ વાગી જાય. જાણે સાહિત્યની ઉજાણી. બહુ જ સુંદર, પુષ્પો જેવી સુંદરતા, તેને માટે બીજો કોઈ શબ્દ જ નથી. દરેક પૃષ્ઠનો એક ગુચ્છો બનાવી શકાય! વળી માણસ બહુ ભલો છે, બહુ ખ્યાલ રાખે એવો, અને જે બને તે કરવા તૈયાર! તેની સરખામણીમાં મારી શી વિસાત? જરાય નહિ! તેને માન મોભો છે. અને મારે? મુદ્દલ નહિ. હું તો જાણે હયાત જ નથી. તેમ છતાં મારી ઉપર મહેરબાની રાખે છે. ક્યારેક મને નકલનું કામ પણ આપે છે. પરંતુ, વહાલાં, તેમાં એવી કશી ચાલાકીની શંકા આણશો નહિ કે તે મારી પાસે નકલનું કામ કરાવવાના આશયે મારી ઉપર મહેરબાની રાખે છે! એ તો ખારીલી કૂથલી છે, વહાલાં, બસ ખારીલી કૂથલી જ! હું કામ કરી આપું છું કારણ કે ખરેખર મારી મરજી હોય છે, મારી પોતાની ખુશી ખાતર કરું છું, અને તેની મહેરબાની બરાબર એ વાતમાં જ છે—તેનો ઈરાદો મને ખુશ કરવાનો હોય છે. બારીકી નજરે પડે ત્યારે તેને પારખી લેવાની આવડત મારામાં છે, વહાલાં. નેક ભલો માણસ છે, હા, અને પાછો સરસ લેખક પણ ખરો!

સાહિત્ય તો મઝાની બાબત છે, વારેન્કા, બહુ મઝાની. પરમ દિવસે મને તેમની પાસેથી એ જાણવા મળ્યું. વળી ગહન! તે બોધપ્રદ હોય છે, શકિત આપે છે. તેને વિશે એવું બધું અને ઘણું વધારે તેમના પુસ્તકમાં જોવા મળે છે. અને લખાણ એવું સરસ કે બસ! સાહિત્ય તો ચિત્ર છે, મતલબ કે એક જાતનું ચિત્ર છે, અને દર્પણ છે. તે ભાવોર્મિઓને વ્યક્ત કરે છે, ગંભીર આલોચના રજૂ કરે છે, બોધ આપે છે, અને વધારામાં

જીવનની તવારીખ હોય છે. આ બધું મને તેમની પાસેથી જાણવા મળ્યું. વહાલાં, સાફ દિલે વાત કરું તો હું ત્યાં સાંભળતો બેસી રહું છું (બીજા માણસોની જેમ હોકલી પીતો), પરંતુ તરેહવાર બાબતો વિશે તેમની દલીલો શરૂ થઈ જાય એટલે હું જાણે અળગો તરી જાઉં છું. એ બધું આપણા મગજમાં ઊતરે જ નહિ! મને ખરેખર શરમ આવે છે. આખી સાંજ ત્યાં જડભરત જેવો બેસી રહું છું, વચમાં બોલી શકાય એવો કોઈ બંધબેસતો શબ્દ ખોળી કાઢવા ભેજું કસતો રહું છું, પણ અરધો બંધબેસતો શબ્દ પણ કદી મળતો નથી! આપણામાં પૂરી લાયકાત નથી, વરસો વીતી ગયાં છે પણ મારામાં શાણપણ વધ્યું નથી, એવો ખ્યાલ આવતાં બહુ અફસોસ થાય છે, વારેન્કા. ફુરસદના વખતમાં હું શું કરું છું? લાંબો થઈને નીંદર ખેંચી કાઢું છું. તેને બદલે કશુંક ગમે એવું કરી શકું, લખી શકું. તે મને ઉપયોગી થાય અને બીજા લોકોને બોધ આપે. અરે, તમને ખબર છે એમાં આ લોકોને કેટલા પૈસા મળતા હોય છે? ઈશ્વર તેમને માફ કરે. રાતાઝ્યાયેવનો દાખલો લઈએ—તેને કેટલા પૈસા મળે છે! એક પાનું લખવું એટલે તેને માટે રમત વાત છે. તેના કહેવા મુજબ તે રોજનાં પાંચ પાનાં લખી શકે છે, અને એક પાનાના ત્રણસો રૂબલ મળે છે. કોઈ વિનોદી વાર્તા હોય અથવા લોકોના કુતૂહલની કશી બાબત વિશે હોય તો એક પાનાના પૂરા પાંચસો રૂબલ મળે. ના પાડવાની હિંમત તો કરે! આગલી વાર એક હજાર માગવાના! એમ વાત છે, વાર્વારા આલેક્સેયેવ્ના! અરે, મારાં વહાલાં, કાવ્યોની વાત લઈએ, સાવ નાનકડાં કાવ્યો—તેની પાસે કાવ્યોની આખી નોટબુક ભરેલી છે—અને કિંમત પૂરા સાત હજાર! જરાક વિચાર કરો! જાણે આખી જાગીરની કિંમત, હવેલીની કિંમત! તેના કહેવા મુજબ પાંચ હજારનું કહેણ આવ્યું છે, પણ તેને વધારે જોઈએ છે. મેં સમજાવવાની કોશિશ કરી: પાંચ હજાર લઈ લો, અને જાય જહન્નમમાં એ લોકો! પાંચ હજાર રૂબલ રોકડા હાથમાં આવી જાય! પણ તેનો ફેંસલો પાકો છે. "સાત હજાર આપશે!" ચાલાક છે, ખરેખર.

નકામા શબ્દો શા માટે વેડફવા? તેને બદલે 'ઇટાલીમાં જીવનના મનોરાગ'નું અવતરણ ટાંકું છું. તેના પુસ્તકનું નામ એવું છે. તમે પોતે જ મુલવણી કરી લેજો:

"વ્લાદીમિર ચોંકી ગયો, કારણ કે તેની નસોમાં મનોરાગની ભરતી ઉછાળા મારતી અંતિમ કક્ષાએ પહોંચી ગઈ હતી.

'કાઉન્ટેસ!' તે બોલી ઊઠયો. 'તમને ખબર છે કે મારી આ ચાહના કેવી ભયંકર છે, આ ઘેલછા કેવી અપાર છે? ના! મારાં સ્વપ્નોએ છળ નથી કર્યો! તમારા પ્રતિ મારા પ્રેમમાં ભાવોન્માદ છે, ગાંડપણ છે, હું તમને બેહદ ચાહું છું. તમારા પતિની કાયાનું બધુંયે રકત પણ મારા આત્માની ઊછળતી કારમી પ્રેમતૃષાને છિપાવી ન શકે! મારી થાકેલી છાતીને કોરી ખાતી સર્વનાશક નારકી જ્વાળાને કોઈ અવરોધ ફેલાતી અટકાવી શકે એમ નથી! ઓહ, ઝિનાઈદા, ઝિનાઈદા!..'

'વ્લાદીમિર!' કાઉન્ટેસ તેની છાતીએ માથું ચાંપતી જાણે ભાન ભૂલીને હોઠ ફફડાવતી બોલી.

'ઝિનાઈદા!' પ્રેમઘેલો સ્મેલ્સ્કી ફરી બોલી ઊઠયો.

તે વેગીલા તૂટક શ્વાસ લઈ રહ્યો હતો. પ્રેમની વેદી પર તેજના ઝબકારા કરતી જ્વાળા બે દુર્ભાગી દુખી જીવોનાં હૈયાંને બાળી રહી હતી.

'વ્લાદીમિર!' મોહપાશમાં જકડાયેલી કાઉન્ટેસે ફરી હોઠ ફફડાવ્યા. તેની છાતી ઉછાળા મારી રહી હતી, તેના ગાલ ચળકી રહ્યા હતા, તેની આંખો તણખા વેરી રહી હતી...

નવો અને ભયંકર સમાગમ સમાપન પામ્યો.

. . . .

અરધા કલાક પછી વયોવૃદ્ધ કાઉન્ટ પત્નીના ખંડમાં દાખલ થયો.

'કેમ વહાલી, આપણા મોંઘેરા મહેમાનને ચા પિવડાવીશું ને?' કહેતાં તેણે પત્નીનો ગાલ પંપાળ્યો."

તો બોલો, વારેન્કા, કેવું લાગે છે? ખરી વાત કે છૂટ જરાક વધારે લીધી છે, તેનો તો ઇનકાર થઈ શકે જ નહિ, પરંતુ તેમ છતાં સારું છે. માણસની લાયકાત તો માનવી જ પડે. હવે 'યેર્માક અને ઝૂલેઈકા' નામની તેની વાર્તાનો થોડોક ભાગ જુઓ.

વહાલાં, કલ્પના કરો કે સાઇબિરિયા જીતી લેનારો ઝનૂની અને ભયંકર યેર્માક સાઈબિરિયાના ઝાર કુચૂમની કુંવરી ઝૂલેઈકાના પ્રેમમાં પડે છે. ઝૂલેઇકા તેની કેદી છે. ભયંકર ઇવાનના જમાનાની ઘટના છે.

"'તું મને ચાહે છે, ઝૂલેઇકા? ફરી બોલ કે તું મને ચાહે છે, તું મને ચાહે છે!'

'હું તને ચાહું છું, યેર્માક,' ઝૂલેઈકા હળવા અવાજે બોલી.

'જમીન અને આસમાન, તમારું અહેસાન! હું સુખી છું! તમે મને બધું જ આપ્યું છે, છેક જન્મથી જ મારો વ્યથિત આત્મા જેની ખોજ કરી રહ્યો હતો તે તમે મને આપ્યું છે! મારા માર્ગદર્શક તારક, આને ખાતર જ તેં મને અહીંયાં પહોંચાડયો છે, આને ખાતર જ તું મને ખડકોની હારમાળાની પાર દોરી લાવ્યો છે! હવે હું આખી દુનિયાને મારી ઝૂલેઈકા બતાવીશ, અને લોકો, પેલા વિકરાળ રાક્ષસો, મારો દોષ કાઢવાની હિંમત નહિ કરી શકે. અરે, માનવીઓ તેના કોમળ હૈયાની છાની વેદનાને સમજી શકતા હોત, તેના એક એક નાનકડા આંસુમાં સમાયેલા કાવ્યને જોઈ શકતા હોત! અરે, અલૌકિક સુંદરી, મને એ આંસુ મારાં ચુંબનોમાં ભરી લેવા દે, સ્વર્ગનાં એ અમૃતબિંદુઓ મને પી લેવા દે!'

'યેર્માક', ઝૂલેઈકા બોલી, 'દુનિયા નિષ્ઠુર છે અને લોકો ગેરઇનસાફી છે. તેઓ આપણને અળગા હાંકી કાઢશે, વગોવશે, પ્યારા યેર્માક! સાઇબિરિયાના હિમથી છવાયેલા વિસ્તારોમાં પિતાના તંબુમાં ઊછરેલી બિચારી બાળા તમારા લાગણીશૂન્ય, બનાવટી, નિર્દય, અને ઘમંડી સમાજમાં કરમાઈ જશે. એ લોકો મને, મારા હૈયાની ઝંખનાને, કદી નહિ સમજી શકે.'

'તો મારી કઝ્ઝાક તલવાર તેમનાં માથાં ઉપર વીંઝાવા લાગશે!' યેર્માક બોલી ઊઠયો. તેની આંખોમાં જાણે અંગારા ચળકી રહ્યા હતા."

વારેન્કા, કલ્પના કરો કે તેને ઝૂલેઈકાની હત્યાની જાણ થઈ હશે ત્યારે કેવું લાગ્યું હશે. આંધળો બુઢ્ઢો કુચૂમ રાતના અંધારામાં યેર્માકના તંબુમાં ઘૂસી ગયો હતો અને તેણે પોતાની જ દીકરીને કટાર ભોંકીને મારી નાખી હતી. તેની મુરાદ પોતાની રાજગાદી અને રાજદંડ છીનવી લેનારા આદમીને જીવલેણ ફટકો લગાવવાની હતી.

"'પથ્થર ઉપર પોલાદ ઘસાવાનો અવાજ મને બહુ ગમે છે!' મંતરેલા ખડક ઉપર પોતાની તલવાર ઘસીને ધાર કાઢી રહેલો યેર્માક ક્રોધના આવેશમાં બોલ્યો. 'મને લોહી જોઈએ! એ લોકોને કાપી નાખો, કાપીને કકડા કરી નાખો!'"

પછી ઝૂલેઈકાનો વિયોગ સહેવા અશકત બની ગયેલો યેર્માક ઇર્તીશ નદીમાં ઝંપલાવીને મોતને ભેટે છે, અને વાર્તા ત્યાં પૂરી થાય છે.

અને આ જુઓ, હાસ્યરસનો નમૂનો, ખાલી લોકોને હસાવવા:

"ઈવાન પ્રોકોફ્યેવિચ ઝેલ્તોપૂઝને ઓળખો છો? જેણે પ્રોકોફી ઈવાનોવિચના પગે બટકું ભરેલું તે જ આદમી. ઈવાન પ્રોકોફ્યેવિચ તુંડમિજાજી માણસ છે, પરંતુ તેનામાં કેટલાક વિરલ ગુણ પણ છે. એથી ઊલટું, પ્રોકોફી ઈવાનોવિચને મૂળા ભેગું મધ ખાવાનો શોખ છે. તેને પેલાગેયા આન્તોનોવ્ના જોડે સંબંધ હતો ત્યારે... પેલાગેયા આન્તોનોવ્નાને ઓળખો છો? એ બાઈ ઘાઘરો હંમેશાં અવળો પહેરે છે."

ગજબની રમૂજ, વારેન્કા, રમૂજની રેલમછેલ, નહિ કે? તેણે અમને વાંચી સંભળાવ્યું ત્યારે અમે તો હસી હસીને બેવડ વળી ગયેલા. એવો આદમી છે, ઈશ્વર તેને માફ કરે! કદાચ થોડુંક તરંગી અને વધારે પડતું છીછરું છે, પણ સાવ સાવ નિર્દોષ છે અને મુકત ચિંતન કે વિપ્લવી વિચારો જેવું કશું જ તેમાં નથી. વારેન્કા, મારે કહેવું જ પડે કે રાતાઝ્યાયેવ નેક ચાલચલગતનો માણસ છે અને એ કારણે સરસ લેખક છે—મોટા ભાગના લેખકોની બાબતમાં એટલું પણ કહી શકાય એમ નથી.

અને ધારો કે—ક્યારેક મનમાં કેવા બેહૂદા ખ્યાલ આવે છે—ધારો કે હું કંઈક લખું તો? કલ્પના કરો કે તમને અચાનક આવું પુસ્તક જોવા મળે છે: 'માકાર દેવુશ્કિનનાં કાવ્યો'. તો તમે શું કહેવાનાં, મારાં નાનકડાં પરીબાઈ? તમને કેવું લાગે, હેં? વહાલાં, મારી બાબતમાં કહું કે મારું કોઈ પુસ્તક પ્રકાશિત થાય તો હું નેવ્સ્કી માર્ગે નીકળવાની હિંમત જ ન કરું. સૌ મારી તરફ જોઈને કહેતા હોય કે "જુઓ દેવુશ્કિન જાય છે, કવિ અને સાહિત્યકાર!" અથવા "જીવતો જાગતો દેવુશ્કિન, પણે જાય છે!" એવી હાલતમાં મને કેવી લાગણી થાય? વળી મારા બૂટનું શું કરું? અમસ્તું કહી દઉં કે મારા બૂટમાં હંમેશાં થીગડીઓ મારેલી હોય છે અને તળાં ક્યારેક તો બહુ જ ભૂંડાં લાગે એટલાં ફાટેલાં હોય છે. કવિ અને સાહિત્યકાર દેવુશ્કિનને બધા લોકો થીગડીઓવાળા અને ફાટેલા બૂટ પહેરીને જતો જુએ એ તો ભયંકર વાત ગણાય. અને કાઉન્ટેસ-ડચેસને ખબર પડે તો શું કહે? હું નથી માનતો કે તેના ધ્યાનમાં આવે કારણ કે કાઉન્ટેસ-ડચેસને કોઈના બૂટની એટલી ફિકર ન હોય, ખાસ કરીને કારકુનના બૂટની તો નહિ જ. (બેશક, બૂટ અને બૂટમાં ફેર હોય છે.) પરંતુ મારા પોતાના મિત્રો જ ભાંડો ફોડી નાખે, સૌથી પહેલાં તો રાતાઝ્યાયેવ. તેના કહેવા મુજબ તે

ઘણી વાર, મુલાકાતના દરેક દિવસે, કાઉન્ટેસ ... ને મળે છે, અને ક્યારેક ક્યારેક અમસ્તો પણ મળવા જાય છે. તેની નજરે તો મઝાની બાઈ છે, જાણે પૂરેપૂરી સાહિત્યના રંગે રંગાયેલી. આ રાતાઝ્યાયેવ ખરો ચતુર આદમી છે!

પણ બહુ થઈ ગયું. હું તો ખાલી મોજને ખાતર અને તમારું મન બહલાવવા લખતો જ રહ્યો. આવજો, મારાં મોંઘેરાં! મેં આજે ઘણો બધો લવારો લખી માર્યો છે, પણ એ તો હું બહુ ખુશ છું એટલે. અમે સૌ રાતાઝ્યાયેવ ભેગા જમેલા, અને એ લોકોએ (મવાલીઓ ક્યાંના!) દારૂ પણ ઉડાવેલો. મારે આ વાત લખવી ન જોઈએ. પણ મારે વિશે કશો ખોટો ખ્યાલ ન બાંધી લેશો, વારેન્કા. એ તો બધું અમસ્તું એમ જ. હું તમને પુસ્તકો મોકલીશ, ચોક્કસ મોકલીશ... હમણાં ઘરમાં પોલ-દે-કોકનું પુસ્તક વંચાઈ રહ્યું છે. પણ તમારે વાંચવા જેવું નથી, વહાલાં, કોઈ રીતે નહિ! સાંભળ્યું છે કે પિટર્સબર્ગમાં સઘળા વિવેચકોએ તેની ઉપર પુણ્યપ્રકોપ વરસાવ્યો છે. હું તમને એક રતલ ચૉકલેટ મોકલી રહ્યો છું, ખાસ તમારે માટે જ ખરીદી લાવેલો. લહેરથી ખાજો, વહાલાં, અને દરેક કકડો ખાતી વેળા મને યાદ કરજો. ખાટીમીઠીને ચૂસીને ખાવાની, વહાલાં, ચાવીને નહિ. ચાવો તો દાંત દુખે. તમને ફળનો મુરબ્બો ભાવે છે? ભાવતો હોય તો લખજો. ઠીક ત્યારે, આવજો વારેન્કા, આવજો! ભગવાન તમારું ભલું કરે, નાનકડું પારેવડું મારું!

સદા તમારો
સૌથી વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

૨૭ જૂન

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

ફેદોરા કહે છે કે મારી મરજી હોય તો કેટલાક લોકો મને મદદ કરીને ખાનગી શિક્ષિકા તરીકેની સારી નોકરી અપાવવા તૈયાર છે. હા પાડું કે ના? તમે શી સલાહ આપો છો? મંજૂર કરી લઉં તો પછી તમારી ઉપર બોજા

સમી નહિ રહું, અને માનું છું કે પગાર સારો જ હશે. બીજી તરફ, અજાણ્યા ઘરમાં જઈને રહેવાનો ખ્યાલ મને ગભરાવી નાખે છે. ક્યાંક જમીનદારનું કુટુંબ છે. એ લોકો પૂછપરછ કરવા લાગશે, મને મારા ભૂતકાળ વિશે સવાલો કરશે, નાહક ખણખોદ કરશે, અને મારે શું કહેવું? વળી મને એકલતા ગમે છે, હળવામળવાનો શોખ નથી, હું લાંબા રહેવાસની જગ્યાથી ટેવાઈ જાઉં છું અને જિંદગી થોડીઘણી મુશ્કેલ હોય તોયે ત્યાં જ મને નિરાંત લાગે છે. આ જગ્યા દૂરની છે, અને કોને ખબર છે મારે શું કામ કરવાનું હશે, કદાચ ખાલી બાળકોની સંભાળ રાખવાનું હોય. વળી એ લોકોને રાજી રાખવાનું જાણે કઠિન હોય એમ લાગે છે, બે વરસમાં ત્રીજી વાર શિક્ષિકા બદલાવી રહ્યા છે. હું તમને વિનંતિ કરું છું, માકાર આલેક્સેયેવિચ, મને સલાહ આપો. જાઉં કે નહિ? તમે ક્યારેય અમને મળવા કેમ નથી આવતા? હમણાં હમણાં તો તમને મળવાનું બહુ જ ઓછું થાય છે. ખાલી રવિવારે અને દેવળમાં. તમે પણ એકલતાના હેવાયા થઈ ગયા છો, મારી જેમ જ. અને હું તો જાણે તમારાં સગાંમાંથી જ છું. તમને મારી ઉપર વહાલ નથી, માકાર આલેક્સેયેવિચ, અને હું અટૂલી બહુ ઉદાસ રહું છું. ક્યારેક, ખાસ કરીને સાંજની વેળાએ, હું એકલી બેસી રહું છું, સાવ એકલી. ફેદોરા બહાર જાય અને હું બેઠી હોઉં, બસ વિચાર જ વિચાર કરતી બેઠી હોઉં, ગમગીન તેમ જ ખુશીભર્યા ભૂતકાળના ખ્યાલ આવે, બધું મારી નજર સામે તરવરવા લાગે, ફરી પરિચિત ચહેરા (લગભગ અસલ જેવા) દેખાય, બીજા કોઈ કરતાં માનો ચહેરો વધારે વાર નજરે પડે... વળી કેવાં સપનાં આવે! મને લાગે છે કે મારી તંદુરસ્તી સાવ બરબાદ થઈ ગઈ છે, કમજોરી બહુ છે. આજે ઊઠી ત્યારે અચાનક જ જાણે બેભાન થઈ જતી હોઉં એમ લાગેલું. થોડા વખતથી સખત ઉધરસ છે. હું હવે ઝાઝું જીવવાની નથી, મને એવી લાગણી થાય છે, મને ખબર પડી ગઈ છે. પણ કોને પરવા છે? કોણ મારી પાછળ રડવાનું છે? કોણ મારા મૈયત ભેગું કબ્રસ્તાન સુધી જવાનું છે? અને મારે કદાચ અજાણ્યા ઘરમાં, અજાણી જગ્યાએ, મરવું પડે... હે ભગવાન, જીવનમાં કેટલો બધો વિષાદ છે! તમે મને હરદમ ચૉકલેટ કેમ ખવડાવતા રહો છો, માકાર આલેક્સેયેવિચ, મારા મિત્ર? હું તો ધારણા જ નથી કરી શકતી કે તમે પૈસા ક્યાંથી લાવતા હશો. અરે, વહાલા મિત્ર મારા, પૈસા બચાવો, ભગવાનને ખાતર બચાવો! મારા ગૂંથણકામવાળી

જાજમ ફેદોરા વેચી રહી છે. બૅંક-નોટના પચાસ રૂબલ મળશે એમ લાગે છે. સારી કિંમત ગણાય, મેં ધારેલી તેનાથી વધારે. ત્રણ રૂબલ ફેદોરાને આપીશ, અને મારે માટે એક ફ્રૉક બનાવીશ, સાદું પણ ગરમ. વળી તમારે માટે એક બંડી પણ બનાવીશ, હું જાતે જ બનાવીશ, અને કાપડ સારું લઈશ.

ફેદોરા મારે માટે એક પુસ્તક લઈ આવી છે 'ઇવાન બેલકિનની વાર્તાઓ'.* તમને મોકલું છું, મન થાય તો વાંચજો, પણ ખરાબ થવા દેશો નહિ અને બહુ ઝાઝી વાર રાખશો પણ નહિ. મારું નથી. બે વરસ પહેલાં મેં અને માએ ભેગાં મળીને આ વાર્તાઓ વાંચેલી, ફરી મેં એકલીએ વાંચી ત્યારે મન બહુ ઉદાસ થઈ ગયું. તમારી પાસે કોઈ પુસ્તકો હોય તો મોકલજો, પરંતુ રાતાઝ્યાયેવ પાસેથી લઈને નહિ. એ તો તેનાં પોતાનાં જ પુસ્તકો તમને આપશે, છપાયાં હશે તો. માકાર આલેક્સેયેવિચ, એવાં પુસ્તકો તમને કેવી રીતે ગમી જાય છે? સાવ કચરા જેવાં છે... ઠીક ત્યારે, આવજો, મેં વાતોના તડાકા વધારે પડતા મારી લીધા. હું ઉદાસ હોઉં એવી હાલતમાં મને ક્યારેક વાતોના તડાકા મારવાનું ગમે છે. જાણે દવા સમજો, તરત રાહત મળે છે, ખાસ કરીને તો મારા હૈયામાં ભાર બનીને રહેલું બધું કહી નાખું ત્યારે. આવજો, મારા મિત્ર, આવજો!

તમારી

વા. દો.

૨૮ જૂન

વહાલાં વાર્વારા આલેક્સેયેવ્ના,

નકામી ખોટી ફિકર હવે રહેવા દો. તમને શરમ નથી આવતી? બસ હવે, બહુ થયું, મારાં પરીબાઈ! આવા વિચારો તમારાથી કદી કરાય જ કેમ? તમે માંદાં નથી, વહાલાં, જરાય માંદાં નથી. તમે તો ખીલી રહ્યાં

---

*ઓગણીસમી સદીના ચોથા દાયકામાં લખાયેલી આલેક્સાન્દર પૂશ્કિનની વાર્તાઓનો સંગ્રહ.—સં.

છો, બસ ખીલી રહ્યાં છો! કદાચ થોડીક ફીકાશ હશે, પણ તોયે ખીલી રહ્યાં છો. આ સપનાંની અને નજર સામે કશુંક તરવરવાની વાતો કરો છો એ બધું શું છે? તમને શરમ આવવી જોઈએ, પારેવડું મારું! તેને તો ચપટી વગાડીને અલોપ કરી દો, સમજ્યાં ને? મને કેમ મઝાની નીંદર આવે છે, કોઈ જાતની પરેશાની ક્યારેય થતી જ નથી? મને જુઓ! ગાઢ નીંદરમાં પડી જાઉં છું, નખમાંયે રોગ નથી, જુવાન જેવો તાજોમાજો રહું છું, ખરેખર. બસ હવે, વારેન્કા, આવી બધી ફિકર મૂકી દો. મનને કાબૂમાં કરી લો. તમને તો હું બરાબર જાણું છું. નજીવું કંઈક બને કે તરત જ સપનાં અને ફિકરમાં ગરકાવ. હવે એ બધું મૂકી દો, મારે ખાતર! અને ખાનગી શિક્ષિકાની નોકરીની વાત—કદી નહિ! ના, ના, ના! કેવો ખ્યાલ! તમને એવો વિચાર જ કેવી રીતે આવ્યો? અને જગ્યા પણ બહુ દૂર છે. ના, વહાલાં, મને મંજૂર નથી. હું પૂરું જોર લગાવીને વિરોધ કરું છું. હું મારો જૂનો ફ્રૉક-કોટ વેચી નાખીશ અને ખાલી ખમીસ પહેરીને ફરતો રહીશ, પણ તમારી જરૂરતો પૂરી કરીશ. ના, વારેન્કા, એવું કામ તમારે માટે ઠીક નથી. એ તો બેવકૂફી છે, નરી મૂર્ખાઈ! મને ખાતરી છે કે એમાં વાંક ફેદોરાનો જ છે, સાવ અક્કલ વગરની ઓરત છે, તેણે જ તમને ચડાવ્યાં હશે. વહાલાં, તેનો વિશ્વાસ કરશો નહિ. તેની બાબતમાં તમને પૂરી ખબર નહિ હોય. મૂઢ છે, ખેધો મૂકે જ નહિ એવી કૂથલીખોર છે. તેણે તેના મરહૂમ ખાવિંદને પજવી પજવીને જ મારી નાખ્યો હતો. તેણે જ કદાચ તમને ગુસ્સે કરી દીધાં હોય? ના, ના, મીઠડાં, કોઈ કાળે નહિ જ, એમ નથી જ કરવાનું! પછી હું શું કરું, મારે માટે શું બાકી રહે? ના, વારેન્કા, ના, વહાલાં! એ ખ્યાલને મનમાંથી કાઢી જ નાખો! આખર તમને અહીંયાં શાની કમી છે? અને તમે છો એટલે અમને કેટલી ખુશી થાય છે, મને અને ફેદોરાને! અને તમને પણ અમારી ઉપર હેત છે. તો પછી હાલ સરસ મઝાની જિંદગી છે તેને જ ચાલુ કેમ ન રાખવી! વાંચો અને સીવણ કરો, અથવા ખાલી વાંચો અને સીવણ રહેવા દો—પણ અહીંથી ક્યાંય જવાનું નથી, બસ. ના, એ નહિ ચાલે, અહીંથી જતાં રહેવાની વાત નહિ ચાલે! તમને જોઈએ તે પુસ્તકો હું મોકલીશ, આપણે ફરવા જવાનું ફરી ચાલુ કરી દઈશું, પણ સાન ઠેકાણે રાખો અને આવી મૂર્ખાઈના વિચારો સાવ છોડી દો. હું તમને મળવા આવીશ, અને બહુ જલદી

આવવાનો છું. માફ કરજો કે મેં મારા મનની વાત સાફ સાફ જણાવી દીધી, પણ તમે ખોટું કર્યું છે, મીઠડાં, બહુ ખોટું કર્યું છે. હું તો બેશક વિદ્વાન માણસ નથી જ, કહેવત છે તે મુજબ મારું ભણતર તો કોપેકની ફી ચૂકવીને થયું છે, પણ હું મારી વાત નથી કરતો, રાતાઝ્યાયેવની વાત કરવા માગું છું. માફ કરજો, વહાલાં, પણ મારે તેનો બચાવ કરવો જ જોઈએ. તે મારો મિત્ર છે અને મારે તેનો બચાવ કરવો જ જોઈએ. તે લખે છે સારું, બહુ બહુ સારું, હકીકતમાં જરાય ખરાબ નથી. એ બાબતમાં હું તમારી વાત માની ન શકું, કોઈ રીતે ન જ માની શકું. તેની ભાષા બહુ છટાદાર હોય છે, તેમાં મઝાના અલંકારો હોય છે, અને તે પોતાના લખાણમાં તરેહવાર વિચારોને ગૂંથી લે છે. જરાય ખરાબ ન કહેવાય. કદાચ તમે હમદર્દીનું વલણ રાખીને નહિ વાંચ્યું હોય, વારેન્કા? અથવા તમારું મન એ વખતે ખરાબ થઈ ગયેલું હોય? તમને ફેદોરા ઉપર ખીજ ચડી હોય કે કશીક અણગમતી વાત બની ગઈ હોય? ફરી વાર વાંચી જુઓ, વારેન્કા, સહાનુભૂતિ રાખીને અને વધારે ધ્યાનથી. દાખલા તરીકે, તમને આનંદ અને સંતોષની લાગણી થતી હોય અને તમે ખુશમિજાજમાં હો ત્યારે મોંમાં ખાટીમીઠી રાખીને ફરી વાંચી જુઓ. બેશક મને શંકા નથી (કોને હોય?) કે રાતાઝ્યાયેવથી બહેતર, કદાચ ઘણા વધારે સારા, લેખકો છે ખરા. તેઓ સારા છે, અને રાતાઝ્યાયેવ પણ સારો લેખક છે. તેઓ સારું લખે છે, પણ રાતાઝ્યાયેવ કંઈ ખરાબ નથી લખતો. તે પોતાને ખાતર લખે છે, થોડુંઘણું લખી નાખે છે, એ તેને માટે સારી વાત જ છે! આવજો, વહાલાં, હવે મારાથી વધારે લખાય એમ નથી. આજે કામમાં છું. ધ્યાન રાખજો, વહાલાં, મનમાં ગમગીન ખ્યાલો આણીને હેરાન થવાનું નથી, નાનકડું પંખી મારું! ઈશ્વર તમારું ભલું કરે!

સદૈવ તમારો વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

તા. ક. પુસ્તક મોકલવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર, વહાલાં. પૂશ્કિન પણ વાંચી લઈશ. આજે મોડેથી, સાંજ સુધીમાં, તમને મળવા આવીશ.

પ્રિય માકાર આલેક્સેયેવિચ,

ના, મારા મિત્ર, અહીંયાં તમારા સંગમાં જિંદગી ગુજારવાનું હવે મારે માટે રહ્યું નથી. વિચાર કરતાં મને લાગે છે કે આવી સારી નોકરીની ના પાડી દેવાનું સાવ ખોટું જ ગણાય. કંઈ નહિ તો મને રોજ મારું પેટ ભરાવાની ખાતરી તો થઈ જ જશે, અને અજાણ્યા પરિવારની ભલાઈને લાયક બનવાની પૂરી કોશિશ હું કરીશ. જરૂરી લાગશે તો હું મારી હસ્તીનેય બદલાવી નાખીશ. અજાણ્યા લોકો વચ્ચે રહેવાનું, તેમની મહેરબાની માગવાનું, પોતાના વિચારોને છુપાવવાનું, અને મનની લાગણીઓને દબાવી દેવાનું બેશક કઠિન હોય છે. પરંતુ ઈશ્વર મને સહાય કરશે. હું આમ એકલી અટૂલી આખી જિંદગી ન જ રહી શકું. મારા જીવનમાં આવું અગાઉ પણ બન્યું છે. શાળાના છાત્રાલયના દિવસો હું ભૂલી નથી. દર રવિવારે હું ધસમસાટ ઘેર પહોંચી જતી તે મને યાદ છે. મા ધખતી ત્યારે પણ મારું હૈયું હળવું ફૂલ જેવું રહેતું અને મને નિરાંત રહેતી. પરંતુ સાંજ ઢળવા લાગે ત્યારે મારી ખુશી ઓસરી જતી અને હું તદ્દન હતાશ થઈ જતી. મારે નવ વાગ્યે નિશાળે પહોંચી જવું પડતું. ત્યાં બધું વિચિત્ર અને ટાઢુંબોળ લાગતું, અને સતત સખતીની આણ રહેતી. સોમવારે શિક્ષિકાઓનો મિજાજ ગરમ રહેતો. મને રડવું આવી જતું. હું ક્યાંક ખૂણામાં જઈને છાનું રડી લેતી કારણ કે નહિતર મને આળસુ ગણી લેવામાં આવે. પરંતુ હું કંઈ લેસનને કારણે નહોતી રડતી. અને પછી શું થયું? વખત જતાં હું શાળાથી એવી ટેવાઈ ગઈ કે ત્યાંથી જતી વેળા અને સાહેલીઓની વિદાય લેતાં હું રડી પડતી. વળી તમારી અને ફેદોરાની ઉપર બોજો બની રહેવાનું તો ઠીક નથી જ. તેનો ખ્યાલ આવતાં મારું હૈયું વલોવાઈ જાય છે. હું સાફ વાત જણાવી દઉં છું કારણ કે તમારી જોડે નિખાલસ વર્તન કરવાની મને ટેવ પડી ગઈ છે. મને દેખાતું નહિ હોય કે ફેદોરા ભરભાંખળું થતાં જ ઊઠી જઈને આખો દિવસ લૂગડાં ધોતી રહે છે? તમે તો સમજો છો કે ઘરડી કાયા આરામ માગે જ માગે. વળી મારા ધ્યાનમાં નહિ આવતું હોય કે તમારું બધું, આખરી કોપેક સુદ્ધાં, મારે ખાતર ખરચી નાખો છો? અને એ પણ તમારા આવા સંજોગોમાં, મારા મિત્ર. તમે લખો છો કે મારી

જરૂરતો પૂરી કરવા માટે તમે તમારી આખરી ચીજ વેચી નાખશો. હું તમારી વાત માની લઉં છું, મારા મિત્ર, તમારા દિલની ભલાઈની મને ખાતરી છે. પરંતુ આમ તો તમે અત્યારે કહી રહ્યા છો, તમને અચાનક લાભ થયો છે ત્યારે, બોનસ મળ્યું છે એટલે! પરંતુ પછી? તમે જાણો છો કે હું સતત માંદી રહું છું. તમારી જેમ જ કામ કરતી રહેવા હું રાજી છું, પરંતુ મારાથી થાય એમ નથી. વળી પૂરતું કામ પણ મળતું નથી. અને મારે માટે શું બાકી રહ્યું છે? તમને બિચારાંને જોતી રહું અને સુકાતી રહું, બસ એટલું જ. તમને કે તેને જરાય ઉપયોગી હું કેવી રીતે બની શકું? તમારે માટે હું આટલી બધી જરૂરી કેમ છું? મેં તમારું શું ભલું કર્યું છે? હું તમારી જોડે મારા દિલના તાર વડે બંધાયેલી છું. હું તમને ચાહું છું, બહુ ચાહું છું, હૈયાના ઊંડાણમાંથી ચાહું છું, પરંતુ મારું નસીબ જ એવું છું. હું ચાહી શકું છું, પરંતુ મારા પ્રેમને ભલાઈનાં કૃત્યોમાં પલટાવી નથી શકતી, તમારી ભલાઈનો બદલો નથી ચૂકવી શકતી. મને અહીંયાં રોકી રાખવામાં સાર નથી. વિચાર કરી જુઓ અને તમારો અંતિમ નિર્ણય જણાવો. હું તમારા ઉત્તરની રાહ જોઉં છું.

તમારી હેતાળ

વા. દો.

૧ જુલાઈ

બકવાદ, બકવાદ, વારેન્કા, નર્યો બકવાદ! તમે એકલાં પડો કે તરત તમારા રૂપાળા માથામાં જાતજાતની મૂર્ખાઈઓ છલકાવા લાગે છે. આ નથી ગમતું અને તે નથી ગમતું—નર્યો બકવાદ. મને કહો તો ખરાં કે તમને શાની જરૂર છે, શાની કમી છે? અમને તમારી ઉપર હેત છે અને તમને અમારી ઉપર હેત છે, આપણને સંતોષ અને સુખ છે—એથી વધારે શું જોઈએ? અજાણ્યા લોકો ભેગાં રહીને તમને શું મળવાનું છે? વહાલાં, તમને ખબર જ નથી કે અજાણ્યા માણસો કેવાં હોય!.. મને પૂછ્યું હોત તો મેં કહ્યું હોત. મને ખબર છે કે એ લોકો કેવા હોય, બરાબર ખબર છે. મેં તેમની રોટી ચાખી જોઈ છે. તેઓ હલકટ હોય છે, વારેન્કા, ખારીલા અને હલકટ, અરે સાવ હલકટ! તેઓ ફરિયાદનાં વેણ ફંગોળીને અને ઝેરીલી

નજરો નાખીને તમારા હૈયાને પીંખી નાખશે. અને અહીંયાં અમારી ભેગાં તમે માળામાં લપાઈને બેઠેલા નાનકડા પંખીની જેમ હૂંફાળી અને મઝાની જિંદગી ગુજારો છો. તમે ઊડી જશો તો પછી અમે શું કરીશું? જીવવા જેવું કશું બાકી જ નહિ રહે. હું ઘરડો આદમી શું કરીશ? તમે કહો છો કે તમે ઉપયોગી નથી. ઉપયોગી નથી? એવી વાત તમારાથી કહેવાય જ કેમ? તમે અમારું કશું ભલું નથી કરતાં? જરાક તો વિચાર કરો, વહાલાં, કે તમે મારે માટે કેટલું કેટલું કરો છો. પહેલી વાત તો એ કે તમે બહુ સુખદાયક પ્રભાવ પાડો છો અને... દાખલા તરીકે હું આ ઘડીએ તમારા વિચારો કરું છું અને એથી ભારે સુખ પામું છું... ક્યારેક હું મારી બધી લાગણીઓ તમને પત્રમાં લખી જણાવું છું અને તમારો વિગતવાર જવાબ મને મળે છે. વળી તમને પહેરવા માટે મેં મઝાની ચીજો ખરીદી છે, મેં તમારે માટે હેટ પણ ખરીદી છે... અથવા તમને મારી પાસેથી અમુક અમુક કામ કરાવવાનાં હોય તે કરી આપું છું... તમે ઉપયોગી નથી એવી વાત તમારાથી થાય જ કેવી રીતે? પછી હું ઘરડો આદમી એકલો અટૂલો શું કરું? હું શા કામનો છું? કદાચ તમને એ ખ્યાલ નહિ આવ્યો હોય, વારેન્કા. પણ તમારે વિચાર કરવો જોઈએ. મનમાં આવો સવાલ કરો: આ ઘરડો આદમી મારા વગર શું કરશે? હું તમારા સહવાસથી ટેવાઈ ગયેલો છું. તમે ચાલ્યાં જશો તો મારે માટે એક જ રસ્તો બાકી રહેશે: નેવા નદીમાં ઝંપલાવીને બધું ખતમ કરી નાખવું. બીજું શું કરું? અરે વારેન્કા, મારાં વહાલાં વારેન્કા, તમારી મરજી તો એવી લાગે છે કે મને ગાડામાં ખડકીને સાવ એકલો વોલ્કોવોના કબ્રસ્તાનમાં લઈ જવામાં આવે, ત્યાં ફક્ત બુઢ્ઢી ભિખારણ ઊભી હોય, એ લોકો મારી કબરમાં રેતી ભરીને અને મને સાવ એકલો મૂકીને જતા રહે. એવી મંછા તો પાપ ગણાય, વહાલાં, ભયંકર પાપ ગણાય. હું તમારું પુસ્તક પાછું મોકલી રહ્યો છું, વારેન્કા, અને તમારે મારો અભિપ્રાય જાણવો હોય, મારાં નાનકડાં મિત્ર, તો હું આટલું કહીશ: આનાથી બહેતર પુસ્તક મેં આખી જિંદગીમાં ક્યારેય વાંચ્યું નથી. હું મનમાં કહેતો રહું છું કે આવો ગમાર કેવી રીતે બની રહ્યો હોઈશ! ઈશ્વર મને માફ કરે! હું તે શું કરતો રહ્યો છું? કેવા જંગલમાંથી આવી ચડેલો છું? ખરું પૂછો તો હું કશું જ નથી જાણતો, વહાલાં, કશું જ નહિ. વારેન્કા, સાફ શબ્દોમાં હું આમ કહીશ: હું અબુધ આદમી છું. મેં બહુ ઓછું

વાંચ્યું છે, ખરેખર બહુ ઓછું, લગભગ કશું જ નથી વાંચ્યું એમ કહેવાય — 'માનવીનું ચિત્ર', ભારે શાણપનું પુસ્તક, અને 'ઘંટના રણકાર સંગાથે રમત રમતો બાળક', અને 'ઈવિકનાં બગલાં', બસ. એટલું જ વાંચ્યું છે. અને તમે મોકલેલા પુસ્તકમાંથી હમણાં 'પોસ્ટમાસ્ટર'* વાર્તા વાંચી. મારાં વારેન્કા, જુઓ તો ખરાં, હાલત એવી છે કે માણસ લાંબી જિંદગી જીવે અને જિંદગીની આખી કહાણી ગીત જેવી સાદી રીતે કહી જતું પુસ્તક હાથવેંતમાં હોય, પણ તેને કદી ખબર જ ન પડે. અગાઉ આપણી સમજણમાં ન ઊતરેલી બાબતો પુસ્તક વાંચતી વેળા સાફ થતી જાય, આપણને બધું ધીરે ધીરે યાદ આવે, સમજાણ પડતી જાય, અને ખ્યાલ બંધાતા જાય. અને આ પુસ્તકના સંબંધમાં મને બીજી આ વાત ગમી: બીજાં પુસ્તકોમાં ક્યારેક એટલી બધી ચતુરાઈ ભરેલી હોય છે કે હું વાંચતો જાઉં, વાંચતો જાઉં, પરંતુ ભેજામાં કશું કોઈ રીતે ઊતરે જ નહિ. હું સ્વભાવે જ એવો જાડી બુદ્ધિનો માણસ છું કે વધારે પડતા મહત્ત્વનાં પુસ્તકો મારે નકામાં. પરંતુ આ પુસ્તક વાંચીએ ત્યારે એમ લાગે કે જાણે આપણે પોતે જ લખ્યું હોય, માણસનું પોતાનું હૈયું — જેવું હોય તેવું — સૌને નીરખવા માટે સાવ ખુલ્લું મૂકી દેવામાં આવ્યું હોય, એવું છે. હકીકતમાં, સાવ સાદું છે. જાણે હું પોતે જ લખી શક્યો હોત એવું છે. કેમ નહિ? પુસ્તકમાં લખ્યું છે એવી જ લાગણીઓ મને થાય છે. મારા અનુભવો બિચારા સામ્સોન વીરિન** જેવા જ નથી શું? આપણા લોકોમાં કેટલા બધા બિચારા કમનસીબ વીરિનો પડ્યા છે! લેખકે બધું ભારે ચતુરાઈથી વર્ણવ્યું છે, ખરું ને? તેણે કેવી રીતે દારૂ પીવાનું શરૂ કર્યું, દારૂ ઢીંચી ઢીંચીને તે કેવી રીતે લગભગ ગાંડો થઈ ગયો, આખો દિવસ કેવી રીતે ઘેનમાં પડ્યો રહેતો, અને ખોટે માર્ગે ચડી ગયેલી બિચારી દીકરી દુન્યાશાના ખ્યાલોમાં ડૂબી જઈને તે કોટના મેલા છેડા વડે કેવી રીતે આંસુ લૂછતો, એ બધું વાંચતી વેળા હું તો લગભગ રડી પડ્યો. જિંદગી એવી છે. તમે વાંચજો. જરૂર. તેમાં જીવનના ચમકારા છે. મેં તો પોતે જોયું ને જાણ્યું છે. જાણે મારે વિશે જ છે. આઘે ક્યાં જવું? આપણી થેરેઝાનો જ દાખલો લઈએ, અથવા આપણા બિચારા કારકુનનો.

---

* આલેક્સાન્દર પૂશ્કિનની કૃતિ 'ઈવાન બેલકિનની વાર્તાઓ'માંની એક.
** 'પોસ્ટમાસ્ટર' વાર્તાનું એક પાત્ર. — સં.

તેનું નામ **ગોર્શ્કોવ** છે, પણ તે જાણે બીજો સામ્સોન વીરિન જ નથી લાગતો? સામાન્ય બાબત છે, અને આપણા દરેકના સંબંધમાં બરાબર એમ જ બનવાની પૂરી શક્યતા છે. નેવ્સ્કી માર્ગે અથવા નદીકિનારાના વિસ્તારમાં રહેતા કોઈ ઠાકોરની બાબતમાં પણ કદાચ એમ બને, જોકે તેમના ઊંચા સ્તરને કારણે નિરાળું લાગે. પણ ખરું જોતાં બધું એકનું એક જ. હા, કંઈ પણ બની શકે. મારા સંબંધમાં પણ! વાત એમ છે, વહાલાં, અને તમે અમને છોડીને જતાં રહેવા માગો છો. કદાચ વીરિનની લત મને પણ વળગી જાય અને આપણે બેઉ બરબાદ થઈ જઈએ. એટલે એવા મનસ્વી વિચારો તમારા માથામાંથી કાઢી નાખો, વહાલાં, અને મને પજવવાનું બંધ કરી દો. મારું બિચારું નાનકડું પંખીડું! તમે કેવી રીતે ગુજરાન કમાઈ શકો, સલામત રહી શકો, અને દુષ્ટ લોકોની સામે પોતાનો બચાવ કરી શકો? બસ હવે, બસ, વારેન્કા, ખોટી સલાહ જરાય ધ્યાનમાં નથી લેવાની. બહેતર છે કે તમારું પુસ્તક ફરી વાર અને વધારે ધ્યાનથી વાંચો, એથી ફાયદો થશે.

મેં રાતાઝ્યાયેવને પોસ્ટમાસ્ટર વિશે વાત કરી. તેનું કહેવું એમ છે કે વાર્તા જૂની ઢબની છે, આજકાલ તો બધાં સારાં પુસ્તકોમાં ચિત્રો અને તરેહવાર વર્ણનો હોય છે. મને તેની વાત બરાબર સમજાઈ નહિ. તે કબૂલ કરે છે કે પૂશ્કિન સારો લેખક હતો અને તેણે રશિયાના ગૌરવમાં ફાળો આપ્યો છે. તે એવું જ ઘણુંબધું બોલતો રહ્યો. હા, વારેન્કા, પુસ્તક સારું છે, બહુ સારું છે. તમારે ફરી વાર ધ્યાનથી વાંચવું જોઈએ. મારી સલાહ માની લો અને તેનું પાલન કરીને ઘરડા આદમીને રાજી કરો. ઈશ્વર તમને બદલો આપશે, ચોક્કસ આપશે, વહાલાં!

તમારો વફાદાર મિત્ર
માકાર દેવુશ્કિન

૬ જુલાઈ

માયાળુ સજ્જન માકાર અલેક્સેયેવિચ,

આજે ફેદોરા પંદર ચાંદીના રૂબલ લઈ આવી. તેમાંથી ત્રણ મેં તેને આપ્યા એટલે બહુ રાજી થઈ ગઈ, બિચારી! હું ઉતાવળમાં લખી રહી છું. તમારી બંડી વેતરી રહી છું. કાપડ બહુ મઝાનું છે — પીળો રંગ અને ટચૂકડાં

ફૂલની ભાત. હું તમને વાર્તાઓનું બીજું એક પુસ્તક મોકલું છું. તેમાંથી અમુક મેં વાંચી છે. 'ઓવરકોટ'* નામની વાર્તા જરૂર વાંચજો. તમે મને થિયેટરમાં જવાનું આમંત્રણ સ્વીકારી લેવાનો આગ્રહ કરો છો. ટિકિટો બહુ મોંઘી નથી? જવું જ હોય તો ગૅલરીની ટિકિટો લેજો. મને તો યાદ જ નથી કે હું કેટલા વખતથી થિયેટરમાં ગઈ નથી. પણ ફરી વાર પૂછી લઉં કારણ કે મને ફિકર થાય છે—ખર્ચ વધારે પડતું તો નહિ થઈ જાય ને? ફેદોરા માથું ધુણાવે છે અને કહે છે કે તમે આવક કરતાં વધારે ખર્ચ કરી રહ્યા છો. હું પોતે પણ જોઉં છું—ખાલી મારે માટે જ તમે કેટલા બધા પૈસા ખરચો છો! મને બીક લાગે છે કે આમ ને આમ ચાલતું રહેશે તો કંઈક અણઘટતું બનશે જ. ભાડા અંગે તમારી જોડે મકાન માલિકણની તકરારની અફવાઓ ફેદોરા મને જણાવતી રહી છે. તમારી બાબતમાં મને ફિકર થાય છે, માકાર આલેક્સેયેવિચ! આવજો, અત્યારે હું ઉતાવળમાં છું, એક નાનકડું કામ પૂરું કરવાનું છે, હૅટની રિબન બદલવાની છે.

વા. દો.

તા. ક. આપણે થિયેટરમાં જઈએ તો નવી હૅટ પહેરવાનો અને કાળો જાળીદાર રૂમાલ બાંધવાનો ખ્યાલ છે. સારું લાગશે, નહિ?

૭ જુલાઈ

ભલાં બાનુ વાર્વારા આલેક્સેયેવ્ના,

...આપણી કાલની વાત ચાલુ રાખીને તમને જણાવું, વહાલાં, કે એક જમાનામાં હું પણ અક્કલનો ઓથમીર જુવાન હતો, એક નટીના પ્રેમમાં સાવ ઘેલો થઈ ગયો હતો, પરંતુ એકદમ રમૂજી વાત તો એ છે કે મેં તેને એક વાર થિયેટરમાં જોયેલી તે સિવાય વાસ્તવમાં કદી જોઈ પણ નહોતી. તેમ છતાં હું બેહદ પ્રેમમાં પડી ગયેલો. એ વખતે પાંચ રંગીલા જુવાનિયા મારા પાડોશી હતા. મને લગભગ મરજી ન હોવા છતાં તેમની જોડે મિત્રતાના સંબંધો બંધાઈ ગયા. હું હંમેશાં મર્યાદા જાળવી રાખતો અને તેમનાથી અળગો જ રહેતો, પણ તેમની મઝા ન મારી નાખવાના આશયે સામાન્ય

---

*૧૮૪૨માં લખાયેલી ગોગોલની વાર્તા.—સં.

રીતે હામાં હા પુરાવતો. નટી વિશે તેઓ કેવી કેવી વાતો કરતા! જ્યારે જ્યારે તેનો ખેલ હોય ત્યારે ત્યારે આખું ટોળું ગૅલરીમાં પહોંચી જાય -- આમ તો તદ્દન જરૂરી વસ્તુઓ માટે પણ તેમની પાસે એક કોપેક સુદ્ધાં ન હોય — અને તાળીઓ પાડે, ફરીફરીને તેને બોલાવે, પાગલોની જેમ દેકારા તથા તાળીઓની ધમાલ મચાવી દે! પછી સૂવાનો તો સવાલ જ નહિ, આખી રાત પ્યારી ગ્લાશાની વાતો કરતા રહે. સૌ -- એકેએક — તેના પ્રેમમાં હતા. દરેકના દિલમાં એ કોયલ ટહુકા કરતી રહેતી. આખર તેમણે મારા, બિચારા નિરુપાય તરુણના, દિલના તાર પણ ઝણઝણાવી દીધા. મને ખબર પડે તે પહેલાં જ હું પણ બીજા સૌની ભેગો ગૅલરીમાં ચોથી કતારમાં પહોંચી ગયો. હું બેઠો હતો ત્યાંથી પડદાનો ખાલી એક ભાગ જ નજરે પડતો હતો, પરંતુ મારા કાન સરવા રહેતા અને દરેકે દરેક અવાજને પકડી લેતા. વાત ખરી હતી, એ પંખીનું ગળું બહુ મીઠું હતું, રણકતું ને મધુર, જાણે બુલબુલનું ગાન! ઘાંટા પાડી પાડીને અમારો અવાજ ઘોઘરો થઈ ગયો, તાળીઓ પાડી પાડીને અમારા હાથ દુખવા લાગ્યા. આખરે અમારામાંથી એક જણને તો કાઢી મૂકવામાં આવ્યો. હું ઘેર પાછો ફર્યો ત્યારે એકદમ અંજાઈ ગયેલો હતો, મારા ખીસામાં એક રૂબલ બાકી રહ્યો હતો, અને પગારને હજી દસ દિવસની વાર હતી. પછી શું થયું હશે તેનો ખ્યાલ આવે છે, વહાલાં? બીજે જ દિવસે, કામે જવાના વખત પહેલાં, ફ્રેંચ સુગંધી વસ્તુઓની દુકાને પહોંચી જઈને મેં બાકીના પૈસા અત્તર અને ખુશબોદાર સાબુ ખરીદવામાં ખરચી નાખ્યા. મને તો સમજાતું જ નથી કે મેં એ વસ્તુઓ શા માટે ખરીદી હશે. તે દિવસે મેં જમવાનું જતું કર્યું અને તેની બારી નીચે આંટા મારવામાં વખત ગાળી નાખ્યો. તે નેવ્સ્કી માર્ગે ત્રીજે માળે રહેતી હતી. હું રોજ કામેથી છૂટીને જરાક વાર ઘેર આરામ કરી લેતો અને પછી તેની બારી નીચે આંટા મારવા નેવ્સ્કી માર્ગે પહોંચી જતો. દોઢ મહિના સુધી હું એમ જ કરતો ગયો, તેની પાછળ ઘસડાતો રહ્યો. હું ખૂણેથી ગાડી ભાડે કરીને પૂરા વેગમાં તેની બારી પાસેથી સડસડાટ પસાર થઈ જતો. બેશક, મારે માથે કરજનો બોજો લદાઈ ગયો, પણ આખરે મારો આવેગ ઓસરી ગયો. હું કંટાળી ગયો. વહાલાં, નટીનું ઘેલું ભલા આદમીની એવી વલે કરી નાખે. પણ એ દિવસો મારી જુવાનીના હતા.

મા. દે.

મારાં ભલાં બાનુ,

ચાલુ મહિનાની છઠ્ઠી તારીખે મને મળેલું તમારું પુસ્તક હું ઝટ પાછું મોકલી દઉં છું, અને આ જ પત્રમાં ભેગાભેગો મારો ખુલાસો પણ જલદી રજૂ કરી દઉં છું. વહાલાં, મને આવું પુસ્તક મોકલીને તમે અણઘટતું કામ કર્યું છે, ખરેખર અણઘટતું. ઈશ્વર દરેક માણસને જીવનમાં તેને લાયક સ્થાન આપતો હોય છે. કેટલાકના નસીબમાં જનરલનું પદ હોય છે, કેટલાક રાજ્યના સલાહકારો બને છે, કેટલાકને સરદારી કરવાની હોય છે, અને કેટલાકને મનમાં ખોફ રાખીને અને તાબેદારીથી હુકમોનો અમલ કરવાનો હોય છે. એ બધું માણસની આવડત મુજબ નક્કી થયેલું હોય છે. કેટલાકને એક કામની આવડત હોય છે તો કેટલાકને બીજા કામની, અને એ બધું ઈશ્વરની આજ્ઞા મુજબ જ થતું હોય છે. હું ત્રીસ વરસથી ઑફિસમાં કામ કરું છું. મારું કામ દોષ વગરનું રહ્યું છે અને મારું વર્તન સંયમી. મારી ઉપર ધાંધલિયા વર્તનનો આરોપ કદી નથી મૂકવામાં આવ્યો. નાગરિક તરીકે હું મારી જાતને પૂરી સભાનતાથી ખામીઓવાળો પણ ભેગાભેગો સદ્‌ગુણો ધરાવતો માણસ પણ ગણું છું. મારા ઉપરીઓ મારું માન રાખે છે, અને ખુદ નામદાર પણ મારા કામથી ખુશ છે. તેમણે અત્યાર સુધી મહેરબાનીની કોઈ ખાસ નિશાનીઓ જાહેર ન કરી હોવા છતાં હું જાણું છે કે તે મારા કામથી ખુશ છે. મારી ઉંમર સારી પેઠે મોટી થઈ ગઈ છે પણ કશાં ગંભીર પાપ કર્યાં હોવાનો ડંખ મારા મનમાં નથી. નાનામોટા દોષની વાત કરીએ તો એવા દોષ કોણે નહિ કર્યા હોય? નાની નાની બાબતોમાં તો દરેક માણસ દોષ કરે જ, તમે પણ, મારાં વહાલાં. પણ ગેરવર્તનનો કે કોઈના અનાદરનો, નિયમોના ભંગનો કે ધાંધલ કરવાનો, ગુનો મેં કદી નથી કર્યો. ના! કદી નહિ! એક વાર તો મને ઇલકાબ આપવાની ભલામણ પણ થયેલી. એ વાત હવે શા માટે કરવી! પૂરી ઈમાનદારીથી કહી શકાય કે આ બધું તમારી જાણમાં હોવું જોઈતું હતું, અને લેખકની જાણમાં પણ હોવું જોઈતું હતું. માણસ બધી બાબતો વર્ણવવાનું નક્કી કરે તો તેને બધી જાણકારી પણ હોવી જ જોઈએ. મને તમારી પાસેથી આવી આશા નહોતી. કોઈ નહિ ને તમે, વારેન્કા!

અજબ વાત! આનો અર્થ શું એવો છે કે માણસને પોતાના નાનકડા ખૂણામાં, ભલે જેવો હોય એવા ખૂણામાં, નિરાંતે રહેવાની છૂટ જ નહિ? બીજા લોકો તેને છેડે નહિ, તેના ઘોલકામાં ઘૂસી જઈને તેની ખાનગી બાબતોની ખણખોદ ન કરે, તેની પાસે રીતસરની બંડી કે અંદરનાં કપડાં કે બૂટની વધારાની જોડી, ભલે તળાં બદલાવેલી કે બદલાવ્યા વગરની, છે કે નથી તે ખોળી કાઢવાની કોશિશ ન કરે, માણસ શું ખાય છે, શું પીએ છે, અને શાની નકલ લખવાનું કામ કરે છે તે ગોતી કાઢવાની કોશિશ ન કરે—એવી વાજબી ધારણા રાખીને બને એટલી શાંતિથી, ઈશ્વરની બીક રાખીને, કોઈને માઠું લગાડયા વગર જિંદગી ગુજારવાની માણસને છૂટ જ નહિ? ખાબડખૂબડ પગથી ઉપર હું મારા બૂટ સલામત રાખવાના આશયે હળવે પગલે ચાલું તો તેમાં ખોટું શું છે? કોઈ માણસને ક્યારેક બહુ મુશ્કેલ હાલતને લીધે ચા વગર ચલાવી લેવું પડતું હોય તો તેની પંચાત વાચકો સામે કરવાની લેખકને શી જરૂર? જાણે કેમ દરેકે દરેક માણસને ચા મળવી જ જોઈએ! મારા પાડોશીના એકેએક કોળિયાનું ધ્યાન હું રાખું છું ખરો? રાખું છું? મેં કોઈને માઠું લગાડયું હોય એવી ફરિયાદ કદી થઈ શકે ખરી? તો પછી બીજા લોકો મને માઠું કેમ લગાડે છે? વાત એમ છે, વાર્વારા આલેક્સેયેવ્ના, અને હું તમને દાખલો આપું: માણસ પોતાનું કામ ખંતથી કરતો હોય, ઉપરીને પણ તેની તરફ આદર હોય—(તમે માનો કે ન માનો પણ એ તો હકીકત છે)—પણ અચાનક જ કોઈ લહિયો ફૂટી નીકળીને તેની ઠેકડી ઉડાડે. માણસ ક્યારેક પોતાને માટે કશુંક નવું બેશક બનાવડાવે જ. ખરી વાત કે તે કદાચ ખુશીના પૂરમાં તણાતો આખી રાત જાગતો પડી રહે. વાત ખરી છે, મારા અનુભવની છે. દાખલા તરીકે, હું મારા નવા બૂટ પહેરતો હતો ત્યારે મને એવી જ લાગણી થયેલી. જાણે પાપ ગણાય એટલી ખુશીની હાલત હતી કારણ કે પોતાના પગને એવા મઝાના ચામડામાં ઢંકાયેલા જોઈને મનમાં આનંદના ઓઘ ઊછળતા હતા. માની લઉં છું કે લેખકે તેનું વર્ણન [illegible] કર્યું છે. તેમ છતાં, મને ખરેખર અચરજ થાય છે કે ફ્યોદોર ફ્યોદોરોવિચે આ પુસ્તકનો વિરોધ ન કર્યો. સાચી વાત છે કે તે જુવાન અમલદાર છે અને ક્યારેક ક્યારેક અમને ધમકાવવાનું તેને ગમે છે. પણ એ ન ધમકાવે? કેમ ખખડાવી ન નાખે? નાના માણસોને ક્યારેક ક્યારેક તો [illegible] નાખવા જ જોઈએ. એ ખરું

કે તે ક્યારેક ખાલી અખત્યાર બતાવવા જ એમ કરે છે. કેમ નહિ? તેનું કામ છે કે અમને બરાબર અમારે ઠેકાણે રાખે, અમારાં મનમાં ઈશ્વરનો ડર પેદા કરે, કારણ કે—આ તો ફક્ત તમને જ કહું છું અમે નાના માણસો ઈશ્વરના ડર વગર સાવ નકામા બની જઈએ છીએ, દરેકના મનમાં કોઈ ઠેકાણે, કોઈ પણ ઠેકાણે, પદ પકડી લેવાના જ ખ્યાલો ઘોળાતા હોય છે. મુખ્ય બાબત જગ્યાને વળગી રહેવાની હોય છે, કામની નહિ. દરજ્જાઓ નિરનિરાળા હોય છે અને દરેકના સંબંધમાં ખખડાવી નાખવાની રીત આગવી હોય છે, એટલે રણકામાં દરજ્જા પ્રમાણે તફાવત હોય છે. બીજું શું હોઈ શકે? દુનિયાની રીત એવી જ છે, વહાલાં. દરેક માણસ પોતાને બીજા લોકોથી ઉપલી જગ્યાએ ગોઠવી દે છે અને કેટલાક માણસો બીજા લોકોને ખખડાવી નાખતા રહે છે. એમ ન હોય તો દુનિયા ખતમ થઈ જાય, બધી વ્યવસ્થા ખતમ થઈ જાય. મને ખરેખર ભારે અચંબો થાય છે કે ફ્યોદોર ફ્યોદોરોવિચે આવી ઉદ્ધતાઈ સાંખી લીધી.

એવું લખવાથી શો ફાયદો? તેની જરૂર કોને છે? વાચક મને નવો ઓવરકોટ અપાવી દેવાનો છે? કે નવા બૂટ અપાવી દેવાનો છે? ના, વારેન્કા, એવી વાતમાં કંઈ માલ નથી. એ તો ખાલી વાંચી લેવાનો, અને પછી વધારે માગવાનો. માણસ પોતાની ખામીઓ છુપાવી રાખવાની પૂરી કાળજી રાખે, કૂથલીની બીકે પોતાના જ ઘોલકામાં ભરાઈ રહેવાની પૂરી કોશિશ કરે, કારણ કે દરેક બાબતમાં રજનું ગજ કરી દેવામાં આવે, માણસને ખબરેય પડે તે પહેલાં તેની આખી નાગરિક અને કૌટુંબિક જિંદગીને બેશરમીથી સાહિત્યમાં ઉઘાડી પાડી દેવામાં આવે, છાપીને જાહેર કરી દેવામાં આવે, ઠેકડીની બાબત બનાવી દેવામાં આવે, આમતેમ ઉછાળવામાં આવે. ત્યાર પછી માણસ રસ્તે નીકળી જ કેવી રીતે શકે! બધું એટલી ચોકસાઈથી વર્ણવેલું છે કે આપણે રસ્તે ચાલતા હોઈએ ત્યારે બરાબર ઓળખાઈ જઈએ! પુસ્તક પૂરું કરતી વેળા લેખકની સાન ઠેકાણે આવી હોત, અને તેણે અંતને કોઈ રીતે હળવો બનાવ્યો હોત, તો કદાચ આટલું ખરાબ ન લાગત. દાખલા તરીકે, પેલાની ઉપર કાગળના કકડા ફેંકાવાનું વર્ણન કરી લીધા પછી કશુંક આવા મતલબનું લખાયું હોત તો સારું હતું: ગમે તેમ પણ તે ભલો નેક આદમી હતો, તેની તરફ સાથીઓનું આવું વર્તન વાજબી નહોતું, ઉપરીઓનાં ફરમાનોનું પાલન કરતો હતો (અહીંયાં થોડાક દાખલા ટાંકવાનું ઠીક ગણાય),

તેના મનમાં ઝેર નહોતું, તેને ઈશ્વરમાં આસ્થા હતી, અને તે મરી ગયો (લેખકની મુરાદ તેને મારી નાખવાની જ હોય તો) ત્યારે તેના કુટુંબને અને મિત્રોને શોક થયો હતો. બિચારાને મરવા ન દીધો હોત તો વધારે સારું હતું—ઓવરકોટ પાછો મેળવી લે, નામદાર તેના સદ્‌ગુણોની બરાબર તપાસ કરાવીને તેને પોતાની ઑફિસમાં કામે રાખી લે, તેને બહેતર દરજ્જો તથા વધારે પગાર આપે—એ રીતે અવગુણનું પરિણામ રીતસરની સજામાં આવે, સદ્‌ગુણની જીત થાય, અને ઑફિસના બધા સાથીઓને કશો લાભ ન થાય. મેં તો એવી રીતે લખ્યું હોત. તેણે વાર્તા જે રીતે લખી છે, તેમાં ખાસ શું છે, તેમાં સારું શું છે? તેણે તો આપણી કંગાલ ઢસરડાની જિંદગીમાંથી એક નજીવા બનાવનું ખાલી વર્ણન જ કર્યું છે. તમે આવું પુસ્તક મને કેવી રીતે મોકલી શક્યાં, વહાલાં? આ તો ઝેરીલું પુસ્તક છે, વારેન્કા. વળી સાવ જૂઠું છે કારણ કે એવો કારકુન હોઈ શકે જ નહિ. આવા પુસ્તકની સામે ફરિયાદ નોંધાવવી જ જોઈએ, વારેન્કા, જરૂર ફરિયાદ નોંધાવવી જોઈએ.

તમારો આજ્ઞાધીન સેવક

માકાર દેવુશ્કિન

૨૭ જુલાઈ

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

હમણાં હમણાં બની ગયેલી બાબતો અને તમારા છેલ્લા પત્રોથી હું બહુ ચિંતાતુર બની ગયેલી અને આશ્ચર્યમાં પડી ગયેલી, પરંતુ ફેદોરાની વાત સાંભળીને મને તેમાંથી છુટકારો મળી ગયો. તમે હતાશ કેમ થઈ જાઓ છો અને આવી ખીણમાં કેમ સરકી પડો છો, માકાર આલેક્સેયેવિચ? તમારા ખુલાસાઓથી મને સંતોષ નથી થયો. હવે તમે જોઈ શકો છો કે પેલી સારા પગારની નોકરી મારે સ્વીકારી લેવી જોઈતી હતી. મારા છેલ્લા અનુભવથી હું ખરેખર ગભરાટમાં પડી ગઈ છું. તમે જણાવો છો કે માત્ર મારી ઉપરના વહાલને કારણે જ તમે બાબતો છુપાવતા રહ્યા છો. હું હંમેશાં તમારી અહેસાનમંદ રહી છું, પરંતુ હું માનતી હતી કે તમે બૅંકમાં રાખેલી

બચતમાંથી પૈસા કાઢીને મારે ખાતર ખર્ચા કરતા હતા. હવે જ મને ખબર પડી છે કે તમારી પાસે પૈસા મુદ્દલ હતા જ નહિ, તમે અકસ્માત્ મારી દુખી દશા વિશે જાણીને અને મારી દયા ખાઈને પગાર વહેલો લઈ લેતા હતા, અને હું માંદી હતી ત્યારે તમે તમારો કોટ પણ વેચી નાખેલો. એ બધું જાણીને હું બહુ દુખી થઈ ગઈ છું, મને હજી ખબર નથી પડતી કે આ બધું મારે કેવી રીતે સમજવું અને શી ધારણા બાંધવી. આહ! માકાર આલેક્સેયેવિચ! સહાનુભૂતિ અને સગપણની લાગણીને કારણે તમે શરૂઆતમાં કરેલી ભલાઈઓ પછી તમારે એ બધું બંધ કરી દેવું જોઈતું હતું. મારે માટે મોજશોખની ચીજો ખરીદવામાં તમારે પૈસા નહોતા વેડફવા જોઈતા. તમે ખરા મિત્ર નથી, તમે મારી જોડે નિખાલસ વર્તન નથી કર્યું, માકાર આલેક્સેયેવિચ, અને હવે મને ખબર પડી છે કે તમે તમારા આખરી કોપેક કપડાં, ચૉકલેટ, થિયેટરની ટિકિટો, પુસ્તકો, અને આનંદવિનોદની ચીજોમાં ખરચી નાખ્યા છે, એટલે મારા અક્ષમ્ય અવિચારી વર્તનની બહુ મોંઘી કિંમત હું ચૂકવી રહી છું (કારણ કે તમારી કશી જ ફિકર વગર મેં બધું સ્વીકારી લીધું); જે બધી વસ્તુઓ આપીને તમે મને ખુશ કરવાની આશા રાખી હતી તેનાથી મને તો દુખ અને નકામો અફસોસ જ મળ્યાં છે. હમણાં હમણાંની તમારી ઉદાસી મારા ધ્યાનમાં આવી ગઈ હતી અને મને પણ થોડીઘણી બેચેની થઈ હતી, પરંતુ હકીકતમાં જે બની ગયું છે તે તો મારી ખરાબમાં ખરાબ બીકને પણ પાર કરી ગયું છે. ભલા ભગવાન! તમે પોતાની ઉપરનો કાબૂ આમ સાવ કેવી રીતે ગુમાવી દીધો, માકાર આલેક્સેયેવિચ? તમને જાણતા લોકો શું કહેશે? અરે, તમે વિનમ્રતા, વિવેક, અને ભલાઈના ગુણો બદલ મારી અને સૌની તરફથી કેટલો આદર પામતા હતા, અને હવે આવા ધૃણાજનક દુર્ગુણમાં સરી પડયા છો! હું માનું છું કે તમારા સંબંધમાં આવી બદીની શંકા અગાઉ કોઈને ક્યારેય નથી થઈ. તમે નશામાં ચકચૂર થઈને રસ્તે ભટકતા હતા અને પોલીસે તમને ઘેર પહોંચાડયા તેની ખબર ફેદોરા પાસેથી સાંભળીને મને કેવી લાગણી થાય? મને તો મારા કાન ઉપર જ વિશ્વાસ ન બેઠો, જોકે તમે ચાર દિવસથી મને મળવા નહોતા આવ્યા એટલે કશુંક અસાધારણ બન્યું હોવાની આશંકા મને હતી જ. માકાર આલેક્સેયેવિચ, તમે જરાય વિચાર કરેલો ખરો કે તમારી ગેરહાજરીના ખરા કારણની ખબર તમારા ઉપરીઓને પડે ત્યારે તેઓ શું કહેશે? તમે લખો છો કે સૌ તમને

જોઈને હસે છે, તેમને આપણા સંબંધની ખબર પડી ગઈ છે, અને તમારા પાડોશીઓ ઘણી વાર મારું નામ લઈને ઠેકડી કરે છે. માકાર આલેક્સેયેવિચ, ઈશ્વરને ખાતર તેમની પરવા મૂકી દો અને સ્વસ્થ થઈ જાઓ. મને તો પેલા અફસરો જોડે તમારી સંડોવણીની પણ ફિકર થાય છે. કેટલીક આછીપાંખી અફવાઓ મારે કાને આવી છે. કહો તો, આ બધાનો શો અર્થ છે? તમે લખો છો કે સાચી વાત પૂરેપૂરી મને જણાવી દેવામાં તમને બીક લાગતી હતી, મારી માંદગીમાં મને કેવી રીતે મદદ કરવી અને હૉસ્પિટલથી વેગળી રાખવી તે સૂઝતું ન હોવાથી તમે હતાશામાં ગરકાવ થઈ ગયા હતા, તમે તમારી બધી ચીજવસ્તુઓ વેચી નાખી હતી તેમ જ બને એટલા પૈસા ઉછીના લઈ લીધા હતા, અને મકાન માલિકણ રોજ તમારી જોડે તકરાર કરતી હતી. આ બધું તમે મારાથી છુપાવી રાખ્યું તેનાથી બદતર બીજું કશું ન હોઈ શકે. અને હવે તો મને ખબર પડી જ ગઈ છે. તમારી પરેશાનીઓનું કારણ હું જ છું એવો એકરાર મારી પાસેથી કરાવવામાં તમને શરમ આવતી હતી, પરંતુ તમારા વર્તનથી તમે મારા દુખને હકીકતમાં બમણું કરી નાખ્યું છે. આ બધી બાબતોથી મને સખત આઘાત થયો છે, માકાર આલેક્સેયેવિચ! અરે, મારા મિત્ર, કમનસીબી તો ચેપી રોગ જેવી હોય છે! જે લોકો ગરીબ અને દુખી હોય તેમણે એવા ચેપથી બચી રહેવા એકબીજાથી વેગળા રહેવું જોઈએ. તમારી સાદી અને શાંત આખી જિંદગીમાં તમને કદી નહોતી વેઠવી પડી એવી પરેશાનીઓ મેં તમારે માથે લાદી દીધી છે. તેના વિચારો મારા હૈયાને વલોવી નાખે છે અને જાણે મારો પ્રાણ હરી લે છે.

હવે તમે મને સાફ દિલે જણાવી દો કે આખર તમને થયું છે શું, અને તમારી આવી હાલત કેવી રીતે થઈ ગઈ. બને તો કશુંક સાંત્વન આપે એવું જણાવો. હું આ વિનંતિ મારી સ્વાર્થી વૃત્તિને લીધે નહિ પરંતુ તમારા સંબંધમાં મારી મિત્રતાની તથા હિતની લાગણીને કારણે કરું છું, અને એ લાગણીને મારા હૃદયમાંથી કોઈ હટાવી શકે એમ નથી. આવજો. હું તમારા જવાબની રાહ અધીરાઈથી જોતી રહીશ. તમે મારે વિશે ખોટો ખ્યાલ બાંધી લીધેલો, માકાર આલેક્સેયેવિચ.

તમારી હેતાળ
વાર્વારા દોબ્રોસ્યોલોવા

૨૮ જુલાઈ

મારાં અમોલાં વાર્વારા આલેક્સેયેવ્ના,

વહાલાં, હવે બધું થાળે પડી ગયું છે અને મારી જિંદગી પાછી રાબેતા મુજબ ઠરીઠામ થવા લાગી છે એટલે આખી વાત તમને જણાવું છું: લોકો મારે વિશે કેવા ખ્યાલ બાંધી લેશે તેની તમને ફિકર છે એટલે હું તમને ઝટ ખાતરી અપાવું છું કે મને મારી આબરૂ દુનિયાની બીજી કોઈ બાબત કરતાં વધારે પ્યારી છે. એ કારણે હું તમને મારી વિપદાઓની વાત લખું છું અને જણાવું છું કે મારા ઉપરીઓને તેને વિશે જરાક સરખોયે ખ્યાલ નથી અને કદી મળવાનો નથી. એટલે તેઓ મારી તરફ અગાઉ જેટલો જ આદર રાખે છે. મને માત્ર એક જ વાતની ફિકર છે: કૂથલીની. તમે મોકલેલા દસ રૂબલ મેં ચડેલા ભાડા પેટે ચૂકવી દીધા છે એટલે મકાન માલિકણની તકરાર હવે ખાલી બબડાટ જેટલી જ બાકી રહી ગઈ છે. બીજા લોકોની બાબતમાં એવું છે કે તેઓ જરાય હેરાન નથી કરતા, હું વધારે પૈસા ઉછીના ન માગું ત્યાં સુધી જરાય હેરાન નથી કરતા. વહાલાં, મારા ખુલાસાઓના અંતમાં હું કહેવા માગું છું કે મારા સંબંધમાં તમારી આદરની લાગણી મારે માટે બીજી કોઈ બાબત કરતાં વધારે મહત્ત્વની છે, અને મારી ટૂંકા સમયની બધી વિપદાઓનો પૂરો બદલો મને તેમાં મળી રહે છે. ઈશ્વરની દયા છે કે તોફાનના શરૂઆતના ઝપાટા ખતમ થઈ ગયા છે, અને તમારી ઉપર મારા પ્રેમને લીધે હું તમને જવા દઈ શકું એમ ન હોવાથી મેં તમારી જોડે છળ કર્યો એ કારણે તમે મને ખોટો મિત્ર કે સ્વાર્થી માણસ નથી ગણી લીધો, મારાં વહાલાં નાનકડાં પરીબાઈ! મેં મારું કામ પાછું બમણા જોમથી શરૂ કરી દીધું છે અને હું મારી ફરજોને સરસ રીતે પહોંચી વળું છું. ગઈકાલે રસ્તે યેવ્સ્તાફી ઇવાનોવિચનો ભેટો થઈ ગયો ત્યારે તે એક શબ્દ પણ ન બોલ્યા. વહાલાં, હું તમારાથી છુપાવવા નથી માગતો કે મારે માથે કરજનો ભયંકર બોજો લદાઈ ગયો છે, અને કપડાંલત્તાંની બાબતમાં મારી હાલત ખરાબ છે. પરંતુ એ વાત ખરેખર મહત્ત્વની નથી, અને હું તમને આજીજી કરું છું કે જરાય ફિકર કરશો નહિ. તમે મોકલેલો પચાસ કોપેકનો સિક્કો જોઈને મારું દિલ જાણે ચિરાઈ ગયું.

તો હાલત આવી થઈ ગઈ છે! ઘરડો મૂરખ હું તમને મદદ નથી કરતો પરંતુ બિચારાં અસહાય અનાથ તમે મને મદદ કરી રહ્યાં છો. સારું થયું કે ફેદોરાને પૈસા મળ્યા. વહાલાં, મને પૈસા મળવાની કશી વાસ્તવિક સંભાવનાઓ હાલ તો નથી જ. કદાચ કંઈક પૈસા મળી જાય તો હું તમને આખી વાત વિગતે જણાવીશ. પરંતુ કૂથલી—મને સૌથી મોટી ફિકર તો તેની જ છે. આવજો, મારાં પરી! હું તમારા નાનકડા હાથને ચૂમી ભરું છું અને પ્રાર્થના કરું છું કે તમે ઝટ સાજાં થઈ જાઓ. મને ઑફિસે જવાની ઉતાવળ છે એટલે અત્યારે વધારે વિગતે લખી શકું એમ નથી. મારે મારી બેદરકારીનો બદલો વાળી દેવાનો છે. આજે સાંજે હું તમને બીજી બાબતો વિશે અને પેલા અફસરો જોડે મારા દંગલ વિશે લખી જણાવીશ.

સાદર અને સસ્નેહ તમારો મિત્ર

માકાર દેવુશ્કિન

૨૮ જુલાઈ

અરે, વારેન્કા, વારેન્કા! હવે તો શરમ મને નહિ પણ તમને આવવી જોઈએ, અને તે સદા તમારા અંતરમાં અંકાયેલી રહેશે. તમારા છેલ્લા પત્રથી હું એકદમ મૂંઝવણમાં પડી ગયો, પણ મારા દિલના ઊંડાણમાં ઊતરીને જોતાં મને લાગ્યું કે મેં કશું જ ખોટું નથી કર્યું, મુદ્દલ ખોટું નથી કર્યું. હું પેલા ઝઘડાની વાત બેશક નથી કરતો (વહાલાં, તેની વાત બહુ થઈ ગઈ, બસ), હું તો હકીકત જણાવું છું કે મને તમારી ઉપર વહાલ છે, અને તમારી ઉપર વહાલ રાખવામાં અજુગતું કંઈ જ નથી, જરાય નહિ. તમને તેની બિલકુલ જાણ નથી, વહાલાં. તમે જાણતાં હોત કે તમારી ઉપર વહાલ ન રાખવાનું મારે માટે અશક્ય છે તો તમે આમ લખ્યું જ ન હોત. તેમાં ખાલી તમારા દિમાગનો અવાજ છે. તમારું હૈયું તો નિરાળી જ વાત કહેવાનું.

વહાલાં, ઈમાનદારીથી કહું તો મને યાદ જ નથી કે મારી અને પેલા અફસરોની વચ્ચે ખરેખર શું થયેલું. મારે એટલું તો જણાવી દેવું જ જોઈએ, વહાલાં, કે એ વખતે હું અકળામણના સંજોગોમાં હતો. કલ્પના કરો કે

આખો મહિનો હું જાણે એક જ તાંતણે લટકી રહ્યો હતો, ભયંકર હાલત હતી. મેં તમારાથી તેમ જ પાડોશીઓથી છુપાવી રાખ્યું હતું. પણ મકાન માલિકણે દેકારા ને તકરાર મચાવી દીધાં. મેં બેશક કશી પરવા ન કરી. ડોકરી ચુડેલ ભલે મરજી પડે એટલા બરાડા પાડી લેતી. પણ એક તો તેમાં નામોશી હતી, વળી તેને આપણા પત્રોની ખબર પડી ગયેલી, ઈશ્વર જાણે કેવી રીતે, અને તે એવી એવી વાતો બરાડવા લાગી કે મારે કાનમાં આંગળીઓ ખોંસી દેવી પડી. કમનસીબે બીજા લોકોએ પોતાના કાન બંધ તો ન કર્યા પણ ઊલટાના સરવા કરી દીધા. વહાલાં, આ ઘડીએ પણ મને ભારે શરમ આવે છે...

એટલે, વારેન્કા, એક પછી એક લગાતાર આવી રહેલી એવી બધી જાતજાતની પરેશાનીઓને લીધે હું તો જાણે લગભગ ખતમ જ થઈ ગયો. અને પછી મને ફેદોરા પાસેથી એકદમ અજબ વાત સાંભળવા મળી કે કોઈ રોંચો તમારે ઘેર પહોંચી ગયેલો અને તેણે નફરત થાય એવી માગણીઓ કરીને તમારું અપમાન કરેલું. વહાલાં, એથી તમારું દિલ કેટલું દુભાયું હશે તેનો ખ્યાલ મને મારા પોતાના દિલમાં થયેલી પીડાથી આવે છે. પછી મારું માથું ઠેકાણે ન રહ્યું, મારી સાન એકદમ ગુમ થઈ ગઈ. વારેન્કા, હું આકરા ઝનૂને ભરાઈને નીકળી પડયો, હું જાણે સીધો એ પાપી જંતુ પાસે પહોંચી જવા તલસી રહ્યો હતો. મને ભાન જ નહોતું કે હું શું કરવાનો છું, પણ તમારું અપમાન થાય એ વાત મારાથી સહેવાતી નહોતી, મારાં નાનકડાં પરી! હું બેહદ ગમગીન બની ગયો, અને અધૂરામાં પૂરું વરસાદ વરસી રહ્યો હતો, રસ્તા ભીના અને લપસણા હતા, વાતાવરણ ભયંકર હતાશાજનક હતું... મેં ઈરાદો લગભગ બદલી નાખ્યો અને હું પાછો વળવા જતો હતો, પણ એટલામાં મારા પતનની ઘડી જાણે આવી પહોંચી. મને યેમેલ્યા, મતલબ કે યેમેલ્યાન ઇલ્યીચ, ભેટી ગયો. તે કારકુન છે, એટલે એમ કે તેને બરતરફ કરવામાં આવ્યો ત્યાં સુધી કારકુન હતો. મને ખબર નથી કે તે ગુજરાન ચલાવવા શું કરે છે. અમે બેઉ ભેગા ચાલી નીકળ્યા. પછી — પણ તમારા મિત્રની કમનસીબીઓ અને લાલસાઓની કથની વાંચીને તમને શી ખુશી મળવાની છે, વારેન્કા? ત્રીજે દિવસે સાંજે યેમેલ્યાએ મને પેલા અફસર પાસે જઈને મળી આવવાનો પાનો ચડાવ્યો. મેં સરનામું ચોકીદાર પાસેથી મેળવી લીધું. એ અફસરની બાબતમાં, વહાલાં, કેટલાય

વખતથી મારા ધ્યાનમાં આવેલું કે તેના સંબંધમાં કશીક ગરબડ જરૂર છે. તે અમારા મકાનમાં રહેતો હતો ત્યારે મેં તેની ઉપર નજર રાખેલી. હવે મને સમજાય છે કે મારું વર્તન અજુગતું હતું કારણ કે ખરું પૂછો તો હું દાખલ થયો ત્યારે પૂરો ભાનમાં નહોતો. મને કશું જ યાદ નથી, વારેન્કા, સિવાય કે ખંડમાં મને અફસરો ને અફસરો જ દેખાતા હતા—અથવા કદાચ મને બેવડું દેખાવા લાગ્યું હશે, ઈશ્વર જાણે! મેં શું કહેલું તે મને યાદ જ નથી આવતું, પણ મને ખબર છે કે ખીજમાં ને ખીજમાં હું ઘણુંબધું બોલેલો. તેમણે મને ખંડમાંથી બહાર કાઢી મૂક્યો અને દાદરા પરથી નીચે પણ ફગાવી દીધો, મતલબ કે ખરેખર ફગાવી ન દીધો પણ મકાનમાંથી બહાર ધકેલી દીધો. તમને તો ખબર પડી જ ગઈ છે કે હું ઘેર કેવી રીતે પહોંચેલો. બસ, કહેવાની વાત એટલી જ છે. મારા મોભાને બેશક ચોટ લાગેલી, પણ તેની કોઈને ખબર નથી, એટલે કે અજાણ્યા માણસોને તો નથી જ. માત્ર તમને એકલાંને જ ખબર છે એટલે કિસ્સો જાણે બન્યો જ ન હોય એમ ગણાય. ખરું ને, વારેન્કા? હું એટલું ચોક્કસ જાણું છું કે ગયે વરસે ઑફિસમાં આક્સેન્તી ઓસિપોવિચે પ્યોતર પેત્રોવિચનું એવું જ અપમાન કરેલું, પણ છાની રીતે, સાવ છાની રીતે. તેણે પ્યોતર પેત્રોવિચને ચોકીદારની ઓરડીમાં બોલાવેલો અને ત્યાં હિસાબ પતાવી લીધેલો—મેં બારણાની તિરાડ વાટે બધું જોયેલું—પણ માનભરી રીતે, ખાનગીમાં. મેં જોયેલું એથી કશો ફેર ન પડયો કારણ કે મેં કોઈને વાત ન કરી. પછી તો પ્યોતર પેત્રોવિચ અને આક્સેન્તી ઓસિપોવિચ જાણે કશું બન્યું જ ન હોય એવું વર્તન કરતા. પ્યોતર પેત્રોવિચે પોતાનો મોભો બરાબર જાળવી રાખ્યો અને બાબત વિશે ચુપકી સાધી લીધી. પછી બેઉ જણે હાથ મિલાવ્યા અને એકબીજાની સામે માથું નમાવ્યું. હું દલીલ નહિ કરું, વારેન્કા, મારામાં હિંમત જ નથી. હું બહુ નીચે સરી પડયો છું, ખરેખર બહુ જ નીચે. અને બદતરીન વાત તો એ છે કે મારે વિશે મારો પોતાનો મત હલકો પડી ગયો છે. ઈશ્વરની એવી જ ઇચ્છા હશે. અને વિધાતાના લેખથી કોઈ છટકી ન શકે. તો હવે મારી કમનસીબીઓ અને વિપદાઓની આખી વાત તમે જાણી લીધી, વારેન્કા. તેમાં વાંચવા જેવું તો ખરેખર કશું જ નથી. મારી તબિયત બહુ સારી નથી, વહાલાં, મારો મોજીલો

સ્વભાવ જાણે સાવ ગાયબ થઈ ગયો છે. તમારા સંબંધમાં મારા આદર, પ્રેમ, અને હેતની ખાતરી અપાવવાની છૂટ લઉં છું, અને મારાં વહાલાં વાર્વારા આલેક્સેયેવ્ના

સદા તમારો આજ્ઞાધીન સેવક

માકાર દેવુશ્કિન

૨૯ જુલાઈ

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

મેં તમારા બે પત્રો વાંચ્યા અને મારો તો જાણે શ્વાસ જ અદ્ધર ચડી ગયો! મારા મિત્ર! કાં તો તમે તમારી અમુક પરેશાનીઓ મારાથી છુપાવી રાખી છે, અથવા... માકાર આલેક્સેયેવિચ, તમારા પત્રો વાંચતાં ખરેખર લાગે છે કે તમને કશીક પરેશાની સતાવી રહી છે... અને તમે તેને વિશે મને લખ્યું નથી. આજે ચોક્કસ મળવા આવજો. અમારી સાથે જમો તો વધારે સારું. તમે જણાવ્યું જ નથી કે રોજ ગુજારો કેવી રીતે કરો છો, અને તમારી મકાન માલિકણ જોડે કેવી રીતે નિભાવી લો છો. એ વિશે તમે જાણીજોઈને ચુપકી રાખી હોય એમ લાગે છે. આવજો, મારા મિત્ર, અને અમને મળવા આવવાનું ચોક્કસ રાખજો. હંમેશાં અમારી સાથે જ જમવાનું રાખો તો વધારે સારું. ફેદોરા રસોઈ સારી કરે છે. આવજો.

તમારી

વાર્વારા દોબ્રોસ્યોલોવા

૧ ઑગસ્ટ

વહાલાં વાર્વારા આલેક્સેયેવ્ના,

તમે ખુશ છો, વહાલુડાં, કારણ કે ઈશ્વરે તમને ભલાઈનો બદલો ભલાઈ વડે ચૂકવવાનો અવસર આપ્યો છે. મને તેની ખાતરી છે, વારેન્કા, કારણ કે તમારી નેકદિલીની મને પૂરી ખાતરી છે. પણ બુઢાપામાં કાબૂ

ગુમાવી દેવા બદલ મને ઠપકો આપવાનું રહેવા દો — હું ફરિયાદ બેશક નથી કરતો. ભલે, તમારો એવો જ ખ્યાલ હોય તો મેં પાપ કર્યું છે. પણ તમારે હોઠેથી એવું સાંભળતાં બહુ દુઃખ થાય છે, મારાં મિત્ર. આવી વાત લખું છું એથી ખીજે ભરાશો નહિ. મારું દિલ બહુ જ આળું થઈ ગયું છે. ગરીબ માણસો ઘેલા હોય છે. મને લાગે છે કે ઘેલા જ જનમતા હશે. મને આવી લાગણી અગાઉ પણ થઈ છે, અને હવે વધારે થાય છે. ગરીબ માણસ હંમેશાં શંકાશીલ હોય છે, પાસેથી નીકળતા બધા માણસોને તે ત્રાંસી નજરે જોતો રહે છે અને મનમાં તર્ક કરતો રહે છે કે આ લોકો કદાચ મારી જ વાત કરતા હશે, મારે વિશે કોણ જાણે શું શું કહેતા હશે — કદાચ કહેતા હશે કે "બિચારો કંગાલ આદમી! શું વિચાર કરતો હશે? એક તરફથી જુઓ કે બીજી તરફથી જુઓ, કેવો દયામણો લાગે છે!" અને સૌ જાણે છે, વારેન્કા, કે ગરીબ માણસની કિંમત કચરાથીયે ઓછી હોય છે, કોઈને તેની તરફ આદર થાય જ નહિ, અને લહિયાઓ ભલે ગમે તેમ લખતા રહે પણ હાલત પહેલાં હતી એવી જ ચાલુ રહેવાની છે. કેમ? એ લોકો એવી ધારણા રાખતા હોય છે કે ગરીબ માણસ બધું જ અવળું પહેરે, સૌની નજરે પડે એવી રીતે; અને તેને અંતરના ઊંડાણમાં વસેલું કંઈ જ ન હોય, તેની પોતાની નજરમાં પુનિત કંઈ જ ન હોય. અને સ્વમાન — એ તેને માટે નથી! એક વાર યેમેલ્યાએ મને વાત કરી કે તેને માટે ફાળો એકઠો કરવામાં આવેલો, અને દસ કોપેકના દરેક સિક્કા માટે તેને જાણે સત્તાવાર નિરીક્ષણ જેવી હાલત વેઠવી પડેલી. એ લોકોનો ખ્યાલ એવો હતો કે પોતે પૈસા સખાવતમાં આપી રહ્યા છે, પરંતુ હકીકતમાં તેઓ ગરીબ માણસનો તમાશો જોવાના પૈસા ચૂકવી રહ્યા હતા. આજકાલ તો સખાવતની વહેંચણી વિચિત્ર બની ગઈ છે... અથવા કદાચ હંમેશાં એમ જ રહ્યું હશે, કોને ખબર! એ લોકો તેની રીત કાં તો જાણતા જ નથી, અથવા વધારે પડતી જાણે છે. એટલે વાત એમ છે, વહાલાં. બીજી બાબતોની આપણને કદાચ બહુ ઓછી ખબર હોય, પણ આ એક બાબતની જાણકારી તો આપણને આપણે માટે ઠીક ગણાય તેનાથી વધારે છે. ગરીબ માણસ કેમ આ બધું જાણતો તથા વિચારતો હોય છે? કેમ? કારણ કે અનુભવ એમ બતાવે છે, કારણ કે તે જાણતો હોય છે કે પાડોશમાં રહેતો સજ્જન રેસ્તરાંમાં જમવાની મોજ ઉડાવવા જતી વેળા આમ વિચારતો હોય છે: "પેલો ગંધારો કારકુન આજે

શું ખાશે? હું તો પકવાનની લહેજત માણવાનો, અને તે ઘાણું કરીને ઘી વગરની ઘેંસ ખાઈને પેટ ભરી લેશે". હું શું ખાવાનો છું તેની પંચાતમાં પડવાની તેને શી જરૂર? ખરેખર એવા સજ્જનો હોય છે, વારેન્કા. કાળમુખા લહિયાઓ સતત નજર રાખતા હોય છે કે માણસ કદમ જાળવીને માંડી રહ્યો છે, અથવા અમુક વિભાગના બિચારા કારકુનના પગનાં આંગળાં ફાટેલા બૂટમાંથી બહાર નીકળી રહ્યાં છે, અથવા તેની બાંયો કોણીએથી ઘસાઈને ફાટી ગયેલી છે — પછી ઘેર જઈને એ બધું લખી નાખે અને એવો કચરો છપાવી મારે... અરે મારા સાહેબ, મારી બાંયો કોણીએથી ફાટી ગઈ હોય તો તેમાં તમને શું લાગેવળગે? વારેન્કા, મારી તોછડાઈ બદલ માફ કરજો, પણ આ બાબતમાં તો ગરીબ માણસને કુંવારી કન્યા જેટલાં જ શરમ સંકોચ હોય છે. તમે અજાણ્યા માણસોની સામે કપડાં નહિ ઉતારો મારી ગુસ્તાખીની માફી માગી લઉં છું — અને એવી જ રીતે ગરીબ માણસને પણ જરાય ન જ ગમે કે કોઈ તેના અંગત મામલાઓની, તેના કૌટુંબિક સંબંધોની, ખાણખોદ કરે અને ઢંઢેરા પિટાવે. પરેશાની એ જ છે! અને બાકી હતું તે હવે તમારાં વેણના ઘા પણ ખમવા પડે છે, જાણે કેમ તમે મારા દુશ્મનોની, મારા નાક નામ અને સ્વમાન ઉપર કાદવ ઉછાળનારાઓની, તરફદારી કરતાં હો.

આજે ઑફિસમાં પણ હું જાણે સાવ નમાલો હોઉં એવી રીતે, ખરિયલ ચકલીની જેમ, ગુપચુપ બેસી રહ્યો. તેનો ખ્યાલ આવતાં જ મને શરમની ઝાળ લાગી જાય છે. મારી બાંયો કોણીએથી ફાટી ગયેલી હોય અથવા બટન એકબે દોરે ઘંટડીની જેમ લટકતાં હોય તો શરમ આવ્યા વગર રહે જ નહિ, વારેન્કા. વળી નસીબ અવળું હશે એટલે આજે તો રોજના કરતાં બદતર હાલત હતી. કોઈ પણ માણસ હતાશ થઈ જ જાય. વળી!.. સ્તેપાન કાર્લોવિચના ધ્યાનમાં પણ આવી ગયું. કશીક કામની વાત કરતી વેળા તે અધવચ્ચે જ અટકી જઈને બોલ્યો: "બિચારા માકાર આલેક્સેયેવિચ!" એટલું બોલીને તે થંભી ગયો. પણ બાકીનું હું અટકળે સમજી ગયો અને શરમથી એટલો રાતો થઈ ગયો કે મારી ટાલ પણ અંગારા જેવી લાલ થઈ ગઈ. આમ તો વાતમાં કંઈ માલ નથી, પણ બેચેની તો થાય જ અને મન ભારે થઈ જાય. એ લોકોને કશોક અણસારો આવી ગયો હોય એમ બને ખરું? ઈશ્વર એવું ન કરે! સાચું પૂછો તો એક માણસની બાબતમાં મને બહુ શંકા થાય છે. લહિયાઓ માટે તો એમાં કશું અજુગતું ગણાત

મને તેની પાસેથી પૈસા ઉછીના ચોક્કસ મળશે જ. હું કાલે તેને મળવા જઈશ. જાઉં ને? ઈશ્વર કરે ને પૈસા મળી જાય. મકાન માલિકણ મને ઘરમાંથી કાઢી મૂકવાની છે, અને ખાવાનું તો દેતી જ નથી. મારા બૂટ પણ સાવ ફાટી ગયા છે, અને કેટલાંય બટન તૂટી ગયાં છે... અને મારા કબાટમાં શાની ખોટ નથી! ઉપરીઓમાંથી કોઈ મારા આવા હીણા હાલહવાલ એક નજરે જોઈ લે તો! આપણી પરેશાનીઓનો આરો જ નથી, વારેન્કા, આરો જ નથી!

માકાર દેવુશ્કિન

૪ ઑગસ્ટ

હેતાળ માકાર આલેક્સેયેવિચ,

ઈશ્વરને ખાતર બને એટલા જલદી પૈસા ઉછીના લઈ આવો! તમારા આવા સંજોગોમાં હું તમારી પાસેથી મદદ કોઈ કાળે માગત જ નહિ, પણ તમને ખ્યાલ નહિ હોય કે અમારી હાલત કેવી થઈ ગઈ છે. અમારાથી હવે આ ઘરમાં રહેવાય એમ નથી. મારી પરેશાનીઓના પાર નથી, અને તમને કેવી રીતે ખબર પડે કે હું કેટલી બધી અકળાઈ ગઈ છું. આજે સવારે એક અજાણ્યો આધેડ આદમી, લગભગ [illegible], મને મળવા આવ્યો. તેની છાતીએ ચાંદબિલ્લા લટકાવેલા હતા. તેને જોઈને મને આશ્ચર્ય થયું કારણ કે હું તેની [illegible] જ નહોતી કરી શકતી. ફેદોરા બજારે ગઈ હતી. તેણે મને [illegible] કરી અને પછી જવાબની રાહ જોયા વગર જ ખુલાસો કર્યો કે [illegible] અને મારા ભત્રીજાએ ખરાબ વર્તન કર્યું તથા [illegible] જેમ ચડાવી દીધાં એટલે તેની ઉપર બહુ ખીજ ભરાયા છે [illegible] મારો ભત્રીજો સાવ નકામો જુવાનિયો છે, પણ હું તમારે [illegible] છું. તમારે જુવાન લોકોની પરવા ન કરવી, મને તમારી [illegible] જેવી સહાનુભૂતિ છે, મારી લાગણીઓ બાપ જેવી છે, અને [illegible] કરવા તૈયાર છું. હું ઊભી ઊભી સાંભળતી રહી, [illegible] થઈ ગયું, મને સમજણ જ ન પડી કે શું કરવું, [illegible] માનવાની જરાય ઉતાવળ મને

નહોતી. તેણે મારી મરજી વિરુદ્ધ મારો હાથ પોતાના હાથમાં લીધો, મારો ગાલ પંપાળ્યો, અને કહ્યું કે તમે બહુ રૂપાળાં છો, તમારાં ખંજન મને બહુ ગમે છે (ભગવાન જાણે કેમ), અને પછી તેણે મને ચૂમી ભરવાની કોશિશ કરતાં કહ્યું કે હું તો બુઢ્ઢો આદમી છું (હલકટ બુઢ્ઢો પાજી). બરાબર એ જ ઘડીએ ફેદોરા પાછી આવી. તે જરાક છોભીલો પડી ગયો અને તેણે મને ફરી ખાતરી અપાવતાં કહ્યું કે તમારા વિનય અને વિવેકને કારણે મને તમારી તરફ આદરની લાગણી થાય છે, અને આશા રાખું છું કે તમે મને પરાયો નહિ ગણો. પછી તે ફેદોરાને બાજુ પર લઈ ગયો અને કશુંક વિચિત્ર બહાનું કાઢીને તેને પૈસા આપવાની કોશિશ કરવા લાગ્યો. ફેદોરાએ બેશક ના પરખાવી દીધી. આખરે તે જવા તૈયાર થયો અને પાછી ખાતરીઓ દોહરાવતાં તેણે કહ્યું કે હું ફરી તમને મળવા આવીશ અને તમારે માટે એરિંગની જોડી લેતો આવીશ. (તે જાણે શરમાતો હોય એમ લાગતું હતું.) તેણે મને વધુમાં સલાહ આપી કે આ ઘર મૂકીને બીજા બહેતર ઘરમાં રહેવા જાઓ, એવું ઘર મારા ધ્યાનમાં છે, અને તેમાં તમારે કશું ખર્ચ નહિ કરવું પડે. તેણે ફરી વાર કહ્યું કે તમે નેક અને સમજદાર બાઈ છો એટલે મને બેહદ ગમો છો, અને નઠારા જુવાનિયાઓથી બચીને રહેજો. આખરે તેણે કબૂલ કર્યું કે હું આન્ના ફ્યોદોરોવ્નાને ઓળખું છું અને તેણે કહેવડાવ્યું છે કે તમને જાતે મળવા આવશે. એ વાત સાંભળતાં જ હું બધું સમજી ગઈ. મારી લાગણી તમને સમજાવવાનું કામ બહુ કઠિન છે. મારી જિંદગીમાં પહેલી જ વાર હું આવી હાલતમાં મુકાઈ ગઈ હતી. મને ઝાળ ચડી ગઈ અને મેં તેને વિશેનો મારો ખ્યાલ સાફ શબ્દોમાં સુણાવી દીધો. ફેદોરાએ મને ટેકો આપ્યો અને ડોસાને લગભગ ધક્કો મારીને બહાર કાઢી મૂક્યો. અમને ખાતરી છે કે આ તો આન્ના ફ્યોદોરોવ્નાનું જ કરતૂત છે, નહિતર તેને મારે વિશે ખબર જ કેવી રીતે પડે?

હવે હું તમને આજીજી કરું છું, માકાર આલેક્સેયેવિચ. આવી હાલતમાં મને રઝળતી મૂકી દેશો નહિ. ઈશ્વરને ખાતર મદદ કરો! મહેરબાની કરીને થોડાક પૈસા ઉછીના લઈ આવો, ભલે ઝાઝા ન હોય તો વાંધો નહિ, કારણ કે અમારે ઘર બદલવું જ પડશે, હવે અહીંયાં કોઈ રીતે રહેવાય એમ નથી, ફેદોરાનો મત પણ એવો જ છે. અમને ઓછામાં ઓછા પચીસ રૂબલની જરૂર છે. હું પૈસા પરત કરી દઈશ. ફેદોરા મારે માટે નવું કામ

ગોતી લાવશે અને હું એટલા પૈસા કમાઈ લઈશ. એટલે મહેરબાની કરીને વ્યાજની કશી પરવા કર્યા વગર પૈસા ઉછીના લઈ આવો. હું પૂરી રકમ તમને પાછી આપીશ, પણ અત્યારે તો મદદ કરો. તમારા સંજોગો આટલા ખરાબ છે ત્યારે તમને તકલીફ આપવામાં મને બહુ દુખ થાય છે, પરંતુ મારે માટે તો આશાનું કિરણ તમે એકલા જ છો. આવજો, માકાર આલેક્સેયેવિચ. મારો વિચાર કરો અને પૂરી કોશિશ કરો, ઈશ્વર તમને મદદ કરશે.

વા. દો

૪ ઑગસ્ટ

મારું પારેવડું, વાર્વારા આલેક્સેયેવ્ના,

આ બધા અણધાર્યા ફટકા મને એકદમ ગભરાવી નાખે છે! આવી આફતો મારું જોમ સાવ હરી લે છે! આ કચરા જેવા ખુશામતિયાઓ અને બુઢ્ઢા રોંચાઓ તમને હેરાન કરીને મંદવાડમાં ધકેલી દેશે, મારાં પરી, તમને મરણપથારી ભેગાં કરી દેશે, અને એ ખુશામતિયાઓની મુરાદ મારુંયે મોત આણવાની જ છે. અને આણશે જ, ચોક્કસ આણશે જ. હવે તો મારે ગમે તેમ કરીને તમારે માટે પૈસા લઈ આવવાના જ છે, અને તેમાં ફાવું નહિ તો મરી જવાનું પસંદ કરીશ. વારેન્કા, તમને મદદ ન કરું તો હું મરી જવાનો, ચોક્કસ મરી જવાનો, અને કરું તો તમે ઊડી જવાનાં, જેના માળા ઉપર વિકરાળ ઘુવડો તૂટી પડતાં હોય એવા પંખીની જેમ ઊડી જવાનાં. મને બહુ ફિકર થાય છે, મારાં વહાલાં. અને વારેન્કા, તમે આટલાં નિર્દય કેવી રીતે બની શક્યાં, કેવી રીતે? તમે દુખી છો, તમારી લાગણીઓ દુભાઈ છે, તમે વેદના સહી રહ્યાં છો, મારાં પંખી, છતાં તમે મને તકલીફ આપતાં અચકાઓ છો અને દયામણાં થઈને મને ખાતરી આપો છો કે પૈસા પરત કરી દેશો, એટલે કે વ્યાજ વખતસર ચૂકવવા સારુ તમારી નાજુક તબિયતને સાવ બરબાદ કરી નાખશો. આવું આવું કહેતાં પહેલાં બરાબર વિચાર કરવો જોઈએ, વારેન્કા. તમારે શા માટે ઢસરડા કરવા પડે અને સીવણ કરવું પડે અને તમારું નાનકડું માથું ફિકરમાં દુખાડી દેવું પડે અને

તમારી મીઠી આંખોને બરબાદ કરી નાખવી પડે અને તબિયત વધારે બગાડવી પડે? અરે વારેન્કા, વારેન્કા! હું જાણું છું કે મારામાં કશું કરવાની લાયકાત નથી, પણ હું ગમે તેમ કરીને કંઈક લાયકાત તો આખર દેખાડીશ જ. મને કોઈ બાબત અટકાવી નહિ શકે. હું વધારાનું કામ લઈ આવીશ. લેખકો માટે નકલ લખવાનું કામ કરીશ, હું જાતે તેમની પાસે જઈને મને કામ આપવા આજીજી કરીશ. તેમને સારી નકલ લખી જાણનારા માણસની જરૂર હોય જ, હું જાણું છું કે છે. હું કોઈ રીતે નહિ ચલાવી લઉં કે તમે કામનો બોજો વેઠીને માંદાં પડી જાઓ, તમારી કારમી મુરાદને હું કોઈ રીતે બર નહિ જ આવવા દઉં. હું ગમે તેમ કરીને પૈસા ઉછીના લઈ આવીશ, મારાં પરી! તેમાં નાકામયાબ થવા કરતાં મરી જવાનું પસંદ કરીશ. તમે લખો છો કે મારે આકરા વ્યાજની પરવા ન કરવી. ફિકર ન કરો, મારાં વહાલાં, હવે મને કોઈ વાતની બીક નથી. હું બૅંક-નોટના ચાળીસ રૂબલ માગવાનો છું. એ કંઈ બહુ વધારે ન ગણાય, ખરું ને? ચાળીસ રૂબલ જેટલો વિશ્વાસ મારામાં મૂકી શકાય? એ લોકો બીજું કંઈ જ નહિ પણ ખાલી મારા વેણના આધારે આપશે ખરા? પહેલી નજરે એવો વિશ્વાસ ઊભો કરવાની શક્તિ મારામાં છે? એટલે એમ કે મારા ચહેરા ઉપર પહેલી નજર પડતાં સારી છાપ પડે ખરી? વહાલાં, હું કેવો લાગું છું તેનો ખ્યાલ મનમાં કરી જુઓ અને મને જણાવો — હું એવી લાગણીઓ પેદા કરી શકું એમ છું? તમને શું લાગે છે? હું તો જાણે અકળામણમાં પડી ગયો છું, ખરેખર બહુ દુઃખ થાય છે. વારેન્કા, ચાળીસ રૂબલમાંથી હું પચીસ રૂબલ તમારે માટે નોખા તારવી લઈશ, બે રૂબલ મકાન માલિકણને આપીશ, અને બાકીના મારી જરૂરતો માટે વાપરીશ. મકાન માલિકણને બેશક વધારે પૈસા મળવા જોઈએ, હકીકતમાં તેનો હક ચોક્કસ છે જ. પણ મારી જરૂરતોનો વિચાર કરો, વારેન્કા, અને તમને સમજાઈ જશે કે હું ખરેખર વધારે આપી શકું એમ નથી. તો પછી એવી વાત જ કેમ કરવી, સવાલ જ કેમ ઉઠાવવો? નવા બૂટ માટે ચાંદીનો એક રૂબલ પૂરતો થઈ રહેશે. મને લાગે છે કે જૂના બૂટ તો ઑફિસે જવા માટે કાલે પણ નહિ ચાલે. નવો ગલપટો પણ લઈ લઉં તો સારું, જૂનાને એક વરસ થઈ ગયું છે. પણ તમે તમારા કોઈ જૂના કપડામાંથી ગલપટો અને રૂમાલ બનાવી દેવાનો વાયદો કર્યો છે, એટલે તેની ફિકર કરવાની જરૂર નથી. એમ બૂટ અને ગલપટાનો બંદોબસ્ત તો થઈ

કોશિશ કરી લઉં અને પછી વાત પડતી મૂકી દઉં. હું વોસ્ક્રેસેન્સ્કી પુલ પાસે પહોંચ્યો એટલામાં એક બૂટનું તળું ફડફડાટી કરવા લાગ્યું અને ચાલવાનું મુશ્કેલ બની ગયું. અને એવે ટાણે કોણ ભેટી ગયું, ખબર છે? બીજું કોઈ નહિ ને યેર્મોલાયેવ. તે ખાલી નક્લ લખવાનું કામ કરે છે, સાધારણ કારકુન પણ નથી. તે મને જોઈને થંભી ગયો અને અક્કડ ઊભો રહી ગયો, મારી ઉપર નજર ઠેરવીને મને જોતો રહ્યો, જાણે કેમ મારી તંદુરસ્તીનો જામ પીવા એક તાંબિયાની અપેક્ષા રાખતો હોય. "વાહ!" મને થયું, "મારી તંદુરસ્તીનો જામ પીવો છે, ખરું ને? પણ હવે કોને પરવા છે?" મને સખત થાક લાગ્યો એટલે હું થોડી વાર શ્વાસ ખાવા ઊભો રહીને પાછો પગ ઘસડતો ચાલવા લાગ્યો. મારા વિચારોને એક તાંતણે બાંધે, મારા મનને બીજી દિશામાં વાળે, મને પ્રોત્સાહન આપે, એવો કશોક ખ્યાલ પકડી લેવા મેં આમતેમ નજર ફેરવી અને મગજ દોડાવ્યું. પણ મને કોઈ જાતનો ખ્યાલ આવ્યો જ નહિ, ખાલી મારો પગ ખાબોચિયામાં પડયો અને મારાં કપડાં કાદવથી એટલાં બધાં ખરડાઈ ગયાં કે હું મૂંઝવણમાં લગભગ રડી પડયો. મને દૂરથી લાકડાનું પીળું મકાન નજરે પડયું. તેમાં ઉપલા માળાની જગ્યાએ ત્રિકોણાકાર કાતરિયું હતું. મને થયું: "માર્કોવનું ઘર જ લાગે છે. યેમેલ્યાન ઈવાનોવિચે વર્ણવેલું એવું જ છે બરાબર." (વ્યાજે પૈસા ધીરનારો માર્કોવ.) પણ હું બેચેન હતો, અને તે માર્કોવનું ઘર હોવાની મને ખબર હોવા છતાં મેં ખાતરી કરી લેવા ચોકીદારને પૂછી જોયું. "ભાઈ, આ કોનું ઘર છે?" મેં સવાલ કર્યો. પણ જવાબમાં સદ્‌ભાવની છાંટ જેવું કંઈ જ નહોતું, તોછડા ચોકીદાર જેવો જવાબ હતો: "માર્કોવનું છે, બીજા કોનું?" ચોકીદારો સાવ લાગણી વગરના હોય છે. મને તો ચોકીદારની જરાય પડી નહોતી, તેમ છતાં જાણે અણગમાની લાગણી તો મનમાં થઈ જ. તમે તો સમજો છો કે એકમાંથી બીજું નીકળે, અને સાવ નજીવી બાબત પણ આપણી હાલત સાથે જોડાયેલી લાગે. મેં મકાન ફરતે ત્રણ ચક્કર લગાવ્યાં પણ તોયે અંદર દાખલ થવાનું મને વધારે ને વધારે મુશ્કેલ લાગતું ગયું. મને થયું: "પૈસા નહિ આપે, કોઈ કાળે નહિ આપે! હું સાવ અજાણ્યો માણસ છું, મારો દેખાવ બેહાલ છે, અને બાબત બહુ નાજુક છે—પણ ભલે, નસીબમાં હશે એમ થશે, પછી પસ્તાવો ન થાય એટલા ખાતર કોશિશ તો કરવી જ છે, આખર મને કંઈ ખાઈ તો નહિ જ જાય!" એટલે હું હળવેથી દરવાજો ખોલીને અંદર

ગયો, પણ નવી આફત વરસી પડી, એક નકામું નાનકડું કૂતરું દોડાદોડી કરતું જોરથી ભસવા લાગ્યું. એવી કાળમુખી નજીવી બાબત પણ માણસને પાગલ બનાવી દે, તેની સ્વસ્થતા ખતમ કરી નાખે, તેના તમામ ફેંસલાને ઊંધાચત્તા કરી નાખે. હું ઘરમાં દાખલ થયો ત્યારે જીવતો ઓછો અને મરેલો વધારે હતો, તેમાં પાછી બીજી પરેશાની ઊભી થઈ. બરાબર ઉંબરમાં જ હું એક ડોશી જોડે અથડાઈ ગયો, તે અંધારામાં મને દેખાણી જ નહોતી, વાસણમાં દૂધ ગાળી રહી હતી. વાસણ બેશક ગબડી પડયું. ડોશી ચીસો ને બરાડા પાડતી મને ભાંડવા લાગી: "મારા રોયા! અહીં શું કરવા આવ્યો છો!" ફરીફરીને એવી જ ચીસો! વારેન્કા, હું આ બધું તમને લખી રહ્યો છું કારણ કે આવા સંજોગોમાં મારી બાબતમાં હંમેશાં આમ જ બનતું રહ્યું છે. મારું નસીબ જ એવું છે. હું હંમેશાં મુશ્કેલીઓના વમળમાં અટવાઈ જાઉં છું. કોલાહલ સાંભળીને ફિનલૅંડી મકાન માલિકણ આવી પહોંચી, ખરેખરી ડાકણ જ જોઈ લો! મેં તેને પૂછ્યું કે માર્કોવ અહીંયાં જ રહે છે ને, પણ તેણે સાફ ના પરખાવી દીધી. પછી મને ધ્યાનથી જોતાં તેનો ઇરાદો બદલાઈ ગયો હશે કારણ કે તેણે પૂછ્યું કે માર્કોવનું શું કામ છે. મેં ખુલાસો કરીને આખી વાત તેને જણાવી દીધી અને કહ્યું કે મને યેમલ્યાન ઇવાનોવિચે મોકલ્યો છે. કદરૂપી ડોકરીએ દીકરીને સાદ પાડયો અને એક ઊંચી છોકરી ઉઘાડા પગે ચાલતી આવી. "બાપુને બોલાવ," માએ દીકરીને કહ્યું, "ભાડૂતો સાથે વાત કરે છે." પછી મને કહ્યું: "અંદર આવો." ખંડ મઝાનો સગવડદાર હતો, ભીંતે ટાંગેલાં ચિત્રો મોટે ભાગે જનરલોનાં હતાં. એક સોફા, એક ગોળ ટેબલ, અને બારીની પાળે ફૂલઝાડનાં કૂંડાં. મને થયું કે હજી મોકો છે ત્યાં સુધીમાં પાછો વળી જાઉં તો સારું. હું લગભગ પોબારા ગણી ગયેલો, વહાલાં. મેં મનમાં નક્કી કરી નાખેલું કે કાલે ફરી આવીશ, હવામાન બહેતર થઈ ગયું હશે, કોઈનું દૂધ ઢોળાયું નહિ હોય, અને દીવાલેથી તાકી રહેલા જનરલો કદાચ ઓછા ગુસ્સામાં હશે. હું બારણા તરફ જઈ રહ્યો હતો એટલામાં તે દાખલ થયો. નાના કદના ઘરડા આદમીના વાળ ધોળા હતા અને આંખોમાં જાણે ખંધાઈ વરતાતી હતી. તેણે મેલો ચીકણો થઈ ગયેલો ડ્રેસીંગ-ગાઉન પહેર્યો હતો અને કેડે દોરી બાંધી હતી. તેણે મને પૂછ્યું કે શું કામ છે, અને મેં તેને યેમલ્યાન ઇવાનોવિચની, ચાળીસ રૂબલની, બધી વાત કરી. પણ મારી વાત પૂરી ન થઈ. મને ના

રહ્યા છો! શાને ખાતર? મને ખબર પડી કે મકાન માલિકણે તમને અંદર દાખલ ન થવા દીધા એટલે તમે રાત પરસાળમાં જ ગાળી. કેવી નામોશી! મેં સાંભળ્યું ત્યારે મને કેટલું બધું દુખ થયું! અમારે ત્યાં જરૂર આવો. તમને સારું લાગશે. આપણે ભેગાં વાંચીશું અને જૂની વાતો યાદ કરીશું. ફેદોરાએ કેટલાંય તીરથોની જાત્રા કરી છે તેની વાત કહેશે. મારા વહાલા મિત્ર, ઈશ્વરને ખાતર તમને પોતાને અને ભેગી મને બરબાદ ન કરી નાખો. હું તો માત્ર તમારે ખાતર જ જીવું છું અને અહીંયાં રહું છું. અને તમે? તમારો મોભો જાળવી રાખો, દુખમાં ધીરજ રાખો, અને યાદ રાખો કે ગરીબી કંઈ પાપ નથી. આટલા બધા હતાશ થઈ જવાનું શું કારણ છે? હાલત હંમેશાં તો આવી નહિ જ રહે, ઈશ્વર દયાળુ છે અને આપણી પરેશાનીઓનો વખત પણ વીતી જશે. પરંતુ હાલ તો તમારે ધીરજથી બધું સહી લેવું જોઈએ. હું તમને વીસ કોપેકનો સિક્કો મોકલું છું, તમાકુ અથવા તમને બીજી કોઈ ચીજની જરૂર હોય તે ખરીદી લેજો, પણ મહેરબાની કરીને બૂરા કામમાં ખરચી નાખશો નહિ. અમને મળવા આવજો. જરૂર આવજો. અગાઉની જેમ અમારે ત્યાં આવવામાં તમને કદાચ શરમ આવતી હશે, પરંતુ એવી શરમની જરૂર નથી. તમારું મિથ્યાભિમાન તજી દો અને ખરા દિલે પશ્ચાતાપ કરો. ઈશ્વરમાં નિષ્ઠા રાખો. તેની દયાથી બધું બહેતર થઈ રહેશે.

વા. દો.

૧૯ ઑગસ્ટ

વાર્વારા આલેક્સેયેવ્ના, મારાં વહાલુડાં,

મને શરમ આવે છે, ખરેખર બહુ જ શરમ આવે છે, વહાલાં. પણ સાચું પૂછો તો એમાં એવો તે શો ગજબ થઈ ગયો છે? ક્યારેક ક્યારેક દિલને ખુશ કરી લેવામાં ખોટું શું છે? એવી હાલતમાં હું ભૂલી જાઉં છું કે મારા બૂટનાં તળાં સાવ નકામાં થઈ ગયાં છે, કારણ કે જરાક વિચાર કરીએ તો તળાંની વાત જ બેકાર છે, ગમે તેમ કરીએ તોયે તે કાયમ સાધારણ, ભૂંડાં, અને ગંધારાં તળાં જ રહેવાનાં. અને બૂટની વાત પણ બેકાર છે. ગ્રીસના શાણા માણસો તેના વગર ચાલી શકતા હતા તો પછી આપણે શા માટે એવી

નકામી ચીજોની પંચાતમાં પડવું? એવી બાબતમાં લોકો શું કરવા મારી ઠેકડી ઉડાડે છે અને મારું અપમાન કરે છે? મારાં વહાલુડાં, તમને કોઈ બહેતર વાત લખવા ન મળી? અને ફેદોરાને કહેજો કે તે અણસમજુ ચાકરડી છે, પરેશાની પેદા કરનારી અને કંકાસણી ઓરત છે, વળી મૂરખી છે, સાવ મૂરખી. મારા ધોળા વાળની બાબતમાં તો તમને કહી દઉં, મારાં વહાલાં, કે તમે માનો છો એટલો ઘરડો હું નથી. યેમેલ્યા સલામ કહેવડાવે છે. તમે લખો છો કે તમને બહુ દુખ થયું અને તમે રડેલાં. અને હું લખું છું કે મને પણ બહુ દુખ થયું અને હું પણ રડેલો. અંતમાં હું તમને મઝાની તંદુરસ્તી અને ખુશમિજાજ ઇચ્છું છું. મારી તબિયત સારી છે, હું બધી રીતે ખુશ છું, મારાં નાનકડાં પરી!

સદૈવ તમારો મિત્ર

માકાર દેવુશ્કિન

૨૧ ઑગસ્ટ

ભલાં બાનુ અને હેતાળ મિત્ર વાર્વારા આલેક્સેયેવ્ના,

હું સમજું છું કે મેં ખોટું કર્યું છે અને તમારો ઠપકો વાજબી છે, પણ એવી સમજણમાં કશો ફાયદો નથી, મારાં વહાલુડાં, કશો અર્થ નથી. મેં ખોટું કામ કર્યું તે પહેલાં પણ હું આ બધું સમજતો હતો. તેમ છતાં, ખોટા કામની પૂરી સમજણ હોવા છતાં, મારું મન પતનના માર્ગે વળી ગયું. મારાં વહાલાં, હું ઝેરીલો કે કઠણ હૈયાનો માણસ નથી. મારાં બાળ, તમને દૂભવવા માટે માણસને વિકરાળ વાઘનું દિલ હોવું જોઈએ, અને તમે જાણો છો કે મારું દિલ તો ગરીબ ગાયના જેવું છે, વિકરાળ બનવાનું મારા સ્વભાવમાં જ નથી. એટલે, મારાં વહાલાં, મેં ખોટું કામ કર્યું તેમાં બધો વાંક મારો નથી અને મારા દિલનો કે મનનો પણ નથી. કારણ શું હતું તેની મને ખબર નથી, આખી વાત સમજણ ન પડે એવી ધૂંધળી લાગે છે, વહાલાં. તમે મને ચાંદીના ત્રીસ કોપેક મોકલ્યા, અને પછી બીજા વીસ કોપેક મોકલ્યા. હું બેઠો બેઠો તમારા, બિચારાં અનાથના, સિક્કાઓને જોતો રહ્યો અને મારું હૈયું કકળતું રહ્યું. તમારો હાથ દાઝી ગયો છે, તમારાથી

કામ થાય એમ નથી, થોડા વખતમાં તમારે ભૂખમરો વેઠવો પડે એમ છે, તેમ છતાં તમે મને તમાકુ ખરીદવા પૈસા મોકલ્યા. મારે શું કરવું જોઈતું હતું? તમને બિચારાં અનાથને જરાય અચકાયા વગર લૂંટી લેવાં? હું એકદમ હતાશામાં ગરકાવ થઈ ગયો, વહાલાં. પહેલાં તો મને થયું કે હું સાવ નકામો છું, મારા બૂટનાં તળાંથી જરાય બહેતર નથી. એટલે મારામાં કશી વેતા હોય એવો ખ્યાલ મને સાવ હસવા જેવો લાગ્યો. એથી ઊલટું, મેં ફેંસલો કરી લીધો કે હું સાવ વેતાબળ્યો, સાવ નાલાયક, તેમ જ સાવ અસભ્ય પણ છું. એ રીતે મારા સ્વમાનની લાગણી ખતમ થઈ ગઈ કે તરત હું મારા સદ્ગુણો તથા મારી લાયકાતને નકારી કાઢ્યા વગર રહી જ ન શક્યો. તેનું અચૂક પરિણામ મારા પતનમાં આવ્યું. સમજો કે નસીબમાં એમ જ લખાયેલું હશે. અને તેમાં મારો દોષ નથી. હું તાજી હવા ખાવા બહાર નીકળ્યો, એકમાંથી બીજું નીકળતું ગયું, કુદરતમાં ગમગીની ફેલાયેલી હતી, સખત ટાઢ હતી, વરસાદ વરસતો હતો, અને યેમેલ્યા ભેટી ગયો, તેણે પોતાની દરેકે દરેક વસ્તુ ગીરવી મૂકી દીધી હતી, વારેન્કા. તેની પાસે જે કંઈ હતું તે બધું એક જ રસ્તે વહેતું થઈ ગયું હતું, અને મને મળ્યો ત્યારે તેણે બે દિવસથી કંઈ ખાધું નહોતું. હવે તેને જે ગીરવી મૂકવું હતું તેને ગીરવી મૂકી શકાય એમ જ નહોતું કારણ કે એવું ગીરવી મૂકવાની કે રાખવાની રીત જ નથી. વારેન્કા, ખરેખર તો હું મારી પોતાની લાલસા કરતાં વધારે તો માનવજાત તરફની મારી હમદર્દીનો ભોગ બની ગયો હતો. હું એવી રીતે પાપમાં પડી ગયો. અમે બેઉ બહુ રડ્યા અને તમને યાદ કરતા રહ્યા. યેમેલ્યા ભલો જીવ છે, બહુ ભલો જીવ છે, અને ભારે લાગણીશીલ માણસ છે. મને પણ એવી જ બધી લાગણીઓ થાય છે અને એટલે જ મારી બાબતમાં આવું બનતું રહે છે, મને લાગણી થાય છે એટલે જ. હું તમારો બહુ જ અહેસાનમંદ છું, વહાલાં. મને તમારો પરિચય થયો ત્યાર પછી હું મને પોતાને બહેતર સમજવા લાગ્યો અને મને તમારી ઉપર હેત ઊપજ્યું. તે પહેલાં હું દુનિયામાં સાવ એકલો હતો, અને જિંદગી જીવવાને બદલે જાણે લાંબી નીંદરમાં જ ડૂબેલો રહેતો. એ દિવસોમાં દુષ્ટ માણસો કહેતા કે મારો દેખાવ જ અળખામણો અને નફરત પેદા કરે એવો છે. એવું સાંભળી સાંભળીને આખર હું પણ મારી જાતને નફરત કરવા લાગ્યો હતો. તેઓ કહેતા કે હું અક્કલનો ઓથમીર છું, અને હું પણ એમ જ માનવા લાગ્યો

હતો. પણ તમે સ્વર્ગમાંથી ઊતરી આવેલી દૈવી પ્રભાની જેમ મારા જીવનમાં પ્રવેશીને મારા અંધારઘેરા અસ્તિત્વમાં પ્રકાશ પાથરી દીધો, મારા હૈયામાં અને મારા આત્મામાં અજવાળું રેડી દીધું, આખરે મને શાતા મળી અને સમજાયું કે હું બીજા લોકોથી બદતર કોઈ રીતે નથી જ. કદાચ ઓપની કમી છે, અને છટા તથા તેજ પણ નથી, પરંતુ આખર હુંયે માનવી છું, માનવીનું દિલ અને મન ધરાવું છું. અને હવે મને એવી લાગણી થઈ કે નસીબ જાણે મારો ખેધો મૂકતું જ નથી. અપમાનો વેઠી વેઠીને મને મારા માનમોભાની જરાય પરવા ન રહી, કમનસીબીઓના ભારથી દબાયેલો હું હિંમત હારી બેઠો. મેં બધું તમને જણાવી દીધું છે અને આંખોમાંથી આંસુ વહાવતો આજીજી કરું છું કે આ વાત ફરી ક્યારેય ઉખેળશો નહિ કારણ કે હું ઉદાસ છું, થાકેલો હારેલો છું, અને મારું કાળજું કપાઈ રહ્યું છે.

આદરની લાગણી સાથે, મારાં વહાલુડાં,

સદૈવ તમારો વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

૩ સપ્ટેંબર

મારો છેલ્લો પત્ર હું પૂરો નહોતો કરી શકી, માકાર આલેક્સેયેવિચ, લખવાનું બેહદ મુશ્કેલ બની ગયું હતું. કોઈ કોઈ ઘડીએ મને એકલતાની ઝંખના થાય છે, સાવ એકલી વિષાદમાં ડૂબી જવાનું, એકલી એકલી રડવાનું, મન થાય છે; અને એવી ઘડીઓ હવે મારા જીવનમાં વધારે ને વાર વાર આવતી જાય છે. મારાં સ્મરણોમાં કશુંક અગમ્ય છે જે મને અગમ્ય ખેંચાણ કરીને દૂર દૂર લઈ જાય છે, અને હું જાણે ભાન ભૂલીને કલાકો સુધી શૂન્યતામાં ગરકાવ થઈ જાઉં છું. હવે તો ખુશી કે ગમની ભાગ્યે જો કોઈ બાબત એવી હોય છે કે જે ભૂતકાળની, અને સૌથી વધારે તો મારી સોનેરી બાલ્યાવસ્થાની, એવી જ કોઈ બાબત મને યાદ ન કરાવતી હોય. પરંતુ એવી ઘડીઓ પછી હંમેશાં હું હતાશામાં સરી પડું છું, મને નબળાઈ લાગે છે, મારાં દિવાસ્વપ્ન મને થકવી નાખે છે. અને આમેય મારી તબિયત રોજ કથળતી જાય છે.

પરંતુ આજે સવારે હવામાં તાજગી હતી અને મઝાનું તેજ પથરાયેલું હતું. શરદમાં આવો સમય જવલ્લે જ આવતો હોય છે. સુંદર વાતાવરણ જોઈને મારા મનમાં ખુશી છલકાઈ ગઈ. તો શરદ આવી પહોંચી. મને ગામમાં શરદ બહુ ગમતી. એ વખતે હું બાળકી હતી પરંતુ મને દરેક બાબત વિશે ઊંડી ઉત્સુકતાની લાગણી થતી. શરદમાં સવારના કરતાં સાંજનો સમય મને વધારે ગમતો. ઘરથી થોડાક જ અંતરે ટેકરીની તળેટીમાં સરોવર હતું. અત્યારે પણ મારી નજર સામે તેનું ચિત્ર લગભગ સાફ અંકિત છે. પહોળું અને ચળકતું સરોવર જાણે બિલોરના વિશાળ પટ જેવું લાગતું. સાંજે પવન ન હોય તો નિર્મળ સરોવર શાંત રહેતું, કિનારે ઊગેલાં વૃક્ષો નીરવ ખડાં રહેતાં, નિશ્ચલ જળ જાણે કાચની જાજમ જેવું લાગતું. શીતળ હવા કાયામાં તાજગી રેડી દેતી. ઘાસનાં તરણાં ઉપર ઝાકળ બાઝવા લાગતી, પરાળનાં છાપરાં નીચે બારીઓમાં પ્રકાશ ઝગમગી ઊઠતો, પાછું ગામ તરફ આવી રહેલું ગાયોનું ધણ નજરે પડતું. એવી વેળાએ મને ઘરમાંથી બહાર સરકી જઈને સરોવરે પહોંચી જવાનું બહુ ગમતું, અને હું બધું ભૂલી જઈને જળને નીરખતી રહેતી. માછીમારો ડાંખળાં ભેગાં કરીને કાંઠે તાપણું સળગાવતા અને તેનું અજવાળું જળની સપાટી પર દૂર દૂર સુધી પથરાઈ જતું. ગગન જાણે બહુ શીતળ અને નીચું લાગતું, તેમાં જાણે આગની જ્વાળાઓ જેવા લાલચોળ [illegible] જેમ લાગતું, અને એ રાતા લિસોટા ધીરે ધીરે ઝાંખા પડતા જતા. પછી ચંદ્રનો ઉદય થતો, અને તરંગવાર અવાજ [illegible] પાણીની પાંખના ફફડાટ, [illegible] હળવો સરસર ધ્વનિ, પાણીમાં કોઈ માછલાના [illegible] નિર્મળ સમીરમાં જાણે રૂપેરી ઘંટડી જેવા રણકાર કરતા. પછી આકાશમાં [illegible] સપાટી પર એકદમ પાતળું તથા પારદર્શક ધુમ્મસ [illegible], અને આઘેરા અંતરે બધું ધીરે ધીરે ઝાંખું પડતું જઈને [illegible] જતું. પરંતુ નજીકની બધી વસ્તુઓની રેખાઓ [illegible] કે જાણે કંડારેલી હોય: નાવડી, જળની કિનાર, [illegible], પાણીમાં ગડથોલા ખાતું પીપડું- છીંડી [illegible] અથવા ઘાસની સળીઓમાં અટવાઈ ગયેલી કોઈ [illegible] પાંદડાંવાળી ડાળખી. મોડું મોડું નીકળતું કોઈ [illegible] ઝાંખરાંમાં ઘસી જઈને પાછું ઊંચે ઊડી જતું અને [illegible] ઊભી ઊભી બધું નીરખતી

ને સાંભળતી અજબ અદ્‌ભુત લાગણી અનુભવતી. અને એ વખતે હું નાની બાળકી જ હતી.

હા, મને શરદ બહુ ગમતી, ખાસ કરીને તો શરદના અંતના દિવસો કે જ્યારે પાક લણાઈ ગયો હોય, બધું કામ પતી ગયું હોય, અને શિયાળાની વાટ જોતા ગામવાસીઓ ક્યારેક આ અને ક્યારેક તે ઘરમાં ભેગા થઈને વાતોના તડાકા મારતા હોય તથા ગીતો લલકારતા હોય. ત્યારે નીચા ઢળતા આસમાન તળે બધું વધારે ગમગીન બની જતું. નાગાપૂગા વનનાં છોડ પીળાં પાંદડાંના ઢગલા ખડકાઈ ગયા હોય, વન લગાતાર વધારે અંધારઘેરું અને વધારે નીલું બની રહ્યું હોય, ખાસ કરીને તો સંધ્યાની વેળાએ જ્યારે ધુમ્મસ બરાબર જામી જાય અને રાક્ષસો જેવાં, મહાકાય ભૂત જેવાં, લાગતાં વૃક્ષો વનના ઊંડાણમાં ઝળૂંબી રહ્યાં હોય. ક્યારેક ક્યારેક એવું બનતું કે મને બહાર ફરતાં ફરતાં બહુ મોડું થઈ જાય, અથવા સૌની ભેગી ચાલતી હું પાછળ રહી જાઉં, અને એકાએક મને ભાન થાય કે હું એકલી પડી ગઈ છું એટલે દહેશત ખાઈને ઘરની દિશામાં ઉતાવળાં ડગલાં ભરવા લાગું. હું પાંદડાની જેમ ધ્રૂજતી હોઉં અને મારા મનમાં બીક ઘોળાતી હોય કે કોઈ ઝાડની બખોલમાંથી બિહામણું ડાચું મને તાકી રહ્યું હશે. પછી એકાએક વનમાં પવન ઝપાટા મારવા લાગે, ગાજવા લાગે, અને ખાલી ડાળીઓને વળગી રહેલાં બાકીનાં પાંદડાંને ખેરવી દઈને વમળમાં સપડાવી દેતો રાગડા તાણવા લાગે. એટલામાં પંખીઓનાં મોટાં જબ્બર ધાંધલિયાં ટોળાં ઊડતાં આવીને ગગનમાં અંધકાર ભરી દે, અને કશોક અગમ્ય ભય મારા મનમાં છવાઈ જઈને જાણે મને ફફડતા અવાજે કહેવા લાગે કે “દોડવા માંડ, બાળકી, ભાગી જા! અહીંયાં તો હમણાં ભયંકર હાલત થઈ જવાની છે. ઝટ પોબારા ગણી જા!” હું દોટ મૂકતી અને મારો શ્વાસ ભરાઈ જતો. આખરે ઘરે પહોંચું ત્યારે ત્યાં આનંદી અને હૂંફાળું વાતાવરણ હોય. અમને બાળકોને શીંગ કે બી ફોલવા બેસાડી દેવામાં આવે, સગડીમાં બળતાં અંગારા તડતડાટી કરતાં હોય, મા અમને નીરખી રહી હોય, અમારી ઘરડી આયા ઉલ્યાના અમને વીતેલા દિવસોની વાતો અથવા વાગોળ ભૂતની અને જાદુગરોની વાર્તાઓ કહેતી હોય. અમે એકબીજાને અડોઅડ લપાઈ જઈને વાતો સાંભળતાં સાંભળતાં મોં મલકાવીએ. પછી એકદમ ચૂપકી છવાઈ જાય કોઈએ બારણું ખખડાવ્યું કે શું? ના, એ તો બુઢ્ઢો ફળિયાના ઝાંપાના

[illegible] [illegible] અને સૌ ખડખડાટ હસી પડે. રાતે અમને ભયંકર સ્વપનાં [illegible] અને એમ વારંવાર જાગી જઈએ. હું મધરાતે ચોંકીને જાગી જાઉં પરંતુ હલતાંયે બીક લાગે એટલે રજાઈમાં ધ્રૂજતી પરોઢ સુધી એમ ને એમ પડી રહું. તેમ છતાં સવારે ઊઠું ત્યારે મને ફૂલ જેવી તાજગી લાગે. હું બારીમાંથી બહાર નજર નાખું તો ખેતરો ટાઢની પકડમાં હોય અને પાંદડાં વગરની ખાલી ડાળીઓ પર શરદના હિમનું પાતળું પડ છવાઈ ગયેલું હોય. સરોવરની સપાટીએ બરફનો પાતળો થર જામી ગયો હોય અને તેમાંથી સફેદ વરાળના ગોટા ઊંચે ચડતા હોય. પંખીઓ આમતેમ ઊડતાં આનંદી કલરવ કરતાં હોય. પરંતુ સરોવરનો પાતળો બરફ સૂર્યનાં કિરણોની ગરમીથી ઝપાટાબંધ ઓગળી જતો. જગત તેજથી ભરેલું, ઝળકતું, અને સુખદ લાગતું. અમે સમોવાર ફરતે બેસી જઈએ, સગડીઓમાં આગ ભડભડ બળતી હોય, અમારો કાળિયો કૂતરો પોલ્કાન રાતની ટાઢને લીધે હજી થરથરતો બારીમાંથી ડોકિયું કરે અને આશાભરી મીટ માંડીને પૂંછડી પટપટાવે. બળતણ ભેગું કરવા નીકળેલા કોઈ ખેડૂતનું ગાડું ખડખડ કરતું વન તરફ જતું હોય. એવા સુખના દિવસોમાં અમે સૌ ભારે સંતોષ અને ખુશીની જિંદગી માણતાં... અરે, મારી બાલ્યાવસ્થા કેવી મઝાની સોના જેવી હતી!..

એ બધી યાદો તાજી થતાં મન [illegible] આવી જાય છે. ભૂતકાળ તેજના ફુવારા ઉડાડી રહ્યો છે અને વર્તમાન [illegible] [illegible] અને અંધારઘેરો છે!.. અંત કેવો આવશે, [illegible] [illegible] [illegible] આવશે, [illegible] ભગવાન! સાંભળો તો, મને [illegible] [illegible] [illegible] છે કે હું આ શહેરમાં મરી જવાની છું, મને તો ખાતરી છે. હું માંદી છું, બહુ જ માંદી છું. મને ઘણી વાર થાય છે કે હું મરી જવાની છું, પણ મારે [illegible] [illegible] [illegible], અહીંની જમીનમાં દફન નથી જોઈતું. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પાછી પથારીવશ થઈ જવાની. તમને ખબર છે કે [illegible] [illegible] [illegible] [illegible] ક્યારેય થઈ જ નહોતી. હવે મને જાણે બહુ જ [illegible] [illegible] [illegible] [illegible] ફરીથી આખો દિવસ બહાર જ રહી છું અને [illegible] [illegible] [illegible] [illegible] ક્યારેક મને એકલી રહેવામાં બીક લાગે છે અને [illegible] [illegible] [illegible] છે કે જાણે ઓરડામાં બીજું કોઈક પણ છે, મને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરીને તો જ્યારે હું મારાં દિવાસ્વપ્નોમાંથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] લાગે છે. એટલે જ મેં આટલો લાંબો [illegible] [illegible] [illegible] [illegible] શરૂ કરી દઉં એટલે બીક ભાગી

જાય છે. આવજો. પત્ર અહીંયાં જ પૂરો કરવો પડે એમ છે કારણ કે કાગળ ખલાસ થઈ ગયા છે, અને સમય પણ નથી. મારા ડ્રેસ અને હૅટના જે પૈસા મળેલા તેમાંથી ચાંદીનો એક રૂબલ જ બાકી રહ્યો છે. તમે ચાંદીના બે રૂબલ મકાન માલિકણને આપ્યા તે સારું કર્યું, હું રાજી થઈ, હવે થોડો સમય તે મૂંગી રહેશે.

તમે કોશિશ કરીને કપડાંનો સરખો બંદોબસ્ત કરી લેજો. આવજો, મારા મિત્ર. હું સાવ થાકી ગઈ છું. મને સમજાતું જ નથી કે આટલી બધી ઢીલી કેમ થઈ ગઈ છું. જરાક સરખી મહેનત કરું તેમાંયે બેહદ થાક ચડે છે. કામ કદાચ મળી જાય તોપણ હું કરીશ કેવી રીતે? તેના ખ્યાલ આવતાં જ મારી તો બધી આશા જાણે રૂંધાઈ જાય છે.

વા. દો.

૧ સપ્ટેંબર

મારું પારેવડું, વારેન્કા,

આજે તો મનમાં ઘણી ઘણી છાપ પડી. પહેલી વાત તો એ કે આખો દિવસ માથું દુખતું રહ્યું. તેમાંથી છુટકારો મેળવવા હું ફોન્તાન્કા ફરવા ગયો. સાંજે હવામાં ભેજ હતો અને અંધારું થવા લાગ્યું હતું. તમને તો ખબર છે કે આજકાલ પાંચ વાગ્યા પછી તરત અંધારું થઈ જાય છે. વરસાદ નહોતો, પણ ધુમ્મસ વરસાદના ઝાપટાથીયે બદતર હતું. પહોળા લિસોટા જેવાં વાદળાં આસમાનમાં સરકી રહ્યાં હતાં. પાળબંધીએ લોકોનાં ટોળાં ઉતાવળે આવજા કરી રહ્યાં હતાં. અજબ બદરૂપ ભીડ હતી, મનમાં હતાશા ભરી દે એવો દેખાવ હતો. તેમાં દારૂડિયા કિસાનો હતા, વરસાદી બૂટ પહેરેલી ચપટાં નાકવાળી અને ઉઘાડાં માથાંવાળી ફિનલૅંડી બાઈઓ હતી, ગાડીવાનો હતા, અમારા જેવા કારકુનો હતા, એક દૂબળો ક્ષયના રોગી જેવો શિખાઉ કામદાર હતો—તેણે પટ્ટાદાર ઝભ્ભો પહેર્યો હતો, તેના ચહેરા પર તેલના કાળા ડાઘા હતા, અને તેના હાથમાં મોટું જબ્બર તાળું હતું—અને લશ્કરમાંથી છૂટો કરી દેવામાં આવેલો બેહદ ઊંચો એક સિપાહી હતો. એવા લોકોને નીકળવાનો વખત હશે. વળી નહેર પણ જોવા જેવી હતી. આટલાં બધાં વહાણ તેમાં કેવી રીતે સમાતાં હશે! કેટલીય ચીંથરેહાલ

[illegible] બાઈઓ આ પુલ પર બેઠી બેઠી ભીની કેક અને સડેલાં સફરજન વેચી રહી હતી. ફરવા જવા માટે તો ફોન્તાન્કા સાવ ગમગીન જગ્યા છે. ત્યાં પગ નીચે ભીના પથરા અને ધુમાડાથી કાળાં થઈ ગયેલાં ઊંચાં મકાનો જ છે, નીચે ને ઉપર બધે બસ ધુમ્મસ જ ધુમ્મસ હોય છે. બહુ જ ઉદાસ અને અંધારઘેરી સાંજ હતી.

હું ગોરોખોવાયા માર્ગે વળ્યો ત્યારે સાવ અંધારું થઈ ગયું હતું અને ગૅસની બત્તીઓ સળગાવવાનું શરૂ થઈ ગયું હતું. હું એ રસ્તે કેટલાય વખતથી ગયો જ નહોતો. ભારે ધમાલ હતી. નાનીમોટી રૂપકડી દુકાનો ઝગારા ને ચળકારા મારી રહી હતી. મોંઘું કાપડ, ફૂલ, રિબનવાળી હૅટની કતારો, વગેરે વેચાણ માટે ગોઠવેલું હતું. એમ લાગે કે બધું ખાલી દેખાવ માટે ગોઠવેલું હશે, પણ ના, પોતપોતાની પત્નીઓ માટે એવી ચીજો ખરીદનારા લોકો ખરેખર હોય છે! અમીરીથી છલકાતો માર્ગ છે. રોટી-બિસ્કિટનો ધંધો કરતા ઘણા જર્મનો ગોરોખોવાયા માર્ગે રહે છે, અને એ લોકોને તો પૈસાની છૂટ હોય છે. એટલી બધી ગાડીઓ હતી કે રસ્તો ભાર કેવી રીતે ખમતો હશે તેની હેરત થાય. વળી ગાડીઓ જાણે વૈભવ છલકાતી—ચમકદાર બારીઓ, રેશમ અને મખમલની ગાદીઓ, પટ્ટીઓવાળા પોશાક પહેરીને અને તલવારો લટકાવીને [illegible] નોકરો. દરેક ગાડી જેવી નીકળે એટલે હું ભીતર નજર નાખતો અને અટકળ કરતો કે અંદર બેઠેલી મહિલાઓ કાં તો ઠકરાણીઓ અથવા રાજકુંવરીઓ હોવી જોઈએ કારણ કે મઝાના સાજશણગાર [illegible] હતા. એ સમય નાચની મહેફિલોમાં અથવા સાંજના મેળાવડાઓમાં જવાના હશે. મને તો ઠકરાણી અથવા કોઈ બહુ અમીર બાનુને નજરોનજર જોવાની ઉત્કંઠા થાય કારણ કે ચોક્કસ બહુ રૂપાળી હોય જ. [illegible] ગાડીઓમાં નજર નાખી લઉં છું એવી રીત સિવાય તેમને જોવાનો અવસર મને કદી મળ્યો નથી. મને તમારા વિચારો આવ્યા અને બહુ દુઃખ થયું. મારાં બિચારાં વહાલુડાં! તમારે આવી કંગાલિયત શા માટે વેઠવી પડે, [illegible]? મારાં વહાલાં નાનકડાં પરી, તમે બીજા કોઈથી ઊતરતાં [illegible] ભલાં છો, રૂપાળાં છો, સુજાણ છો, તો પછી તમારી [illegible] મુશ્કેલ કેમ? નેક ઇન્સાનોને ગરીબી અને [illegible] પડે છે? અને બધું સુખ બીજા લોકોને ભાગે [illegible], મને ખબર છે કે મારે આવી

વાત ન કહેવી જોઈએ કારણ કે તેમાં મુક્ત ચિંતનની વાસ છે. પરંતુ ઇનસાફી સવાલ પુછાવો જ જોઈએ કે એક માણસ હજી ગર્ભમાં હોય ત્યારથી જ તેના મલકતા નસીબનો ઢોલ કેમ પિટાતો હોય છે, અને બીજો માણસ નિરાધાર લોકોના આશ્રમમાં અનાથ દશામાં કેમ જન્મે છે? પરીકથાઓની જેમ ઘણી વાર એમ બને છે કે મૂરખ ઇવાનુશ્કાને સુખમાં મહાલવાનું મળે. ત્યારે તે વારસાના ખજાનાઓમાંથી ખોબા ભરે છે, ખાય છે, પીએ છે, અમનચમન કરે છે, અને બીજો બિચારો કંગાલ માણસ તેને તાકીને હોઠ ચાટતો રહે છે, તેનામાં બસ એટલી જ લાયકાત હોય છે, તે જાણે ખાલી એમ કરવા જ જન્મેલો હોય છે! આવા વિચારો કરવામાં બેશક પાપ તો છે જ, પણ આવા પાપમય વિચારો વણબોલાવ્યા જ આવતા રહે છે. વહાલાં, પેલી ગાડીઓમાંથી કોઈ એકમાં તમે કેમ સહેલ ન કરતાં હો? વળી મારા જેવા આદમી જોડે નહિ પરંતુ તમારો મધુરો મલકાટ નીરખવા આતુર જનરલોની સાથે કેમ સહેલ ન કરતાં હો? સંજોગો એવા હોત તો તમે કંગાલ જરેલાં સુતરાઉ ફ્રૉક ન પહેરતાં હોત પણ સોનારૂપાના સાજશણગાર કરતાં હોત. અને તમે શું હાલ છો એવાં ફિક્કાં ને દૂબળાં હોત? બિલકુલ નહિ! તમે તો સાકરની ઢીંગલી જેવાં, ગુલાબી ગાલવાળાં, તાજાંમાજાં, અને રાતાંમાતાં હોત. તમારી ઝગમગતી બારીમાં ડોકિયું કરીને હું જોઈ લેત કે તમે સુખી અને ખુશાલ છો તો પછી મારા સુખમાંયે કશી મણા ન રહેત. પણ ખરી જિંદગીમાં હાલત કેવી છે? વિપદાઓ, દુષ્ટ લોકો તમારી ઉપર વિપદાઓ વરસાવી રહ્યા છે, અને અધૂરામાં પૂરું હવે પેલો કચરા જેવો મૂછાળો આદમી તમને હેરાન કરી રહ્યો છે. એ વરણાગી રંગલો ફ્રૉક-કોટના ઠાઠમાઠમાં ફુલાઈને ફરતો રહે છે અને સોનાનાં ચશ્માં વાટે તમારી ઉપર વિકારી નજરો નાખતો રહે છે એટલે તેના માથામાં ઠસાઈ ગયું છે કે પોતે તમારી જોડે છૂટછાટ લઈ શકે છે અને તમારે તેની ઉદ્ધતાઈ વિનયથી સાંખી લેવી જોઈએ. કેમ? કેમ? કારણ કે તમે નિરાધાર અનાથ છો, તમારી રખેવાળી કરનારા જોરાવર મિત્રો નથી ધરાવતાં. એ લોકો કેવા માણસો હશે? નિરાધાર અનાથનું અપમાન કરતાં પાછું વળીને ન જોનારો એ આદમી કેવો માણસ હશે? માણસ નહિ પણ કચરો. ખાલી દેખાવ પૂરતો જ માણસ! મને ખાતરી છે. અરે, મને ગોરોખોવાયા માર્ગે મળેલો તમાશગીર પણ તેના કરતાં તો આદરનો વધારે હકદાર હતો. બિચારો એકાદ કોપેક વધારે મળી

[illegible] આખો દિવસ રસ્તે ભટકતો રહે છે તેથી શું થયું? તે [illegible] જિંદગીનો સુકાની પોતે જ છે અને ખુદ રોટી કમાઈને પેટ ભરે છે. તે કંઈ માગણ નથી પણ ગાઈ બજાવીને લોકોને ખુશ કરે છે. આવો, મોજ માણી લો! મારું કામ તમને મઝા કરાવવાનું છે! ભલે, કદાચ ભિખારી ગણાય, સાચેસાચ ભિખારી ગણાય, પણ ઈજ્જતદાર ભિખારી તો ખરો જ. થાકી ગયો હોય અને સખત ટાઢમાં થરથરતો હોય તોયે તે પોતાની રીતે કામ કરતો રહે છે, કામ તો કરતો જ રહે છે. એવા તો અનેક માણસો છે જે સાદું ને સાધારણ કામ કરતા હોય છે અને બહુ થોડું કમાતા હોય છે, પણ કોઈની સામે માથું નમાવતા નથી અને કશું માગતા નથી. હું બરાબર એ તમાશગીર જેવો જ છું, મતલબ કે બરાબર તેના જેવો નથી, બિલકુલ તેના જેવો નથી, ખાલી સુજનતા અને ઈજ્જતદારીના અર્થમાં જ બરાબર તેના જેવો છું. હું બને એટલી સખત મહેનત કરું છું. એથી વધારે શું થઈ શકે?

મને તમાશગીરનો ખ્યાલ એ કારણે આવ્યો કે મારી ગરીબી મને આજે જેટલી ખટકેલી એટલી અગાઉ ક્યારેય નહોતી ખટકી. હું તેનો ખેલ જોવા રસ્તે ઊભો રહી ગયો. મારો ઇરાદો [illegible] વાળી દેવાનો હતો, અણગમતા વિચારો અળગા રાખવાના હતા, [illegible] જ હું ઊભો રહી ગયેલો. થોડાક ગાડીવાળાઓ, [illegible], [illegible] છોકરી પણ ઊભાં ઊભાં ખેલ જોઈ રહ્યાં હતાં. [illegible] ખેલ ગોઠવ્યો હતો. [illegible] મારી નજરે પડયો. [illegible]. તેના પગ ઉઘાડા હતા [illegible] ફાડીને ખેલ જોતો હતો [illegible] છોકરા જ! તે ટાઢને લીધે થરથરી રહ્યો હતો [illegible] ચૂસતો હતો, પણ મોટા [illegible] જ નહોતો શકતો. મેં જોયું કે [illegible]. તમાશગીર ઢીંગલા અને ઢીંગલીઓને [illegible]. આખરે કોઈ સજ્જને કાણા વાટે પેટીમાં સિક્કો નાખ્યો [illegible] છોકરો ચોંકી ગયો અને તેણે ભયભીત નજરે [illegible] કે સિક્કો મેં જ નાખ્યો હોવો જોઈએ [illegible] પહોંચી જઈને તેણે ધ્રૂજતી

આંગળીઓમાંથી કાગળ મારા હાથમાં પકડાવી દીધો અને તીણા અવાજે મને વાંચવાની કાકલૂદી કરી. મેં કાગળ ખોલીને વાંચ્યો. બેશક, કાયમ જેવી જ વાત હતી—મરવા પડેલી મા, ભૂખે મરતાં ત્રણ બચ્ચાં, ભલા નેક લોકોને મદદની આજીજી, અને વાયદો કે મા મરી જાય પછી તેનો આત્મા ઈશ્વરના દરબારમાં મદદગારોની હિમાયત કરશે. તેમાં નવું કે અજબ કંઈ જ નહોતું, કોઈનીયે બાબતમાં એમ બને, પણ મારે આપવું શું? મારાં ખીસાં તો સાવ ખાલી હતાં. પણ મને બહુ અફસોસ થયો. બિચારો નાનકડો છોકરો ટાઢમાં સાવ ઠરી ગયેલો હતો. વળી ભૂખ્યો પણ હશે જ, ચોક્કસ. ખોટું નહોતો બોલતો. ના, ખોટું બોલે જ નહિ. મને તો ખબર છે. બેહદ ત્રાસ થાય એવી વાત તો એ હતી કે મા માગવાની ચિઠ્ઠી લખીને દીકરાને સખત ટાઢમાં પૂરતાં કપડાં વગર બહાર મોકલે. કદાચ બિચારી સાવ હતાશ થઈ ગઈ હશે, મદદ કરનારું કોઈ નહિ હોય, અસહાય દશામાં સ્તબ્ધ બેઠી રહેતી હશે, કદાચ ખરેખર માંદી હશે. તેમ છતાં, તેણે રીતસરના સત્તાધારીઓને અરજી કરવી જોઈએ. શક્ય છે કે દૂબળા ભૂખ્યા નાનકડા દીકરાને માગવા મોકલીને તે ખાલી લોકોની ભલાઈનો ફાયદો ઉઠાવવાની કોશિશ કરતી હોય. પણ કાગળની એવી ચબરખી લઈને ભીખ માગતા બાળકનો ઉછેર કેવો થાય? છોકરો સાવ લાગણી વગરનો થઈ જાય. બિચારો દોડાદોડી અને કાકલૂદી કરતો રહે છે પણ લોકોને જાણે તેની વાત સાંભળવાનો વખત જ નથી. તેમનાં દિલ પથ્થર જેવાં અને વેણ નિષ્ઠુર છે: "ચાલતો થઈ જા! હેરાન કરવાનું મૂકી દે!" એવાં વેણ તે બધા લોકો પાસેથી સાંભળતો રહે છે. ટાઢમાં થરથરતો રહેતો અને માળામાંથી પડી ગયેલા પંખીબાળની જેમ ધાક ખાઈ ગયેલો છોકરો સાવ લાગણી વગરનો થઈ જશે. ઠારમાં તેના હાથ પગ બહેર મારી ગયા છે અને થિજાવી દેતી હવામાં તે શ્વાસ પણ માંડ માંડ લઈ શકે છે. તેને ખબર પડે તે પહેલાં જ તેને ઉધરસ થઈ જાય છે, ગોબરા સાપોલિયા જેવો રોગ તેની છાતીમાં પેસી જાય છે, કોઈ અંધારા ગંધારા ખૂણામાં ટાંપીને બેઠેલું મોત તેની ઉપર સવાર થઈ જાય છે, કારણ કે તેની કાળજી રાખનારું કોઈ નથી, તેને મદદ કરનારું કોઈ નથી. અને તેની નાનકડી જિંદગીનો છેડો આવી જાય છે. વારેન્કા, કેટલીક જિંદગીઓમાં બસ એટલું જ હોય છે. "ઈશ્વરને ખાતર મદદ કરો!" એવાં વેણ સાંભળીને કશું આપ્યા વગર અને ખાલી "ઈશ્વર તને મદદ કરશે" એટલું જ કહીને

પસાર થઈ જવાનું સહેલું નથી. એવા સંજોગો પણ બેશક હોય છે કે જ્યારે "ઈશ્વરને ખાતર" શબ્દો બહુ ભયંકર નથી લાગતા ("ઈશ્વરને ખાતર" શબ્દો તો કેટલીય જાતના હોય છે, વહાલાં). ક્યારેક તે ભિખારીઓના કાયમ સાંભળવા મળતા યંત્રવત્ રાગડા જેવા હોય છે. એવા માણસને કંઈ ન આપવાનું એટલું પીડાકારી નથી હોતું. તે રીઢો થઈ ગયેલો હોય છે અને તેનામાં ગમે તેમ કરીને ટકી રહેવાની આવડત હોય છે. પણ ક્યારેક "ઈશ્વરને ખાતર" શબ્દો વિચિત્ર, ઘોઘરા, અને ભયંકર લાગે છે. આજે બરાબર એવા જ લાગેલા. હું છોકરાની ચિઠ્ઠી વાંચી રહ્યો હતો એટલામાં સાવ વાડ પાસેથી કોઈએ—તે ખાલી ઊભો હતો, ભીખ નહોતો માગી રહ્યો—મને કહ્યું: "માલિક, ઈશ્વરને ખાતર એક તાંબિયો આપો!" અવાજ એટલો ઘોઘરો હતો કે હું ચોંકી ગયો. પણ હું તેને શું આપી શકું એમ હતો? મારી પાસે તો કંઈ જ નહોતું. ગરીબો પોતાની કપરી દશાની ફરિયાદ મોટેથી કરે તે અમીરોને ગમતું નથી. તેઓ ગરીબોને બલા અને બેશરમ લપ ગણાવે છે. ભૂખ્યાં માણસોના ઊંહકારાથી તેમની નીંદરમાં ખલેલ પડતી હશે ખરી? મને લાગે છે કે નહિ જ પડતી હોય.

મારાં વહાલાં, ખરું કહું તો મેં આ બધું લખ્યું છે તેમાં થોડુંક કારણ મારા દિલનો ભાર હળવો કરવાનું અને થોડુંક કારણ મારી લખવાની સરસ રીતનો નમૂનો તમને બતાવવાનું છે. તમે જોઈ શકશો, વહાલાં, કે હમણાં હમણાં મારી રીતમાં સરખો ઘાટ આવતો રહ્યો છે. અત્યારે હું એટલો બધો હતાશ થઈ ગયેલો છું કે મને મારા પોતાના વિચારોની બાબતમાં હમદર્દી થયા વગર રહે જ નહિ. મારાં વહાલાં, મને ખબર છે કે એવી હમદર્દીથી કશો જ ફાયદો થવાનો નથી, પણ તોય પોતાની જાતને થોડોક ઈનસાફ કરી લેવાથી મન રાજી થઈ જાય છે. વળી માણસની વૃત્તિ સામાન્ય રીતે પોતાને ઉતારી પાડવાની, પોતાને શૂન્યથીય ઓછો ગણવાની, અને પોતાને લાકડાના છોડાથીયે હલકો ગણવાની હોય ત્યારે એવા ઈનસાફથી વધારે રાજીપો થાય છે. તમને સરખામણી કરી બતાવવા માટે જણાવું કે તેના કારણમાં આ બાબત છે: મારી પાસે ભીખ માગવા આવેલો પેલો નાનકડો છોકરો જેટલો પરેશાન અને કચડાયેલો હતો એટલો જ પરેશાન અને કચડાયેલો હું પણ છું. વારેન્કા, માફ કરજો કે હું રૂપકની ભાષા વાપરવાની છૂટ લઉં છું. સવારે વહેલો ઑફિસ જતાં વેળા હું ક્યારેક શહેરમાં નજર ફેરવું છું

ત્યારે ચોમેર ફેલાયેલો ધુમાડો અને ધાંધલ તથા ધાણધાણાટ જોઈ સાંભળીને મને હું સાવ વામણો હોવાની લાગણી થાય છે, જાણે કેમ મારી ખાણખોદની વૃત્તિ પારખી લઈને કોઈ નાક ચડાવતું હોય. એવું બને ત્યારે હું જાણે સંકોડાઈ જાઉં છું અને ગરીબ ગાય જેવો થઈને દબાતાં પગલાં આગળ માંડું છું. પણ વહાલાં, આપણે જરાક બારીક નજરે જોઈએ કે એ મોટાં અંધારઘેરાં બેનૂર મકાનોની અંદર શું થઈ રહ્યું છે. આપણે જોઈ લઈએ અને પછી વિચાર કરીએ કે પોતાની જાતને એટલી હલકી ગણી લેવાનું અને એ કારણે શરમાવાનું વાજબી કેવી રીતે ગણાય. વારેન્કા, યાદ રાખજો કે આ બધું હું પ્રત્યક્ષ અર્થમાં નહિ પણ દાખલા દૃષ્ટાંતોની ભાષામાં કહી રહ્યો છું. તો આપણને એ મકાનોમાં શું જોવા મળશે? આપણને જોવા મળશે કે ફ્લૅટ તરીકે ઓળખાતા ભેજવાળા ઓરડાના ગંધારા ખૂણામાં કોઈ કારીગર નીંદરમાંથી જાગે છે. શક્ય છે કે તેણે આગલે દિવસે બગાડી નાખેલા બૂટના વિચારો તેને આખી રાત સતાવતા રહ્યા હોય. જરાક વિચાર તો કરો કે માણસને એવી સાવ કચરા જેવી બાબતનાં સ્વપ્નોમાં અટવાઈ જવું પડે. આ માણસ બેશક કારીગર છે, મોચી છે, એટલે તેને સતત આવી બાબતોના વિચારો આવે એ તો જાણે ઠીક. તેનાં બચ્ચાં રડારોળ કરે છે અને તેની વહુ ભૂખી છે. પણ વહાલાં, ખાલી મોચીઓને જ જાગતી વેળા એવા ખ્યાલ સતાવતા હોય એવું નથી. આનું ખાસ કંઈ મહત્ત્વ બેશક નથી જ, અને બીજો એક સંજોગ ન હોત તો કદાચ આ વાત ઉલ્લેખને લાયક પણ ન ગણાત. બીજો સંજોગ એવો છે કે એ જ મકાનમાં ઉપરને માળે રહેતા બહુ અમીર આદમીને પણ તેના સુશોભિત શયનખંડમાં આખી રાત બૂટનાં જ સ્વપ્નાં આવ્યાં હતાં. બૂટ બેશક બીજી જાતના હતા, પણ બૂટ તો ખરા જ. વહાલાં. એ અર્થમાં આપણે સૌ અમુક અંશે મોચીઓ જ છીએ. આ વાત પણ ખાસ કંઈ મહત્ત્વની ન ગણાત, પરંતુ મુશ્કેલી એ છે કે અમીર આદમીના કાનમાં હળવેથી એમ કહેનારું કોઈ નથી કે ભાઈ, ખાલી પોતાની જ ફિકર કરવાનું અને એકલા પોતાને ખાતર જ જીવવાનું હવે બહુ થઈ ગયું, તું કંઈ મોચી નથી, તારાં બાળકો તંદુરસ્ત છે, તારી વહુ ભૂખી નથી, આમતેમ નજર ફેરવ અને તારા બૂટથી વધારે ઉમદા કોઈ બાબતની થોડીક ફિકર કર. મારો ઇરાદો દાખલા દૃષ્ટાંતની ભાષામાં તમને આ વાત જણાવવાનો હતો. વારેન્કા, આ બધું કદાચ ભયંકર મુક્ત ચિંતન જેવું લાગે, પણ ક્યારેક

[illegible] મારા મનમાં એવા ખ્યાલો પેદા થાય છે અને પછી મારા દિલમાંથી શબ્દોના રૂપમાં ધોધમાર વહેવા લાગે છે. એટલે પોતાની જાતને ઉતારી પાડવાની અને બધી ધાંધલ તથા ધણધણાટની બીક રાખવાની મુદ્દલ જરૂર નથી. વહાલાં, અંતમાં હું આટલું કહીશ: તમને કદાચ લાગશે કે મને કૂથલી કરવાની મરજી થઈ હશે અથવા મારું મન ખાટું થઈ ગયું હશે અથવા આ બધું મેં કોઈ પુસ્તકમાંથી તફડાવી લીધું હશે. ના, મારાં વહાલુડાં, એવો ખ્યાલ છોડી દો, એમ નથી. મને કૂથલીની તો સખત નફરત છે, મારું મન ખાટું નથી થઈ ગયું, અને મેં કોઈ પુસ્તકમાંથી તફડંચી નથી કરી. વાત એમ છે!

હું ગમગીન હાલતમાં ઘેર પહોંચ્યો અને પાણીની કીટલી ચૂલે મૂકીને ચા પીવાની તૈયારી કરી રહ્યો હતો એટલામાં મારો ગરીબ પાડોશી ગોર્શકોવ અચાનક અંદર આવ્યો. સવારે મારા ધ્યાનમાં આવેલું કે તે જાણે બીજા પાડોશીઓથી નજીક આંટા મારતો હતો અને મારી કને આવવા માગતો હતો. વારેન્કા, વચમાં અમસ્તું જ જણાવું કે તેની જિંદગી મારી જિંદગીથીયે એટલી બદતર છે કે સરખામણી પણ ન થઈ શકે. બહુ ખરાબ છે! વહુ અને બચ્ચાંનાં પેટ ભરવાનાં! હું ગોર્શકોવ હોત તો મને સમજણ જ ન પડી હોત કે મારે શું કરવું. તો ગોર્શકોવ અંદર આવ્યો અને તેણે માથું નમાવ્યું. રોજની જેમ તેની આંખોમાંથી પરુ જેવાં પીળાં આંસુ વહેતાં હતાં. તે અંદર આવીને [illegible], એક શબ્દ પણ બોલી ન શક્યો. મેં તેને ભાંગેલી ખુરશી પર બેસવા કહ્યું કારણ કે બીજી ખુરશી હતી જ નહિ, અને ચા પીવાનો આગ્રહ કર્યો. ક્યાંય વાર સુધી તે માફી માગતો રહ્યો પણ આખર [illegible] લીધો. ખાંડ લેવાની ના પાડીને તે ફરી માફી માગવા લાગ્યો. મેં તેને ખાંડ લેવાની તાણ કરી એટલે તે લાંબી લાંબી દલીલો કરવા લાગ્યો પણ આખર જરાક જેટલી ખાંડ લઈને તેણે મને ખાતરી આપવા માંડી કે ચા બહુ જ મીઠી છે. હે ઈશ્વર, ગરીબી માણસને કેવો રાંકડો બનાવી દે છે! "બોલો ભાઈ, કેમ ચાલે છે?" મેં પૂછ્યું. તેણે જવાબમાં આભાર માનીને કહ્યું: "માકાર આલેક્સેયેવિચ, તમે ઈશ્વરના નામે દયા કરીને ગરીબ કુટુંબને મદદ ના કરો? મારી ઘરવાળી અને બચ્ચાંની વાત છે. [illegible] કંઈ જ નથી, અને તમને બાપની લાગણીના [illegible]" હું કંઈક કહેવા જતો હતો પણ

તે વચમાં જ ફરી બોલી ઊઠયો: "માકાર આલેક્સેયેવિચ અહીં રહેતા બીજા દરેક માણસની મને બીક લાગે છે, મતલબ કે તેમની જોડે વાત કરવામાં બીક તો એટલી નથી લાગતી પણ શરમ આવે છે. બહુ તોછડા ને તોરી છે. તમને તકલીફ આપવાનો તો મને કદી ખ્યાલ પણ ન જ આવે, તમે તો મારા મુરબ્બી અને મહેરબાન છો. મને ખબર છે કે તમને પોતાની પરેશાનીઓ છે અને તમે મને ઝાઝી મદદ કરી શકો એમ નથી, પણ મહેરબાની કરીને કંઈક તો ઉછીનું આપો. તમારી પાસે મદદ માગવા આવવાનું મારે માટે સહેલું નહોતું, પણ હું જાણું છું કે તમારું દિલ માયાળુ છે, તમે પણ મારી જેમ ભીડમાં છો એટલે મારી કમનસીબ હાલત જોઈને તમને હમદર્દી થવાનો વધારે સંભવ છે." વધુમાં તેણે પોતાની બેઅદબી અને બેશરમી બદલ બહુ બહુ માફી માગી. મેં કહ્યું કે તમને મદદ કરીને હું બહુ રાજી થાઉં પણ મારી પાસે તો કંઈ નથી, બિલકુલ કશું જ નથી. "માકાર આલેક્સેયેવિચ, મારા ભલા મુરબ્બી," તેણે ફરી આજીજી કરી, "હું ઝાઝું નથી માગતો, પણ હાલત આવી છે (તેનું મોં રાતું થઈ ગયું): વહુ અને બચ્ચાંની વાત છે. ભૂખ્યાં મરી રહ્યાં છે. ખાલી દસ કોપેક ન આપી શકો?" મને બહુ ખરાબ લાગ્યું. ખરેખર, માણસની હાલત મારી હાલતથીયે બદતર હતી. એ વખતે મારી પાસે ફક્ત વીસ કોપેક હતા, અને તે મેં બીજા દિવસની તાકીદની જરૂરતો માટે બચાવી રાખ્યા હતા. મેં કહ્યું: "ના, ખરેખર આપી શકું એમ નથી." પછી મેં કારણ સમજાવ્યું. "માકાર આલેક્સેયેવિચ, મારા બાપ, કંઈક તો આપો જ, તમને મરજી પડે તે, ભલે દસ જ કોપેક!" મેં વીસ કોપેકનો સિક્કો કાઢીને તેને આપી દીધો. અને વીસ કોપેક પણ મદદ તો ગણાય ને, વારેન્કા? કેવી ગરીબી! અમે વાતો કરવા લાગ્યા અને આખરે મેં તેને પૂછ્યું કે હાલત આટલી ખરાબ હોવા છતાં ચાંદીના પાંચ રૂબલનો ઓરડો ભાડે કેમ રાખ્યો છે. તેણે ખુલાસો કર્યો કે પોતે છ મહિના પહેલાં રહેવા આવેલો ત્યારે ત્રણ મહિનાનું ભાડું અગાઉથી ભરી દીધેલું, અને આશા હતી કે એટલા વખતમાં ખટલો પતી જશે. મામલો ખરેખર રંજ થાય એવો છે. તેણે કાનૂનનો કશોક ભંગ કરેલો. કોઈ વેપારીએ સરકારી નાણાંની ઉચાપત કરેલી તેના ખટલામાં સંડોવાયેલો છે. મામલો ઉઘાડો પડી ગયો ત્યારે ધુતારા વેપારીની ઉપર કામ ચલાવવામાં આવ્યું અને તેણે ગોર્શ્કોવને ફસાવી દીધો. હકીકતમાં ગોર્શ્કોવનો દોષ તો

[illegible] જ છે, રાજ્યનાં હિતોની ગુનાહિત લાપરવાઈનો જ છે. [illegible] વરસથી ચાલતો રહ્યો છે, પણ ગોર્શ્કોવના માર્ગમાં લગાતાર નવી આડખીલીઓ ઊભી થતી રહી છે. તેનું કહેવું છે કે "મારી ઉપર લાદવામાં આવેલી બેઈજ્જતીની બાબતમાં હું નિર્દોષ છું, સાવ નિર્દોષ છું! ઉચાપત અને ચોરીની બાબતમાં હું નિર્દોષ છું!" પણ ખટલાથી તેની આબરૂ ધૂળમાં રગદોળાઈ ગઈ છે. તેને બરતરફ કરી દેવામાં આવ્યો હતો, અને વાસ્તવમાં ગુનેગાર સાબિત ન થયો હોવા છતાં તેને સાવ નિર્દોષ નહોતો જાહેર કરવામાં આવ્યો. તેને પૂરેપૂરો નિર્દોષ જાહેર કરી દેવામાં આવ્યો હોત તો તેના હકના વળતરની સારી એવી રકમ ચૂકવી દેવાની જવાબદારી પેલા વેપારીને માથે પડી હોત. ગોર્શ્કોવની વાત માની લેવા હું તૈયાર છું પણ અદાલત તૈયાર નહિ થાય. કોકડું બહુ ગૂંચવાઈ ગયેલું છે, તેમાં એટલી બધી આંટીઘૂંટી છે કે ઉકેલવામાં સો વરસથીય વધારે વખત લાગે. એક ગાંઠ ઊકલે ત્યાં સુધીમાં વેપારી નવી ગાંઠ ઘડી કાઢે છે. મને ગોર્શ્કોવની બાબતમાં અફસોસ થાય છે અને તેની તરફ ઊંડી લાગણી છે. તેને કામ મળતું નથી, બદનામીને લીધે કોઈ કામે રાખવા તૈયાર નથી. તેની પાસે જે કંઈ ચીજવસ્તુઓ હતી તે બધી તો ક્યારની વપરાઈ ગઈ છે. [illegible] ખવાતો જાય છે અને દરમિયાનમાં એક બાળકના જન્મ થયો, [illegible] જ ગણાય. અને બધી બાબતોમાં પૈસા [illegible] ત્યારે ફરી ખર્ચ થયું, પાછી [illegible]. તેની વહુ માંદી છે, [illegible], બિચારો દુઃખમાં જ [illegible] તેની તરફેણનો ફેંસલો આવી જશે, [illegible] નથી. વારેન્કા, તેની હાલત જોઈને મને [illegible] આપવાની બની એટલી કોશિશ કરી. [illegible] થઈ ગયો છે, તેને [illegible] આપ્યો છે. આવજો, મારાં [illegible] તમને તંદુરસ્તી બક્ષે! વારેન્કા, [illegible] હૈયાને શાતા મળે છે, અને તમારે [illegible] મળે છે.

તમારો વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

૯ સપ્ટેંબર

વહાલાં વાર્વારા આલેક્સેયેવ્ના,

હું તો જાણે લગભગ પાગલ થઈ ગયો છું. ખોફનાક બાબત બની ગઈ છે. મારું માથું જાણે ચકરાવે ચડી ગયું છે અને આસપાસ બધું પણ જાણે ઘૂમરીઓ ખાઈ રહ્યું છે. તમને ખ્યાલ જ નહિ આવે કે હું શું જણાવવાનો છું. આપણને એવી કલ્પના પણ કદી નથી આવી. ના, હું એમ તો ન કહી શકું કે મને દિલમાં એવી લાગણી ક્યારેય નહોતી થઈ! ખરું પૂછો તો એક વાર મને કંઈક એવું સપનું પણ આવેલું.

વાત આમ બની. હું લખવાની રીતની કશી ફિકર વગર કલમ જેમ લખે તેમ જ લખતો જઈશ. આજે સવારે હું રોજની જેમ ઑફિસે ગયો, ટેબલ પાસે બેઠો, અને લખવા લાગ્યો. વહાલાં, અહીંયાં મારે ઉલ્લેખ કરવો જોઈએ કે ગઈકાલે પણ મેં બરાબર એમ જ કરેલું, અને તિમોફેઈ ઈવાનોવિચે જાતે આવીને મને કહેલું કે એક કાગળની નકલ તરત લખી આપવાની છે. “સાફ નકલ બને એટલી ઝડપથી તૈયાર કરી નાખો,” તેણે કહેલું, “નામદાર આજે જ સહી કરવાના છે.” વહાલુડાં, તમને જણાવી દઉં કે કાલે હું પૂરો સ્વસ્થ નહોતો. મને ભારે ઉદાસી અને એકલતા લાગતી હતી. મારું દિલ ગમગીન અને જાણે ટાઢુંબોળ થઈ ગયેલું હતું, મને તમારી બેહદ ફિકર થઈ રહી હતી, વહાલાં. મેં કામ શરૂ કરી દીધું અને દસ્તાવેજની સરસ નકલ ચોકસાઈથી લખી નાખી. પણ શયતાનનું કરતૂત હોય કે ઉપરવાળાએ પહેલેથી જ નક્કી કરી રાખ્યું હોય કે એમ જ બનવાનું હોય — હું એક લીટી ચૂકી ગયો. અને ભગવાનને ખબર અર્થ કેવી રીતે બદલાઈ ગયો, એટલે એમ કે કશો અર્થ બાકી રહ્યો હોય તો. એ કાગળની બાબતમાં કાલે મોડું થઈ ગયેલું એટલે નામદારે તેની ઉપર સહી આજે કરી. હું ઑફિસે પહોંચ્યો અને કશી આશંકા વગર યેમેલ્યાન ઈવાનોવિચની બાજુમાં મારી જગ્યાએ બેસી ગયો. અહીંયાં મારે કહેવું જોઈએ, મારાં વહાલુડાં, કે થોડા સમયથી મને બહુ સંકોચ અને શરમ થાય છે. હું લગાતાર કોશિશ કરતો રહું છું કે કોઈની સામે ન જોવું પડે. હાલત એવી થઈ ગઈ છે કે ક્યાંકથી ખુરશીનો ચચડાટ સંભળાય તોયે હું ગભરાઈને સાનભાન ગુમાવી બેસું છું. આજે પણ હું કાચબાની જેમ ડોકું અંદર ઘુસાડી દઈને જીવતા કરતાં મરેલો

[illegible] એવી રીતે બેઠો હતો, એટલામાં યેફીમ આકિમોવિચ (એવો [illegible] કે જગતમાં ક્યાંય જોટો ન મળે) સૌ સાંભળે એમ બોલ્યો: "અરે, માકાર આલેક્સેયેવિચ, તમારી સૂરત તો જોવા જેવી છે આજે!" અને તેણે એવા રમૂજી ચાળા પાડયા કે બધા ખડખડાટ હસી પડયા. એમ ઠેકડી ને હસવાનું ચાલતું જ રહ્યું. પણ મેં આંખો મીચી દીધી, કાન જાણે બંધ કરી દીધા, અને કશુંયે જોતો કે સાંભળતો ન હોઉં એવો ઢોંગ કર્યો. પીછો છોડાવવાની એક જ રીત એવી છે. એકાએક દૂરથી શોરબકોર અને દોડવાના અવાજ કાને પડયા અને મારા નામનો સાદ પડયો. હું તો માની જ ન શક્યો — મને, દેવુશ્કિનને, બોલાવતા હતા. મારા દિલના ધબકારા એકદમ વધી ગયા. મને ખબર નથી કે હું કેમ એટલો બધો ગભરાઈ ગયેલો, એટલો ગભરાટ મને અગાઉ ક્યારેય નહોતો થયો. હું તો ખુરશીમાં જડાઈ જ ગયો, જરાય હલ્યો જ નહિ, જાણે કે મને નહિ પણ બીજા કોઈને બોલાવતા હોય. કોલાહલ વધારે ને વધારે નજીક આવતો ગયો અને પછી જાણે બરાબર મારા માથા ઉપર જ થતો હોય એમ મને લાગ્યું. "દેવુશ્કિન, દેવુશ્કિન! દેવુશ્કિન ક્યાં છે?" મેં માથું ઊંચું કરીને જોયું તો સામેથી યેવ્સ્તાફી ઈવાનોવિચનો અવાજ કાને પડયો: "માકાર આલેક્સેયેવિચ, નામદાર તમને એકદમ બોલાવે છે. તમે પેલા દસ્તાવેજની નકલમાં સાવ ગોટાળો કરી નાખ્યો છે!" બસ એટલું જ, પણ એટલું પૂરતું હતું, ખરું ને? હું તો સાવ ઢીલો પડી ગયો અને લગભગ બેભાન થઈ ગયો, મારા જાણે જીવ જ ઊડી ગયો. એ વખતે મારા મનમાં કેવા વિચારો [illegible] તે પણ કહી શકું એમ નથી. [illegible] ખંડમાંથી પસાર થયા, પછી બીજામાંથી, પછી ત્રીજામાંથી, [illegible] ઑફિસમાં પહોંચી ગયા. હું હજૂરની [illegible] નામદાર અને બીજા સૌ ત્યાં મોજૂદ હતા. [illegible] ભૂલી ગયેલો. હું ઊભો રહ્યો, મારા હોઠ [illegible] રહ્યા હતા. વહાલાં, મારી એવી હાલતનાં [illegible] તો એ કે જમણી તરફ આયનામાં નજર [illegible] કોઈ પણ માણસની સાન ગુમ કરી દેવા પૂરતું હતું, [illegible] હું તો હંમેશાં જાણે હયાત જ ન હોઉં એવું [illegible] નામદારને મારી હયાતીની ખબર હોવા [illegible] દેવુશ્કિન નામ બોલાતું

સંભળાઈ ગયું હોય, પણ એ માણસ કોણ છે તે શોધી કાઢવાની તસ્દી તેમણે કદી લીધી નહોતી.

"કેવો છબરડો વાળી દીધો છે!" તેમણે ખીજમાં બોલવાનું શરૂ કર્યું. "લાપરવાઈ, ચોક્કસ વળી! તાકીદના મહત્ત્વના દસ્તાવેજનો દાટ વાળી નાખ્યો!" પછી નામદાર યેવ્સ્તાફી ઇવાનોવિચ તરફ વળ્યા અને મને ખાલી તૂટક શબ્દો જ સંભળાયા. "આવી બેદરકારી... નકામી વધારાની મહેનત..." મેં માફી માગવા કેટલીય વાર મોં ખોલ્યું પણ અવાજ નીકળ્યો જ નહિ. મને ભાગી જવાનું મન થયું પણ હિંમત નહોતી. અને પછી બેહદ માઠી વાત બની ગઈ, વહાલાં, એવી ભયંકર કે શરમને લીધે મારી કલમ કંપી રહી છે. મારા કોટનું બટન, એક જ દોરે લટકી રહેલું કાળમુખું બટન, અચાનક તૂટી ગયું અને ઊછળતું, સરકતું, રણકતું, દડતું છેક નામદારના પગ પાસે પહોંચી ગયું. અને તે પણ એકદમ નીરવતા છવાયેલી હતી ત્યારે. માફી માગવાની અને ખુલાસા કરવાની મારી મંછા ઉપર, નામદારને મારે જવાબમાં તથા બચાવમાં જે કંઈ કહેવું હતું તે સર્વની ઉપર પાણી ફરી વળ્યું. પરિણામ એવું ભયંકર આવ્યું કે વર્ણન શક્ય જ નથી. નામદારની નજર મારી તરફ વળી અને મારાં કપડાં તથા દેખાવની બધી વિગતો તેમના ધ્યાનમાં આવી ગઈ. મને આયનામાં નજરે પડેલું બધું યાદ આવી ગયું અને હું બટન લઈ લેવા નીચે નમ્યો. એમ કરવાનું ભૂત મારી ઉપર કેવી રીતે સવાર થઈ ગયું હશે! મેં બટન ઝડપી લેવાની કોશિશ કરી, પણ તે દડતું ને ગોળગોળ ફરતું જ રહ્યું. એ રીતે મેં મારી કાબેલિયતનુંયે પ્રદર્શન કરી દીધું. મને લાગ્યું કે હું સાનભાન સાવ ખોઈ રહ્યો છું. બધું ખતમ થઈ ગયું—મારી આબરૂ ને બધું, તદ્દન ખતમ થઈ ગયું! મારા મનમાં ઘૂમરીઓ ખાતા ગોટાળામાં મને કોણ જાણે કેમ ફાલદોની તથા થેરેઝાની રાડારાડી તથા ચીસાચીસ અને હજાર હજાર જીભોની કૂથલી સંભળાતી રહી. આખરે બટન મારા હાથમાં આવી ગયું અને હું સીધો થઈને અક્કડ ઊભો રહ્યો. મારે મારા હાથ બાજુએ રાખીને સાવ ચુપચાપ ઊભા રહેવું જોઈતું હતું. પણ ના, મને તો બટન જોડે રમત કર્યા વગર, તેને તૂટેલા દોરા ઉપર દબાવ્યા વગર, ચાલે જ નહિ ને! જાણે કેમ તે પાછું ચોંટી જવાનું હોય! વળી બધો વખત મારું મોં મલકી રહ્યું હતું, મારા હોઠ મરકી રહ્યા હતા, સમજ્યાં તમે? નામદારે નજર બીજી તરફ વાળી લીધી, ફરી એક

નજર મારી ઉપર નાખી, અને યેવ્સ્તાફી ઈવાનોવિચને કહ્યું: “આ શું?.. જરા માણસની સામે તો જુઓ!..કેવો દેખાય છે?.. એને થયું છે શું?..” અરે મારાં વહાલુડાં, વિચાર તો કરો: “એને થયું છે શું?” કમાલ! યેવ્સ્તાફી ઈવાનોવિચે જવાબ આપ્યો: “કામ હંમેશાં સરસ, વર્તન ઉમદા, પગાર નક્કી થયેલા દર મુજબ...” “તો પછી એને કોઈ રીતે મદદ કરો,” નામદારે કહ્યું. “પગાર પેટે થોડાક પૈસા ધીરો...” “પણ એણે તો આખો પગાર વહેલો લઈ લીધો છે. સંજોગોને લીધે એમ કરવું પડ્યું હશે કારણ કે વર્તન ઉમદા છે અને કામ હંમેશાં સરસ રહ્યું છે, એકદમ સરસ. એની વિરુદ્ધ કોઈ જાતની નોંધ નથી.” વહાલાં, હું તો જાણે નરકની આગમાં બળી રહ્યો હતો, મને જાણે મોત ભરખી ગયું હતું! “ઠીક, ઠીક,” નામદાર મોટેથી બોલ્યા. “આ કાગળની નકલ બને એટલી ઝડપથી તૈયાર કરાવી લો. દેવુશ્કિન, અહીં આવો, આ કાગળની નકલ એકેય ભૂલ વગર લખી નાખો, અને સાંભળો...” એટલું કહીને નામદારે બીજા સૌને રજા આપી દીધી અને અમે બે જ બાકી રહ્યા. તેમણે ઝટ ખીસામાંથી પાકીટ કાઢ્યું અને સો રૂબલની નોટ મારા હાથમાં મૂકતાં કહ્યું: “લો... ગમે તો આને ઉછીના ગણજો, તમને મદદ કરવાનું મન છે એટલે આપું છું.” હું તો આભો થઈ ગયો, મારાં પરી, મારા હાડ [illegible] ગયા, મને તો સમજાયું જ નહિ કે શું બની રહ્યું છે. મને તેમના હાથ બચી ભરી લેવાનું મન થયું, પણ તેમનાં [illegible], [illegible] આંખમાં, અને પછી— હું જરાય [illegible] કહ્યા, [illegible] તેમણે બરાબર મારા નમાલા હાથમાં પોતાના હાથ [illegible], જાણે [illegible] બરોબરિયા સરખા માણસો હોઈએ. “મને અફસોસ છે [illegible] એમ નથી,” તેમણે કહ્યું. “ફરી ભૂલ કરશો નહિ [illegible] દોષ આપણે ભેગા માથે લઈ લેશું.”

હવે મારે તમને [illegible] કરવાની છે: નામદારનું ભલું થાય એવી પ્રાર્થના [illegible] હોત તો હું તેમને કહેત કે જેટલી પ્રાર્થના [illegible] તેનાથી વધારે નામદારના ભલા માટે કર. [illegible] માગું છું—ખરા દિલે કહું છું, મારાં [illegible] દિવસોમાં તમારે વેઠવી પડેલી [illegible] મને થયેલા ભયંકર દુખ

છતાં, અને મારી પોતાની હીણપત તથા લાચારીની દશાને કારણે મારું હૈયું વલોવાઈ ગયું હોવા છતાં, એ બધી બાબતો છતાં, હું સોગન ખાઈને કહું છું કે મને આ સો રૂબલ કરતાં નામદારે મારી જોડે, સુક્લકડી અને દારૂડિયા આદમી જોડે, હાથ મિલાવ્યા હોવાની હકીકત વધારે પ્યારી છે. તેમણે મને ફરી માનવી બનાવી દીધો છે. તેમણે મને ફરી કાયમનું જોમ બક્ષ્યું છે અને મારી જિંદગીમાં મીઠાશ રેડી દીધી છે. અને મને પાકી ખાતરી છે કે હું પાપી માણસ હોવા છતાં નામદારના ભલા માટેની મારી પ્રાર્થનાઓ ઈશ્વર પૂરી કરશે...

વારેન્કા, હું બહુ જ બેચેન બની ગયો છું, એકદમ અકળાઈ ગયો છું. મારું દિલ એટલા જોરથી ધડકી રહ્યું છે કે જાણે કેમ છાતીમાંથી બહાર ધસી આવવા માગતું હોય. વળી હું જાણે સાવ ઢીલો પડી ગયો છું. હું તમને પિસ્તાળીસ રૂબલ મોકલી રહ્યો છું. વીસ મકાન માલિકણને આપીશ એટલે મારી પાસે પાંત્રીસ બાકી રહેશે. કપડાંની મરામતમાં વીસ રૂબલ ખર્ચાઈ જશે, અને પંદર રૂબલ બાકીની જરૂરતો માટે કામ આવશે. આજ સવારના બનાવોથી હું બેહદ બેચેનીમાં અટવાઈ ગયો છું એટલે સૂઈને આરામ કરી લઉં તો સારું. તેમ છતાં હું સ્વસ્થ છું અને મને મનમાં નિરાંત છે. પણ કોણ જાણે કેમ મારો આત્મા કકળી રહ્યો છે અને ભીતર ઊંડે ઊંડેથી મને તેનો ધ્રુજાટ અને સળવળાટ સંભળાય છે. હું તમને મળવા પછી આવીશ. હમણાં તો આ બધા બનાવોને લીધે હું એકદમ આભો બની ગયો છું. ઈશ્વર બધું જુએ છે, વહાલાં, મારાં અમોલાં!

તમારો મિત્ર

માકાર દેવુશ્કિન

૧૦ સપ્ટેંબર

હેતાળ માકાર આલેક્સેયેવિચ,

તમારી ખુશનસીબીના સમાચાર વાંચીને મને ખૂબ આનંદ થયો છે અને હું તમારા ઉપરીની ભલાઈની બહુ કદર કરું છું. હવે તમને તમારી ચિંતાઓથી છુટકારો મળશે. પરંતુ ઈશ્વરને ખાતર પૈસા વેડફી નાખશો નહિ. શાંતિની અને બને એટલા સંયમની જિંદગી ગુજારીને કંઈક, ભલે

[illegible] [illegible], [illegible]નું શરૂ કરી દેજો, જેથી મુસીબત આવી પડે તો તમે તેને માટે તૈયાર હો. અમારી ફિકર કરશો નહિ. ફેદોરા અને હું ગમે તેમ કરીને ચલાવી લઈશું. તમે આટલા બધા પૈસા કેમ મોકલ્યા છે, માકાર આલેક્સેયેવિચ? અમને ખરેખર એટલી જરૂર નથી, અમારી પાસે જે કંઈ હતું તેનાથી અમને સંતોષ હતો. ઘર બદલાવવા માટે પૈસાની જરૂર પડશે ખરી, પરંતુ ફેદોરાને જૂનું લેણું વસૂલ કરવાની ઉમેદ છે. વીસ રૂબલ અણધારી જરૂરતો માટે રાખી લઉં છું અને બાકીના પાછા મોકલું છું. પૈસા સંભાળીને રાખજો, માકાર આલેક્સેયેવિચ. આવજો. તમને ચિંતાઓથી છુટકારો મળે, તમે તંદુરસ્ત અને ખુશમિજાજમાં રહો! બહુ થાક ન લાગ્યો હોત તો હું વધારે લખત. કાલે આખો દિવસ પથારીમાં જ પડી રહી. તમે મળવા આવવાના છો તે જાણીને ખુશી થઈ છે. જરૂર આવજો.

વા. દો.

૧૧ સપ્ટેંબર

મારાં મીઠાં વાર્વારા આલેક્સેયેવ્ના,

[illegible] મને [illegible] અને સંતોષ મળ્યાં છે ત્યારે જ તમે મને મૂકીને ચાલ્યાં ન જશો, હું તમને પ્રાર્થના કરું છું, મારાં વહાલાં! ફેદોરાની વાત કાને ધરશો નહિ, વહાલાં, અને હું તમે જેમ કહેશો તેમ કરીશ. મારું વર્તન સારું રાખીશ, કંઈ નહિ તો [illegible] આદરની લાગણીને કારણે. આપણે અગાઉની જેમ [illegible] પત્રો લખીશું અને આપણા ખ્યાલો, આપણી ખુશીઓ, તેમ જ આપણી પરેશાનીઓમાં, કશી પરેશાનીઓ આવે તો, સહભાગી બનીશું. આપણે [illegible] અને શાંતિની જિંદગી ગુજારીશું. ફરી સાહિત્યના [illegible]... વારેન્કા, મારી જિંદગીમાં બધી રીતે બહેતર [illegible] છે. મકાન માલિકણ વધારે સુજનતા બતાવે છે, થેરેઝાની [illegible] છે, અને ફાલદોની પણ વધારે ખ્યાલ રાખે છે. [illegible] કરી લીધો છે. હું એટલો

ખુશ થઈ ગયો હતો કે સામે ચાલીને તેને મળવા આવ્યો. વહાલાં, તેનું દિલ નેક છે. મને ખબર પડી ગઈ છે કે તેને વિશે લોકોની બધી ખરાબ વાતોમાં નાલેશી સિવાય બીજું કશું જ નથી. આપણને પુસ્તકમાં સામેલ કરીને જગજાહેર બનાવી દેવાનો ઈરાદો તેને કદી હતો જ નહિ. તેણે પોતે જ મને એમ કહ્યું અને પોતાનાં કેટલાંક નવાં લખાણો મને વાંચી સંભળાવ્યાં. મને પ્રેમલો કહેવાની બાબતમાં તેણે ખુલાસો કર્યો કે એ શબ્દ કે નામમાં અશિષ્ટ કે ખરાબ કશું જ નથી, એ તો પરદેશી ભાષામાંથી તફડાવી લેવામાં આવેલો શબ્દ છે અને ખાલી **ચતુરાઈનો** જ અર્થ બતાવે છે. અથવા વધારે છટાદાર સાહિત્યિક રીતે કહીએ તો એવો અર્થ નીકળે કે **ખરો રંગીલો જુવાન!** બસ. એટલે એ તો ખાલી નિર્દોષ મજાક હતી, મારાં પરી, અને મેં મારા અજ્ઞાનને લીધે ખોટો અર્થ તારવી લીધો હતો. મેં માફી માગી લીધી છે... આજે હવામાન પણ બહુ સરસ છે. સવારે ઝરમર વરસાદ પડેલો અને હળવો ઠાર હતો એ ખરું, પણ એથી તો હવામાં વધારે તાજગી આવી ગઈ. મેં મઝાના બૂટની જોડી ખરીદી લીધી છે. હું નેવ્સ્કી માર્ગે ફરવા ગયેલો અને 'મધમાખી' અખબાર વાંચવા થોડી વાર રોકાયેલો. અરે, મોટી વાત તો ભૂલી જ ગયો.

આજે સવારે મને યેમેલ્યાન ઇવાનોવિચ અને આક્સેન્તી મિખાઇલોવિચ જોડે નામદાર વિશે વાતચીત થયેલી. મને જાણવા મળ્યું કે તેમની ભલાઈનો લાભ મને એકલાને જ મળ્યો હોય એવું નથી. નામદારના દિલની ભલાઈની વાત તો બહુ જાણીતી છે, તેમને ઘણી ઘણી જગ્યાએથી આશીર્વાદના સંદેશા મળે છે, અને ઘણા માણસોએ અહેસાનની લાગણીથી આંસુ વહેવડાવ્યાં છે. કહેવાય છે કે તેમણે એક અનાથ બાળકીને અપનાવી લીધી હતી અને પછી તેને મોભાદાર આદમી જોડે પરણાવી હતી. એ માણસ નામદારનાં ખાસ કામ કરી આપનારો કારકુન છે. બીજી એક વાત પણ સૌ જાણે છે કે તેમણે કોઈ વિધવાના દીકરાને નોકરી અપાવી હતી. તેમણે બીજાં ઘણાં નેક કામ પણ કર્યાં છે. એ બધી વાતોમાં મારી કથની ઉમેરવાનું મને ફરજ જેવું લાગ્યું એટલે મેં મારી આખી કહાણી કશું જ છુપાવ્યા વગર જણાવી દીધી. મેં શરમને પડતી મૂકી દીધી, અને આવા સંજોગોમાં આખર શરમની શી વાત થઈ શકે! નામદારનાં સુકૃત્યો ભલે સૌ સાંભળે અને વખાણે. મેં ઉમળકાથી વાત કરી, સમજો કે હું મારી લાગણીઓના વહેણમાં તણાઈ ગયો,

મને શરમાવાની વાત તો દૂર રહી, મને ઊલટાનું એવી વાત કહેવાનું અભિમાન થયું. મેં આખો કિસ્સો જણાવી દીધો (તમારે વિશે બેશક કંઈ જ ન કહ્યું), મકાન માલિકણની અને ફાલદોનીની અને રાતાઝ્યાયેવની અને મારા બૂટની અને માર્કોવની વાત કરી, ટૂંકમાં દરેકે દરેક વાત જણાવી દીધી. કેટલાક ઠેકડી કરતા હોય એમ હસવા લાગ્યા, ખરું પૂછો તો બધા એવી રીતે હસી પડયા. કદાચ મારો દેખાવ કે મારા બૂટ તેમને રમૂજી લાગ્યા હશે. અરે હા, હવે મને ખાતરી છે કે કારણમાં મારા બૂટ જ હતા. તેમનાં મનમાં કશો મેલ ન જ હોય, ખાલી એટલું જ કે જુવાન અને પૈસેટકે સુખી છે. તેમાં દ્વેષ જરાય નહોતો, ચોક્કસ નહિ જ. એ લોકો નામદારની હાંસી કેવી રીતે ઉડાડી શકે? કેવી રીતે, વારેન્કા?

હું હજી લાગણીવશ છું, મારાં વહાલાં. એવા બનાવ બન્યા કે મારું મન ગોટાળે ચડી ગયું છે. તમારી પાસે બળતણ તો પૂરતું છે ને? તબિયતની સંભાળ રાખજો, વારેન્કા, શરદી ન થઈ જાય તેનું ધ્યાન રાખજો. અરે મારાં વહાલાં, તમારા ગમગીન વિચારો જાણે મારો જીવ લઈ લે છે. હું એ બાબતમાં ઈશ્વરને પ્રાર્થના કરતો રહું છું. તમારી પાસે ગરમ મોજાં અને બીજાં ગરમ કપડાં છે ને? ઘરડા આદમી ઉપર દયા રાખજો અને તમને કોઈ ચીજની જરૂર હોય તો જણાવજો. જરાક મને કહી દેજો. દુખના દિવસો વીતી ગયા છે. મારે વિશે કશી ચિંતા ન કરશો. ભવિષ્ય બહુ ઊજળું છે, તેજના અંબાર જેવું છે!

વારેન્કા, આપણે માટે ખરાખર દુખના દિવસો આવેલા, પણ એ તો હવે કાયમના માટે વિદાય લઈ ગયા છે, અને જેમ જેમ વરસો વીતતાં જશે તેમ આપણે એ બાબતમાં ખાલી યાદ પૂરતા જ નિસાસા નાખીશું. મને મારી જુવાનીના દિવસો યાદ છે. એવા દિવસો પણ આવેલા કે જ્યારે મારા ખીસામાં એક કોપેક પણ ન હોય, મારી કાયા ટાઢમાં થરથરતી હોય, મને કકડીને ભૂખ લાગી હોય, તેમ છતાં મનમાં સુખની લાગણી હોય. સવારે નેવ્સ્કી માર્ગે ફરવા નીકળું ત્યાં મને કોઈ રૂપાળું મુખડું નજરે પડે અને હું આખો દિવસ ખુશ રહું. મજાના દિવસો હતા! વારેન્કા, જિંદગી જીવવામાં મજા પડે છે, ખાસ કરીને પિટર્સબર્ગમાં. કાલે મેં આંખોમાં આંસુ ભરીને ઈશ્વરને પ્રાર્થના અને વિનવણી કરી કે આપણી પરેશાનીઓ દરમિયાન મેં કરેલાં પાપ, [illegible], [illegible]મતવાદી વિચારોનાં, પતન

અને લતનાં પાપ — મને માફ કરી દે. પ્રાર્થના દરમિયાન મેં તમને વહાલથી યાદ કર્યાં હતાં. તમે જ મારું રક્ષણ કરેલું, મને હિંમત બંધાવેલી, અને સારી સલાહ તથા શિખામણ આપેલી. મારાં વહાલુડાં, એ વાત હું કદી ભૂલીશ નહિ. આજે મેં તમારા સઘળા પત્રોને એક એક કરીને ચૂમી ભરેલી, વહાલાં. આવજો, મારાં મીઠડાં. સાંભળવા મળ્યું છે કે નજીકમાં ક્યાંક ઓવરકોટ વેચાઉ છે. તપાસ કરું? આવજો, મારાં પરી, આવજો!

તમારો સ્નેહાધીન

માકાર દેવુશ્કિન

૧૫ સપ્ટેંબર

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

હું ભયંકર બેચેનીમાં અટવાઈ ગઈ છું. શું બન્યું તે તમને જણાવી દઉં. મને બહુ જ અમંગળ આશંકાઓ થાય છે! તમે જ વિચાર કરીને જુઓ, મારા અમોલા મિત્ર. વાત આમ બની. મિસ્ટર બીકોવ પિટર્સબર્ગમાં છે. ફેદોરા તેમને મળી ચૂકી છે. તે ઘોડાગાડીમાં જઈ રહ્યા હતા, પરંતુ ફેદોરા નજરે પડતાં જ ગાડી ઊભી રખાવીને બહાર નીકળ્યા. તેમણે ફેદોરાની પાસે આવીને પૂછ્યું કે રહેવાનું ક્યાં રાખ્યું છે. ફેદોરાએ કહેવાની ના પાડી એટલે જરાક હસીને કહ્યું કે ભેગું કોણ રહે છે તેની પોતાને ખબર છે (આન્ના ફ્યોદોરોવ્નાએ જ વાત કરી હશે). ફેદોરા મનને કાબૂમાં ન રાખી શકી અને તેમની રીતસરની ઝાટકણી કાઢવા લાગી. તેણે બીકોવને દુરાચારી માણસ કહીને અને મારા દુખનું મૂળ ગણાવીને ધમકાવ્યા. પેલાએ ટકોર કરી કે જેની પાસે એક કોપેક પણ ન હોય તેની હાલત ખરેખર દુખની જ હોવી જોઈએ. પછી ફેદોરાએ મારી બાબતમાં કહ્યું કે હું કામ કરીને મારું ગુજરાન ચલાવી શકી હોત, અથવા પરણી શકી હોત, અથવા નોકરી મેળવી શકી હોત, પરંતુ હવે મારું સુખ હંમેશ માટે ગયું, વધુમાં હું માંદી છું અને મરવા પડી છું. જવાબ મળ્યો કે હું હજી તો સાવ જુવાન છું, મારા માથામાં અક્કલનો છાંટોયે નથી, **અને પાછું મારા ચારિત્ર્યમાં થોડુંઘણું કલંક પણ**

ભાંગી ગયેલું છે (આ તેમના જ શબ્દો છે). ફેદોરાને અને મને એમ હતું કે તમને અમારા ઘરની ખબર નહિ હોય, પણ કાલે હું કશુંક ખરીદવા ગોસ્તીની દ્વોર ગયેલી ત્યારે તે અચાનક અમારે ત્યાં પહોંચી ગયા. ઈરાદાપૂર્વક મારી ગેરહાજરીમાં આવ્યા હોય એમ લાગતું હતું. મારે વિશે અને અમારી જિંદગી વિશે ફેદોરાને કેટલાય સવાલો કર્યા, મારા ગૂંથણના કામ સમેત બધું તપાસી જોયું, અને આખરે પૂછ્યું: "હમારી ઓળખાણનો પેલો કારકુન કોણ છે?" એ વખતે તમે આંગણ પાર કરી રહ્યા હતા અને ફેદોરાએ તમારી તરફ આંગળી ચીંધી. તેમણે નજર નાખી અને ફરી મોં મલકાવ્યું. ફેદોરાએ તેમને જતા રહેવાનું કહ્યું, સાફ પરખાવી દીધું કે હું પરેશાનીઓને લીધે માંદી પડી ગઈ છું, અને તેમને મળવાનું મને બહુ જ અણગમતું લાગશે. બીકોવે પહેલાં તો કશો જવાબ ન આપ્યો, પણ પછી કહ્યું કે પોતે બીજું કંઈ બહેતર કરવાનું ન હોવાથી અમસ્તો જ આંટો આવ્યો છે. તે ફેદોરાને પચીસ રૂબલ આપવા લાગ્યા પણ ફેદોરાએ સ્વાભાવિક રીતે જ પૈસા લેવાનો ઈનકાર કરી દીધો. આ બધું શું છે? તે શા માટે આવ્યા હશે? તેમને આપણે વિશે બધી ખબર કેવી રીતે પડી હશે? હું તો અટકળોમાં અટવાઈ ગઈ છું. ફેદોરાનું કહેવું એમ છે કે ક્યારેક ક્યારેક અમને મળવા આવતી તેની નણંદ આક્સીન્યાને ધોબણ નાસ્તાસ્યા સાથે ઓળખાણ છે, અને આન્ના ફ્યોદોરોવ્નાના ભત્રીજાનો કોઈ દોસ્ત જે ખાતામાં નોકરી કરે છે ત્યાં નાસ્તાસ્યાનો પિત્રાઈ ભાઈ ચોકીદાર છે. આન્ના ફ્યોદોરોવ્નાને ચોક્કસ એ રીતે જ ખબર પડી હોવી જોઈએ. પરંતુ કદાચ ફેદોરાની ભૂલ હોય. અમને તો સમજાતું જ નથી કે શું કરવું. ફરી વાર આવશે તો? મને તો એવો ખ્યાલ આવતાં જ દહેશત લાગી જાય છે. કાલે ફેદોરાએ આ બધી વાત કરી ત્યારે હું તો લગભગ બેભાન થઈ ગઈ. તેમને હવે મારી પાસેથી બીજું શું જોઈતું હશે? હું એ લોકોની જોડે હવે કશો જ સંબંધ રાખવા તૈયાર નથી. તેમણે મારી બિચારીનો કેડો કેમ લીધો છે? હું સતત બીકની હાલતમાં ફફડી રહી છું. આ ઘડીએ જ બીકોવ ફરી આવી પહોંચે તો? મારું શું થવાનું હશે? ભાગ્યના બીજા કેવા ખેલ હજી બાકી હશે મારી જિંદગીમાં? ઝટ મને મળવા આવી જાઓ, માકાર આલેક્સેયેવિચ! ઈશ્વરને ખાતર તરત આવો!

વા. દો.

વહાલાં વાર્વારા અલેક્સેયેવ્ના,

આજે અમારા ઘરમાં અત્યંત ખેદની અણધારી અને સાવ અગમ્ય ઘટના બની ગઈ. બિચારો ગોર્શ્કોવ (તમને ખબર આપવી જ જોઈએ, વહાલાં) તદ્દન નિર્દોષ સાબિત થઈ ગયો છે. ફેંસલો લાંબા વખત પહેલાં થઈ ગયેલો અને આજે તે આખરી ચુકાદો સાંભળવા ગયો હતો. ખટલાનો અંત તેને માટે બહુ સારા નસીબનો આવ્યો. બેદરકારીની બાબતમાં તેનો જે કંઈ વાંક હતો તે માફ કરી દેવામાં આવ્યો છે. વેપારી પાસેથી સારી એવી રકમ નુકસાની તરીકે વસૂલ કરીને તેને આપવાનું ફરમાન કરવામાં આવ્યું છે. એટલે તેની હાલતમાં સુધારો થયો અને તેની આબરૂ પર લાગેલો ડાઘ ધોવાઈ ગયો. ટૂંકમાં, સંજોગો એકદમ પલટાઈ ગયા અને તેની મુખ્ય ઉમેદો પૂરી થઈ ગઈ. તે બપોર પછી ત્રણ વાગ્યે પાછો આવ્યો ત્યારે તેનો ચહેરો ભૂત જેવો ફિક્કો હતો, તેના હોઠ કંપી રહ્યા હતા, પણ મોં મલકી રહ્યું હતું. તે પત્નીને અને બાળકોને ભેટી પડયો. અને અમે સૌ ભેગા મળીને તેને અભિનંદન આપવા ગયા. તે એકદમ લાગણીવશ બની ગયો, લગાતાર માથું નમાવતો રહ્યો, અને અમારામાંથી દરેકની સાથે ફરીફરીને હાથ મિલાવતો રહ્યો. કોણ જાણે કેમ પણ તે વધારે ઊંચો થઈ ગયો હોય એમ લાગતું હતું, તેની પીઠ ટટ્ટાર થઈ ગઈ હતી, અને તેની આંખોમાંથી આંસુ વહેતાં બંધ થઈ ગયાં હતાં. બિચારો આદમી કેટલો બધો ઉત્તેજિત થઈ ગયેલો! એક મિનિટ પણ ચુપચાપ ઊભો નહોતો રહી શકતો, વારંવાર વસ્તુઓ હાથમાં લઈને આઘીપાછી કરતો રહેતો, વારે વારે મોં મલકાવતો અને માથું નમાવતો, બેસી જતો અને પાછો ઊભો થઈ જતો, મનમાં આવે તે કહી દેતો, પોતાના મોભાની, આબરૂની, અને બાળકોની વાતો કરતો રહેતો. તેને રડવું પણ આવી ગયેલું. અમારામાંથી પણ મોટા ભાગના માણસોની આંખોમાં આંસુ આવી ગયેલાં. કદાચ તેને સારું લગાડવાના આશયે રાતાઝ્યાયેવે કહ્યું: "અરે ભાઈ મારા, ખાવાનું કંઈ ન હોય તો મોભો શા કામનો! મોટી વાત તો પૈસાની છે, તમે તો પૈસા મળ્યા તેની ખુશી મનાવો!" પછી તેણે ગોર્શ્કોવનો ખભો પણ થાબડયો. પણ એથી ગોર્શ્કોવનું મન દુભાયું હોય એમ મને લાગ્યું. તેણે નારાજી સીધી રીતે જાહેર

ને તેણે પણ અકળ નજરે રાતાઝ્યાયેવની સામે જોયું અને તેનો હાથ ખભેથી ખસેડી લીધો. તેણે અગાઉ ક્યારેય એમ ન જ કર્યું હોત. લોકોમાં મતભેદ તો બેશક થાય જ. દાખલા તરીકે, એટલી ખુશીના દિવસે મેં એવી મગરૂરી ન બતાવી હોત. એવા પ્રસંગો તો આવતાં જ હોય છે કે જ્યારે માણસ બીજા કોઈ કારણે નહિ પરંતુ પોતાના હૂંફાળા હૈયામાં છલકાતા સદ્‌ભાવને કારણે જ માથું વધુ એક વાર નમાવી દે અને હીણો પણ બની રહે. પણ મારી વાત શા માટે કરવી? ગોર્શકોવે કહ્યું: “હા, પૈસા મળે તે પણ મઝાનું, તેને માટે ઈશ્વરનો પાડ!” તે ફરીફરીને બોલતો રહ્યો કે “તેને માટે ઈશ્વરનો પાડ!” તેની પત્નીએ સરસ અને પુષ્કળ ખાવાનું બનાવડાવ્યું. રસોઈ ખુદ મકાન માલિકણે કરી આપી. અમારી મકાન માલિકણ પોતાની રીતે ભલી બાઈ છે. રસોઈ થઈ રહી હતી તે દરમિયાન ગોર્શકોવ બહુ જ બેચેન હતો અને બોલાવ્યો કે વણબોલાવ્યો બધા ઓરડાઓમાં આંટા મારતો રહ્યો. તે ઓરડામાં દાખલ થાય, મોં મલકાવે, બેસી જાય, કંઈક બોલે અથવા મૂંગો મૂંગો બેસી રહે, પછી ઊભો થાય અને ચાલ્યો જાય. નૌકાદળના અફસરના ઓરડામાં તેને પત્તાં રમવા બેસાડવામાં આવ્યો અને તે એકબે રમત રમ્યો પણ ખરો. તેણે મૂરખ જેવી થોડીક ભૂલો કરી. બેહૂદાં પત્તાંની ચાલ કરી, અને પછી રમવાનું પડતું મૂકી દીધું. “એમ જ મને થયું કે એકબે રમત રમું,” તેણે કહ્યું, અને પછી બહાર જતો રહ્યો. અમે પરસાળમાં ભેગાં થયાં ત્યારે તેણે મારા બંને હાથ પકડી લીધા, સીધી નજરે પણ અકળ રીતે મારી સામે જોયું, વળી મારા હાથ દબાવ્યા, અને હજી મલકાતા મોંએ ચાલતી પકડી, પણ એ મલકાટ અકળ હતો, પરાણે આણેલો લાગતો હતો, જાણે [illegible] હતો. તેની પત્નીની આંખોમાં ખુશીનાં આંસુ છલકાઈ રહ્યાં હતાં, અને જાણે કોઈ મોટો તહેવાર હોય એમ તે ઓરડામાં આનંદભરી ધમાલ મચાવી રહી હતી. જમવાનું જલદી પતાવી લીધા પછી તેણે પત્નીને કહ્યું: “મને થાય છે કે થોડોક આરામ કરી લઉં તો સારું.” તેણે પથારીમાં લંબાવીને નાનકડી બેબીને પાસે બોલાવી અને તેના માથા ઉપર કેટલીય વાર હાથ ફેરવ્યો. પછી પત્ની તરફ ફરીને પૂછ્યું: “આપણો પેતેન્કા ક્યાં છે?” પત્નીએ તરત ક્રૉસની નિશાની કરીને યાદ દેવડાવ્યું કે પેતેન્કા તો ગુજરી ગયો છે. “અરે, હા, ખરી વાત, સાવ ખરી વાત,” તે બોલ્યો. “પેતેન્કા તો સ્વર્ગમાં છે.” પત્નીને ખ્યાલ

આવી ગયો કે પતિનું મગજ ઠેકાણે નથી, મન અસ્થિર થઈ ગયું છે, લાગણીનો ઊભરો આવ્યો છે, એટલે તેણે સૂઈ જવાની વિનવણી કરી. "હા, સૂઈ જાઉં... જરાક નીંદર કરી લઉં." પછી તે પડખું ફેરવીને થોડીક વાર ચુપચાપ પડી રહ્યો, પણ જાણે કંઈક કહેવું હોય એમ વળી માથું ફેરવ્યું. પત્નીને સમજાયું નહિ એટલે તેણે પૂછ્યું કે શું કહો છો, પણ કંઈ જવાબ ન મળ્યો. તેને ઊંઘી ગયેલો માનીને બાઈ મકાન માલિકણ પાસે ગઈ અને ત્યાં લગભગ એક કલાક બેઠી. તે પાછી આવી ત્યારે— પતિ હજી નીંદરમાં જ ગુપચુપ પડયો હતો એટલે સીવણનું કામ કરવા લાગી. તે અરધા કલાક સુધી કામમાં અને પોતાના વિચારોમાં એવી મશગૂલ રહી કે પતિને જાણે સાવ ભૂલી ગઈ. પણ અચાનક કોઈ કારણસર ચોંકીને ભયભીત બની ગઈ, અને તેને એકદમ લાગ્યું કે જાણે મોત જેવી નીરવતા છવાયેલી છે. તેણે પથારી તરફ નજર નાખીને જોયું તો ગોરશ્કોવે પડખું ફેરવ્યું નહોતું. તેણે નજીક જઈને ઓઢવાનું જરાક હટાવ્યું, અને પહેલી નજરે જ તેને સમજાઈ ગયું કે પતિ જીવતો નથી બિચારો ગોરશ્કોવ જાણે વીજળી પડી હોય એમ અચાનક મરી ગયો હતો, અને કોઈને સમજાણ ન પડી કે કેમ. મારી તો બુદ્ધિ બહેર મારી ગઈ છે અને હું હજી સ્વસ્થ નથી બની શક્યો. માણસ આમ કેવી રીતે મરી શકે? બિચારો ગોરશ્કોવ! કેવું નસીબ બિચારાનું, કેવું નસીબ! તેની પત્ની રડી રહી છે, અને બહુ જ ગભરાઈ ગઈ છે. નાનકડી દીકરી ક્યાંક ખૂણામાં ભરાઈ ગઈ છે. પછી તો ભારે ધમાલ મચી ગઈ. સાંભળ્યું છે કે મોતનું કારણ ખોળી કાઢવા શબનું પરીક્ષણ થશે... કહેવાય નહિ ક્યારે. અફસોસની વાત છે, ભારે અફસોસની વાત છે! ખ્યાલ આવતાં જ બહુ દુ:ખ થાય છે. આખરી ઘડી ક્યારે આવવાની છે તે પહેલેથી કોણ જાણી શકે?.. આજે આ લોકમાં અને કાલે પરલોકમાં! કશા કારણ વગર!

તમારો

માકાર દેવુશ્કિન

૧૯ સપ્ટેંબર

ભલાં બાનુ વાર્વારા આલેક્સેયેવ્ના,

હું તમને ઝટ ખબર આપું કે રાતાઝ્યાયેવે મારે માટે કામ ગોતી કાઢયું છે, કોઈ લેખકનું છે. તે હસ્તપ્રતની મોટી થોકડી લઈને રાતાઝ્યાયેવ પાસે

આપ્યા છે. પુષ્કળ કામ છે, ઈશ્વરની દયા! કમનસીબે તેના અક્ષર એવા ખરાબ છે કે હું કેવી રીતે ઉકેલી શકીશ તે સમજાતું નથી. કામ જલદી કરી આપવાનું છે, અને લખાણ એવું વિચિત્ર છે કે અર્થ સમજાય જ નહિ... એક પાનાના ચાળીસ કોપેકનો દર નક્કી થયો છે. હું આ તમને એટલા માટે લખી જણાવું છું કે હવે મને થોડાક વધારાના પૈસા મળશે. આવજો, મારાં વહાલાં, મારે કામ શરૂ કરી દેવાનું છે.

તમારો વફાદાર મિત્ર

માકાર દેવુશ્કિન

૨૩ સપ્ટેંબર

મારા વહાલા મિત્ર માકાર આલેક્સેયેવિચ,

મેં ત્રણ દિવસથી તમને પત્ર નથી લખ્યો અને દરમિયાનમાં મને ભારે પરેશાની અને ફિકર રહી છે.

પરમ દિવસે બીકોવ મને મળવા આવ્યા. ફેદોરા ક્યાંક બહાર ગઈ હતી અને હું એકલી હતી. સાંકળ ખખડી અને બારણું ઉઘાડતાં જ હું એકદમ ગભરાઈ ગઈ અને આખી ત્યાં ને ત્યાં જડાઈ ગઈ. એ ઘડીએ મારો ચહેરો સાવ ફિક્કો પડી ગયો હશે. તે હંમેશની જેમ મોટેથી હસતા અંદર આવ્યા અને ખુરશી ખેંચીને બેસી ગયા. આખરે હું પાછી સ્વસ્થ થઈ અને ખૂણામાં બેસીને કામ કરવા લાગી. બારીક નજરે મને જોતાં જ તેમનો મલકાટ ઓસરી ગયો. હમણાં હમણાં હું બહુ દૂબળી થઈ ગઈ છું. મારા ગાલમાં ખાડા પડી ગયા છે, આંખો ઊંડી ઊતરી ગઈ છે, હું ધોળી પૂણી જેવી થઈ ગઈ છું. મને એક વરસ પહેલાં જોનારા લોકો આજે જુએ તો કદાચ ઓળખે જ નહિ. તે થોડીક વાર તો મારી ઉપર નજર ઠેરવીને બેસી રહ્યા, પરંતુ પછી વળી ખુશાલ બની ગયા અને આવું કંઈક કહ્યું. મને તો યાદ જ નથી કે મેં શું જવાબ આપ્યો, અને તે હસી પડ્યા. આખો એક કલાક બેસીને વાતો કરતા રહ્યા અને સવાલો પૂછતા રહ્યા. જવા ઊભા થયા ત્યારે મારો હાથ પકડીને કહ્યું (તેમના જ શબ્દો લખું છું): "તમને એકલાંને ખાનગી વાત કહું, વારવારા આલેક્સેયેવ્ના, આ આન્ના ફ્યોદોરોવ્ના,

તમારી સગી અને મારી નજીકની ઓળખાણની બાઈ, હલકટ જીવ છે." (તેમાં તેમણે વધારે ગંદો શબ્દ ઉમેર્યો.) "એણે તમારી બહેન સાશાને આડે રસ્તે ચડાવી દીધી છે, અને તમને પણ બરબાદ કરી નાખ્યાં છે. મારી બાબતમાં કહી દઉં કે મેં બેશક ખોટું વર્તન કર્યું છે. દુનિયાદારીમાં રહેતા માણસમાં એવી ખામી સામાન્ય રીતે હોય જ છે." એટલું કહીને તે ખડખડાટ હસી પડયા. પછી કહ્યું કે પોતાને બોલવાની બહુ ફાવટ નથી, મુખ્ય વાત જણાવી દીધી છે, માનમોભાની ભાવનાને કારણે કહેવું જ પડે તે કહી દીધું છે, અને બાકીનું પણ બહુ ટૂંકાણમાં કહી દેવા માગે છે. એ જ વખતે તેમણે મને જણાવ્યું કે પોતે મારી જોડે લગ્ન કરવા માગે છે, મારી ઈજ્જતની રક્ષાની બાબતને પોતાની ફરજ ગણે છે, ધનવાન છે, મને લગ્ન પછી પોતાની જાગીરે લઈ જશે, ત્યાં સસલાંનો શિકાર કરવાનો ઈરાદો રાખે છે, ફરી કદી પિટર્સબર્ગ નહિ આવે કારણ કે બહુ ખરાબ શહેર છે, શહેરમાં રહેતા નમાલા ભત્રીજાને વારસામાંથી બાતલ રાખવાના સોગંદ ખાઈને બેઠા છે, હકીકતમાં એ કારણે જ લગ્નની વાત લઈને આવ્યા છે, સીધા વારસદારની મંછા ધરાવે છે. તેમણે વધુમાં કહ્યું કે હું સખત ગરીબીની હાલતમાં રહું છું, આટલી માંદી લાગું છું, તેમાં જરાય અચરજની વાત નથી, એક મહિનો વધારે અહીંયાં રહીશ તો ચોક્કસ મરી જ જવાની. વળી ઉમેર્યું કે પિટર્સબર્ગમાં રહેઠાણની જગ્યાઓ ભયંકર હોય છે, અને મારે કશી જરૂર હોય તો કહી દેવું.

હું તો લગ્ન વિશેની વાત સાંભળીને એવી આભી બની ગઈ કે રડવા લાગી, ખબર નથી કેમ. મારાં આંસુને ભૂલથી અહેસાનનાં માની લઈને તેમણે કહ્યું કે હું સદ્‌ભાવી, હેતાળ, અને સુજાણ બાઈ હોવાની ખાતરી હંમેશાં તેમના મનમાં રહી હતી પરંતુ આ કદમ ઉઠાવતાં અચકાતા હતા કારણ કે પહેલાં મારે વિશે સરખી પૂછપરછ કરી લેવી હતી. પછી મને તમારે વિશે થોડાક સવાલો પૂછ્યા અને ઉમેર્યું કે સાંભળવા મુજબ તમે નેક સિદ્ધાંતો ધરાવતા આદમી છો, તે તમારા કરજદાર નથી રહેવા માગતા, અને તમે મારે ખાતર જે કંઈ કર્યું છે તેના બદલામાં પાંચસો રૂબલ પૂરતા ગણાય કે નહિ. મેં ખુલાસો કર્યો કે તમે જે કંઈ કર્યું છે તેનો બદલો ખાલી પૈસા વડે કોઈ રીતે ન જ ચૂકવી શકાય. તેમણે તરત જવાબ વાળ્યો કે એ બધું તો બકવાદ છે, ખાલી નવલકથાની વાતો છે, અને ઉમેર્યું કે હું હજી બહુ

નાની છું, કદાચ કાવ્યો વાંચવાની શોખીન છું, નવલકથાઓ અને કાવ્યો હંમેશાં જુવાન છોકરીઓને બરબાદ કરી નાખે છે, પુસ્તકો સામાન્ય રીતે દુરાચાર પેદા કરતાં હોય છે, અને પોતાને પુસ્તકો તરફ નફરત છે. તેમણે કહ્યું: "મારા જેટલી ઉંમર થશે ત્યારે તમે લોકોને બહેતર સમજી શકશો." પછી મને લગ્નની વાત વિશે કાળજીથી પૂરો વિચાર કરી લેવાની સલાહ આપી કારણ કે એવી બાબતમાં ઉતાવળિયા કદમથી અંજામ બૂરો જ આવે. ઉતાવળિયાં અને અવિચારી કદમો હંમેશાં જુવાન લોકોને બરબાદીની ખાઈમાં ધકેલી દે છે. તે બેશક આતુર હતા કે હું લગ્નની હા પાડું. નહિતર તેમને મોસ્કોના વેપારીની દીકરી જોડે લગ્ન કરવાં પડે કારણ કે મવાલી જેવા ભત્રીજાને વારસામાંથી બાતલ રાખવાનો પાકો ફેંસલો તેમણે કરી લીધો છે. મેં બહુ ના પાડી છતાં તે પાંચસો રૂબલ મારા ગૂંથણના ચોકઠા ઉપર મૂકી ગયા, તેમના શબ્દોમાં ચૉકલેટ ખરીદવા માટે. તેમણે કહ્યું કે ગામમાં રહેવા જઈશું એટલે મને એશઆરામની જિંદગી માણવા મળશે અને હું જોતજોતામાં તાજીમાજી અને ગોળમટોળ બની જઈશ. તે બહુ કામમાં હતા, આખો દિવસ દોડાદોડી કરતા રહ્યા હતા, અને માંડ થોડીક વાર મને મળી લેવા જ આવ્યા હતા. પછી જતા રહ્યા. મારા મિત્ર, મેં આ બાબત વિશે બહુ વિચાર કર્યો છે, ફરીફરીને વિચાર કર્યો છે, ઘણામાં ભારે વેદના સહી છે, પરંતુ આખરે ફેંસલો કરી લીધો છે. હું તેમની જોડે પરણી જઈશ. તેમની માગણી મારે માની જ લેવી પડશે. કોઈ મને બદનામીથી છુટકારો અપાવી શકે એમ હોય, મારા નામ પર લાગેલું કલંક ધોઈ નાખી શકે એમ હોય, અને મને ગરીબી, લાચારી, તથા કમનસીબીઓથી ઉગારી શકે એમ હોય, તો ફક્ત આ માણસ જ, બીજું કોઈ નહિ. ભવિષ્યના સંબંધમાં હું બીજી કેવી અપેક્ષા રાખી શકું? કિસ્મત પાસેથી હું વધારે શું માગી શકું? ફેદોરાનું કહેવું છે કે લાભ મળતો હોય તો તે ચૂકવો ન જોઈએ, અને આ સુખ નથી તો બીજું શું છે? બીજો કોઈ રસ્તો મને તો દેખાતો નથી, મારા અમોલા મિત્ર! હું એટલાં બધાં કામ કરતી રહી છું કે મારી તંદુરસ્તી ખતમ થઈ ગઈ છે, અને કાયમ આમ કામ જ કરતી રહેવાનું મારે માટે શક્ય નથી. કોઈ ખૂણામાં નાસી જાઉં કે શું? ના, એકલતામાં ઝૂરી ઝૂરીને મરી જાઉં, અને પાછળ કોઈને માટે એ સારું જ નહિ. મારો બાંધો જ પહેલેથી માંદલો છે, હું હંમેશાં કોઈ ને કોઈના ઉપર બોજા બનીને જ રહેવાની.

હું સમજું છું કે સ્વર્ગ જેવું સુખ માણવા નથી જઈ રહી, પણ કરું શું? તમે જ કહો, શું કરું? પસંદગીનો સવાલ જ ક્યાં છે?

ખરું કહું તો હું સલાહ નથી માગી રહી. મારે તો એકલા એકલા વિચાર કરવો હતો. તમે હમણાં વાંચેલો નિર્ણય અફર છે અને હું બીકોવને જણાવી દેવાની છું. તે દબાણ કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે તેમનો કારોબાર રેઢો પડયો છે અને મારા તરંગોને ખાતર તે લગ્નમાં ઢીલ કરી શકે એમ નથી. કોને ખબર હું સુખી થઈશ કે નહિ, પરંતુ હું મારું ભવિષ્ય ઈશ્વરની અકળ મંછાને આધીન કરી દેવાની છું. સાંભળ્યું છે કે બીકોવ ભલા આદમી છે. તે મારું માન જાળવશે, અને હુંયે કદાચ વખત જતાં તેમની તરફ આદરની લાગણી મારા મનમાં કેળવી શકીશ. આવા લગ્નમાં એથી વધારે શાની આશા રાખી શકાય?

કહેવાનું હતું તે બધું મેં તમને કહી દીધું છે, માકાર આલેક્સેયેવિચ, અને મને ખાતરી છે કે તમે સમજી શકશો. મારો નિર્ણય બદલાવવાની કોશિશ ન કરશો. તમને સફળતા નહિ મળે. જે બધાં કારણોસર હું આ કદમ લઈ રહી છું તેને તમારા મનમાં જરાક તોળી જુઓ. પહેલાં તો હું ગભરાઈ ગયેલી પણ હવે સ્વસ્થ થઈ ગઈ છું. આગળ શું થશે તેની મને ખબર નથી. ભાવિનું ચિત્ર ઝાંખું અને અસ્પષ્ટ છે. ભલે જે થવાનું હોય તે થાય. ઈશ્વરની ઈચ્છા!

હમણાં બીકોવ આવ્યા છે, એટલે મારે આ પત્ર અધૂરો જ રાખવો પડશે, જોકે કહેવાનું તો હજી ઘણું ઘણું છે.

વા. દો.

૨૩ સપ્ટેંબર

વહાલુડાં વાર્વારા આલેક્સેયેવ્ના,

તમારા પત્રનો જવાબ તરત લખું છું, વહાલાં, તમને જલદી જણાવવા માગું છું કે હું તો સાવ વિસ્મયમાં ગરકાવ થઈ ગયો છું. ક્યાંક કશીક ગરબડ જરૂર છે. કાલે અમે ગોર્શ્કોવને દફનાવવાનું કામ પતાવી લીધું. હા, બીકોવનું વર્તન બેશક ઉમદા છે. અને તમે હા પણ પાડી દીધી છે, મારાં વહાલુડાં. બધું ઈશ્વરના હાથમાં છે, ખરી વાત. તેમાં તો શંકાનો સવાલ જ નથી.

એટલે આ બાબત પણ ઈશ્વરના હાથમાં જ હોય. અને આપણા સર્જનહારની રીતો અકળ હોવા છતાં પુનિત હોય છે, ભાગ્યની જેમ જ! એ તો સનાતન સત્ય છે. ફેદોરા પણ તમારી જોડે સહમત છે. હવે તમે બેશક સુખી થશો, સંતોષની જિંદગી માણશો, મારાં રૂપાળાં પરી, મારું વહાલું પારેવડું, પણ આટલી ઉતાવળ શા માટે, વારેન્કા? અરે હા, મિસ્ટર બીકોવના કારોબારની વાત. સૌને પોતપોતાનો કારોબાર બેશક હોય જ છે, એટલે તેમને પણ પોતાનો કારોબાર સંભાળવાનો હોય... એ તમારે ત્યાંથી નીકળ્યા ત્યારે મેં જોયેલા. પ્રભાવશાળી માણસ છે, પ્રભાવશાળીથી કંઈક વધારે ગણાય એવા. પણ ક્યાંક કશીક ગરબડ છે. વાત તેમના પ્રભાવની નથી પણ મારી સખત બેચેનીની છે. હવે આપણે એકબીજાને પત્રો કેવી રીતે લખીશું? અને હું અહીંયાં એકલો કેવી રીતે રહીશ? તમે લખ્યું છે તેમ હું તમારાં બધાં કારણોને મનમાં તોળી રહ્યો છું, બસ, બધો વખત બેઠો બેઠો તોળી જ રહ્યો છું. તમારો પત્ર આવ્યો ત્યારે હું પેલી હસ્તપ્રતના વીસમા પાનાની નકલ લખી રહ્યો હતો. વહાલાં, હવે તમારે જવાનું છે એટલે તરેહવાર ચીજવસ્તુઓ ખરીદવી પડશે ફ્રૉક, પગરખાં, એવું બધું. ગોરોખોવાયા માર્ગે એક સરસ દુકાનની મને ખબર છે. મેં તમને અગાઉ જણાવેલું, યાદ છે ને? પણ તમે આમ એકદમ કેવી રીતે ચાલ્યાં જઈ શકો? ના, એમ ન જવાય. એ તો અશક્ય જ છે, સાવ અશક્ય! ઘણીબધી વસ્તુઓ ખરીદવાની હશે, ઘોડાગાડી પણ! વળી મોસમ ખરાબ છે. વરસાદ તો જુઓ, ધોધમાર વરસી રહ્યો છે! પાર વગરનું પાણી જ પાણી! પાછી ટાઢ વાશે, મારાં પરી, તમારું દિલ ટાઢું પડી જશે. અજાણ્યા માણસ જોડે નીકળી પડવામાં તમને બીક નથી લાગતી? અને મારી જિંદગીમાં શું બાકી રહેશે? ફેદોરા કહે છે કે તમે નસીબદાર છો, પણ ફેદોરા તો કંકાસણી ઓરત છે, મને બરબાદ કરી નાખવા સિવાય બીજું કંઈ તેને સૂઝતું જ નથી. તમે સાંજની પ્રાર્થનામાં જવાનાં છો? તમે જવાનાં હો તો તમને એક નજરે જોઈ લેવા હું પણ આવું. ખરી વાત, વહાલુડાં, સાવ ખરી વાત, કે તમે સદ્ભાવી, હેતાળ, અને સુજાણ છો. પણ તે પેલા વેપારીની દીકરીને પરણે તો સારું. તમને એમ નથી લાગતું, વહાલાં? વેપારીની દીકરીને પરણવાનું તેમને માટે બહેતર ન ગણાય? અંધારું થયા પછી હું એકાદ કલાક તમારી પાસે આવી જઈશ. આજકાલ અંધારું વહેલું થઈ જાય છે,

અને હું જરૂર આવીશ. સાંજ પડે કે તરત હું ચોક્કસ આવીશ. હમણાં તો તમે બીકોવની વાટ જોઈ રહ્યાં છો. તે નીકળી જાય પછી હું આવીશ. વહાલાં, ખાતરી રાખજો, હું મળવા ચોક્કસ આવીશ...

માકાર દેવુશ્કિન

૨૭ સપ્ટેંબર

મારા મિત્ર માકાર આલેક્સેયેવિચ,

મિસ્ટર બીકોવનું કહેવું છે કે મારી પાસે ડચ કાપડનાં ત્રણ ડઝન અંદરનાં વસ્ત્ર હોવાં જ જોઈએ. બે ડઝન બનાવી આપે એવી દરજણ મારે ખોળી કાઢવી પડશે, અને વખત બહુ ઓછો છે. મિસ્ટર બીકોવ ચિડાઈ જાય છે, કહે છે કે આવી બધી કપડાંલત્તાંની લપ બહુ હેરાન કરે એવી હોય છે. અમારાં લગ્ન પાંચમે દિવસે થવાનાં છે, અને વળતે દિવસે અમે રવાના થઈ જઈશું. મિસ્ટર બીકોવને ઉતાવળ છે, આટલો બધો વખત બગાડવાનું તેમને જરાય ગમતું નથી. મારે એટલી દોડાદોડી કરવી પડે છે કે હવે તો ઊભા રહેવાનીયે શકિત રહી નથી. ઘણાં ઘણાં કામ કરવાનાં છે, અને સાચેસાચ કહું છું કે આ બધું ન થયું હોત તો બહેતર હતું. બીજી એક વાત — અમારી પાસે રેશમની અને ઝરીની ઝૂલ પૂરતી નથી, થોડીક ખરીદવી પડે એમ છે, કારણ કે મિસ્ટર બીકોવનું કહેવું છે કે તેમની પત્ની ઘરની ચાકરડી જેવી દેખાય તે ન ચાલે, તેમના શબ્દોમાં મારો પોશાક "બીજાં ઉમરાવ કુટુંબોની સ્ત્રીઓને આંજી નાખે એવો" હોવો જોઈએ. તમે ગોરોખોવાયા માર્ગે માદામ શિફોન પાસે જઈને તેને કહી આવો કે થોડીક દરજણોને મોકલે અને ભલી થઈને પોતે પણ આવી જાય. આજે મારી તબિયત સારી નથી. અમારા નવા ઘરમાં ટાઢ છે અને વ્યવસ્થા જેવું કશું નથી. મિસ્ટર બીકોવનાં કાકી બહુ ઘરડાં અને માંદાં છે, મને બીક લાગે છે કે અમારી રવાનગી પહેલાં જ કદાચ મરી જાય. પરંતુ મિસ્ટર બીકોવ તો એમ જ કહે છે કે ખાસ કંઈ નથી, ઠીક થઈ જશે. સરખી વ્યવસ્થાનું નામનિશાન નથી. મિસ્ટર બીકોવ અહીંયાં નથી રહેતા, અને માણસો બધા ભાગતા દોડતા રહે

છે, ઈશ્વર જાણે ક્યાં! ક્યારેક તો એકલી ફેદોરા જ હોય છે બધું કામ કરવા. કામની બધી જવાબદારી મિસ્ટર બીકોવના અંગત નોકરને હસ્તક છે, અને તે ત્રણ દિવસથી ગાયબ છે. મિસ્ટર બીકોવ રોજ સવારે આવે છે અને હંમેશાં ખીજે ભરાયેલા હોય છે. કાલે તેમણે મકાનના વહીવટદારને ઢીબી નાખ્યો, પરિણામે પોલીસનો બખેડો ઊભો થયો. મારા પત્રો તમને પહોંચાડે એવું કોઈ નથી, એટલે આ પત્ર ટપાલમાં મોકલીશ. અરે, સૌથી મોટી વાત તો હું ભૂલી જ ગઈ! માદામ શિફોનને કહેજો કે કિનખાબમાં કાલના નમૂના મુજબના ફેરફાર કરે. પોતે આવીને નવી ભાત મને બતાવી જાય તો સારું. અને કહેજો કે પોલકાની બાબતમાં મેં વિચાર બદલાવી નાખ્યો છે— હવે ગૂંથણ કરવાનું છે. રૂમાલમાં નામાક્ષરો સફેદ રેશમના દોરા વડે નહિ પણ જરીના તાર વડે ગૂંથવાના છે. જરીના તાર—યાદ રહેશે ને? વળી એક વાત લગભગ ભુલાઈ ગઈ—કહેજો કે ફરના કોટની ઝૂલ જરાક ઊંચે રાખવાની છે, કળીઓ ગૂંથણની હોવી જોઈએ, અને કોલરમાં ફીત અથવા પહોળી કિનાર લગાવે. કંઈ ભૂલશો નહિ ને?

તમારી

વા. દો.

તા. ક. તમને એક પછી એક કામ સોંપીને હેરાન કરવામાં મને શરમ આવે છે. પરમ દિવસ પણ સવાર બધો વખત તમારે દોડાદોડ કરવી પડી હતી. પરંતુ હું લાચાર છું, ખરેખર! અહીંયાં તો કોઈ જાતની વ્યવસ્થા જેવું કંઈ છે જ નહિ, અને હું માંદી છું. એટલે ગુસ્સે થશો નહિ, માકાર આલેક્સેયેવિચ! મારું મન સાવ ઢીલું પડી ગયું છે. મારું શું થશે, મારા મિત્ર, મારા મીઠા, મારા ભલા માકાર આલેક્સેયેવિચ? મને તો ભવિષ્યમાં નજર નાખતાં બીક લાગે છે. મને અમંગળ આશંકાઓ સતાવી રહી છે, અને હું જાણે ઘેરા ધુમ્મસમાં અટવાઈ ગઈ છું.

તા. ક. મેં કહ્યું છે તે ભૂલશો નહિ. મને બીક છે કે તમે કદાચ ગલત વાત કહી દેશો. યાદ રાખજો — સફેદ રેશમનો દોરો નહિ પણ જરીનો તાર.

વા. દો.

૨૭ સપ્ટેંબર

ભલાં બાનુ વાર્વારા આલેક્સેયેવ્ના,

તમારી બધી સૂચનાઓનું મેં બરાબર ધ્યાનથી પાલન કર્યું છે. માદામ શિફ્રોને કહ્યું કે તેણે પોતે જ જરીનો તાર વાપરવાનું નક્કી કરેલું કારણ કે તે વધારે સારો લાગે — અથવા એવું જ કંઈક, હું બરાબર સમજ્યો નહિ. તેણે કિનાર વિશે કંઈક કહેલું પણ હું ભૂલી ગયો છું. મને તો એટલું જ યાદ છે કે તે કિનાર વિશે પુષ્કળ લવારો કરતી રહી હતી — પાગલ બનાવી દે એવી બુઢ્ઢી ચુડેલ છે! બીજું શું કહેલું? જાતે આવીને તમને બધું જણાવી દે તો સારું. હું દોડાદોડ કરીને અધમૂઓ થઈ ગયો છું, અને આજે ઑફિસે નથી જઈ શક્યો. પણ મારી ફિકર કરશો નહિ, વહાલાં. તમારા મનની શાંતિ ખાતર હું શહેરની દરેકે દરેક દુકાને ધક્કા ખાવા તૈયાર છું. તમે લખો છો કે તમને ભવિષ્યમાં નજર નાખતાં બીક લાગે છે, પણ તમને સાંજે સાત વાગ્યે બધી ખબર પડી જશે. માદામ શિફ્રોને તમારી પાસે આવવાનો વાયદો કર્યો છે. હિંમત ન હારો, વહાલાં! જે થાય છે તે બધું કદાચ સારું જ છે. પેલી કાળમુખી કિનાર મારા મનમાંથી ખસતી જ નથી. ઓહ! કિનાર — કિનાર! હું તમને મળવા આવ્યો હોત, મારાં વહાલાં, જરૂર આવ્યો હોત. ખરું કહું તો તમારા ઘરના દરવાજા પાસે મેં બે વાર ચક્કર મારેલાં, પણ બીકોવ, મતલબ કે મિસ્ટર બીકોવ, હંમેશાં ગુસ્સામાં હોય છે એટલે મને ખરેખર... તો વાત એમ છે!

માકાર દેવુશ્કિન

૨૮ સપ્ટેંબર

માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ,

ભગવાનને ખાતર એકદમ ઝવેરીને ત્યાં પહોંચી જાઓ અને તેને કહો કે મોતી અને નીલમનાં એરિંગ બનાવવાની જરૂર નથી. મિસ્ટર બીકોવે કહી દીધું છે કે કિંમત વધારે છે, એટલી કિંમત આપવા તે તૈયાર નથી.

તે ખીજે ભરાઈ ગયા છે અને કહે છે આ મામલામાં પુષ્કળ પૈસા ખર્ચાઈ ગયા છે અને પોતે જાણે લૂંટાઈ રહ્યા છે. કાલે પણ તેમણે કહેલું કે તેમને આટલા ખર્ચની ધારણા પહેલેથી હોત તો તેમણે આ બધી પંચાત શરૂ જ ન કરી હોત. તેમનું કહેવું છે કે લગ્નની વિધિ પતી ગયા પછી તરત રવાના થઈ જવાનું છે, મહેમાનોની ધમાલ કરવાની જ નથી, અને મારે નાચગાનની મહેફિલની ઉમેદ નથી રાખવાની કારણ કે ધામધૂમનું કશું કારણ હજી તો નથી. તેમની વાત કરવાની રીત જ એવી છે. ઈશ્વર મારો સાક્ષી છે કે આ બધી બાબતોની મને તો મુદ્દલ પરવા જ નથી, અને મિસ્ટર બીકોવે પોતે જ બધું કર્યું કરાવ્યું છે. હું તેમને જવાબ આપવાની હિંમત નથી કરી શકતી કારણ કે તે સાવ વાતવાતમાં ખિજાઈ જાય છે. મારું શું થશે?

વા. દો.

૨૮ સપ્ટેંબર

મારું પારેવડું, વાર્વારા આલેક્સેયેવ્ના,

હું... જુઓ, ઝવેરીવાળું કામ બરાબર થઈ ગયું છે. મારી બાબતમાં— મારે પહેલાં એમ કહેવું હતું કે હું માંદો છું અને પથારીમાં પટકાઈ ગયો છું. આટલું બધું કામ છે ત્યારે જ મંદવાડ આવ્યો. નસીબ જ અવળું, બીજું શું! મારું દુઃખ જાણે ઓછું હોય એમ હમણાં એક દિવસે નામદાર બહુ જ ગુસ્સે થઈ ગયા, અને તેમનો શ્વાસ ચઢી ગયો ત્યાં સુધી બિચારા યેમેલ્યાન ઈવાનોવિચને ધમકાવતા રહ્યા. મારે તમને એ વાત જણાવવી હતી. મને વધારે લખવાનું મન છે પણ તમને નકામી પરેશાની થાય એવી બીક લાગે છે. મારામાં બહુ ચતુરાઈ નથી, હું તો સીધોસાદો માણસ છું અને મનમાં આવે તે લખી નાખું છું. એટલે હું લખી નાખું તેમાંથી અમુક બાબતો તમને કદાચ અજુગતી લાગે. ભલે, ઠીક હવે, શું થાય!

તમારો

માકાર દેવુશ્કિન

મારાં વહાલાં વાર્વારા આલેક્સેયેવ્ના,

આજે ફેદોરા મળી હતી, વહાલાં. તેણે કહ્યું કે તમારાં લગ્ન કાલે થઈ જશે અને પરમ દિવસે તમે રવાના થઈ જશો, મિસ્ટર બીકોવે ઘોડા ભાડે રાખી લીધા છે. નામદારને લગતી ખબર તો હું તમને જણાવી ચૂક્યો છું. બીજું શું લખું? અરે હા, ગોરોખોવાયા માર્ગની દુકાનનાં બિલ હું જોઈ ગયો છું. ભૂલ તો ક્યાંય નથી, પણ બધું બહુ મોંઘું છે. મિસ્ટર બીકોવ તમારી ઉપર ગુસ્સે કેમ થઈ ગયા છે? ભલે, તમે સદા સુખી રહો, વહાલાં! તમે સુખી છો એમ જાણીને મને ખુશી થશે. હું લગ્નમાં હાજર રહ્યો હોત, પણ મને પીઠમાં સખત દુખે છે. ફરી પત્રોની વાત... કોણ પહોંચાડશે? તમે ફેદોરાની બાબતમાં બહુ સારું કર્યું છે. તમે બહુ ભલાં છો. એટલે ઈશ્વરની દયા તમારી ઉપર ઊતરશે. સારાં કામનો બદલો મળ્યા વગર રહે જ નહિ, સદ્‌ગુણીને ઈશ્વરી ન્યાયનો મુગટ લાધે જ લાધે, તેમાં મીનમેખ ન થાય. મારાં વહાલાં, તમને દરેક કલાક, દરેક મિનિટ, પત્ર લખતા રહેવાનું મન થાય છે, એમ થાય છે કે લખતો જ રહું, બસ લખતો જ રહું. તમારું પુસ્તક 'બેલકિનની વાર્તાઓ' હજી મારી પાસે છે. તેને મારી પાસે જ રહેવા દો, વહાલાં. વાત એમ નથી કે મને વાંચવાનું બહુ મન હોય. જુઓ ને, શિયાળો નજીક આવી રહ્યો છે, દિવસ ટૂંકો અને રાત લાંબી, વળી ગમગીન. ત્યારે વાંચવાની વેળા આવશે. હું મારું હાલનું ઘર બદલાવીને તમારા જૂના ઘરમાં રહેવા જઈશ, તમારો ઓરડો ફેદોરા પાસેથી ભાડે રાખી લઈશ. બાઈ ઈમાનદાર છે, હું તેનાથી અળગો કદી નહિ થાઉં. બહુ કામઢી છે, સમજ્યાં ને! કાલે હું તમારા ખાલી ઓરડામાં ગયો હતો. આંટા મારતો રહ્યો અને ચીજવસ્તુઓ નીરખતો રહ્યો. ખૂણામાં તમારું ગમતું ગૂંથણનું ચોકઠું પડ્યું હતું, તમે કરેલું થોડુંક કામ હજી આમ ને આમ હતું. મેં તેને બારીક નજરે જોયું, બીજી પણ નાનીમોટી ચીજો જોઈ. મારા એક પત્રનો ઉપયોગ તમે રેશમ વીંટવા કરેલો તે જોઈને મને બહુ આનંદ થયો. ટેબલ ઉપર કાગળની એક ચબરખી પડી હતી અને તેમાં આટલા શબ્દો લખેલા હતા: **"માયાળુ સજ્જન માકાર આલેક્સેયેવિચ, હું જ..."**

કોઈએ વચમાં ખલેલ પાડી હશે. પડદાની પાછળ ખૂણામાં તમારો નાનકડો ખાટલો પડયો હતો. મારું પારેવડું! ઠીક ત્યારે, આવજો, આવજો, મારાં વહાલાં! જવાબ જલદી લખજો, હું તમને વીનવું છું.

માકાર દેવુશ્કિન

૩૦ સપ્ટેંબર

મારા અમોલા મિત્ર માકાર આલેક્સેયેવિચ,

થવાનું હતું તે થઈ ગયું, કિસ્મતનો ખેલ ખેલાઈ ગયો! મારું શું થશે તેની ખબર નથી, પણ હું ઈશ્વરની ઇચ્છાને આધીન બની રહીશ. અમે કાલે રવાના થઈ જવાનાં છીએ, અને હવે તો છેલ્લી વાર આ લીટીઓ તમને લખી રહી છું, મારા અમોલા મિત્ર, મારા શુભેચ્છક, મારા વહાલા! મારે ખાતર દિલમાં દુખ આણશો નહિ. સુખી રહેજો, મને યાદ કરજો, ઈશ્વર સદા તમારું ભલું કરે! હું તમને યાદ કરતી રહીશ અને મારી પ્રાર્થનાઓમાં હંમેશાં તમારું નામ લેતી રહીશ. મારું અહીંનું જીવન આવી રીતે પૂરું થાય છે. મારા નવા જીવનમાં ખુશીનાં કિરણ ફેલાવે એવાં તો બહુ ઓછાં સ્મરણો હું ભેગાં લઈ જાઉં છું, પરંતુ તમારી યાદ મારા દિલમાં વધારે પ્રિય બની રહેશે. મારા એકમાત્ર મિત્ર તમે જ છો, એકમાત્ર તમે જ મને પ્રેમ આપ્યો છે. હું જોતી હતી અને જાણતી હતી કે તમને મારી ઉપર ખૂબ વહાલ છે. મારો મલકાટ જોઈને તમે ખુશ થઈ જતા, મારું એક જ વેણ તમારા દિલમાં સુખની લાગણી છલકાવી દેતું! હવે તમારે મારા વગર ચલાવી લેવું પડશે. તમને કેવી એકલતા લાગશે! તમને દિલાસો કોણ આપશે, ધીરજ કોણ બંધાવશે? મારા એકમાત્ર અને ભલા મિત્ર! પુસ્તક અને ગૂંથણનું ચોકઠું અને એક વાર શરૂ કરેલો અધૂરો પત્ર તમને આપી જાઉં છું. પહેલી લીટી વાંચજો અને પછી આગળ તમને મારી પાસેથી જે કંઈ સાંભળવાનું અને વાંચવાનું મન હોય, જે કંઈ મેં તમને નહોતું લખ્યું તે અને જે કંઈ મેં હમણાં નથી લખ્યું તે પણ, બધું તમારા મનના વિચારોમાં વાંચી લેજો! તમારી બિચારી વારેન્કાને યાદ કરજો, તમને ખૂબ વહાલ

કરનારી વારેન્કાને યાદ કરજો. તમારા બધા પત્રો મેં ફેદોરાના કબાટના ઉપલા ખાનામાં મૂકી રાખ્યા છે. તમે લખો છો કે તમે માંદા છો, પણ મિસ્ટર બીકોવ મને આજે બહાર નહિ જવા દે. હું તમને પત્ર લખીશ, મારા મિત્ર, વચન આપું છું, પણ ઈશ્વરને ખબર શું થવાનું છે, એટલે આપણે સદાને માટે વિદાય કહી લઈએ તો સારું, મારા વહાલા, મારા મિત્ર, સદાને માટે!.. તમને ભેટી લેવાનું બહુ મન થાય છે. આવજો, મારા મિત્ર, આવજો! સાજા થઈ જાઓ અને સદા સુખી રહો! હું તમારા સુખની પ્રાર્થના કરીશ. મારું હૈયું એટલું ભારે છે કે તમને કહી ન શકું. મિસ્ટર બીકોવ બોલાવી રહ્યા છે. આવજો.

સદા તમને વહાલ કરતી

વા.

તા. ક. મારો આત્મા રડી રહ્યો છે, ચોધાર આંસુએ રડી રહ્યા છે. આંસુનો ધોધ મને ગૂંગળાવી રહ્યો છે. અલવિદા!

ઓહ! કેવી ભયંકર ગમગીની!

તમારી બિચારી વારેન્કાને યાદ કરજો! યાદ કરજો!

મારાં વહાલાં, મારું પારેવડું, મારાં અમોલાં વારેન્કા! તમે તો ચાલ્યાં, તમે જઈ રહ્યાં છો! એ લોકોએ મારી પાસેથી તમને છીનવી લીધાં તેના કરતાં મારી છાતીમાંથી હૈયું ખેંચી કાઢીને ફગાવી દીધું હોત તો બહેતર હતું! તમે આમ કેવી રીતે કરી શક્યાં? તમે રડી રહ્યાં છો, પણ તોય જઈ રહ્યાં છો. તમારો આંસુથી ભીંજાયેલો પત્ર મને હમણાં જ મળ્યો છે. આ પત્ર જોતાં તમે જવા નથી માગતાં... એ લોકો તમને પરાણે લઈ જાય છે. તમને મારી બાબતમાં અફસોસ થાય છે... તમે મને ચાહો છો. તમારી સંભાળ કોણ રાખશે? તમારું કોમળ હૈયું બહુ ઉદાસ થઈ જશે, [illegible] પડી જશે. દુઃખ તમારા હૃદયનું રુધિર ચૂસી લેશે, ગમગીની તમારા દિલને ચીરી નાખશે, ત્યાં એકલતામાં મોત તમને ભરખી જશે, એ લોકો તમને ઠંડીગાર જમીનમાં દફનાવી દેશે, તમારી કબર પર બે [illegible]

સારનારુંયે કોઈ નહિ હોય. મિસ્ટર બીકોવ તો સસલાંના શિકારની મોજમાં મસ્ત હશે... અરે, મારાં વહાલાં, તમે આવું કદમ કેવી રીતે લઈ શક્યાં? આ તમે શું કર્યું! તમે ખુદ પોતાની ઉપર કેવો જુલમ કર્યો! એ લોકો તમને કબર ભેગાં કરી દેશે, રિબાવીને મારી નાખશે! તમે તો નાજુક પીંછા જેવાં છો, મારાં પરી! અને હું ક્યાં હતો? શું કરી રહ્યો હતો? મૂરખ, ડોળા ફાડીને તાકતો બેસી રહ્યો! નજર સામે દેખાતું હતું કે બિચારી બાળકી ખોટે માર્ગે જઈ રહી છે, બિચારીનું માથું જ ઠેકાણે નથી! અને હું જડ જેવો અહીંયાં બેસી રહ્યો—ન કરવાનું કરી નાખ્યું, સાવ મૂરખ, મૂરખનો સરદાર! જાણે કેમ મારે કશી લેવાદેવા ન હોય એમ કંઈ જોયું જ નહિ અને ખરાખોટાનો કે મારી ફરજનો જરાય વિચાર કર્યો જ નહિ! હે ભગવાન! કિનારનું પૂંછડું પકડીને દોડાદોડ કરતો રહ્યો. ના, વારેન્કા, હું ખાટલામાંથી ઊભો થઈ જઈશ, કાલે સાજો થઈને ખડો થઈ જઈશ, તમારી ગાડીનાં પૈડાં આડો લંબાવી દઈશ. તમને જવા નહિ દઉં! આ તો સિતમ છે! એ લોકોને આમ કરવાનો હક ક્યાંથી મળી ગયો? હું તમારી ભેગો આવીશ, તમે નહિ લઈ જાઓ તો તમારી ગાડીની પાછળ દોટ મૂકીશ. પડી જાઉં ત્યાં સુધી દોડતો રહીશ! તમે ક્યાં જઈ રહ્યાં છો? તમને ખબર છે? હું કહી દઉં! તમે વેરાન વગડામાં જઈ રહ્યાં છો, મારી હથેળી જેવા ખાલીખમ વિસ્તારમાં જઈ રહ્યાં છો. ત્યાં ઢંગાસૂની ગામડિયણો અને તેમના દારૂડિયા ધણીઓ સિવાય બીજું કોઈ નહિ હોય. ઝાડનાં પાંદડાં પણ ખરી ગયાં હશે. વળી વરસાદ અને ટાઢ છે. તમે એવી જગ્યાએ જઈ રહ્યાં છો. મિસ્ટર બીકોવ તો સસલાંના શિકારની મોજ માણશે, અને તમે? તમે જમીનદારની વહુ થઈને રહેવા માગો છો, મારાં વહાલાં? એક નજર પોતાની ઉપર નાખીને જુઓ તો ખરાં કે તમે જમીનદારની વહુ જેવાં લાગો છો જરાય? તમે તો અપ્સરા છો! ના, એમ નહિ બને, વારેન્કા! પછી હું પત્રો કોને લખું? એક પળ વિચાર તો કરો! કોને લખું? પછી હું "મારાં મીઠડાં" કહીને કોને બોલાવું? આવા વહાલ નીતરતા નામે કોને બોલાવું? પછી તમને ક્યાં ગોતું, મારાં પરી? હું તો મરી જ જાઉં, વારેન્કા, ચોક્કસ મરી જાઉં, એવી કમનસીબી મારાથી સહેવાય જ નહિ. મારા જીવનમાં તમે ઈશ્વરની પ્રભા જેવાં છો, મને સગી દીકરી જેટલાં વહાલાં છો, તમારું સર્વકંઈ મને અત્યંત વહાલું રહ્યું છે, હું ખાલી તમારે ખાતર જ જીવતો

રહ્યો છું, વહાલુડાં! હું કામ કરતો હતો, કાગળોની નકલ લખતો હતો, હરતોફરતો હતો, અને મારાં નિરીક્ષણોને હેતભર્યા પત્રોમાં ટપકાવી લેતો હતો તે માત્ર એક જ કારણે કે તમે નિકટ હતાં. કદાચ તમને એ વાત કદી સમજાઈ નથી, પણ હકીકત એવી જ રહી છે. ફરી વાર સાંભળો — તમે ચાલ્યાં જાઓ એમ બને જ કેવી રીતે? ન જઈ શકો. સાવ અશક્ય છે. બિલકુલ સવાલ જ નથી! વરસાદ વરસી રહ્યો છે, તમને ચોક્કસ શરદી થઈ જાય, તમે બહુ નબળાં છો, બહુ નાજુક છો. ગાડીમાં ઉપરથી પાણી ટપકવાનું જ. ગાડી ભાંગી જશે, તમે શહેરમાંથી બહાર નીકળો એ ઘડીએ જ નક્કી ભાંગી જવાની. અહીંયાં પિટર્સબર્ગમાં સાવ તકલાદી ગાડીઓ બને છે. ગાડી બનાવનારા કારીગરોને હું બરાબર જાણું છું એ લોકોને ખાલી ફૅશનની જ ફિકર હોય છે, રૂપાળું રમકડું બનાવવાની તાલાવેલી હોય છે, ટકાઉ વસ્તુ બનાવતાં આવડતું જ નથી, સોગન ખાઈને કહું છું કે નથી આવડતું! હું મિસ્ટર બીકોવના પગમાં પડી જઈશ, વહાલાં. હું સાબિત કરી દઈશ, બધું સાબિત કરી દઈશ. અને તમે પણ સમજાવજો, મીઠડાં. કહેજો કે તમારે અહીંયાં જ રહેવું પડે એમ છે, તમે જઈ નહિ શકો. અરે, મોસ્કોના પેલા વેપારીની દીકરીને કેમ ન પરણ્યા! એમ કર્યું હોત તો બહુ સારું થાત. વેપારીની દીકરી વધારે માફક આવત. ઘણી વધારે માફક આવત, મને ખબર છે કે કેમ! અને મેં તમને મારી પાસે અહીંયાં જ રાખ્યાં હોત. અને તમને મિસ્ટર બીકોવની શી જરૂર છે? એ તમને વહાલા કેવી રીતે થઈ ગયા? કિનારને કારણે તો ચોક્કસ નહિ જ! અને કિનાર એટલે વળી શું? કિનારની વાત જ શા માટે કરવી? નર્યો બકવાદ, વહાલાં! અહીંયાં તો જિંદગી અને મોતનો સવાલ છે, કિનારનો નહિ! કિનાર એટલે કાપડનો લીરો, કિનાર એટલે નકામું ચીંથરું! મારો પગાર આવવા દો, તમારે જોઈએ એટલી કિનાર ખરીદી આપીશ, વહાલાં. પેલી દુકાનેથી, યાદ છે ને? પગાર આવે એટલી જ વાર છે, મારાં મીઠાં પરી! અરે વારેન્કા! ભલા ભગવાન! તમે શું નક્કી મિસ્ટર બીકોવ ભેગાં ચાલ્યાં જવાનાં? સદાને માટે? અરે વારેન્કા! ના, મને ફરી પત્ર લખો, ફકત એક પત્ર વધારે લખો! પાછાં ત્યાં જઈને લખજો. નહિ લખો તો મને હમણાં મળ્યો છે તે જ છેલ્લો પત્ર બની રહેશે. તે છેલ્લો કેવી રીતે હોય? એકાએક — છેલ્લો પત્ર! હું તો તમને પત્રો લખવાનો જ. અને તમે પણ લખજો... મારી લખવાની

રીતમાં હવે સરખો ઘાટ આવવા લાગ્યો છે... અરે મારાં વહાલાં, રીત શું ને ઘાટ શું! મને તો ખબરેય નથી કે શું કહી રહ્યો છું અને શું લખી રહ્યો છું, અને તેની ફિકર કરવાની જરૂર જ નથી, લખતો રહું તો બસ... લખતો જ રહું... મારું પારેવડું, મારાં પોતાનાં, મારાં વહાલાં!

૧૮૪૫

ધવલ નિશાઓ

ઊર્મિલ પ્રેમકથા

(સ્વપ્નદર્શીનાં સ્મરણોમાંથી)

...કે હશે લીધો જન્મ તેણે,
પ્રતિબિંબ મહીં તુજ પ્રેમના,
પ્રહર વેગીલો ભલે એક જ માણવા?

ઇવાન તુર્ગેનેવ

પહેલી રાત

રાત રળિયામણી હતી, આપણે સાવ તરુણ હોઈએ ત્યારે જ પારખી શકીએ એવી રળિયામણી રાત હતી, પ્રિય વાચક. ગગન એવું તારલિયે મઢેલું હતું, એવું નિર્મળ હતું, કે મનમાં આવો સવાલ પેદા થયા વગર રહે જ નહિ: આવા ગગન તળે જાતજાતના ખિજાળ અને મનસ્વી લોકો કેમ હોય છે? ભલા વાચક, આ સવાલમાં પણ તારુણ્ય છલકાય છે, ખરેખર બહુ તારુણ્ય છલકાય છે, પરંતુ પ્રભુ તમારા મનમાં એવો સવાલ વધારે ને વધારે વાર પેદા કરતો રહે!.. જાતજાતના ખિજાળ અને મનસ્વી સજ્જનોની વાત કરતી વેળા હું મારું આખા દિવસનું સદાચરણ યાદ કર્યા વગર રહી શકતો નથી. છેક સવારથી જ હું અજબ ગમગીનીનો શિકાર બની ગયો હતો. એકાએક મને લાગ્યું કે સૌ મને એકલો છાંડી રહ્યાં છે, સૌ મને તરછોડી રહ્યાં છે. એવો સવાલ બેશક વાજબી ગણાય કે સૌ એટલે કોણ. હું પિટર્સબર્ગમાં આઠ વરસથી રહું છું પણ સમજો કે એક પણ ખરી ઓળખાણ કરી શક્યો નથી. અને મારે ઓળખાણ કરવાની જરૂર જ શી? આમેય મારે તો આખા પિટર્સબર્ગ જોડે ઓળખાણ છે. એટલે જ, આખું શહેર સામાન બાંધીને ગામો તરફ રવાના થઈ ગયું ત્યારે મને લાગ્યું કે સૌ મને એકલો છોડીને જઈ રહ્યાં છે. એકલો પડી જવાથી હું ગભરાઈ ગયો અને ઊંડી હતાશાની હાલતમાં ત્રણ આખા દિવસ શેરીઓમાં રખડતો રહ્યો. મને સમજાતું જ નહોતું કે મારી હાલત એવી આખર કેમ થઈ ગયેલી. હું નેવ્સ્કી માર્ગે જાઉં કે બગીચામાં જાઉં કે પાળબાંધીએ ભટકતો રહું, જ્યાં જાઉં ત્યાં મને એ જગ્યાએ અને એ વખતે આખા વરસથી મળતા રહેલા માણસો

દેખાય જ નહિ. એ લોકો બેશક મને નથી ઓળખતા પણ હું તેમને પિછાણું છું, બરાબર પિછાણું છું, કારણ કે મેં તેમના ચહેરાઓનું પરીક્ષણ કર્યું છે, તેઓ ખુશ હોય ત્યારે હુંયે ઉલ્લાસ અનુભવું છું, અને તેઓ ઉદાસ લાગે ત્યારે હું પણ ગમગીન બની જાઉં છું. ફોન્તાન્કા વિસ્તારમાં દરરોજ એકસરખા સમયે મને ભટકાઈ જતા એક ઘરડા આદમી જોડે તો મને સમજો કે લગભગ દોસ્તી થઈ ગયેલી. તેનું મોં બહુ ગંભીર અને ઉદાસ હોય, તે હોઠ ફફડાવતો મનમાં કશુંક બોલતો હોય, ડાબો હાથ હલાવીને હાવભાવ કરતો હોય, તેના જમણા હાથમાં સોનેરી હાથાવાળી લાંબી ગાંઠાળી લાકડી હોય. હું પણ તેના ધ્યાનમાં આવી ગયો હતો અને મારી બાબતમાં તે જાણે હાર્દિક ઉત્સુકતા ધરાવતો હતો. મને ખાતરી છે કે ફોન્તાન્કામાં ફરતી વેળા ચોક્કસ જગ્યાએ અને ચોક્કસ સમયે હું ન ભટકાઈ જાઉં તો તેને નિરાશા થાય. એટલે જ ક્યારેક અમે એકબીજાને લગભગ દુવાસલામ કરી લેતા, ખાસ તો અમે બેઉ ખુશમિજાજમાં હોઈએ ત્યારે. અમે એક વાર બે આખા દિવસના ગાળા પછી મળ્યા ત્યારે એકબીજાની સામે ટોપી ઊંચી કરવાની અણીએ હતા, પરંતુ સારા નસીબે વેળાસર ચેતી ગયા અને હાથ સીધા લટકાવી દઈને હૈયે આણકથી હમદર્દી છલકાવતા એકબીજા પાસેથી પસાર થઈ ગયા.

મને તો મકાનો જોડે પણ ઓળખાણ છે. હું રસ્તે નીકળું ત્યારે મકાનો જાણે ડગલું ભરીને આગળ આવતાં અને બારીઓ વડે મને તાકીને બોલતાં લાગે: "કેમ છો? હું મઝામાં છું, મે મહિનામાં મારી ઉપર નવો માળ બંધાવાનો છે!" અથવા "કેમ છો? મારી તો કાલથી મરામત શરૂ થઈ જવાની છે," અથવા "મને લગભગ આગ લાગી ગયેલી, એટલી બધી બીક લાગી કે બસ!" એવું એવું બધું. તેમાં કેટલાંક મારાં માનીતાં અને ગાઢ મિત્રો જેવાં છે. એકનો ઇરાદો આવતા ઉનાળામાં સ્થપતિના હાથે ઈલાજ કરાવવાનો છે. હું તકેદારી રાખીને દરરોજ જોવા આવીશ કે તેને કશી હાનિ ન થાય, ઈશ્વર તેની ઉપર દયા કરે!.. પરંતુ એક બહુ રૂપાળા આછા ગુલાબી નાનકડા મકાનની કઠણાઈ હું કદી ભૂલીશ નહિ. બહુ મીઠું નાનકડું મકાન, મને જોતાં જ મિત્રતાના ભાવે મલકાટ કરે અને કઢંગાં પાડોશી મકાનોની ઉપર ગર્વીલી નજર ફેરવે. હું તેની પાસે થઈને નીકળું ત્યારે એ બધું જોઈને મારા દિલમાં ખુશી છલકાવા લાગતી. પરંતુ ગયે

અઠવાડિયે હું રસ્તે જઈ રહ્યો હતો એટલામાં દર્દનાક ચીસ મારે કાને પડી: "મને પીળું રંગી રહ્યા છે!" મેં મારા મિત્ર તરફ નજર નાખી. જનાવરો! જંગલીઓ! થાંભલા કે કાંગરા કશું જ બચવા નહોતું પામ્યું. મારા મિત્રનો રંગ પીળોદ્રમ્મક થઈ ગયો હતો. એવી હાલત જોઈને મને તો જાણે લગભગ કમળો થઈ ગયો. મારા બિચારા વિકૃત થઈ ગયેલા, સ્વર્ગના સામ્રાજ્યના રંગે રંગાઈ ગયેલા, મિત્રને જોવા જવાની હિંમત હું આજ સુધી નથી કરી શકતો.

એટલે તમે જોયું, પ્રિય વાચક, કે મારે તો આખા પિટર્સબર્ગ જોડે ઓળખાણ છે.

હું જણાવી ચૂક્યો છું કે મારા મનમાં હતાશાની લાગણી હતી. એવી લાગણી ત્રણ દિવસ ચાલુ રહી અને ત્યાર પછી જ મને તેનું કારણ સમજાયું. બહાર નીકળું ત્યારે હું અસ્વસ્થ બની જતો (ફલાણું આવ્યું નથી, ફલાણું દેખાતું નથી, પેલાને શું થયું હશે?) અને ઘરમાં પણ મન બેચેની રહેતી. લગાતાર બે રાત હું મારા ભેજાનું દહીં કરતો રહ્યો. મારા મનમાં શાની ખોટ હશે? આટલું અણગમતું કેમ લાગતું હશે? જવાબ ખોળવા મેં ગંદી મેલી દીવાલો ઉપર અને છતમાં વળગેલાં જાળાં ઉપર નજર ફેરવી. કામવાળી માત્ર્યોના પાર વગરનાં જાળાં ભેગાં થવા દેતી. મેં ફર્નિચરને બારીક નજરે તપાસી જોયું, દરેક ખુરશી ઉપર સરખી રીતે નજર ફેરવી લીધી. મને હતું કે મારી પરેશાનીનું મૂળ કદાચ તેમાં જડી આવે. ખુરશીઓ આગલે દિવસ જ્યાં પડી હોય ત્યાંથી જરાય આઘીપાછી થઈ ગઈ હોય તો હું બેચેન બની જતો. મેં બારી ઉપર નજર નાખી જોઈ. પરંતુ મારા મનને કશી રાહત ન મળી. પછી ખ્યાલ આવ્યો એટલે માત્ર્યોનાને બોલાવીને મેં જાળાં વિશે તેમ જ સામાન્ય અવ્યવસ્થા વિશે મુરબ્બીની જેમ ઠપકો આપ્યો, પણ તે અચરજથી મારી સામે જોતી રહી અને કશું બોલ્યા વગર જ બહાર ચાલી ગઈ. એટલે જાળાં હજી એમ ને એમ મોજૂદ છે. આખર આજે સવારે જ મને કારણ સમજાઈ ગયું. એ લોકો સૌ મને છોડીને ગામોમાં જતાં રહ્યાં છે! આવા અણઘડ શબ્દો બદલ માફી માગી લઉં છું, પરંતુ મારી હાલત મઝાના શબ્દોની વરણી કરવા જેવી નહોતી... પિટર્સબર્ગમાં વસનાર સૌ કાં તો ગામોમાં જઈ રહ્યાં હતાં અથવા ચાલ્યાં ગયાં હતાં. ઘોડાગાડી ભાડે કરી રહેલા આદરપાત્ર દેખાતા દરેક સજ્જનમાં મને તરત જ જાણે

કોઈ ગંભીર અને બાલબચ્ચાંવાળો આદમી નજરે પડતો કે જે પોતાનું રોજિંદું કામ પૂરું કરીને ઉતાવળો પોતાના કુટુંબ પાસે ગામે જઈ રહ્યો હોય. રસ્તે ચાલતા દરેક માણસનો દેખાવ અજબ લાગતો હતો, જાણે તે બધા રાહદારીઓને કહી રહ્યો હોય કે "સજ્જનો, હું તો અહીંથી અમસ્તો જ નીકળ્યો છું, બે કલાકમાં શહેરમાંથી જતો રહેવાનો છું." મને કોઈ બારી ખૂલતી નજરે પડે—ગોરી ગોરી પાતળી આંગળીઓ પહેલાં કાચ ઉપર ટકોરા મારે અને પછી રૂપાળી તરુણી ડોકું બહાર કાઢીને ફૂલનાં કૂંડાંના ફેરિયાને સાદ પાડે—એટલે તરત જ હું ધારી લેતો કે લોકો ફૂલની ખરીદી શહેરના હવાઉજાસ વગરના ફ્લૅટમાં વસંતની તથા ફૂલોની મોજ માણવા માટે નથી કરી રહ્યા પરંતુ થોડા વખતમાં ગામે ચાલ્યાં જશે અને ફૂલને ભેગાં લઈ જશે. વળી નિરીક્ષણના મારા નવા અને અજબ ક્ષેત્રમાં મેં એટલી પ્રગતિ સાધી લીધી હતી કે કોનું ઉનાળાનું રહેઠાણ ક્યાં છે તે હું ખાલી બહારના દેખાવ પરથી જ કશી ભૂલચૂક વગર કહી શકતો.

કામેન્ની તથા આપ્તેકાર્સ્કી ટાપુઓ અને પિટરહોફ તરફથી આવનારા લોકો તેમની ખાસ કેળવેલી સંસ્કારી રીતભાત, ફૅશનેબલ ઉનાળુ કપડાં, અને તેમને શહેરમાં પહોંચાડનારી સરસ ઘોડાગાડીઓને કારણે ઓળખાઈ જતા. પાર્ગોલોવો તથા વધારે દૂરથી આવનારા માણસોના વિનયવિવેક તથા માનમોભાની છાપ તરત પડતી. ઉનાળામાં ક્રેસ્તોવ્સ્કી ટાપુમાં રહેતો માણસ નચિંત અને આનંદી દેખાવને કારણે એકદમ વરતાઈ આવતો.

ચાર પૈડાંના મોટા ગાડામાં તરેહવાર રાચરચીલાનો—ટેબલ, ખુરશીઓ, તુર્કી અથવા બીજાં તખત, તથા જાતજાતની ઘરવખરીનો—ગંજ ખડકેલો હોય, તેની ઉપર છેક ટોચે બેઠેલી સુકલકડી રસોઈયણ માલિકના સામાનની રખેવાળી જોમથી કરી રહી હોય—એવાં ગાડાંની લગોલગ હાથમાં લગામ પકડીને ઢીલી ચાલે પગપાળા ચાલતા ગાડાવાળાઓનું લાંબું સરઘસ મને દેખાય, અથવા રાચરચીલું તથા વાસણો લાદેલી હોડીઓ નેવા નદીમાં કે ફોન્તાન્કા નહેરમાં સરકતી ચોર્નાયા નદી તરફ જતી મારી નજરે પડે, ત્યારે એવાં ગાડાં અને હોડીઓની સંખ્યા મને દસ ગણી, સો ગણી, વધી જતી લાગતી. મને લાગતું કે બધું જાણે રસ્તે નીકળી પડ્યું છે, બધું જાણે મોટી મોટી વણજારોમાં ગામો તરફ જઈ રહ્યું છે, જાણે પિટર્સબર્ગ શહેર સાવ ઉજ્જડ થઈ જવાનું જોખમ ઊભું થયું છે. પછી મને શરમ આવતી, માઠું

લાગતું, હું ઉદાસ થઈ જતો. મારે માટે તો ગ્રામવિસ્તારમાં જવાનું કશું કારણ બિલકુલ હતું જ નહિ, અને હું જઈ શકું એવી કોઈ જગ્યા પણ નહોતી. હું કોઈ પણ ગાડા જોડે, ઘોડાગાડી ભાડે કરી રહેલા આદરપાત્ર દેખાતા કોઈ પણ સજ્જન ભેગો, જવા તૈયાર હતો પણ મને કોઈ બોલાવતું જ નહોતું, જાણે કેમ હું સાવ ભુલાઈ ગયો હોઉં, જાણે કેમ હું એ લોકોને ખરેખર સાવ અજાણ્યો હોઉં!

હું એટલી બધી વાર ચાલતો રહ્યો અને એટલે દૂર પહોંચી ગયો કે મને કશી ગતાગમ ન રહી. મારી બાબતમાં તો એ રોજની વાત હતી. એકાએક મને ખ્યાલ આવ્યો કે હું શહેરને દરવાજે પહોંચી ગયો છું. એકદમ મારા મનમાં ખુશીની છોળો ઊડવા લાગી. હું નાકું વટાવીને ચાલતો હરિયાળાં ખેતરો તથા ચરાણોને પાર કરવા લાગ્યો. થાકનું નામનિશાન નહોતું, અને મારા હૈયા પરથી જાણે મોટો બોજો હઠી ગયો હોય એવી સમાધાનના મારા અંગેઅંગમાં છલકાઈ રહી હતી. મારી પાસેથી ગાડી હંકારી જતા લોકો મારી તરફ દોસ્તીભરી નજર નાખતા હતા, મને દુવાસલામ ન કરતા હોવા છતાં જાણે કરતા હતા, કશીક વાતે ખુશ લાગતા હતા, અને દરેકના મોંમાં બીડી હતી. અને હું પણ અગાઉ કદી ન જાણેલી એવી ખુશી અનુભવતો જતો હતો. હાલત એવી હતી કે હું જાણે એકાએક ઈટાલીમાં પહોંચી ગયો હોઉં. કોટબાંધીથી ઘેરાયેલી શેરીઓમાં લગભગ ગૂંગળાઈ ગયેલા મારા જેવા અરધા માંદલા આદમી ઉપર નિસર્ગનો એવો જોરદાર પ્રભાવ પડ્યો હતો.

પિટર્સબર્ગની આસપાસના ગ્રામવિસ્તારમાં વસંતનું આગમન થતાં નિસર્ગ એકાએક પોતાનું સમગ્ર સામર્થ્ય પ્રગટ કરી દે, દેવોએ તેને બક્ષેલી પૂરી તાકાત જાહેર કરી દે, તે પોતાની સુંદર વેશભૂષા ધારણ કરી લે, અંગમાં રંગબેરંગી પુષ્પોનો શણગાર સજી લે, ત્યારે તેમાં હૃદયને સ્પર્શી જાય એવું અવર્ણનીય કશુંક હોય છે... એથી કોણ જાણે કેમ પણ મને એવી કોઈ દૂબળી માંદલી તરુણી યાદ આવી જાય છે કે જેને આપણે ક્યારેક અનુકંપાની નજરે જોતા હોઈએ, ક્યારેક કરુણાભર્યા હેતની નજરે જોતા હોઈએ, અને ક્યારેક સાવ અવગણતા હોઈએ, પરંતુ જે અચાનક જાણે એક પળ પૂરતી અજબ તથા અદ્ભુત રૂપવતી બની રહે અને આપણે અંજાઈ જઈને તથા મોહિત થઈને આપણાં મનમાં અનાયાસે જ આવો સવાલ કરીએ: ગમગીન મ્લાન આંખોમાં આવી જ્વાળાના ઝબકારા કઈ શક્તિએ પેદા કરી દીધા

હશે? ફિક્કા બેનૂર ગાલોમાં આવો રંગ કોણે ભરી દીધો હશે? નાજુક વદનમાં આટલો અનુરાગ કોણે રેડી દીધો હશે? તેની છાતી કેમ આટલી ધડકી રહી છે? ગરીબ બાળાના કરમાયેલા ચહેરામાં એકાએક જોમ, ચેતન, તથા સુંદરતા રેડી દઈને તેને આવા પ્રફુલ્લિત સ્મિત વડે ઝળકતો અને આવા તરવરતા હાસ્ય વડે ચળકતો કોણે બનાવી દીધો હશે? આપણે આમતેમ નજર ફેરવીએ, વિચારમાં ગરકાવ થઈ જઈએ, અને પછી આપણને સમજાણ પડવા લાગે... પરંતુ પળ વીતી ગઈ હોય, અને બીજે દિવસે આપણને એ જ ગમગીન અને નિસ્તેજ આંખો, એ જ કરમાયેલો ચહેરો, એ જ દાસતા અને રાંકપણું, પસ્તાવો પણ, પ્રેરણાની એક પળને કારણે ક્ષણિક દિલગીરી તથા અકળામણની નિશાનીઓ પણ, કદાચ નજરે પડે... અને આપણને અફસોસ થાય કે અલ્પજીવી સુંદરતા એટલી ઝડપથી અને એવી અફર રીતે વિલાઈ ગઈ, ઝબકારો એટલો છેતરામણો અને વ્યર્થ નીવડ્યો, અફસોસ થાય કારણ કે તેને ચાહના આપવાનો સમય પણ આણને ન મળ્યો...

તેમ છતાં મારી રાત મારા દિવસ કરતાં બહેતર હતી! વાત આમ બનેલી.

હું શહેરમાં પાછો ફર્યો ત્યારે બહુ મોડું થઈ ગયું હતું, મારા ઘર નજીક પહોંચ્યો ત્યારે દસ વાગી ગયા હતા. મારો માર્ગ નહેરની પાળબાંધીએ થઈને જતો હતો, અને રાતની એવી વેળાએ ત્યાં કોઈ જીવતો જીવ ભાગ્યે જ જોવા મળે. મારું ઘર બેશક શહેરના બહુ દૂરના ભાગમાં હતું. હું ચાલતો ચાલતો ગીત ગાઈ રહ્યો હતો કારણ કે જેને પોતાના સુખમાં ભાગીદાર બનાવવા માટે મિત્રોયે ન હોય અને નિકટના પરિચિતોયે ન હોય એવા દરેક સુખી માણસની જેમ હું પણ ખુશમિજાજમાં હોઉં ત્યારે અચૂક કોઈ ને કોઈ ધૂન ગણગણવા લાગું છું. એટલામાં અચાનક જ તદ્દન અણધારી ઘટના બની ગઈ.

મારાથી થોડાક અંતરે કઠેરાને અઢોીને કોઈ બાઈ ઊભી હતી. સળિયા ઉપર નમીને તે ઊભી ઊભી વિચારોમાં લીન થઈને નહેરના ડહોળા પાણીને તાકી રહી હોય એમ લાગતું હતું. તેણે માથે રૂપકડી પીળી ટોપી પહેરી હતી અને શરીરે સરસ મઝાની નાનકડી કાળી ડગલી લપેટી હતી. મને થયું: "જુવાન બાઈ લાગે છે, અને વાળ જરૂર કાળા હશે." મારાં પગલાં તેને સંભળાયાં જ નહિ હોય કારણ કે હું અદ્ધર શ્વાસે અને જોરથી ધડકતા દિલે

પાસેથી નીકળી ગયો ત્યારે તે જરાય હલી પણ નહિ. વળી મને થયું: "અજબ વાત છે, કશાક વિચારમાં એકદમ લીન થઈ ગઈ હશે." પછી એકાએક મારા પગ જાણે જમીન સાથે જડાઈ ગયા અને હું સ્તબ્ધ ઊભો રહી ગયો. મને લાગ્યું કે દબાતાં ડૂસકાં કાને પડી રહ્યાં છે. હા, મારો ખ્યાલ સાવ ખરો હતો. બાળા રડી રહી હતી, ફરીફરીને ડૂસકાં ભરી રહી હતી. ભલા ભગવાન! મારું હૈયું જાણે સંકોડાઈ ગયું. સ્ત્રીઓની બાબતમાં હું બહુ શરમાળ છું પરંતુ આ તો અસાધારણ સંજોગ હતા... હું પાછળ વળ્યો, મેં એક ડગલું તેની તરફ ભર્યું, અને મારે હોઠેથી "અરે બાઈ!" ઉદ્‌ગાર જરૂર સરી પડયા હોત, પરંતુ મને ખબર હતી કે રંગીલા સંસારની બધી રૂસી નવલકથાઓમાં એવા ઉદ્‌ગાર હજારો વાર બોલાતા રહ્યા છે. એટલે હું બોલતો અટકી ગયો. અને મારા મનમાં સમુચિત સંબોધનની ખોજ ચાલી રહી હતી એટલામાં યુવતીએ મનને કાબૂમાં કરી લીધું, આમતેમ નજર ફેરવતી તે સ્વસ્થ બની ગઈ, પછી તેની આંખો ઢળી ગઈ, અને મારી પાસેથી સરકતી તે પાળબંધીએ આગળ નીકળી ગઈ. હું તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો, પરંતુ મારાં પગલાંનો અવાજ કાને પડતાં તે રસ્તો પાર કરીને સામી બાજુની પગથીએ ચાલવા લાગી. મારાથી રસ્તો પાર કરવાનું સાહસ ન થયું. મારું દિલ કોઈ સપડાઈ ગયેલા પંખીની જેમ ફફડી રહ્યું હતું. એટલામાં નર્યો આકસ્મિક બનાવ મારી વહારે આવ્યો.

એકાએક મને સામી પગથીએ યુવતીની નજીક કોઈ સજજન નજર પડયો. તેણે સાંજનો પોશાક પહેર્યો હતો. માણસ ઠરેલ ઉંમરનો લાગતો હતો પણ તેનું વર્તન ઠરેલ જરાય નહોતું લાગતું. તે ચાલતો ચાલતો લથડિયાં ખાતો હતો અને ભીંતે હાથ વળગાડીને કાયાને સીધી રાખતો હતો. રાતે ઘેર જતી વેળા કોઈના સથવારો આપવાના ઉમળકાથી બચી રહેવા માગતી બધી તરુણીઓ જેવી રીતે ચાલે તેમ આ બાળા પણ તીર જેવી ગતિથી અને ચપળ ચાલે ઝડપથી આગળ જવા લાગી. મારા ભાવિનું સુકાન સંભાળી રહેલા દૈવયોગે લથડતા સજજનને આખરી ઉપાયો અજમાવવાના પોરસ ન ચડાવ્યો હોત તો તે બાળાને કોઈ રીતે આંબી ન જ શકયો હોત. સજજને કંઈ બોલ્યા વગર અણધાર્યો જ ઠેકડો મારીને તેની પાછળ દોટ મૂકી. બાળા પવનવેગે દોડી રહી હતી પરંતુ લથડતો સજજન નજીક પહોંચી રહ્યો હતો અને આખરે આંબી ગયો, બાળા ચીસ પાડી ઊઠી, અને...

મારું નસીબ જોરમાં હશે એટલે મારા જમણા હાથમાં સરસ મઝાની ગાંઠાળી લાકડી હતી. હું પલકારામાં રસ્તાની સામી બાજુએ પહોંચી ગયો, હઠે ચડેલો સજ્જન પલકારામાં હાલત કળી ગયો, લાકડીની અદમ્ય દલીલ સામે તે મૂંગો મૂંગો પાછળ હઠી ગયો, અને અમે બહુ આઘે પહોંચી ગયાં ત્યારે જ બહુ જોરદાર વેણ કાઢીને મારો વિરોધ કરવા લાગ્યો. પરંતુ તેનાં વેણ અમારા કાન સુધી ભાગ્યે જ પહોંચતાં હતાં.

"તમારો હાથ આપો," મેં અપરિચિત યુવતીને કહ્યું, "એટલે તેને આપણી પાસે ફરકવાનીયે હિંમત નહિ થાય."

ધાક અને ઉત્તેજનાને લીધે હજી ધ્રૂજી રહેલો હાથ તેણે મારા હાથમાં મૂકી દીધો. અરે અજાણ્યા સજ્જન! એ ઘડીએ મેં તને કેવા આશીર્વાદ આપેલા! મેં તેની ઉપર ઊડતી નજર નાખી બહુ મીઠડી હતી અને કેશ કાળા હતા. તો મારી ધારણા ખરી નીકળી! તેની કાળી પાંપણોએ હજી આંસુ ચળકી રહ્યાં હતાં, હમણાં ખાધેલી ધાકનાં હશે કે તાજેતરની કોઈ ગમગીનીનાં હશે—ખબર નથી. પરંતુ તેના હોઠે પ્રફુલ્લિત મલકાટ ઝળકવા લાગ્યો હતો. તેણે પણ ત્રાંસી નજર મારી તરફ જોયું, તેના ગાલ શરમથી જરાક રાતા થઈ ગયા, અને પછી તેણે નજર નીચે ઢાળી દીધી.

"જોયું ને, અગાઉ તમે મારાથી અળગાં ન સરકી ગયાં હોત તો સારું હતું. હું ભેગો હોત તો આવું કંઈ ન બન્યું હોત."

"પણ હું તમને ઓળખતી નહોતી, મને થયું કે તમે પણ..."

"અને હવે મને ઓળખ્યો છો?"

"જરાક. હવે કહો જોઉં, તમને થરથરાટ કેમ થઈ રહ્યો છે?"

"વાહ, તમે કળી ગયાં! તરત કળી ગયાં!" યુવતીને બહુ ચતુર જોઈને ખુશ થઈ જતો હું જવાબમાં બોલ્યો. સુંદરતા અને ચતુરાઈનો મેળ તો બહુ સારો. "ખરી વાત કહું તો સ્ત્રીઓની બાબતમાં હું બહુ શરમાળ છું, હું કબૂલ કરું છું કે એક મિનિટ પહેલાં પેલા સજ્જને ડરાવી દીધાં ત્યારે તમને જેટલી ઉત્તેજના થયેલી એટલી જ ઉત્તેજના મને અત્યારે થઈ રહી છે... મને જાણે થોડોક ગભરાટ થાય છે. આ તો જાણે સ્વપ્ન જેવું છે, અને મેં તો સ્વપ્નમાંયે કદી કલ્પના નથી કરી કે મારે કોઈ સ્ત્રી જોડે વાત કરવાનું ક્યારેય થાય."

"એમ? ખરેખર?"

"હા, મારો હાથ અત્યારે કંપી રહ્યો છે કારણ કે તમારા જેવા રૂપાળા અને નાનકડા હાથમાં તે આજ સુધી કદી ઝલાયો નથી. હું સ્ત્રીઓથી ટેવાયેલો મુદ્દલ નથી રહ્યો, અથવા ખરું કહું તો કદી ટેવાયો જ નથી. તમને જણાવી દઉં કે હું સાવ એકલો છું. મને તો સ્ત્રીઓ જોડે વાત કરતાંયે નથી આવડતું. આ ઘડીએ પણ મેં કદાચ મૂરખ જેવી કશીક વાત તમને કરી હશે, કરી છે ને? સાફ દિલે જણાવી દો, ખાતરી રાખો કે મને માઠું નહિ લાગે..."

"અરે ના, ના, એથી સાવ ઊલટું. પણ હું સાફ દિલે જ વાત કરું એવો તમારો આગ્રહ હોય તો તમને જણાવું કે શરમાળ વર્તન સ્ત્રીઓને ગમતું હોય છે. અને તમારે વધારે જાણવું હોય તો કહી દઉં કે મને પણ ગમે છે, અને આપણે મારે ઘેર પહોંચીએ ત્યાં સુધી હું તમને જતા રહેવાનું નહિ કહું."

"તમે તો મારું શરમાળ વર્તન જોતજોતામાં છોડાવી દેશો," હું ખુશીને લીધે અધ્ધર ચડી જતા શ્વાસે બોલ્યો. "અને પછી મારા એકમાત્ર સાધનને છેલ્લા સલામ!"

"સાધન? કેવું સાધન? શાનું સાધન? આ તો ઠીક ન કહેવાય."

"માફ કરો, ફરી વાર એમ નહિ કહું, ભૂલથી બોલાઈ ગયું, પણ તમને લાગે છે કે આ ઘડીએ મને એવી મંછા ન થાય..."

"ગમી જવાની, ખરું ને?"

"એમ જ, હા. ઈશ્વરને ખાતર ભલાઈ દાખવો. વિચાર કરો કે હું કોણ! છવ્વીસ વરસ થઈ ગયાં, પણ મને હજી કોઈ મળ્યું નથી. તો પછી હું સરસ, ચતુરાઈભરી, અને સરળ વાતચીત કેવી રીતે કરી શકું? આખી વાત ખુલ્લી રીતે અને સાફ દિલે કહી દેવાય તો તમને પણ ગમશે... અંદરથી મારું હૈયું શોર મચાવી રહ્યું હોય ત્યારે હું મૂંગો ન રહી શકું. પણ જવા દો! તમે માનશો ખરાં કે એક પણ સ્ત્રી નહિ, કદી નહિ, કદી નહિ! એક પણ મિત્ર નહિ! હું તો ખાલી સ્વપ્નાં જ સેવતો રહું છું કે ક્યારેક ક્યાંક કોઈની જોડે મિલન થશે. અરે, તમને કેમ ખબર પડે કે હું કેટલી કેટલી વાર એમ પ્રેમમાં પડી ગયો છું!.."

"પણ કેવી રીતે? કોની જોડે?"

"ખાસ કોઈ નહિ, ખાલી આદર્શ, સ્વપ્નમાં જોયેલ કોઈની જોડે.

હું તો સ્વપ્નાંમાં આખેઆખી પ્રેમકહાણીઓ ઘડી કાઢું છું. અરે, તમે તો મને ઓળખતાં જ નથી! હું બે કે ત્રણ સ્ત્રીઓને જરૂર મળ્યો છું, પણ કેવી સ્ત્રીઓ? સાવ ઘરકૂકડી બૈરીઓ... પણ તમને હસવું આવી જાય એવી વાત કહું. રસ્તે કોઈ ઉમરાવ બાનુ જોડે, મતલબ કે તે એકલી હોય તો, અમસ્તી જ વાતચીત શરૂ કરી દેવાનો ખ્યાલ મને ઘણી ઘણી વાર આવ્યો છે. પહેલાં તો બેશક શરમાતાં શરમાતાં વાત કરવાની, આદર અને ઉમળકાથી. કહેવાનું કે એકલતા મને મોતના મુખમાં ધકેલી રહી છે, આજીજી કરવાની કે મને ધમકાવીને ચાલતી ન પકડાવી દે, સમજાવવાનું કે કોઈ સ્ત્રી જોડે ઓળખાણ કરવાની કોઈ શક્યતા મારી જિંદગીમાં નથી, તેની સમજણમાં ઉતારી દેવાનું કે મારા જેવા દુખી માણસની વિનવણીને ધ્યાનમાં લેવાની તો સ્ત્રી તરીકે તેની ફરજ છે. અને આખર મારી માગણી તો એટલી જ હોય કે તે બહેન જેવી કરુણાનાં બે વેણ બોલે, મને તરત ચાલતી ન પકડાવી દે, મારી વાત ખરી માને, મારું કહેવું સાંભળી લે, ગમે તો મારી હાંસી ઉડાડે, પણ મને થોડીક આશા આપે, મારી જોડે થોડીક વાત કરે, ભલે ફરી ક્યારેય ન મળવાનાં હોઈએ તોપણ જરાક વાતચીત મારી જોડે કરી લે! પણ તમે તો હસી રહ્યાં છો... આ બધું હું તમને એટલા ખાતર તો કહી રહ્યો છું..."

"અકળાઈ જવાની જરૂર નથી, હું હસી રહી છું તે ખાલી એટલા કારણે કે તમે તમારા પોતાના વાંકને લીધે જ એકલતામાં અટવાઈ ગયેલા છો, અને વળી એટલા કારણે કે તમે કોશિશ કરો, ભલે રસ્તે ચાલતાં ચાલતાં, તો કદાચ સફળ થઈ જાઓ. વાત જેટલી વધારે સરળ એટલી બહેતર... માયાળુ હૈયું ધરાવતી કોઈ સ્ત્રી બેવકૂફ અથવા બરાબર એ ઘડીએ કોઈ ખાસ કારણસર ગુસ્સામાં ન હોય તો તમારી સંકોચભરી વિનવણીના જવાબમાં થોડાંક વેણ જ સાંભળીને કંઈ બોલ્યા વગર તમને ચાલતી પકડાવી દેવાની હિંમત ન જ કરે... પણ આ હું શું કહી રહી છું! તે બેશક તમને પાગલ જ ગણી લે! હું તો જાણે મારી વાત કહી રહી હતી. આ દુનિયાના લોકોની રીતોની મને શી ખબર!"

"અરે, તમારું મોટું અહેસાન!" હું બોલી ઊઠયો. "તમને ખ્યાલ નથી કે હમણાં તમે મારે ખાતર કેટલું બધું કર્યું છે!"

"ઠીક, ઠીક! પણ કહો તો, તમે કેવી રીતે જાણી લીધું કે હું એવી સ્ત્રી છું જેની સાથે... મતલબ કે જેને તમે તમારા ધ્યાન તથા મિત્રતાને

લાયક ગણી લીધી... ટૂંકમાં એમ કે તમારા જ શબ્દો મુજબ હું ઘરકૂકડી બૈરી નથી. તમે મારી પાસે આવવાનું કેમ નક્કી કર્યું?"

"કેમ? પણ તમે એકલાં હતાં, પેલા સજ્જનને વધારે પડતું શૂરાતન ચડી ગયું હતું, રાતની વેળા હતી. તમે કબૂલ કરશો કે આ તો કોઈ પણ માણસની ફરજ ગણાય..."

"ના, ના, તે પહેલાં, રસ્તાની સામી બાજુએ. એ વખતે તમારો મનસૂબો મારી પાસે આવવાનો હતો, ખરું કે નહિ?"

"ત્યાં, સામી બાજુએ? મને તો ખરેખર સમજાતું નથી કે વાત કઈ રીતે કહેવી, મને બીક છે કે... એમ કે આજે હું ખુશ હતો, ચાલતો ચાલતો ગીત ગાઈ રહ્યો હતો. શહેરની બહાર ગયેલો, એવી ખુશીની ઘડીઓ મેં અગાઉ કદી જાણી નથી. તમે... પણ એ તો કદાચ ખાલી મારા મનના તરંગ જ હોય... મારી વાતથી તમારું દુખ વળી તાજું થઈ જાય તો માફ કરજો. મને લાગેલું કે તમે રડી રહ્યાં હતાં, અને મારાથી... મારાથી એ સહન જ ન થયું... મારું હૈયું વલોવાઈ ગયું... ભલા ભગવાન! તમારા દુઃખે દુખી થવાની છૂટ તો મને ચોક્કસ મળે જ! મારા દિલમાં તમારી તરફ ભાઈ જેવી કરુણા ઊપજે તો તેમાં કશું પાપ કોઈ રીતે ન જ ગણાય... ટૂંકમાં, તમારી પાસે આવવાનો ઈરાદો અનાયાસે જ બાંધી લઈને મેં તમને માઠું લગાડયું હોય એમ તો નથી બન્યું ને?.."

"બસ, વધુ બોલશો નહિ, બહુ થયું," તે મારો હાથ દબાવતી બોલી. "વાંક મારો જ છે, મેં જ વાત ફરી ઉખેળી. પણ મને ખુશી છે કે તમારી બાબતમાં મેં ભૂલ નથી કરી... અરે, આપણે પહોંચી ગયાં, મારે આ ગલીમાં વળવાનું છે, અહીંથી બે ડગલાં જ છે. આવજો, અને આભાર."

"તો શું આપણે ફરી કદી નહિ મળીએ? એમ બની શકે ખરું? વાત બસ આટલેથી જ પૂરી થઈ જશે?"

"જુઓ," યુવતી હસી પડી, "પહેલાં તો તમારે ખાલી થોડીક વાતચીત જ કરવી હતી, અને હવે... પણ હું કંઈ નહિ કહું. આપણે ફરી મળીએ પણ ખરાં."

"કાલે અહીંયાં આવીશ," મેં કહ્યું. "અરે, માફ કરજો, હું તો જાણે માગણી કરવા લાગ્યો..."

"હા, તમે અધીરા થઈ ગયા છો, લગભગ માગણી જ કરી રહ્યા છો..."

"જરાક સાંભળો, મારી વાત સાંભળો," હું વચમાં બોલી ઊઠયો. "પહેલેથી જ માફી માગી લઉં છું, કદાચ મારાથી વળી કંઈક એવું ન બોલાઈ જાય... પણ વાત આમ છે—મારાથી કાલે અહીંયાં આવ્યા વગર રહેવાશે નહિ. હું તો સ્વપ્નાંમાં રાચનારો માણસ છું. હું વાસ્તવિક જીવન બહુ ઓછું જીવું છું, મારી જિંદગીમાં આવી ઘડીઓ એટલી વિરલ હોય છે કે તેને મારાં સ્વપ્નાંમાં ફરીફરીને જીવ્યા-માણ્યા વગર હું રહી શકું જ નહિ. હું આખી રાત તમારાં સ્વપ્નાં જોતો રહીશ, આખું અઠવાડિયું તમારાં સ્વપ્નાં માણતો રહીશ, આખું વરસ તમારાં સ્વપ્નાંમાં રાચતો રહીશ. હું કાલે ચોક્કસ આવીશ, બરાબર આ જગ્યાએ, બરાબર આજના સમયે, અને વીતેલા દિવસને યાદ કરીને દિલને ખુશ કરી લઈશ. આ જગ્યા મને પ્યારી બની ગઈ છે. પિટર્સબર્ગમાં મને પ્યારી આવી બેત્રણ જગ્યાઓ છે. એક વાર તો યાદો તાજી થતાં હું રડી પડેલો, તમારી જેમ... કોને ખબર કદાચ તમે પણ થોડી વાર પહેલાં યાદો તાજી થવાથી જ રડી પડયાં હશો... પણ માફ કરો, હું વળી પાછો સાનભાન ખોઈ બેઠો. શક્ય છે કે તમે ક્યારેક અહીંયાં અનેરા સુખની ઘડીઓ માણી હોય..."

"ઠીક," યુવતી બોલી. "લાગે છે કે હુંય કાલે આવીશ, દસ વાગ્યે. હું સમજું છું કે તમને અહીંયાં આવવાની મનાઈ ન કરી શકું. વાત એમ છે કે મારે આવવું જ પડશે. એમ ન માની લેતા કે હું તમારી જોડે મુલાકાત ગોઠવી રહી છું. હું તમને ચેતવું છું કે મારે તો મારાં પોતાનાં કારણોસર આવવું જ પડશે. પણ એમ છે... ભલે, સાફ દિલે તમને કહી દઉં કે તમે આવો તો મને વાંધો નથી. એક તો એ કે આજના જેવું અણગમતું કશુંક કાલે પણ કદાચ બને... પણ એ તો જુદી જ વાત થઈ. ટૂંકમાં બસ એટલું જ કે તમને મળવાનું મને ગમશે. પણ તમે મારે વિશે ખોટો ખ્યાલ તો નહિ બાંધી લો ને? હું છૂટથી મુલાકાતો ગોઠવતી રહેતી હોઉં એમ તો નહિ માની લો ને? આ મળવાનું પણ મેં કબૂલ ન જ કર્યું હોત, જો... બસ, તેને મારી ખાનગી વાત જ રહેવા દો. પણ એક શરત છે."

"શરત! બોલો, કહી દો, ઝટ કહી દો, મને ગમે તે શરત મંજૂર છે. હું કોઈ પણ શરત માટે તૈયાર છું," હું હર્ષાવેશમાં બોલી ઊઠયો. "હું

મારી જવાબદારી સમજું છું, તમારું બધું કહેવું માની લઈશ, આદર રાખીશ... તમે તો મને હવે ઓળખો છો..."

"હવે તમને જાણી અને સમજી લીધા છે એટલે જ કાલે બોલાવી રહી છું," યુવતી હસતી હસતી જવાબમાં બોલી. "મેં તમને બરાબર સમજી લીધા છે. પણ યાદ રાખજો, એવી શરતે આવવાનું છે કે (મને બાળા થઈને હું હમણાં કહેવાની છું તે મુજબ જ કરજો જુઓ છો ને કે હું કેટલા સાફ દિલે વાત કરું છું?) તમે મારા પ્રેમમાં નહિ પડી જાઓ... ના, પ્રેમમાં નથી પડવાનું, ચોક્કસ. હું તમારી મિત્ર બની રહેવા તૈયાર છું, આ લો મારો હાથ... પણ તમે મારા પ્રેમમાં નહિ પડો, બિલકુલ નહિ, તમને વીનવું છું!"

"મારું વચન છે!" હું તેનો હાથ પકડી લેતો બોલી ઊઠ્યો.

"બસ, વચનની જરૂર નથી. હું જાણું છું કે તમે ઉતાવળા જેવા ભડાકો કરી બેસો એવા છો. હું આમ કહું છું તેથી માઠું ન લગાડશો. તમને ખબર હોત કે... મારે પણ વાત કરી શકું એવું કોઈ નથી, સલાહ આપનારું કોઈ નથી. સલાહકારની તલાશ રસ્તે ચાલતાં બેશક ન જ કરાય, પણ તમે અપવાદ છો. મને તો એમ લાગે છે કે તમારી સાથે જાણે બહુ જૂની ઓળખાણ હોય, જાણે વીસ વરસથી આપણે મિત્રો હોઈએ. તમે ફરી તો નહિ જાઓ ને?"

"પોતે જ જોઈ લેજો ને... પણ ખબર નથી પડતી કે આ વચગાળાના વખતમાં હું જીવતો કેવી રીતે રહીશ."

"આરામથી નીંદર કરી લઈને. આવજો, અને યાદ રાખજો કે મેં તમારામાં વિશ્વાસ મૂક્યો છે. તમે કેટલી સરસ વાત કહેલી કે કોઈ પણ લાગણીનું, ભાઈ જેવી કરુણાનુંયે, કારણ જરૂરી ન હોય! તમે એ ખ્યાલ એટલી સરસ રીતે જણાવ્યો કે મને તરત જ મારા અંતરની વાત તમને કહી દેવાનું મન થઈ ગયું, સમજ્યા ને..."

"ઈશ્વરની દયા! પણ કઈ વાત? શું?"

"કાલે. ત્યાં સુધી વાતને ખાનગી જ રહેવા દો. તમારે માટે એ જ બહેતર છે, પ્રેમકથા જેવું લાગશે, ભલે ખાલી કલ્પનામાં જ. કાલે કદાચ કહીશ, કદાચ નહિ... પહેલાં વાતચીત કરીશું, એથી એકબીજાને બહેતર સમજી શકીશું..."

"હા, ખરી વાત. હું કાલે તમને મારે વિશે બધું જ જણાવી દઈશ! પણ આ બધું શું થઈ ગયું? જાણે મારી જિંદગીમાં ચમત્કાર બની રહ્યો હોય એમ લાગે છે... હું ક્યાં છું, ભલા ભગવાન? ખરું કહી દો, બીજું કોઈ ખીજે ભરાઈ ગયું હોત એમ તમે ખીજે ન ભરાયાં અને મને પહેલી ઘડીએ જ ચાલતી ન પકડાવી દીધી એથી તમને અફસોસ તો નથી થયો ને? બે જ મિનિટ, અને તમે મને સદાને માટે સુખી બનાવી દીધો! હા, સુખી! કોને ખબર, તમે કદાચ મારી હસ્તી જોડે મારો પોતાનો સુમેળ સાધી દીધો છે, મારી શંકાઓને ખતમ કરી નાખી છે... કદાચ મારા ભાગ્યમાં જ એવી ઘડીઓ લખાયેલી છે... ભલે, હું કાલે તમને બધું જણાવી દઈશ, તમને બધું જાણવા મળશે, બધું જ..."

"સારું, આતુરતાથી સાંભળીશ, પહેલાં તમે જ તમારી વાત કહેજો..."

"મંજૂર."

"આવજો!"

"આવજો!"

પછી અમે છૂટાં પડયાં. હું આખી રાત ચાલતો રહ્યો, મને ઘેર જવાનું મન જ ન થયું, હું બેહદ ખુશ હતો... કાલે!

બીજી રાત

"જોયું ને, તમે જીવતા છો!" તે હસતી હસતી અને મારા બેઉ હાથ પકડીને હલાવતી બોલી.

"મને તો આવીને બે કલાક થઈ ગયા. તમને ખ્યાલ જ નહિ આવે કે આજનો દિવસ મારે માટે કેવો છે!"

"આવે છે, ખ્યાલ આવે છે... પણ આપણે મુદ્દાની વાત કરીએ. તમને ખબર છે કે હું અહીંયાં શા માટે આવી છું? કાલ રાતની જેમ નકામી વાતોના તડાકા મારવા નથી આવી, એટલું સમજી લો. વાત એમ છે — આપણે ભવિષ્યમાં વધારે સમજદારીથી કામ લેવાનું છે. મેં કાલે રાતે એ વિશે કેટલીય વાર સુધી વિચાર કર્યો છે."

"વધારે સમજદારીથી કઈ રીતે? હું તૈયાર છું, પણ ખરું પૂછો તો મારી આખી જિંદગીમાં વધારેમાં વધારે સરખું સારું કંઈ બન્યું હોય તો આ જ!"

"ખરેખર? પહેલી વાત તો એ કે તમે મારા હાથ આટલા જોરથી ન દબાવો, અને બીજી વાત એ કે આજે હું તમારે વિશે ઘણી ઘણી વાર સુધી વિચાર કરતી રહેલી."

"એમ કે? અને સાર કેવો તારવ્યો?"

"સાર? સાર તારવ્યો કે આપણે ફરી પહેલેથી શરૂઆત કરીએ. સવારે મને ખ્યાલ આવ્યો કે હજી તો હું તમારે વિશે ભાગ્યે જ કંઈ જાણું છું, કાલે રાતે મેં બાળક જેવું, મૂરખ છોકરી જેવું, વર્તન કરેલું. તેનો સ્વાભાવિક અર્થ એવો થાય કે વાંક મારા હેતાળ હૈયાનો છે. બીજા શબ્દોમાં કહું તો હું અંતે મારાં પોતાનાં વખાણમાં સરી પડી, માણસ પોતાનાં પગલાંની મુલવણી કરવા લાગે ત્યારે હંમેશાં બનતું હોય છે એમ. એટલે વાંક સુધારી લેવાના આશયે મેં તમારે વિશે નાનામાં નાની વિગતો સમેત બધું જાણી લેવાનું નક્કી કર્યું. પણ પૂછપરછ કરી શકું એવું કાંઈ છે જ નહિ એટલે તમારે જ મને બધું કહી દેવું પડશે, તમારી બધી છાની વાતો છતી કરી દેવી પડશે. બોલો, આખર તમે કેવા માણસ છો? ઝટપટ જવાબ શરૂ કરી દો, તમારી જિંદગીની કહાણી મને કહી સંભળાવો."

"મારી કહાણી?" હું ગભરાઈને બોલી ઊઠયો. "મારી કહાણી? તમને કોણે કહ્યું કે મારી કશી કહાણી છે? મારે તો કહાણી જેવું કંઈ છે જ નહિ."

"કહાણી ન હોય તો તમે જીવતા કેમ છો?" તે વચમાં હસી પડી બોલી.

"મારી જિંદગીમાં કહાણી જેવું કંઈ બિલકુલ નથી! હું તો ખાલી જીવતો રહ્યો છું, સાવ એકલો—મતલબ કે એકલો, તદ્દન એકલો. તમને સમજાય છે કે એકલો એટલે શું?"

"પણ કેવી રીતે—એકલા? એમ કહેવા માગો છો કે તમે કદી કોઈને મળ્યા જ નથી?"

"ના, એમ નહિ, લોકોને બેશક મળું છું, તેમ છતાં એકલો છું."

"કોઈની જોડે ક્યારેય વાત નથી કરતા?"

"ખરા અર્થમાં તો—ના, કોઈની જોડે નહિ."

"પણ તમે કેવા માણસ છો, સમજાવો! ઊભા રહો, મને ખ્યાલ આવે છે: ઘણું કરીને તમારી દાદીમા હશે, મારી છે એમ જ. તે આંધળી છે, અને મને ક્યાંય જવાની છૂટ મળી હોય તેને જમાનો વીતી ગયો છે. એટલે

વાતચીત કરવાની મારી ટેવ લગભગ છૂટી ગઈ છે. બે વરસ પહેલાં એક વાર મેં કશીક શરારત કરેલી. તેને સમજાઈ ગયું કે મને ગોંધી રાખવાનું શક્ય નથી, એટલે તેણે મને પાસે બોલાવી અને અમારાં બેઉનાં કપડાં પિન ભરાવીને જોડી દીધાં. અમે એવી રીતે પિન વડે જોડાયેલાં રોજ રોજ બેસી રહીએ છીએ—ત્યારથી હાલત એવી જ રહી છે. તેને દેખાતું નથી પણ તોયે બેઠી બેઠી મોજાં ગૂંથતી રહે છે, મારે પણ તેની જોડાજોડ બેસી રહેવું પડે છે, હું કાં તો સીવણ કરું છું અથવા તેને કશુંક મોટેથી વાંચી સંભળાવું છું. અજબ રીત છે—માણસને બબ્બે વરસ પિન વડે બાંધી રાખે!"

"હે ભગવાન! કેવી કઠણાઈ! પણ ના, મારે નથી એવી દાદી."

"પણ ન હોય તો તમે ઘરમાં કેવી રીતે બેસી રહો છો?"

"જુઓ, તમારે જાણવું છે કે હું કોણ છું?"

"હા, બેશક જાણવું છે."

"એકદમ ચોક્સાઈથી?"

"એકદમ ચોક્સાઈથી."

"સારું. સાંભળો—હું તો એક નમૂનો છું."

"નમૂનો! નમૂનો! નમૂનો વળી કેવો?" યુવતી બોલી ઊઠી, અને એટલા જોરથી હસી પડી કે તેને જાણે આખા વરસથી હસવાનું મળ્યું જ ન હોય એમ લાગે. "વાહ! તમે તો બહુ રમૂજી છો! જુઓ, પણે બાંકડો દેખાય છે, આપણે ત્યાં જઈને બેસીએ. અહીંયાં કોઈ કદી આવતું નથી, આપણી વાત કોઈ નહિ સાંભળે. તમારી કહાણી તમે હવે શરૂ કરી દો કારણ કે તમે ભલે ગમે તેમ કહેતા હો પણ તમારી કહાણી તો જરૂર છે જ, તમારે ખાનગી રાખવી છે, બીજું કંઈ નહિ. પહેલી વાત તો એ કે 'નમૂનો' એટલે શું?"

"નમૂનો? નમૂનો એટલે ધૂની માણસ, જાણે કોઈ રમૂજી આદમી." તેના બાળક જેવા હાસ્યમાં જોડાઈ જતાં મેં જવાબ આપ્યો. "એક જાતની વિચિત્ર વ્યકિત. સાંભળો, તમને ખબર છે કે સ્વપ્નદર્શી કોને કહેવાય?"

"સ્વપ્નદર્શી? કેવી વાત! કોને ખબર ન હોય! હું પોતે જ સ્વપ્નદર્શી છું! દાદીમા પાસે બેઠી હોઉં ત્યારે મારા મનમાં ક્યારેક ક્યારેક એવા તરંગ આવે છે કે બસ! પછી હું સ્વપ્નાં વણવા લાગું, અને મારાં સ્વપ્નાં મને એટલે દૂર લઈ જાય કે મારું લગ્ન ચીનના રાજકુંવર સાથે થઈ રહ્યું હોય

એવું લગભગ સાફ ચિત્ર મારી નજર સામે દેખાય. ક્યારેક સ્વપ્નદર્શી બની રહેવાનું તો સારું ગણાય." પછી એકાએક ગંભીર બની જતી તે આગળ બોલી: "પણ ના, કદાચ ઠીક ન ગણાય, ખબર નથી, ખાસ કરીને તો બીજી કશી બાબતના વિચારો મનમાં ઘોળાતા હોય ત્યારે."

"વાહ! તમે પોતે ચીનના રાજકુંવર જોડે લગ્ન કરતાં રહ્યાં છો એટલે મને બરાબર સમજી શકશો. તો સાંભળો. પણ એક મિનિટ ઊભાં રહો મને તો હજી તમારા નામનીયે ખબર નથી!"

"આખર પૂછ્યું ખરું! બહુ વહેલું યાદ આવી ગયું!"

"હે ભગવાન! મારા મગજમાં ખ્યાલ જ ન આવ્યો, એટલો બધો ખુશ હતો કે..."

"મારું નામ છે નાસ્તેન્કા."

"નાસ્તેન્કા! બસ એટલું જ?"

"બસ. એટલું ઓછું પડે છે? કેવા લાલચુ માણસ છો?"

"ઓછું વળી કેવું? બહુ છે, બહુ છે, અરે, ઘણું વધારે છે. નાસ્તેન્કા, તમારું હૈયું બહુ હેતાળ હોવું જોઈએ કેમ કે તમે મને પહેલેથી જ નાસ્તેન્કા કહીને બોલાવવાની છૂટ આપી રહ્યાં છો!"

"હોય તો સારું. ઠીક હવે, વાત આગળ ચલાવો."

"ભલે, નાસ્તેન્કા, તો હવે મઝેદાર કહાણી સાંભળો!"

હું તેની પાસે બેસી ગયો અને ચાપલૂસી છલકાતી ગંભીર અદા ધારણ કરીને જાણે કોઈ ગોખી રાખેલો ફકરો સંભળાવતો હોઉં એમ બોલવા લાગ્યો.

"નાસ્તેન્કા, તમને ખબર નહિ હોય પણ પિટર્સબર્ગમાં કેટલાક બહુ અજબ ખૂણાખાંચરા છે. બાકીના શહેરના બધા લોકો માટે પ્રકાશતો સૂર્ય એવી જગ્યાઓમાં કદી ડોકિયું પણ નથી કરતો. ત્યાં તો બીજો કોઈ, નવો, ઠરના એવા ખૂણાખાંચરાઓ માટે ખાસ બોલાવવામાં આવેલો, સૂર્ય હોય છે અને ત્યાંની દરેક વસ્તુ પર તે નિરાળું વિચિત્ર અજવાળું ફેલાવી દે છે. મીઠાં નાસ્તેન્કા, એ આઘેરા ખૂણાઓમાંની જિંદગી તદ્દન જુદી જાતની હોય છે, આપણી ફરતે ધબકતી જિંદગી જોડે કશું સામ્ય તેમાં નથી હોતું. એ તો આપણા આજના બહુ બહુ ગંભીર જમાનામાં આપણી પૃથ્વી પર ચાલતી જિંદગી જેવી જરાય નહિ પરંતુ કલ્પનાના કોઈ અજબ રાજ્યમાં હોઈ શકે એવી જિંદગી હોય છે. અને એ જિંદગીમાં કશાક સાવ કલ્પનાવિહારી,

જોશીલા આદર્શવાદી, અને સાથે સાથે, માન્યામાં ન આવે એટલું નીરસ ન કહીએ તોયે, કશાક બેનૂર કંટાળાજનક તથા સાધારણનું (અફસોસ, નાસ્તેન્કા!) વિચિત્ર મિશ્રણ હોય છે.”

“અરે! ભગવાન મારા! કેવી પ્રસ્તાવના! હવે કોણ જાણે શું સાંભળવા મળશે!”

“નાસ્તેન્કા (લાગે છે કે તમારું નામ દોહરાવતાં મને કદી થાક નહિ લાગે), નાસ્તેન્કા, તમને સાંભળવા મળશે કે એવા આઘેરા ખૂણાખાંચરાઓમાં વિચિત્ર લોકો સ્વપ્નદર્શીઓ—વસતા હોય છે. સ્વપ્નદર્શી એટલે—તમારે શબ્દની ચોક્કસ વ્યાખ્યા જાણવી હોય તો—વાસ્તવિક વ્યકિત નહિ પણ સમજો કે એક જાતનો તટસ્થ જીવ. એવો જીવ સામાન્ય રીતે કોઈ અગમ્ય ખૂણામાં ઠરીઠામ થઈ જાય છે, જાણે કેમ દિવસના અજવાળાથી છુપાઈ રહેવા માગતો હોય, અને એક વાર કોચલામાં ઘૂસી જાય એટલે ગોકળગાયની જેમ તેને ચોંટી રહે છે, અથવા એ સંબંધમાં એકીસાથે ઘર અને ભેગું જનાવર બની રહેતા બહુ રમૂજી પ્રાણી જેવો, કાચબા જેવો, થઈ જાય છે. અચૂક લીલા રંગે રંગેલી, મેલી, નિરાશાજનક, અને ધુમાડાથી ભયંકર કાળી પડી ગયેલી પોતાની ચાર દીવાલોનો એટલો બધો વળગાડ તેને કેમ થતો હશે? તમને શું લાગે છે? તેના ગણતર દોસ્તોમાંથી કોઈ તેને મળવા આવે—અને આખરે તો તે સાવ દોસ્તો વગરનો જ થઈ જાય છે—ત્યારે એ સજ્જન મહેમાનને એટલા બધા ગરબડ ગોટાળાની હાલતમાં કેમ આવકારે છે? એટલો બધો અકળાઈ કેમ જાય છે? જાણે પોતાની ચાર દીવાલોની ભીતર કશોક ગુનો કર્યો હોય, અથવા નકલી ચલણી નોટો બનાવી રહ્યો હોય, અથવા કોઈ સામયિકને મોકલવા કાવ્યો રચી રહ્યો હોય અને સાથે કવિના અવસાનના સમાચાર આપતો અને મિત્ર તરીકે તેનાં કાવ્યો પ્રગટ કરાવવાની બાબતને પોતાની ફરજ ગણાવતો પત્ર મોકલવાના મનસૂબા ઘડી રહ્યો હોય, એમ તેનો ચહેરો મરડાઈ કેમ જાય છે? નાસ્તેન્કા, મને કહો કે એ બેઉ વચ્ચેની વાતચીત જાણે રૂંધાતી હોય એવી કેમ હોય છે? ગૂંચવણમાં પડી જતા મહેમાનને બીજા સંજોગોમાં હસવાનો અને ચતુરાઈભરી ટકોર કરવાનો તેમ જ નમણી નારીજાતિની વાતો કરવાનો અને બીજા આનંદી વિષયોનાં ગપ્પાં હાંકવાનો બહુ શોખ હોવા છતાં, તેમની વાતચીતમાં કેમ હાસ્ય પણ નથી હોતું અને કોઈ જાતની ચતુરાઈભરી ટકોર પણ નથી હોતી? દેખીતી રીતે

જ નવો પરિચિત અને પહેલી તથા આખરી મુલાકાતે આવેલો એ મિત્ર (બીજી મુલાકાત તો થવાની જ ન હોય કારણ કે તે ફરી કદી ન આવે) જેને મળવા આવ્યો હોય તેની — વાતચીતમાં આવતા મૌનના ગાળાને ભરી દેવાના, તથા તેમાં કશુંક ચેતન રેડવાના, અને પોતે પણ સામાજિક શિષ્ટતાઓનો સારો જાણકાર છે એમ બતાવી આપવાના તેમ જ, બીજું કંઈ નહિ તો, પોતાને મળવા આવેલા બિચારા માણસની ચાહના મેળવવા ખાતર નમણી નારીજાતિ વિશે કશીક ટકોર કરવાના બહાદુરીભર્યા પરંતુ વ્યર્થ પ્રયાસો પછી, તદ્દન ગોટાળે ચડી ગયેલા અને સુસંગતતા સાવ ખોઈ બેઠેલા માણસની — બેચેન મુખમુદ્રા જોઈને આટલો બધો છોભીલો કેમ પડી જાય છે, અને હાજરજવાબી હોવા છતાં (હોય તો) તેની જીભ કેમ સિવાઈ જાય છે? તે જેને મળવા આવ્યો હોય એ માણસની અફસોસ જાહેર કરવાની અને હાલતને સંભાળી લેવાની બનતી બધી કોશિશો છતાં, મહેમાન તેની ઉત્તેજનાભરી પકડમાંથી પોતાનો હાથ છોડાવી લઈને, અને કશુંક અત્યંત મહત્ત્વનું તથા મનઘડંત કામ અચાનક યાદ કરીને, આગણામાં પોતાની હેટ ઉપાડી લેતો રવાના કેમ થઈ જાય છે? મહેમાન ઘરમાંથી બહાર નીકળતાં જ જોરથી હસી કેમ પડે છે? એવા વિચિત્ર માણસને મળવા ફરી કદી ન આવવાના સોગન કેમ ખાવા લાગે છે? જોકે ખરું જોતાં એ વિચિત્ર આદમી ખરેખર મઝાનો માણસ છે, પણ બિચારો પોતાની કલ્પનાને થોડીક રમત કરી લેતી અટકાવી નથી શકતો. એટલે એમ કે મહેમાન અજબ સરખામણી કેમ કરે છે? તેની સરખામણી — ભલે મરડીમચડીને કરેલી — આવી હોય છે: એક તરફ તો પોતે જેને મળવા આવેલો તેનો ચહેરો, વાતચીત દરમિયાન બધો વખત જેવો દેખાતો હતો તેવો, અને બીજી તરફ ભારે સંકટમાં સપડાઈ ગયેલું બિચારું નાનકડું બિલાડું, કોઈ બાળકોએ કપટથી પકડી લઈને તેને ઢીબી નાખ્યું હોય, ડરાવ્યું હોય, અને દરેક જાતના ગેરવર્તનનો ભોગ બનાવ્યું હોય, તે ગમે તેમ કરીને છટકી જાય અને ખુરશી નીચે ભરાઈ જાય, તેને આખો કલાક ત્યાં લપાઈને ધાકની હાલતમાં તથા છીંકો ખાતાં અને બંને આગલા પંજા વડે પોતાનું દયામણું નાનકડું મોં સાફ કરતાં બેસી રહેવું પડે, ત્યાર પછી અને લાંબા વખત સુધી તે સામાન્ય રીતે આખી દુનિયા તરફ, અને ભલી કામવાળી બાઈએ માલિકના જમણમાંથી બચાવી રાખેલા ખોરાકના ટુકડાઓ તરફ પણ, ખારની નજરે જોતું રહે."

"પણ જુઓ," બધો વખત હેરતમાં આંખો અને મોં પહોળાં કરીને ધ્યાનથી સાંભળી રહેલી નાસ્તેન્કા વચમાં બોલી ઊઠી, "જુઓ — આ બધું કેમ બન્યું હશે અથવા તમે આવા રમૂજી સવાલો પૂછી જ કેમ રહ્યા છો તેનો મને મુદ્દલ ખ્યાલ નથી, પણ મને એટલી ખબર તો ચોક્કસ પડી જ ગઈ છે કે શરૂથી આખર સુધી આ બધા અનુભવો તમારા પોતાના જ છે."

"બેશક," મેં મોં પર ખૂબ ગંભીર ભાવ આણીને કહ્યું.

"ઠીક, એમ હોય તો ચાલુ રાખો," તેણે કહ્યું, "કારણ કે મને અંજામ જાણવાનું બહુ મન છે."

"નાસ્તેન્કા, તમારે જાણવું છે કે એવા આઘેરા ખૂણામાં નાયક, અથવા સમજો કે હું — કારણ કે કહાણીનો નાયક હું પોતે જ છું, મારી વિનમ્ર હસ્તી જ છે — શું કરી રહ્યો હતો, ખરું ને? તમારે જાણવું છે કે મારા મિત્રની અણધારી મુલાકાતથી મારી સાન કેમ ગુમ થઈ ગયેલી, હું આખો દિવસ અસ્વસ્થ કેમ રહેલો? તમારે જાણવું છે કે એકાએક બારણું ખૂલી ગયું ત્યારે હું ચોંકી કેમ ગયો, અકળામણમાં કેમ અટવાઈ ગયો? મારામાં મહેમાનને સરખી રીતે આવકારવાની હામ કેમ નહોતી અને મારા પોતાના અતિથિપ્રેમના બોજા હેઠળ હું એટલી શરમજનક રીતે ઢળી કેમ પડયો? ખરું ને?"

"હા, બરાબર," નાસ્તેન્કાએ જવાબ આપ્યો. "મારે એ જ જાણવું છે. જુઓ, તમે વાત તો બહુ છટાદાર રીતે કરી રહ્યા છો, પણ જરાક ઓછું છટાદાર બયાન ન કરી શકો? આમ તો તમે જાણે કોઈ પુસ્તકમાંથી વાંચી રહ્યો હો એવું લાગે છે."

"નાસ્તેન્કા," હસી પડવાના તલસાટને માંડ માંડ ખાળી રાખતો હું ગંભીર અને કડક અવાજે બોલ્યો. "મીઠડાં નાસ્તેન્કા, મને ખબર છે કે મારું બયાન છટાદાર છે, પરંતુ મને અફસોસ છે કે મારાથી એથી જુદી રીતે વાત થઈ શકે એમ નથી. વહાલાં નાસ્તેન્કા, આ ઘડીએ હું સોલોમોન રાજાના ભૂત જેવો છું. તેને બરણીમાં પૂરીને લાખની સાત સાત મહોર મારી દેવામાં આવી હતી, પણ તેણે આખરે સાતે સાત મહોર હઠાવી દીધી. મારાં વહાલાં નાસ્તેન્કા, આપણે લાંબા વિયોગ પછી હવે મળ્યાં છીએ — કારણ કે હું તો તમને બહુ લાંબા સમયથી જાણું છું. નાસ્તેન્કા, હું કેટલાય વખતથી કોઈની તલાશ કરતો રહ્યો છું, અને તેમાં જ નિશાની અંકિત

છે કે હું જેની તલાશ કરતો રહ્યો છું તે તમે જ છો, તથા આપાણું આ મિલન વિધિએ પહેલેથી જ નક્કી કરી રાખેલું છે - ત્યારે મારા મનમાં જાણે હજાર હજાર નળ ખૂલી ગયા છે અને મારે શબ્દોનો ધોધ વહાવવો જ પડે એમ છે, નહિતર હું ગૂંગળાઈને મરી જાઉં. એટલે હું તમને વીનવું છું, નાસ્તેન્કા, કે વચમાં બોલશો નહિ અને મારી વાત ચુપચાપ ધ્યાનથી સાંભળતાં રહેજો, નહિતર હું આગળ વાત જ નહિ કરું."

"ના, ના, અરે ના, ચાલુ રાખો, જરૂર, હું હવે એક શબ્દ પણ નહિ બોલું."

"ભલે, તો આગળ સાંભળો: દિવસ દરમિયાનની એક વેળા મને બેહદ ગમે છે, મારાં વહાલાં મિત્ર નાસ્તેન્કા. એ વેળા એટલે જ્યારે મોટા ભાગનું કામ તથા ફરજો અને કારોબાર વગેરે પતી ગયું હોય અને સૌ જમવા, થોડોક આરામ કરી લેવા, અથવા સંધ્યાનો કે રાતનો કે બધી ફુરસદનો સમય તરેહવાર આનંદી રીતે ગાળવા, અને તેના મનસૂબા મનમાં ઘડતાં ઉતાવળાં ઘર તરફ જઈ રહ્યાં હોય. એવી વેળાએ આપણો નાયક પણ --નાસ્તેન્કા, મને આ બયાન ત્રીજા પુરુષમાં કરવાની છૂટ આપો કારણ કે પહેલા પુરુષમાં બયાન કરવામાં મને ભારે શરમ આવે છે દિવસભર કામમાં ડૂબેલો રહ્યા પછી બીજાં સૌની ભેગો વેગીલાં ડગલાં ભરતો જતો હોય છે. પરંતુ તેના ફિક્કા અને થોડાઘણા મ્લાન ચહેરામાં ખુશીના અજબ ભાવ ઝગમગતા હોય છે. પિટર્સબર્ગના શીતળ ગગનમાં ધીરે ધીરે નીચે સરકી રહેલા આથમતા સૂર્યને નીરખતી તેની નજરમાં ઉદાસીનતા નથી હોતી. પરંતુ તેની નીરખતી નજરની વાત તો મેં ખોટી કરી છે. તે નીરખતો નથી પણ જાણે મીટ માંડીને શૂન્ય ભાવે ચિંતન કરે છે, જાણે તે થાકેલો હોય છે અથવા બીજા કોઈ વિચારમાં, કશીક વધારે દિલચસ્પ બાબતમાં, લીન હોય છે, એટલે આસપાસની દુનિયાને તે ખાલી એક ઊડતી નજર જ, ખાલી એક આકસ્મિક પળ જ, આપી શકે એમ હોય છે. તે ખુશ હોય છે કે કારણ કે તેનું સંતાપજનક **કામકાજ** બીજા દિવસ સુધી પતી ગયું હોય છે, અને શાળામાંથી છુટકારો પામીને પોતાની માનીતી રમતો અને ટીખળોની મોજ માણવા આઝાદ બની ગયેલા નિશાળિયાની જેમ તેના મનમાં ખુશી છલકાતી હોય છે. નાસ્તેન્કા, તેની ઉપર નજર નાખશો તો તમને તરત જણાઈ આવશે કે તેના મનમાં છલકાતી ખુશીની

સુખદ અસર તેની ઓસરતી હામ અને વિકારી કલ્પના ઉપર પડી ચૂકી છે. હવે તે વિચારમાં ગરકાવ થઈ ગયેલો છે. તમને લાગે છે કે ભોજનનો વિચાર કરતો હશે? કે સંધ્યા વેળાના મનોરંજનનો? તેની મીટ ક્યાં મંડાયેલી છે? વેગીલા ઘોડા જોડેલી ભભકાદાર ગાડીમાં બેસીને પસાર થતી બાનુ સામે રૂડા હાવભાવથી નમતા પ્રભાવશાળી સજ્જન ઉપર મંડાયેલી હશે? ના, નાસ્તેન્કા, એવી બધી તુચ્છ બાબતોની હવે તેને શી પરવા હોય? તેને તો **પોતાની જ અજબ** દુનિયાની સંપદા લાધી છે, સમૃદ્ધિ સાંપડી છે. તેને એ સમૃદ્ધિ સાવ એકાએક જ મળી છે. અસ્તાચળમાં ગમન કરી રહેલા સૂર્યનાં અંતિમ કિરણોએ તેની સામે ઉલ્લાસમય ઝબકારા કરીને તેના હૃદયમાં ઉષ્મા રેડી દીધી છે, અને તેના મનમાં પારાવાર તરંગો પેદા કર્યા છે, તે કંઈ વ્યર્થ નથી. એક પળ પહેલાં જ્યાં તદ્દન નજીવી બાબતો પણ તેની નજરમાં આવી ગઈ હોત એ રસ્તો પણ હવે તેના ધ્યાનમાં ભાગ્યે જ આવે છે. તરંગની દેવીએ (વહાલાં નાસ્તેન્કા, તમે ઝુકોવ્સ્કીનું વાંચન કર્યું હોય તો) લહેરમાં આવી જઈને પોતાની સાળમાં સોનાના તાણાવાણા ભરાવી દીધા છે અને તેને માટે સ્વપ્નાંનો કિનખાબ, અજબ ગજબના કલ્પનાતીત જીવનનાં સ્વપ્નાંનો કિનખાબ, વણવાનું શરૂ કરી દીધું છે, અને કોને ખબર કદાચ દેવીએ, પથ્થરની મજબૂત પગથી પર ઘરની દિશામાં કદમ માંડી રહેલા નાયકને, પોતાના જાદુઈ હાથ વડે ઊંચકીને સાતમા બિલોરી સ્વર્ગમાં પહોંચાડી દીધો હોય. તમે તેને રોકીને અણધાર્યા સવાલો પૂછવા લાગો કે તું ક્યાં છે, અને કયે કયે રસ્તે ચાલતો રહ્યો છે, તો ઘણું કરીને તેને કશું જ યાદ નહિ હોય, ખબર જ નહિ હોય કે પોતે ક્યાં ગયેલો અને હવે ક્યાં છે, અને તે અકળામણને લીધે શરમાતો શરમાતો, પોતાનો મોભો જાળવી રાખવાના આશયે, જરૂર કશીક કહાણી ઘડી કાઢશે. એટલે જ, કોઈ બહુ આદરપાત્ર ડોશીમા તેને પગથી પર વિનયથી ઊભો રાખીને રસ્તો પૂછે છે ત્યારે તે એકદમ ચોંકી જાય છે અને ગભરાટમાં લગભગ ચીસ પાડી દેતો આમતેમ નજર ફેરવવા લાગે છે. ખીજમાં મોં ચડાવીને તે કદમ આગળ માંડતો રહે છે, તેની સામે હોઠ મલકાવતા અને પછી પાછળથી મોં ફેરવીને તેની તરફ નજર નાખી લેતા રાહદારીઓ, અથવા બીકની મારી તેના માર્ગમાંથી હઠી જતી અને પછી તેનો બહોળો વિચારગ્રસ્ત મલકાટ તથા હાવભાવ કરતા હાથ જોઈને ખડખડાટ હસી પડતી નાનકડી બાળકી, તેના

ધ્યાનમાં ભાગ્યે જ આવે છે. પરંતુ પછી રમતિયાળ ઉડાન કરતી એ જ તરંગની દેવી ડોશીમાને, હેરતમાં પડી જતા રાહદારીઓને, હસતી નાનકડી બાળકીને, અને ફોન્તાન્કા નહેરમાં જામેલાની જેમ ખડકાયેલાં વહાણોમાં ચાળુ કરી રહેલા ખારવાઓને (એટલે જો આપણો નાયક એ વખતે ત્યાંથી પસાર થઈ રહ્યો હોય તો) ઊંચકીને પોતાની સાથે લઈ જાય છે. જેવી રીતે કરોળિયાની જાળમાં માખીઓ વણાઈ જતી હોય છે એવી જ રીતે દેવી દરેક માણસને અને દરેક વસ્તુને પોતાના સોનાના કિનખાબમાં વણી લે છે, અને અજબ આદમી નવી સંપદાથી ભરેલી પોતાની ઉલ્લાસમય નાનકડી ગુફામાં દાખલ થાય છે. તે બેસી જાય છે, જમે છે, અને તેની ચિંતાતુર તથા સદા ગમગીન કામવાળી માત્ર્યોના ટેબલ સાફ કરીને તેની હોકલી લઈ આવે ત્યારે જ તે પોતાનાં સ્વપ્નાંમાંથી જાગે છે. તે સળવળે છે અને અચરજમાં પડી જતો યાદ કરવા લાગે છે કે પોતે જમી તો લીધું છે, પરંતુ કેવી રીતે અને શું તે નીરખવાનું સાવ ચૂકી ગયો છે. ઓરડામાં અંધારું છાઈ જાય છે, અને તેના દિલમાં શૂન્યતા તથા વિષાદ છવાઈ જાય છે. તેની આસપાસ તરંગની આખી દુનિયા ભાંગી પડે છે, ભાંગીને ધૂળમાં ભળી જાય છે, પરંતુ જરાય અવાજ કે ધડધડાટ નથી થતો, તે સ્વપ્નની જેમ વિલીન થઈ જાય છે, અને તેને યાદ પણ નથી રહેતું કે સ્વપ્ન શાનું હતું. પરંતુ હવે તેના હૃદયના ધબકારા વધારી દેતી અને દિલમાં જરાક પીડા પેદા કરતી કશીક સંવેદના, નવી ઝંખના, મોહક રીતે તેની કલ્પનાને ઉત્તેજિત તથા પ્રવેગિત કરે છે, અને તેને ખબર પણ ન પડે એવી રીતે પ્રેતાત્માઓનું નવું ઝુંડ ભેગું કરી દે છે... નાનકડા ઓરડામાં શાંતિનું સામ્રાજ્ય છવાઈ જાય છે, તેની કલ્પના એકલતા અને સૂનકારમાં ઉષ્મા પામે છે, તે હળવેથી પ્રજ્વલિત થઈ જાય છે, પાસે રસોડામાં દુનિયાની બીજી કશીયે ફિકર વગર કૉફી બનાવવામાં મશગૂલ ઘરડી માત્ર્યોનાના કૉફીદાનમાં ઊકળતા પાણીની જેમ તેમાં પરપોટા થવા લાગે છે. પછી તેના તરંગો ધસારાબંધ માર્ગ કરતા નાનકડી જ્વાળાઓમાં પલટાઈ જાય છે, અને અહેતુક તથા આડેધડ ઉપાડી લેવામાં આવેલું પુસ્તક, એકબે પાનાં સિવાય વંચાયા વગર જ, મારા સ્વપ્નદર્શીના હાથમાંથી પડી જાય છે. તેની કલ્પના ફરી સતેજ તથા સુઘટ બની જાય છે, અચાનક જ એક નવી દુનિયા, સાવ નવલી અને મનમોહક દુનિયા, અપાર વિસ્મયકારક શક્યતાઓ લઈને તેના માનસપટમાં ઝગારા

મારવા લાગે છે. નવું સ્વપ્ન! નવું સુખ! વાસનાના સૂક્ષ્મ ઝેરનો નવો ઘૂંટડો! આપણી વાસ્તવિક જિંદગીની તેને શી પરવા? નાસ્તેન્કા, તેની કેફી નજરે તો તમે અને હું મંદ, નિષ્ક્રિય, અને શિથિલ જિંદગી જીવી રહ્યાં છીએ. તેની દૃષ્ટિમાં આપણે સૌ આપણી હાલત અંગે એટલાં બધાં અસંતુષ્ટ છીએ કે આપણને જીવન કંટાળાજનક લાગે છે. અને ખરેખર, જુઓ ને, આપણે એકબીજાની સાથે રહેવામાં કેટલાં ચિડિયલ અને ખિજાયેલાં લાગીએ છીએ! મારા સ્વપ્નદર્શીને દયા આવે છે--બિચારા જીવ! અને તેને એવો વિચાર આવે તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. જુઓ તો ખરાં, પેલા પ્રેતાત્માઓ તેને માટે કેવું જાદુઈ ચેતનમય ચિત્ર, કેવી મોહક તથા અટપટી રીતે અને કેટલી ઉદારતાથી, વણી રહ્યા છે, અને બેશક તેને જ, આપણા સ્વપ્નદર્શીને જ, સૌથી મહત્ત્વના પાત્ર તરીકે નિરંતર મોખરે રાખીને વણી રહ્યા છે! સાહસોનું વૈવિધ્ય જુઓ, હર્ષોન્માદી સ્વપ્નાંનો અંતહીન પ્રવાહ નીરખો! તમે કદાચ પૂછશો કે તે શાનું સ્વપ્ન જોઈ રહ્યો છે. પૂછવાની જરૂર જ ક્યાં છે? દરેક જાતનું. કવિ હોવાનું, શરૂઆતમાં પ્રશંસા ન પામતો પરંતુ આગળ જતાં ગૌરવનો મુગટ ધારણ કરનારો કવિ હોવાનું, હોફમાનની મિત્રતાનું, સેંટ બાર્થોલોમ્યુની રાત્રિનું, ડાયેના વર્નોનનું, ઝાર ઈવાનની કઝાનની ફતેહમાં પરાક્રમી ભૂમિકાનું, ક્લારા મોવ્બ્રાયનું, એફી ડીન્સનું, ધર્માધિકારીઓની પરિષદ અને તેમાં ઉપસ્થિત હુસનું, 'શયતાન રોબર્ટ' (સંગીત યાદ છે? તેમાં જાણે કેવી કબ્રસ્તાનની ગંધ છે!) કૃતિમાં મૃતાત્માઓ સજીવન થાય છે તેનું, મિન્ના અને બ્રેન્દાનું, બેરેઝિનાની લડાઈનું, આ અને તે રાણીબાના સ્વાગતખંડમાં કાવ્યપાઠનું, ડેન્ટનનું, ક્લિઓપેટ્રા અને તેના આશકોનું, કોલોમ્નાના નાનકડા ઘરનું, તેમાં પોતાના મઝાના ખૂણાનું, ત્યાં શિયાળાની રાતે પાસે લપાઈને બેઠેલી અને આંખો પહોળી કરીને તથા હોઠ ઉઘાડા રાખીને ધ્યાનથી સાંભળી રહેલી—તમે અત્યારે સાંભળી રહ્યાં છો એવી જ રીતે, મારાં નાનકડાં પરી!—નમણી તરુણીનું. ના, નાસ્તેન્કા, તમે અને હું જે જીવનનો થોડોક રસ માણી લેવા ખૂબ આતુર છીએ તેની કશી પરવા વાસનામાં ડૂબેલા એ પ્રમાદીને નથી. તેની દૃષ્ટિમાં તો એ જીવન નમાલું અને કંગાલ છે. તેને ખબર ન જ હોય કે તેને માટે પણ ઘંટના ગમગીન રણકાર એક દિવસ ગુંજી ઊઠવાના છે, ત્યારે તે આ કંગાલ જીવનના ફક્ત એક જ કલાક ખાતર પોતાના તરંગોનાં

બધાંયે વર્ષો આપી દેવા તૈયાર થઈ જશે, વળી ખુશી અને સુખના બદલામાંયે નહિ, તેને ગમ, અફસોસ, અને અપાર દુઃખની એ ઘડીમાં કોઈ જાતની વરણી કરવાનું મન જ નહિ થાય. પરંતુ એ ભયંકર ઘડી આવી પહોંચે ત્યાં સુધી તેને કશી વાંછના નથી કારણ કે તે વાંછનાથી પર છે, તેની પાસે પહેલેથી જ બધું મોજૂદ છે, તે પરિતુષ્ટ છે કેમ કે તે ખુદ પોતાનો કલાકાર છે, જ્યારે જ્યારે તેના તરંગો તેને પોરસ ચડાવે ત્યારે ત્યારે તે પોતાને માટે નવી દુનિયાનું સર્જન પોતે જ કરી લે છે. અને એ પરીકથાનું, તરંગોની એ દુનિયાનું, સર્જન તો બહુ સહેલાઈથી અને બહુ સ્વાભાવિકતાથી કરી શકાય, જાણે તે ખરેખર કલ્પનાવિહાર મુદ્દલ હોય જ નહિ એવી રીતે કરી શકાય. સાચું પૂછો તો ક્યારેક મને એમ જ લાગે છે કે એવી દુનિયા મૃગજળ નથી, મારી ઉત્તેજિત જ્ઞાનેંદ્રિયોનું સર્જન નથી, મારી કલ્પનાએ કરેલી ચાલાકી નથી, પરંતુ ખરેખર વાસ્તવિક છે, અસલ છે, હયાત છે. નાસ્તેન્કા, તો પછી મને કહો કે એવી ઘડીઓમાં મારું માનસ વેદનામાં કેમ અટવાઈ જાય છે? તો પછી કેવો જાદુ, કઈ વિચિત્ર શકિત, નાડીના ધબકારા વધારી દે છે, સ્વપ્નદર્શીની આંખોમાં આંસુ છલકાવી દે છે, તેના નિસ્તેજ અને આંસુથી ખરડાયેલા ગાલોમાં રંગ ભરી દે છે, અને તેની સમગ્ર હસ્તીમાં અનેરો સ્વર્ગીય આનંદ રેડી દે છે? તેની નીંદરવિહોણી રાત્રિઓ અપાર સુખ અને ઉલ્લાસમાં ઝડપથી વીતી જતી કેમ લાગે છે, અને સૂર્યનું પ્રથમ ગુલાબી કિરણ બારીએ ઝબકારો કરીને -- અહીંયાં પિટર્સબર્ગમાં બનતું હોય છે તેમ — ઓરડામાં અજબ અનિશ્ચિત પ્રકાશ પાથરવા લાગે ત્યારે આપણો થાકેલો અને શોષાઈ ગયેલો સ્વપ્નદર્શી પથારીમાં આડો લંબાવીને નિદ્રાધીન કેમ થઈ જાય છે, તેના રોગીલા તથા ડામાડોળ માનસમાં ચકરાવા લેતા આહ્લાદથી અને તેના હૈયાને ભરી દેતી એકદમ અસહ્ય મધુર પીડાથી મૂર્છાવશ કેમ થઈ જાય છે? હા, નાસ્તેન્કા, એથી માણસ ભોળવાઈ જાય છે અને અનાયાસે માનવા લાગે છે કે પોતાના આત્મામાં ખળભળી રહેલો ભાવોદ્રેક વાસ્તવિક તથા અસલ છે, તે માનવા લાગે છે કે પોતાનાં અપાર્થિવ સ્વપ્નાંમાં કશુંક ગમ્ય, કશુંક સચેતન, ખરેખર છે. તેમાં સમાયેલા છળનો વિચાર કરો! દાખલા તરીકે, પ્રેમ પોતાની સમગ્ર અપાર ખુશાલી લઈને, પોતાની સમગ્ર ગહન વેદના લઈને, તેના હૃદયમાં પ્રવેશ કરે છે. તેની ઉપર ખાલી એક જ નજર ફેરવશો એટલે તમને ખાતરી થઈ જશે. વહાલાં

નાસ્તેન્કા, તેની સામે જોતાં તમે માની શકો ખરાં કે તેણે પોતાનાં હર્ષોન્માદી સ્વપ્નાંમાં જેને ખૂબ ચાહેલી તેને વાસ્તવમાં કદી જોઈ કે જાણી જ નથી? તેણે કેવળ પોતાનાં છેતરામણાં તરંગોમાં જ તેને નીરખી હોય, અને આવા અનુરાગનું ખાલી સ્વપ્ન જ જોયું હોય, એમ તો ચોક્કસ ન જ બને? તેમણે હાથમાં હાથ મિલાવીને, માત્ર એ બે જ હસ્તીઓએ, સમગ્ર જગતને તિલાંજલિ આપી દઈને તથા પોતાનાં ભવિષ્યોને સાંકળી લઈને, પોતાની બે ખાનગી દુનિયાઓનું એક જ સહિયારી દુનિયામાં સંમિલન સાધી લઈને, જિંદગીનાં ઘણાં વરસો એકબીજાના સંગાથમાં ખરેખર ન ગાળ્યાં હોય, એ શક્ય છે ખરું? તો શું એ રાત્રિએ, વિદાયની રાત્રિએ, ઘેરા મ્લાન ગગન તળે ઘૂમરીઓ ખાઈ રહેલા વાવંટોળની પરવા કર્યા વગર, કાળી પાંપણો પરથી આંસુનાં બિંદુઓને ઉડાડીને તાણી જતા પવનની પરવા કર્યા વગર, છાતીએ માથું ચાંપીને ડૂસકાં ભરનારી તથા વિલાપ કરનારી શું તે નહોતી? એ બધું ખાલી સ્વપ્ન જ હોય એમ તો ચોક્કસ ન જ બને? વળી પેલો બગીચો પણ — ભેંકાર, અવડ, વગડા જેવો, કેડીઓ પર શેવાળના થર જામી ગયેલા — જ્યાં તેઓ મનમાં આશાના ઓઘ અને હતાશાની વેદના લઈને ઘણી ઘણી વાર ફરવા જતાં અને એકબીજાને વહાલ કરતાં, હા, લાંબી લાંબી ઘડીઓ સુધી મૃદુ લાગણીઓ છલકાતાં હૈયે પરસ્પર વહાલ કરતાં રહેતાં, એ ગમગીન તથા એકલવાયો બગીચો પણ શું કેવળ સ્વપ્નની જ બીના હોય? અને પેલું પૂર્વજોના જમાનાનું ઘર જ્યાં તેણે પોતાના સોગિયા, હંમેશાં ઓછાબોલા, અને ચિડિયલ ઘરડા પતિ જોડે વનવાસ જેવા અને વિષાદમય જીવનનાં ઘણાં વર્ષો ગાળ્યાં હતાં, જ્યાં તેઓ એ બુઢ્ઢા આદમીથી ગભરાતાં બે બાળકોની જેમ બહુ ભયભીત અને દુખી દશામાં એકબીજા પ્રત્યેનો પ્રેમ છુપાવતાં હતાં, એ ઘર પણ શું કેવળ સ્વપ્ન જ? તેમણે કેવી કેવી વેદના વેઠેલી, તેઓ કેવાં દહેશતમાં સપડાયેલાં રહેતાં, તેમનો પ્રેમ કેવો નિર્મળ તથા નિર્દોષ હતો, અને લોકો કેવા ઝેરીલા હતા! (એ તો વગર કહ્યે સમજાય એવી વાત છે, નાસ્તેન્કા!) પણ, ભલા ભગવાન, શક્ય છે ખરું કે તે લાંબા સમય પછી વિદેશી ગગન તળે, તાપ અને બફારો વરસાવતા આસમાન હેઠળ, રળિયામણા સનાતન નગરમાં, ઝળહળતા પ્રકાશથી દીપી ઊઠેલા મહેલમાં (મહેલ જ હોય), સંગીતના મધુર સૂર સંગાથે ચાલી રહેલી નાચની સોહામણી મહેફિલમાં, ફરી વાર તેને જ ન મળ્યો હોય? મેંદી અને

ગુલાબના શણગારમાં શોભતી ઝરૂખે ઊભેલી શું તે નહોતી? ત્યાં તે નજરે પડયો કે તરત જ મુખવટો ઊંચો કરીને હળવા અવાજે તેણે કહ્યું હતું કે 'હું છૂટી છું,' અને એમ કહેતી તે કંપતી કંપતી એકદમ તેના બાહુપાશમાં સમાઈ ગઈ હતી. તેઓ ખુશીના ઉછાળા અનુભવતાં એકબીજાને વળગી રહ્યાં હતાં, અને એક જ પળમાં બધું ભુલાઈ ગયું હતું: વિષાદ અને વિયોગ, બધી વ્યથાઓ, ગમગીન ઘર, ઘરડો અને ઓછાબોલો આદમી, સુદૂર વતનનો ભેંકાર અવડ બગીચો, તેમાં જ્યાં તે વિદાયની અનુરાગ છલકાતી ચૂમી ભરીને તેના આલિંગનથી અળગી થઈ ગઈ હતી અને હતાશાની વેદનાને લીધે જડ જેવી બની ગઈ હતી એ જગ્યા. અરે નાસ્તેન્કા, કલ્પના કરો કે ઘરનું બારાણું એકાએક ધડાક કરતું ખૂલી જાય અને કોઈ વણબોલાવ્યો ભાઈબંધ, ઊંચો કદાવર આદમી, આનંદી અને ચતુર માણસ, અંદર દાખલ થઈને જાણે કશું અસાધારણ બન્યું જ ન હોય એમ ઘાંટો પાડતો બોલે કે 'હમણાં પાવલોવ્સ્કથી પાછો આવ્યો, દોસ્ત, આ ઘડીએ જ!' હે ભગવાન! ઘરડા ઠાકોરે પરલોકનો પંથ લઈ લીધો છે, અદ્ભુત સુખની વેળા આવી ગઈ છે, અને જુઓ કોઈ બંદો પાવલોવ્સ્કથી હમણાં જ પાછો આવ્યો છે! નાસ્તેન્કા, તમારે કબૂલ કરવું જ પડશે કે એવું બને તો તમે જરૂર ચોંકી જાઓ, શરમથી તમારું મોં રાતું રાતું થઈ જાય, અને પાડોશીની વાડીમાંથી નકરજન ચોરીને ખીસામાં ઘાલી દેનારા નિશાળિયા જેવું વર્તન તમે કરવા લાગો."

મારી નાટ્યાત્મક વાત પૂરી થઈ એટલે હું નાટકીય ઢબે ચુપ થઈ ગયો. મને યાદ છે કે એ વખતે ખડખડાટ હસી પડવાની કેવી ઉત્કટ ઇચ્છા મને થતી. કારણ કે મારા દિલમાં જાણે કોઈ લુચ્ચો ટીખળબાજ સળવળાટ કરી રહ્યો હતો, મારો શ્વાસ જાણે ગળે અટકી ગયો હતો, મારી હડપચી ફરકવા લાગી હતી, અને મારી આંખોમાં વધારે ને વધારે ઝળઝળિયાં બાઝી રહ્યાં હતાં. મને બીક હતી કે પોતાની ચતુર આંખો પહોળી કરીને મારી વાત ધ્યાનથી સાંભળતી રહેલી નાસ્તેન્કા ખડખડાટ હસી પડશે, તેના બાળક જેવા અનાયાસ હાસ્યના રણકાર ગુંજી ઊઠશે. મને અફસોસ થતો હતો કે મેં વધારે પડતું બોલી નાખ્યું છે, લાંબા વખતથી મારા દિલમાં ભારે બોજો બનીને રહેલું અને મારે માટે તો ગોખી રાખેલા ફકરાના પાઠ જેવું બધું મેં વિના કારણ કહી નાખ્યું છે, કારણ કે મારે વિશેનો ચુકાદો તો મેં ઘણા

સમય પહેલાં જ અપનાવી લીધો હતો અને તેની સમક્ષ તે વાંચી સંભળાવવા હું લલચાઈ ગયો હતો, જોકે મારે એકરાર કરી લેવો જોઈએ કે તે મને સમજે એવી ધારણા મારા મનમાં નહોતી. પરંતુ મને આશ્ચર્ય થયું કે તે ચુપ રહી, અને થોડીક વાર પછી તેણે મારો હાથ હળવેથી દબાવીને સંકોચભરી ઉત્સુકતાના અવાજે સવાલ પૂછ્યો:

"તમારી આખી જિંદગી શું ખરેખર એવી રહી છે?"

"આખી જિંદગી, નાસ્તેન્કા," મેં જવાબ આપ્યો. "આખી જિંદગી, અને મને લાગે છે કે છેવટ સુધી એવી જ રહેશે."

"ના, ના, એવી જિંદગી ન જિવાય!" તે ચિંતાતુર અવાજે બોલી ઊઠી. "ના, એમ નહિ બને, નહિતર મારે પણ આખી જિંદગી દાદીમાની પડખે બેસીને વિતાવી દેવી પડે. તમને ખબર છે કે એવી જિંદગી જીવવાનું જરાય ઠીક ન જ ગણાય?"

"જાણું છું, નાસ્તેન્કા, જાણું છું!" મારી લાગણીને દબાવી રાખવાનું છોડી દઈને હું બોલી ઊઠયો. "હવે હું બરાબર સમજું છું, અગાઉ ક્યારેય નહોતો સમજેલો એટલું સમજું છું, કે મારી જિંદગીનાં સારામાં સારાં વર્ષો મેં વેડફી નાખ્યાં છે. એ વાત હવે હું સમજી ગયો છું, અને એવી સમજણથી મને વધારે દુખ થાય છે, કારણ કે ઈશ્વરે પોતે જ તમને મારી પાસે મોકલ્યાં છે, મારાં માયાળુ પરી, આ વાત કહેવા અને આ જાણકારી મારા મનમાં ઉતારવા મોકલ્યાં છે. આ ઘડીએ હું તમારી પાસે બેઠો છું અને તમારી જોડે વાત કરી રહ્યો છું ત્યારે ભવિષ્યનો વિચાર મને દહેશતમાં નાખી દે છે કારણ કે મારે માટે ભવિષ્યમાં ફરી એકલતા સિવાય બીજું કશું જ નથી, વળી પાછી બંધિયાર વાસી જિંદગી સિવાય બીજું કશું જ નથી. અને હવે વાસ્તવમાં તમારી જોડે આટલું સુખ અનુભવી લીધું છે એટલે મારે સ્વપ્ન પણ શેનાં જોવાં! અરે નેકદિલ માયાળુ યુવતી, તમારી ઉપર ઈશ્વરની દયા ઊતરો કારણ કે તમે મને તરછોડી ન કાઢયો, હવે હું કહી શકું એમ છું કે મારી જિંદગીમાં કંઈ નહિ તો બે સાંજ હું ખરેખર જીવ્યો છું!"

"અરે! ના, ના!" નાસ્તેન્કા બોલી ઊઠી, તેની પાંપણો પર આંસુનાં બિંદુ ચળકી રહ્યાં હતાં. "ના, એમ નહિ બને! આપણે સાવ એમ છૂટાં નહિ પડી જઈએ! બે સાંજ એટલે શું? કંઈ જ નહિ!"

"નાસ્તેન્કા, અરે નાસ્તેન્કા! તમને ખબર છે કે તમે મારી હસ્તી જોડે

મારો સુમેળ સાધી દીધો છે, ખૂબ લાંબા સમય માટે સાધી દીધો છે? તમને ખબર છે કે હું કોઈ કોઈ ઘડીએ પોતાને હલકો ગણી લેતો હતો એમ હવે કદી નહિ કરું? તમને ખબર છે કે મારી જિંદગીના ગુનો તથા પાપ ગણી લેવાની અને મને પોતાને ગુનેગાર તથા પાપી ગણી લેવાની હતાશામાં હવે કદી નહિ સરી પડું? અને એવો ખ્યાલ પણ મનમાં ન આણશો કે મેં જરાય અતિશયોકિત કરી હોય, ઈશ્વરને ખાતર એવો વિચાર ન કરશો, નાસ્તેન્કા, કારણ કે ક્યારેક હું વિષાદના, ઘેરા વિષાદના, પાશમાં બંધાઈ જાઉં છું... એવી ઘડીઓમાં મારા મનમાં વિચારો ઘોળાવા લાગે છે કે નવું વાસ્તવિક જીવન કદી શરૂ કરવાની શકિત મારામાં નથી, મને લાગે છે કે વાસ્તવિક અને યથાર્થ જોડેની મારી નિસબત, તેની પરખ, જાણે સાવ છૂટી ગઈ છે, હું મારો આત્મા વેચતો રહ્યો છું, હવે મારી તરંગની રાત્રિઓને પગલે પગલે સાનભાનની ઘડીઓ આવે છે અને તે ખોફનાક હોય છે! દરમિયાનમાં ચોમેર માનવ વમળમાં દેકારા કરતી અને ઘૂમરીઓ ખાતી જિંદગીનો શોર કાને પડતો રહે છે, જિંદગી જીવતા વાસ્તવિક જિંદગી જીવતા—લોકો દેખાતા રહે છે અને તેમના અવાજ સંભળાતા રહે છે, સાફ નજરે પડતું રહે છે કે તેમની જિંદગી હુકમ મુજબ ઘડી કાઢવામાં આવેલી નથી, સ્વપ્ન કે તરંગની જેમ તે ભાંગી પડવાની નથી, તેમની જિંદગીમાં નિરંતર તારુણ્ય છલકાતું રહે છે, તે નિરંતર નવપલ્લવિત બનતી રહે છે, તેમાં એક પણ ઘડી બીજી કોઈ ઘડીને મળતી નથી આવતી; પરંતુ અચકાતો ખચકાતો તરંગ કંટાળાની હદે બેરંગ તથા એકરૂપ હોય છે, પ્રત્યેક છાયા તથા ખ્યાલનો ગુલામ હોય છે, સૂરજને ઢાંકી દેનારા અને પિટર્સબર્ગના તમામ ખરા માનવીઓનાં—સૂરજમાં મોટી આશા બાંધીને રહેતા ઇન્સાનોનાં—હૈયાંમાં વ્યથા ભરી દેનારા પ્રથમ વાદળાનો ગુલામ હોય છે, અને વ્યથામાં અટવાતો તરંગ કેવો હોય! માણસને લાગે પોતાનો **અખૂટ** તરંગ અવિરત તણાવને લીધે આખરે કરમાઈ અને ખૂટી ગયો છે કારણ કે પોતે વિકાસ પામી રહ્યો છે, અગાઉના આદર્શોને પાર કરીને આગળ ધપી રહ્યો છે, એ આદર્શોના ભુક્કા ઊડી જાય છે, તે ધૂળમાં રગદોળાઈ જાય છે, અને માણસને જીવવા બીજી કોઈ જિંદગી ન હોય તો એ જ કટકા અને ભંગારમાંથી નવું ઘડતર કરવું પડે છે. પરંતુ તેનો આત્મા કશાક નિરાળાની ઝંખના અને માગણી કરતો હોય છે! સ્વપ્નદર્શી પોતાનાં

પુરાણાં સ્વપ્નાંની રાખને વ્યર્થ ઉપરતળે કરતો રહે છે, તેને આશા હોય છે કે રાખના ઢગલામાંથી ફક્ત એક જ ટચૂકડો અંગારો મળી જાય તો ફરી અગ્નિ પ્રજ્વલિત કરી શકાય, ટાઢા પડી ગયેલા દિલમાં એ નવા અગ્નિ વડે ઉષ્મા રેડી શકાય, અને અગાઉ જે કંઈ પ્યારું હતું, હૈયામાં સ્પંદનો પેદા કરતું હતું, લોહીને જાણે તપાવી દેતું હતું, આંખોમાંથી આંસુ વહેવડાવી દેતું હતું, અને ગૌરવમય છળમાં સરકાવી દેતું હતું, તે સર્વને ફરી ચેતનમય બનાવી શકાય! નાસ્તેન્કા, તમને ખબર છે કે મારી દશા કેવી થઈ ગઈ છે? તમને ખબર છે કે હવે મારે મારી અગાઉની લાગણીઓની, જે પહેલાં હતું પરંતુ વાસ્તવમાં કદી બન્યું નહોતું તેની તરફ મારી મમતાની, જયંતી મનાવવી પડે એમ છે? વળી એ જયંતી પણ એ જ મૂર્ખાઈભર્યાં અપાર્થિવ સ્વપ્નાં મુજબ મનાવવી પડે એમ છે. હું એવી દશામાં ધકેલાઈ ગયો છું કારણ કે એ મૂર્ખાઈભર્યાં સ્વપ્નાં ખુદ હવે રહ્યાં જ નથી, તેમના ટેકણ માટે મારી પાસે કશું જ નથી. માણસને પોતાનાં સ્વપ્નાં પણ જીવી લેવાં પડે છે, નાસ્તેન્કા. તમને ખબર છે કે જ્યાં એક વાર મેં મારી આગવી રીતે સુખ માણ્યું હતું એ જગ્યાઓને યાદ કરવાનું અને અમુક તારીખોએ ત્યાં ફરી જઈ આવવાનું મને ગમે છે, મારા અફર ભૂતકાળ સાથે મારા વર્તમાનનો મેળ બેસાડવાનું મને ગમે છે, અને હું ઘણી વાર હતાશ અને ગમગીન, ધ્યેય કે હેતુ વિહોણા પ્રેતાત્માની જેમ પિટર્સબર્ગની સડકો તથા શેરીઓમાં ભટકતો રહું છું. અરે, મને શું શું યાદ આવી જાય છે! દાખલા તરીકે, મને યાદ આવે છે કે બરાબર એક વરસ પહેલાં આ જ ઘડીએ હું અહીંયાં, આ જ પગથી પર, આજના જેવી જ એકલતા અને હતાશામાં અટવાતો આંટા મારી રહ્યો હતો! અને મને યાદ આવે છે કે એ વખતે મારાં સ્વપ્નાં આટલાં જ ગમગીન હતાં, અને એ વખતે હાલત આજે છે તેનાથી જરાય બહેતર ન હોવા છતાં મનમાં ખ્યાલ આવ્યા વગર રહેતો જ નથી કે એ દિવસોમાં જિંદગી વધારે સરળ અને શાંત હતી, અત્યારે મને સતાવી રહેલા કાળમુખા વિચારથી મુક્ત હતી, હું અંતરાત્માના આજના જેવા ડંખનો, દિવસ અને રાત મને ચેન ન પડવા દેતા કારમા અને પીડાકારી ડંખનો, શિકાર ત્યારે નહોતો બનતો. એટલે મનમાં સવાલ થાય છે: તારાં પેલાં સ્વપ્નાં ક્યાં ગયાં? પછી માથું ધુણાવતો સ્વગત બોલું છું: વર્ષો કેવી રીતે વીતી જાય છે! વળી મનમાં સવાલ થાય છે: તારી જિંદગીમાં તેં કર્યું છે શું?

તારાં સર્વોત્તમ વર્ષો તેં ક્યાં દફનાવી દીધાં? તું જિંદગી જીવ્યો છે કે નહિ? હું મને પોતાને કહું છું: જો, જો તો ખરો, જગતમાં બધું કેવું ટાઢુંબોળ બની રહ્યું છે! વધુ વર્ષો વીતતાં જશે, ભેગાં ભયંકર એકલતા લાવશે, પછી ઘડપણ આવશે, ઢીલી કંપતી કાયાને કાખઘોડીના ટેકા લેવા પડશે, ખાલી એકલતા અને પીડા જ બાકી રહેશે. તારી તરંગની દુનિયા ઝાંખી પડી જશે, તારાં સ્વપ્નાં નિષ્પ્રાણ પીળાં પાંદડાંની જેમ વિખાઈને ખરી પડશે. અરે નાસ્તેન્કા! એકલતા, કારમી એકલતા, કેવી વિષાદમય બની રહેશે, અફસોસ કરવાનુંયે કશું નહિ હોય... કશું નહિ હોય, બિલકુલ કશું જ નહિ હોય... કારણ કે જે કંઈ હું ગુમાવીશ તે પણ સાવ પોકળ હશે, ખાલી [illegible] શૂન્ય જ હશે, સ્વપ્નાં સિવાય બીજું કંઈ જ નહિ હોય!"

"અરે! અરે! બસ કરો, રહેવા દો, હું ના રડી પડી," નાસ્તેન્કા આંખોમાંથી આંસુ લૂછતી બોલી. "એ બધું પૂરું થઈ ગયું છે! હવે તો આપણે બે છીએ, કદી છૂટાં નહિ પડીએ, મારું ગમે તેમ થાય તોય અળગાં નહિ પડીએ. હું સાવ સીધીસાદી છોકરી છું. દાદીમાએ માસ્તર રાખ્યા'તા ખરો, પણ ખાસ કંઈ ભણી નથી. તેમ છતાં હું તમને બરાબર સમજી શકું છું કારણ કે તમે હમણાં જે કંઈ કહ્યું છે તે બધું હું પણ અનુભવી ચૂકી છું, દાદીમાએ પોતાનાં કપડાં જોડે મને પિન વડે બાંધી રાખેલી ત્યારે. તમારા જેવું સરસ બયાન તો હું બેશક ન જ કરી શકી હોત કારણ કે હું ભણી નથી," તેણે શરમાતાં શરમાતાં ઉમેર્યું કારણ કે મારા નાટકીય બયાન અને છટાદાર વાણી અંગે અમુક પ્રમાણમાં આદરની લાગણી તે હજી અનુભવી રહી હતી. "પણ તમે દિલ ખોલીને વાત કરી એથી મને બહુ ખુશી થઈ છે. હવે હું તમને સમજું છું, બરાબર સમજું છું. અને મારે પણ મારી આખી કહાણી તમને કહેવી છે, કશુંયે બાકી રાખ્યા વગર કહી દેવી છે પણ પછી તમારે મને સલાહ આપવી પડશે. તમે ભારે શાણા માણસ છો, સલાહ આપશો ને? વચન આપો!"

"નાસ્તેન્કા," મેં જવાબમાં કહ્યું, "મેં તો સલાહ, અને પાછી શાણી સલાહ, કદી કોઈને આપી જ નથી, પરંતુ મને લાગે છે કે આપણે જો આવી રીતે જ રહેવું હોય તો ડહાપણનો માર્ગ એ જ છે. પછી આપણે એકબીજાને ખૂબ જ શાણી સલાહ આપતાં રહીશું. ઠીક, મારી [illegible] નાસ્તેન્કા, તમારે શી સલાહ જોઈએ છે? સાફ જણાવી દો, હું [illegible]

એટલો ખુશ છું, એટલો ઉમંગમાં છું, એટલો આત્મવિશ્વાસ અનુભવું છું, અને એટલી શાણપ ધરાવું છું કે મારે જવાબ જરાય ગોતવો જ નહિ પડે!"

"ના, ના," નાસ્તેન્કા હસતી હસતી વચમાં બોલી, "મારે ખાલી શાણી સલાહ નથી જોઈતી પણ ભાઈ જેવી ખરા દિલની સલાહ જોઈએ છે, તમને આખી જિંદગી મારી ઉપર વહાલ રહ્યું હોય અને તમે આપો એવી સલાહ જોઈએ છે."

"બહુ સારું, નાસ્તેન્કા, બહુ સારું!" હું આહ્લાદ અનુભવતો બોલી ઊઠયો. "મને વીસ વરસથી તમારી ઉપર વહાલ રહ્યું હોત તોપણ અત્યારે છે તેનાથી વધારે કોઈ રીતે ન જ હોત!"

"લાવો તમારો હાથ!" નાસ્તેન્કા બોલી.

"લો!" મેં મારો હાથ તેના હાથમાં મૂકી દીધો.

"તો હવે મારી કહાણી શરૂ કરી દઈએ!"

નાસ્તેન્કાની કહાણી

"તમે મારી અરધી કહાણી તો જાણો જ છો, તમને ખબર છે કે મારે બુઢ્ઢી દાદીમા છે."

"બાકીની અરધી કહાણી પણ આટલી જ ટૂંકીટચ હોય તો..." હું મોં મલકાવતો વચમાં બોલ્યો.

"ચુપ રહીને સાંભળો. મારે એક શરત કરવી પડશે — વચમાં બોલવાનું નથી, નહિતર મારાથી ગોટાળો થઈ જશે. હવે છાનામના સાંભળો.

"મારે બુઢ્ઢી દાદીમા છે. હું સાવ નાનકડી બાળકી હતી ત્યારથી મારે તેની પાસે જઈને રહેવું પડેલું કારણ કે મારાં માબાપ ગુજરી ગયાં હતાં. મને લાગે છે કે દાદીમા ત્યારે આજના કરતાં વધારે પૈસાદાર હશે કારણ કે એ વખતની બહેતર જિંદગીને હજી યાદ કરે છે. તેમણે મને ફ્રેંચ ભાષા પોતે જ શીખવી અને પછી ભણાવવા માસ્તર રાખ્યો. મારું ભણવાનું પંદર વરસની ઉંમરે પૂરું થઈ ગયું (હવે હું સત્તર વરસની છું). મેં શરારત એ વખતે કરેલી, કેવી શરારત કરેલી તે નહિ કહું, માત્ર એટલું જ કે તેમાં ખાસ કંઈ નહોતું. એક દિવસ દાદીમાએ મને બોલાવીને કહ્યું કે પોતે

અંધાપાને લીધે મારી ઉપર બરાબર નજર રાખી શકતાં નથી. પછી તેમણે પિન લઈને પોતાનાં અને મારાં કપડાંમાં ભરાવી દીધી અને મને જણાવી દીધું કે મારું વર્તન સુધરે નહિ ત્યાં સુધી એમ ભેગાં જ બંધાયેલાં રહેવાનું છે. શરૂઆતમાં તો મને ક્યારેય છટકી જવાની આશા મુદ્દલ નહોતી. કંઈક કામ કરતી હોઉં, વાંચી સંભળાવતી હોઉં, કે મારું ભણતી હોઉં, મારે દાદીમાની પડખે જ બેસી રહેવું પડતું. મેં એક વાર ચાલાકી અજમાવી અને ફ્યોક્લાને મારી જગ્યાએ બેસવા મનાવી લીધી. ફ્યોક્લા અમારી કામવાળી છે, સાવ બહેરી. તે મારી જગ્યાએ બેસી ગઈ, દાદીમાને ખુરશીમાં નીંદર આવી ગઈ, અને હું નજીકમાં રહેતી મારી એક સાહેલીને મળવા ચાલી ગઈ. અંજામ બેશક બૂરો આવ્યો. દાદીમા જાગી ગયાં અને હું પડખે ચુપચાપ બેઠી હોઈશ એમ માનીને કંઈક બોલ્યાં. બહેરી ફ્યોક્લાને દેખાતું તો હતું કે દાદીમા કશુંક પૂછી રહ્યાં છે, પણ સંભળાતું જરાય નહોતું. તેણે મગજ બહુ કસ્યું પણ સમજણ ન પડી કે શું કરવું, એટલે તે પિન ખોલીને ભાગી ગઈ..."

નાસ્તેન્કા અહીંયાં વાત થંભાવીને ખડખડાટ હસી પડી. હું પણ ભેગો હસવા લાગ્યો. પણ પછી તે એકાએક ચુપ થઈ ગઈ.

"સાંભળો, દાદીમાની વાત સાંભળીને તમારાથી આમ હસાય નહિ. હું ભલે હસું, કેમ કે વાત રમૂજી છે. દાદીમા બિચારાં છે જ એવાં, તેમ છતાં મને થોડાંક વહાલાં તો છે જ. મને બરાબર રીતસરની સજા થઈ, પાછી મારી જગ્યાએ ગોઠવી દેવામાં આવી, અને પછી તો હું જાણે આંગળીયે નહોતી હલાવી શકતી.

"અને હું તો કહેવાનું ભૂલી જ ગઈ કે અમારે, અથવા ખરું જોતાં દાદીમાને, ઘરનું ઘર છે. સાવ નાનકડું, રસ્તે પડતી ત્રણ બારીઓ, આખું લાકડાનું, દાદીમાની ઉંમર જેટલું જ પુરાણું — અને મેડો છે. એક દિવસે નવો ભાડૂત મેડામાં રહેવા આવ્યો..."

"એટલે પહેલાં પણ કોઈ ભાડૂત રહેતો હશે," મેં અમસ્તી જ ટકોર કરી.

"ચોક્કસ વળી," નાસ્તેન્કાએ જવાબ દીધો, "અને જીભડીને તમારા કરતાં વધારે ઝાલી રાખતો. ખરું કહું તો એ વખત સુધીમાં જીભડી હલાવવાની તાકાત જ તેનામાં નહોતી રહી. બિચારો ઠીંગણો બુઢ્ઢો આદમી હતો — સાવ

દૂબળો, બહેરો, આંધળો, અને લંગડો. આખરે વધુ જીવતો રહી શકે એમ નહોતો એટલે મરી ગયો. પછી અમારે નવો ભાડૂત રાખવો પડયો કારણ કે તેના વગર અમારું કામ ચાલે જ નહિ, અમારી આવકમાં તો ખાલી દાદીમાનું પેન્શન જ છે. નસીબનો જોગ એવો થયો કે નવો ભાડૂત જુવાન હતો, અહીંનો રહેવાસી નહિ પણ બહારથી આવેલો હતો. દાદીમાએ તેને રાખી લીધો કારણ કે ભાડાની બાબતમાં તેણે જરાય માથાઝીક ન કરી, અને પછી મને પૂછ્યું: 'નાસ્તેન્કા, બેટી, કહે તો, આપણો નવો ભાડૂત જુવાન છે કે?' મારે ખોટું નહોતું બોલવું એટલે મેં કહ્યું: 'ખાસ જુવાન તો ન કહેવાય, દાદીમા, પણ ઘરડોયે નથી.' દાદીમાએ બીજો સવાલ કર્યો: 'દેખાવમાં કેવો છે, ગમે એવો?' વળી મારે ખોટું નહોતું બોલવું એટલે મેં કહ્યું: 'હા, આમ દેખાવમાં તો ગમે એવો છે.' દાદીમા બોલી ઊઠયાં: 'કેવી મુસીબત! કેવી મુસીબત! બેટી, હું તને પહેલેથી ચેતવી દઉં છું, એની સામે જોતી નહિ, અને એનો ખ્યાલ પણ મનમાં આણતી નહિ! ભલા ભગવાન, કેવો જમાનો આવ્યો છે! જુઓ તો ખરા, ખાલી મેડાનો ભાડૂત, ગરીબ જ હોય, પણ દેખાવડો! પહેલાંના જમાનામાં તો એવું ક્યારેય બનતું જ નહિ!'

"દાદીમાને પહેલાંના જમાનાનું ઘેલું હતું. પહેલાંના જમાનામાં તે નાનાં હતાં, પહેલાંના જમાનામાં સૂરજ વધારે તપતો, અને મલાઈ આટલી જલદી ખાટી ન થઈ જતી – બધું પહેલાંના જમાનામાં! હું બેઠી બેઠી વિચારતી હતી: દાદીમા પોતે જ મારા માથામાં આવા ખ્યાલો કેમ ભરી દેતાં હશે? ભાડૂત દેખાવડો અને જુવાન છે કે નહિ, એવું એવું કેમ પૂછતાં હશે? પણ મને જરાક એમ થયું એટલું જ, પછી મેં ગૂંથણ શરૂ કરી દીધું, ટાંકા ગણવા લાગી, અને બાકીનું બધું ભૂલી ગઈ.

"અમે ભાડૂતને વાયદો કરેલો કે મેડામાં દીવાલો પર નવો શોભન કાગળ લગાવી દઈશું, એટલે એક વાર સવારે તે પૂછવા આવ્યો. દાદીમાને ગપ્પાં મારવાનું બહુ ગમે છે એટલે વાતમાંથી વાત નીકળતી ગઈ. પછી તેમણે મને કહ્યું: 'જા તો, નાસ્તેન્કા, સૂવાના ઓરડામાંથી ગણતરીનું પાટિયું લઈ આવ.' કોણ જાણે કેમ શરમથી રાતી રાતી થઈ જતી હું પિનને સાવ ભૂલી જઈને સફાળી ઊભી થઈ ગઈ. ભાડૂતને ખબર ન પડે એમ છાની

રીતે પિન ખોલવાને બદલે હું ચોંકીને એકદમ ઊભી થઈ ગઈ એટલે દાદીમાની ખુરશી ઢળતી ભોંય ભેગી થઈ ગઈ. ભાડૂતને મારે વિશે બધી ખબર પડી ગઈ છે તેનું ભાન થતાં હું શરમની મારી જાણે ભોંયપટ જોડે જડાઈ ગઈ અને એકાએક મારી આંખોમાં આંસુ છલકાવા લાગ્યાં. મને શરમ અને કડવાશની લાગણી એટલી બધી થઈ કે સહન થાય જ નહિ! દાદીમાએ ઘાંટો પાડયો કે 'તાડની જેમ ઊભી કેમ છો?' અને મારું રડવાનું એકદમ વધી ગયું. ભાડૂત સમજી ગયો કે મને તેને કારણે જ શરમ આવે છે, એટલે તે તરત રજા લઈને ચાલ્યો ગયો.

"પછી તો કાયમ મારી હાલત એવી રહેતી કે પરસાળમાંથી જરાક અવાજ સંભળાય એટલે તરત જાણે મારો જીવ ઊડી જતો. મને થતું કે ભાડૂત આવે છે, અને હું છબરડો ન વાળવાના આશયે ચુપચુપ પિન ખોલી નાખીને તૈયાર રહેતી. પણ મારી ધારણા ખોટી પડતી, તે ન આવતો, ફરી આવ્યો જ નહિ. બે અઠવાડિયાં વીતી ગયાં. એક વાર ભાડૂતે ફ્યોકલા મારફત અમને કહેવડાવ્યું કે પોતાની પાસે ફ્રેંચ ભાષામાં સરસ વાંચવા જેવાં કેટલાંય પુસ્તકો છે, અને દાદીમાને મારી પાસે વંચાવવાની મરજી હોય તો મોકલે, નવાં પુસ્તકોમાં મઝા પડશે. દાદીમાએ અહેસાન માનીને હા પાડી, પણ તે ફરીફરીને પૂછતાં રહ્યાં કે તેમાં સદાચારની વાતો હશે કે નહિ, કેમ કે દુરાચારની વાતો હોય તો 'તારે વાંચવાનું કોઈ રીતે ઠીક ન ગણાય, નાસ્તેન્કા, તને ખોટાં કામ શીખવી દે.'

"'પણ દાદીમા, એવું તે શું શીખવી દે? તેમાં શું લખેલું હોય?' મેં પૂછયું.

"'અરે,' દાદીમા બોલ્યાં, 'જુવાનિયાઓ સારી સારી છોકરીઓને લલચાવીને છેતરે, માબાપના ઘરમાંથી ભગાડી જાય, પરણવા માગતા હોય એવો ઢોંગ કરે, અને પછી બિચારી છોકરીઓને નસીબના હાથમાં રઝળતી મૂકી દે, તેમની એવી માઠી દશા થાય કે કહી બતાવવું મુશ્કેલ. મેં એવી ઘણી ચોપડીઓ વાંચી છે. એવું બધું એટલી સરસ રીતે લખેલું હોય કે આખી રાત જાગીને વાંચતાં રહીએ, ચોરીછૂપીથી વાંચીએ. એટલે ધ્યાન રાખજે, અને એવી ચોપડીઓ ક્યારેય વાંચતી નહિ, નાસ્તેન્કા! કેવી ચોપડીઓ મોકલી છે એણે?'

"'બધાં પુસ્તકો સર વૉલ્ટર સ્કોટની નવલકથાઓનાં છે, દાદીમા.'

"'સર વૉલ્ટર સ્કોટની નવલકથાઓ? તને ખાતરી છે કે આમાં ચાલાકી નથી જરાય? બરાબર તપાસ કરી લે, એકાદમાં ક્યાંક પ્રેમના ઊભરા ઠાલવતો કાગળ ન મૂકી રાખ્યો હોય!'

"'ના, દાદીમા,' મેં કહ્યું, 'કાગળ તો નથી.'

"'પૂંઠા નીચે જોઈ લે, ક્યારેક પૂંઠા નીચે સરકાવી દેતા હોય છે, લફંગાની રીત!'

"'ના, દાદીમા, પૂંઠા નીચે પણ કંઈ નથી.'

"'ઠીક, ઠીક, ધ્યાન રાખજે!'

"એટલે અમે સર વૉલ્ટર સ્કોટની નવલકથાઓ વાંચવાનું શરૂ કરી દીધું અને એક મહિનામાં અરધાં પુસ્તકો વાંચી નાખ્યાં. ભાડૂત અમને નવાં પુસ્તકો મોકલતો રહ્યો, થોડાંક પૂશ્કિનનાં પણ મોકલ્યાં. પરિણામે મારી હાલત એવી થઈ ગઈ કે મને પુસ્તકો વગર ચાલે જ નહિ, અને ચીનના રાજકુંવર જોડે પરણવાનાં મારાં સ્વપ્નાં છૂટી ગયાં.

"એમ ચાલતું હતું એટલામાં એક દિવસે મને દાદરા પર ભાડૂત અકસ્માત્ ભેટી ગયો. દાદીમાએ મને કશુંક લઈ આવવા મોકલેલી. તે ઊભો રહી ગયો. મારું મોં શરમથી રાતું થઈ ગયું, તેનું પણ રાતું થઈ ગયું, પણ તેણે મોં મલકાવીને 'કેમ છો' કહ્યું, દાદીમાની તબિયત વિશે પૂછ્યું, અને પછી સવાલ કર્યો: 'પુસ્તકો વાંચી લીધાં?' 'હા, વાંચી લીધાં,' મેં કહ્યું. તેણે ફરી સવાલ કર્યો: 'કયું પુસ્તક તમને સૌથી વધારે ગમ્યું?' મેં જવાબ આપ્યો કે '**ઈવાનહો** અને પૂશ્કિનનાં પુસ્તકો બહુ ગમ્યાં.' એ વેળા તો બસ એટલી જ વાતચીત થઈ.

"એક અઠવાડિયા પછી અમે ફરી દાદરા પર મળી ગયાં. આ વખતે મને દાદીમાએ નહોતી મોકલી પણ હું જ કંઈક લઈ આવવા ગઈ હતી. બે વાગ્યા પછીનો વખત હતો, ભાડૂત રોજ લગભગ એ વખતે ઘેર પાછો ફરતો. તેણે કહ્યું 'કેમ છો' અને મેં કહ્યું 'કેમ છો.' પછી તે બોલ્યો: 'કહો તો, આખો દિવસ દાદીમા ભેગાં બેસી રહેવામાં તમને કંટાળો નથી આવતો?'

"તેણે એમ પૂછ્યું ત્યારે ફરી હું શરમ અને કડવાશની લાગણીથી અકળાઈ ગઈ, મને ખરેખર સમજાતું નથી કે કેમ, સિવાય કે બહારના લોકો મને એ બાબત વિશે પૂછવા લાગ્યા એ કારણે હોય. મને થયું કે કશો જવાબ

ન આપું અને જતી રહું, પણ કોણ જાણે કેમ મારામાં એમ કરવાની શકિત જ નહોતી.

"'સાંભળો,' તેણે કહ્યું, 'તમે સારાં ભલાં તરુણી છો, હું આવી રીતે વાત કરવાની માફી માગી લઉં છું, પણ ખાતરી રાખજો કે તમારી તરફ તમારાં દાદીમાની લાગણી કરતાં મારી લાગણી વધારે ઊંડી છે. ક્યારેક ક્યારેક મળવા જઈ શકો એવી કોઈ બહેનપણીઓ તમારે નથી?'

"મેં કહ્યું કે હવે નથી, પહેલાં એક હતી, મારેન્કા, પણ તે પરણીને ચાલી ગઈ."

"'સાંભળો,' તેણે કહ્યું, 'મારી ભેગાં થિયેટરમાં આવશો?'

"'થિયેટરમાં? પણ દાદીમા?'

"'દાદીમાને કીધા વગર આવો.'

"'ના,' મેં કહ્યું, 'દાદીમાને છેતરવાનું મારાથી ન બને. આવજો.'

"'આવજો,' તે બોલ્યો, પણ વધુ એકેય શબ્દ નહિ.

"એ જ દિવસે તે જમવાનું પતી ગયા પછી અમારે ત્યાં આવ્યા, ખુરશી લઈને બેસી ગયો, અને કેટલીય વાર સુધી દાદીમા જોડે વાતો કરતો રહ્યો, પૂછ્યું કે કદી બહાર જવાનું થાય છે કે નહિ, ઓળખીતાં પાળખીતાં કોઈ છે કે નહિ. પછી અચાનક જ તેણે કહ્યું: 'મેં આજે રાતના સંગીતનાટકની ટિકિટો લઈ રાખી છે, **સેવિલનો નાઈ** ખેલ છે. ભાઈબંધો ભેગો જવાનો હતો, પણ એ લોકો હવે નથી આવવાના, એટલે ટિકિટો નકામી જાય એમ છે.'

"'સેવિલનો નાઈ!' દાદીમા બોલી ઊઠયાં. 'પહેલાંના જમાનામાં થતો એ જ વાળંદનો ખેલ?'

"'હા, એ જ,' તેણે કહ્યું અને પછી મારી સામે જોયું. હું તો તરત આખી વાત સમજી ગઈ હતી. મારું મોં શરમથી લાલ થઈ ગયું, અને ઇંતેજારીને લીધે મારું હૈયું જોરથી ધડકવા લાગ્યું.

"'એ તો મને યાદ છે,' દાદીમા બોલ્યાં, 'બરાબર યાદ છે! અરે, પહેલાંના જમાનામાં વતનમાં એનો ખેલ થાય ત્યારે હું એમાં રાજીના બનતી!'

"'તો આજે ચાલો ને જોવા, આવશો?' ભાડૂતે પૂછ્યું. 'ટિકિટો તો છે.'

"'ભલે, જઈએ,' દાદીમાએ કહ્યું. 'કેમ નહિ? વળી મારી નાસ્તેન્કા તો હજી થિયેટરમાં ક્યારેય ગઈ જ નથી.'

"હે ભગવાન! કેવી ખુશી! અમે તરત તૈયાર થવા લાગ્યાં અને સરસ મઝાનાં કપડાં પહેરીને નીકળી પડ્યાં. દાદીમાને દેખાતું નથી પણ સંગીત સાંભળવાનું મન હતું, અને પાછાં તે માયાળુ ડોશીમા છે, તેમને એમ હતું કે મને રાજી કરે, અમે પોતાની મેળે તો કદી ગયાં જ ન હોત. સંગીતનાટક મને કેવું લાગેલું એ તો કહી શકું એમ નથી, પણ અમારો ભાડૂત બધો વખત મને હેત નીતરતી નજરે નીરખતો રહ્યો હતો અને મારી જોડે બહુ સુજનતાથી વાતો કરતો રહ્યો હતો, એટલે મને તરત સમજાઈ ગયું કે સવારે મને તેની જોડે એકલી જવાનું કહેતી વેળા તો તે ખાલી મારી કસોટી જ કરી રહ્યો હતો. હું બેહદ ખુશ થઈ ગઈ. એ રાતે પથારીમાં પડી ત્યારે મનમાં અભિમાન અને સુખની લાગણી છલકાઈ રહી હતી, હૈયું જોરથી ધડકી રહ્યું હતું, એથી જરાક કળતર જેવું લાગતું હતું, અને હું આખી રાત ખેલ અંગે લવારા કરતી રહી હતી.

"મને હતું કે અમારો ભાડૂત હવે અમારે ત્યાં વધુ ને વધુ આવતો રહેશે, પણ તેમાં મારી ભૂલ હતી. તેણે તો આવવાનું લગભગ બંધ જ કરી દીધું. મહિનામાં એકાદ વાર જરાક વાર આવી જાય, અને તે પણ ફરી અમને થિયેટરમાં જવાનું આમંત્રણ આપવા. અમે એક કે બે વાર ગયેલાં પણ ખરાં. પણ મારું મન જરાય ખુશ નહોતું. મને લાગ્યું કે તેને મારી બાબતમાં ખાલી અફસોસની લાગણી હતી કારણ કે મારી જોડે દાદીમાનું વર્તન બહુ ખરાબ હતું, બસ એટલી જ વાત હતી. હું મનમાં ઘૂંટાતી રહેતી, બસ ઘૂંટાતી જ રહેતી, અને પછી મને જાણે કંઈક થઈ ગયું: હું ચેનથી બેસી નહોતી શકતી, વાંચી નહોતી શકતી, ગૂંથણ નહોતી કરી શકતી, ક્યારેક હસી પડતી અને દાદીમા ખિજાય એવું કંઈક કરતી, અથવા ક્યારેક બસ રડવા જ લાગતી. હું સાવ દૂબળી થઈ ગઈ અને જાણે લગભગ માંદી પડી ગઈ. થિયેટરના દિવસો પૂરા થઈ ગયા, અને ભાડૂતે અમને મળવા આવવાનું સાવ બંધ કરી દીધું. ક્યારેક અમારો ભેટો થઈ જાય—બેશક દાદરા પર જ—ત્યારે એટલી ગંભીરતાથી અને મૂંગો મૂંગો માથું નમાવે કે જાણે મારી જોડે જરાય વાત કરવા ન માગતો હોય, જોતજોતામાં આંગણ પાર કરતો ચાલ્યો જાય, અને હું હજી અરધે દાદરે ઊભી હોઉં, મારું મોં

શરમથી લાલચોળ થઈ ગયું હોય, કારણ કે તે મારી નજરે પડે કે તરત જ કાયાનું બધુંયે લોહી જાણે મારા ચહેરામાં ધસી આવતું.

"હવે લગભગ છેડો આવી ગયો છે. ગયા મે મહિનામાં અમારા ભાડૂત દાદીમા પાસે આવીને જણાવ્યું કે અહીંનું કામકાજ પતી ગયું હોવાથી પોતે એક વરસ માટે મોસ્કો ચાલ્યો જવાનો છે. સાંભળીને હું તો સાવ ફીકી પડી ગઈ અને બેહોશ થઈને ખુરશીમાં ફસકાઈ પડી, અને તે રવાનગીની વાત જણાવી દીધા પછી માથું નમાવીને ચાલતો થઈ ગયો.

"હવે મારે શું કરવું? બહુ વિચાર કર્યો, બહુ બળાપો કર્યો, બહુ અકળામણમાં અટવાતી રહી, પણ આખરે મેં ફેંસલો કરી લીધો. તે બીજે દિવસે જવાનો હતો. મેં નક્કી કર્યું કે રાતે જ દાદીમા સૂઈ જાય પછી છેલ્લું કદમ ઉઠાવી લેવું. મેં મારાં બધાં કપડાંલત્તાંનું પોટલું બાંધી લીધું, અને તેને હાથમાં લઈને દાદરો ચડતી ભાડૂતને મેડે ગઈ. હું જાણે જીવતી ઓછી અને મરેલી વધારે હતી. દાદરો ચડવામાં મને આખો કલાક લાગી ગયો. મેં બારણું હડસેલીને ખોલી નાખ્યું. મને જોતાં જ તેનો તો જાણે શ્વાસ અદ્ધર ચડી ગયો. તેને હું ભૂત જેવી લાગી હોઈશ. તે એકદમ પાણી લઈ આવવા દોડી ગયો કારણ કે હું તો ઊભી પણ માંડ માંડ રહી શકતી હતી. મારું હૈયું એટલા જોરથી ધડકી રહ્યું હતું કે માથામાં દુખાવો ઊપડ્યો અને તમ્મર આવવા લાગ્યાં. મને જરાક ઠીક લાગ્યું એટલે હું પોટલું તેના ખાટલા પર મૂકીને બાજુમાં બેસી ગઈ અને બેઉ હાથ વડે મોં ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. તેને બધું તરત સમજાઈ ગયું હશે કારણ કે તે મારી સામે આવીને ઊભો રહ્યો ત્યારે તેનો ચહેરો સાવ ફિક્કો પડી ગયેલો હતો અને તેની આંખોમાં બેહદ ગમગીની ભરેલી હતી. તેણે એવી ગમગીન નજરે મારી સામે જોયું ત્યારે મારું હૈયું જાણે ચિરાઈ ગયું.

"'સાંભળો,' તેણે શરૂઆત કરી, 'મારી વાત સાંભળો, નાસ્તેન્કા! હું કંઈ જ કરી શકું એમ નથી, ગરીબ માણસ છું, હજી તો મારી પાસે કંઈ છે જ નહિ, સરખી નોકરી પણ નથી. આપણે લગ્ન કરીએ તો ગુજરાન કેવી રીતે ચાલે?'

"અમે કેટલીય વાર સુધી વાતો કરતાં રહ્યાં. આખરે મેં આવેશમાં આવી જઈને તેને કહી દીધું કે મારાથી હવે દાદીમા ભેગું રહેવાય એમ નથી, હું ભાગી જવાની, મારે પિન વડે બંધાઈને રહેવું નથી, તેની મરજી હોય

કે ન હોય પણ ભેગી મોસ્કો જવાની જ કારણ કે તેના વગર જીવતી નહિ રહી શકું. તેમાં બધું હતું — શરમ, પ્રેમ, અભિમાન, બધું જાણે એકીસાથે મારા મનમાં છલકાઈ રહ્યું હતું. હું લગભગ બેભાન થઈને તેના ખાટલામાં ઢળી પડી. મને તેના ઈનકારની એટલી બધી બીક હતી કે બસ!

"તે થોડી વાર મૂંગો મૂંગો બેસી રહ્યો, પછી ઊભો થઈને મારી પાસે આવ્યો, અને તેણે મારો હાથ પોતાના હાથમાં લીધો.

"'સાંભળો, મારાં ડાહ્યાં નાસ્તેન્કા, મારાં મીઠાં નાસ્તેન્કા,' તેણે કહેવાનું શરૂ કર્યું અને તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી. 'મારી વાત બરાબર સાંભળી લો. હું સોગન ખાઈને કહું છું કે ક્યારેય મારા સંજોગો લગ્ન કરવા જેવા થશે તો મારી જિંદગીમાં સુખ રેડી દેનાર એકલાં તમે જ હશો, બીજું કોઈ નહિ હોય પણ તમે જ હશો. સાચું માનજો કે હવે તો એકલાં તમે જ મને સુખી કરી શકો એમ છો. સાંભળો — હું મોસ્કો જાઉં છું અને બરાબર એક વરસ ત્યાં રહીશ. મને આશા છે કે ત્યાં સુધીમાં મારું બધું કામકાજ થાળે પડી જશે. હું પાછો આવું ત્યારે મારા તરફનો પ્રેમ તમારા દિલમાંથી ઓસરી ન ગયો હોય તો આપણે બેઉ સુખની જિંદગી શરૂ કરી દઈશું, હું સોગન ખાઈને કહું છું. પણ અત્યારે તે સાવ અશક્ય છે, હું કશું જ કરી શકું એમ નથી, તમારી સામે કંઈ ધરવાનો મને અધિકાર જ નથી. પણ ફરી કહું છું કે એક વરસમાં શક્ય નહિ બને તોયે કોઈક દિવસે જરૂર શક્ય બનશે જ, અને એટલી વાત સાફ છે કે તમે મારે બદલે બીજા કોઈને પસંદગી ન આપી હોય તો, કેમ કે હું તમને કોઈ રીતે વચનમાં બાંધી ન જ શકું, મને એવો અધિકાર જ નથી.'

"મને એમ સમજાવીને બીજે દિવસે તે ચાલ્યો ગયો. અમે નક્કી કર્યું હતું કે દાદીમાને વાત મુદ્દલ કહેવી જ નહિ. તેની મરજી એવી હતી. તો એમ છે, મારી કહાણી લગભગ પૂરી થઈ ગઈ છે. બરાબર એક વરસ વીતી ગયું છે. તે પાછો આવી ગયો છે, પૂરા ત્રણ દિવસથી અહીંયાં જ છે, અને..."

"અને શું?" કહાણીનો અંત સાંભળવા અધીરો થઈને હું બોલી ઊઠયો.

"અને તે હજી નજરે પડયો નથી!" નાસ્તેન્કાએ દેખીતી મહેનત કરતાં જવાબ આપ્યો. "નહિ પોતે કે નહિ કહેણ!"

તે ચુપ થઈ ગઈ, થોડીક વાર એમ ને એમ ઊભી રહી, અને પછી બેઉ હાથ વડે મોં ઢાંકી દઈને એવું કારમું રુદન કરવા લાગી કે મારું હૈયું વલોવાઈ ગયું. કહાણીના એવા અંતની મને બિલકુલ ધારણા નહોતી.

"નાસ્તેન્કા," હું હળવા અને હેતાળ અવાજે સમજાવવા લાગ્યો, "નાસ્તેન્કા, આમ રડાય નહિ. ઈશ્વરને ખાતર રડવાનું બંધ કરી દો! તમને શી ખબર? કદાચ હજી આવ્યો જ ન હોય..."

"આવી ગયો છે, અહીંયાં જ છે," નાસ્તેન્કાએ વાત પકડી લીધી. "મને ખબર છે. ગયો તેની આગલી રાતે અમે બધું નક્કી કરેલું, મેં તમને હમણાં કહ્યું એવી જ રીતે અમારી વચ્ચે બધી વાત અને ગોઠવણ થયેલી, અમે બરાબર આ જગ્યાએ જ થોડીક વાર હવા ખાવા આવેલાં. દસ વાગ્યા હતા. આ બાંકડે બેઠેલાં. મારું રડવાનું બંધ થઈ ગયેલું, હું તો હરખઘેલી થઈને તેની વાતો સાંભળતી રહેલી... તેણે કહેલું કે પાછો ફરશે એ જ ઘડીએ મને મળવા આવશે, અને હું ઇનકાર ન કરી દઉં તો અમારે જઈને દાદીમાને બધી વાત જણાવી દેવી. પાછો આવી ગયો છે, મને ખબર છે, પણ મળવા નથી આવ્યો, નથી આવ્યો!"

તે વળી પાછી રડવા લાગી.

"ભલા ભગવાન! કશી મદદ ન થઈ શકે?" હું તદ્દન હતાશ થઈને બાંકડેથી એકદમ ઊભો થઈ જતો બોલી ઊઠયો. "નાસ્તેન્કા, બોલો, હું જઈને તેને મળું તો કંઈ ફાયદો થશે?.."

"તમે જઈ શકો? એમ જવાય?" તે એકાએક માથું ઊંચું કરતી બોલી.

"ના, બેશક ન જવાય," મારી મૂર્ખાઈ સમજી જતો હું બોલ્યો. "પણ મને બીજો વિચાર આવે છે. તમે એમ કરો, તેને કાગળ લખો."

"ના, એ તો શક્ય જ નથી, એવી રીત જ નથી!" તેણે મક્કમ અવાજે જવાબ દીધો, પણ સાથે સાથે જ આંખો નીચે ઢાળી દીધી અને મારી નજરથી બચવાની કોશિશ કરી.

"કેમ નહિ? તેમાં ખોટું શું છે?" મારી વાતના ઉત્સાહમાં તણાઈ જતો હું આગળ બોલ્યો. "પણ તમારે કાગળ ખાસ રીતે લખવો પડશે. બધો મદાર તેમાં લખેલા શબ્દો પર રહેશે... નાસ્તેન્કા, સાવ સાચું કહું છું. મારી ઉપર ભરોસો રાખો! હું તમને ખોટી સલાહ ન જ આપું. બધું સરખી રીતે પાર ઉતારી શકાય એમ છે. એ વખતે પણ પહેલું કદમ તમે જ ઉઠાવેલું, તો પછી આ વેળા કેમ નહિ?.."

"ના, ના, એમાં તો હું જાણે પરાણે વળગી પડતી હોઉં એમ લાગે..."

"અરે મારાં ડાહ્યાં નાસ્તેન્કા!" હું મોં મલકાવતો વચમાં બોલ્યો.

"નહિ લાગે, જરાય નહિ લાગે, તમને તો હક છે કારણ કે તેણે વચન આપેલું છે. વળી તમારી વાત ઉપરથી તો સાફ વરતાય છે કે સમજદાર આદમી છે, માનમોભો બરાબર જાળવીને જ કંઈ કરે એવો માણસ છે," મારી રીતસરની દલીલો અને સમજાવટથી વધારે ને વધારે ખુશી અનુભવતો હું આગળ બોલતો ગયો. "તેનું વર્તન કેવું હતું, જોયું ને? તેણે પોતાને વચનથી બાંધી લીધો. તેણે સાફ જણાવ્યું કે પોતે કદી પરણશે તો બસ તમને જ, અને સાથે સાથે તમને મરજી પડે ત્યારે ના પાડી દેવા સાવ છૂટાં રાખ્યાં... એટલે પહેલું કદમ તમે ઉઠાવો તે વાજબી જ છે, તમને હક છે, તેની સરખામણીમાં તમે બહેતર હાલતમાં છો. ધારો કે તમે તેને વચનથી છૂટો કરી દેવા માગતાં હો..."

"સાંભળો, તમે હો તો કેવી રીતે લખો?"

"શું?"

"આ કાગળ."

"હું તો લખું કે 'માયાળુ મહોદય...'"

"માયાળુ મહોદય જરૂરી છે!"

"બેશક. પણ ખબર નથી, કદાચ..."

"ભલે, ભલે, આગળ બોલો!"

"'માયાળુ મહોદય, હું દિલગીર છું કે...' ફરી વિચાર કરતાં લાગે છે કે દિલગીરી જાહેર કરવાની કશી જરૂર નથી. ખુદ હકીકત જ બધું વાજબી ઠરાવી દે એવી છે. સીધું આમ જ લખવું:

"'હું તમને પત્ર લખી રહી છું. મારી અધીરાઈ માફ કરજો, પરંતુ આખું વરસ હું સુખની આશાએ જ જીવતી રહી છું. હવે શંકાનો એક દિવસ પણ સહન ન કરી શકું તેમાં મારો કશો વાંક ગણાય ખરો? તમે પાછા આવી ગયા છો, તમારો ઇરાદો કદાચ બદલાઈ ગયો હોય. એમ હોય તો આ પત્ર જણાવી દેશે કે હું ફરિયાદ પણ નથી કરતી અને તમને દોષ પણ નથી દેતી. દોષ નથી દેતી કારણ કે તમારા દિલ ઉપર મારો કશો જ કાબૂ નથી—મારું નસીબ જ એવું!'

"'તમે ઉદાર દિલના માણસ છો. મારી અધીરાઈની આ લીટીઓ વાંચીને તમે હોઠ પણ ન મલકાવજો અને ખીજ પણ ન ભરાશો. એટલું યાદ રાખજો કે આ લીટીઓ લખનારી તો એકલતામાં અટવાયેલી ગરીબ બિચારી બાળા

છે, તેને માર્ગ બતાવનારું કે સલાહ આપનારું કોઈ નથી, તે પોતાના દિલને કાબૂમાં બિલકુલ નથી રાખી શકતી. પરંતુ મારા મનમાં એક પળ પણ ભરાઈ ગયેલી શંકા બદલ મને માફ કરજો. જે તમને ચાહતી રહી છે અને હજી ચાહે છે તેને ખ્યાલમાં પણ દૂભવો એવા તમે નથી જ.'"

"વાહ! બરાબર મેં ધારેલો એવો જ છે," નાસ્તેન્કા બોલી ઊઠી. તેની આંખોમાં ખુશી ઝગારા મારી રહી હતી. "અરે, તમે તો મારી બધી શંકાઓ સાવ ખતમ કરી નાખી, તમને ઈશ્વરે જ મોકલ્યા છે! અહેસાન! અહેસાન!"

"શાનું? ઈશ્વરે જ મને તમારી પાસે મોકલ્યો તેનું?" નાસ્તેન્કાનું આનંદી મુખડું જોઈને ઉલ્લાસ અનુભવતો હું બોલ્યો.

"ભલે, બીજા કશાનું નહિ તો તેનું જ!"

"અરે નાસ્તેન્કા, જુઓ, ક્યારેક આપણે ખાલી એટલા ખાતર અમુક લોકોના અહેસાનમંદ બની જતાં હોઈએ છીએ કે તેઓ એક જ દુનિયામાં આપણી ભેગા વસતા હોય છે. હું તમારો અહેસાનમંદ છું કારણ કે આપણી ઓળખાણ થઈ, અને હવે મારી બાકીની જિંદગીમાં હું તમને સદા યાદ કરતો રહીશ!"

"બસ, બસ! હવે મારી વાત સાંભળો: તે ગયો ત્યારે અમે નક્કી કરેલું કે પાછો ફરતાં જ મુદ્દલ ઢીલ કર્યા વગર મારા અમુક ઓળખીતાઓને, આ બાબત વિશે સાવ અજાણ સીધાસાદા સદ્ભાવી લોકોને, મારે માટેનો કાગળ પહોંચાડીને મને ખબર મોકલશે; અથવા કાગળ ન લખી શકે— કારણ કે તેમાં બધું જણાવવાનું હંમેશાં શક્ય નથી હોતું—તો જે દિવસે પાછો ફરે તે જ દિવસે, અમારી મુલાકાતની ગોઠવણ મુજબ, બરાબર દસ વાગ્યે અને આ જ ઠેકાણે જાતે આવશે. મને ખબર છે કે પાછો આવી ગયો છે, ત્રણ દિવસ વીતી ગયા છે, પણ નથી પોતે આવ્યો કે નથી કાગળ પહોંચાડયો. દિવસે તો દાદીમાને મૂકીને મારાથી નીકળાય જ નહિ. તમે એક કામ ન કરો? મેં તમને વાત કરી એ સદ્ભાવી લોકોને ત્યાં આ કાગળ કાલે ન પહોંચાડી દો? તેઓ આગળ રવાના કરી દેશે, અને જવાબ આવે તો તમારે દસ વાગ્યે અહીંયાં લઈ આવવાનો."

"પણ કાગળ! જુઓ ને, પહેલાં તો તમારે કાગળ લખવાનો છે! તો પછી વાત પરમ દિવસ ઉપર જ જાય."

"કાગળ..." નાસ્તેન્કા જરાક ગૂંચવણમાં પડી જતી બોલી, "અરે... કાગળ..."

પરંતુ તેણે વાત પૂરી ન કરી. પહેલાં તે મારાથી અળગી ફરી ગઈ, પછી તેના મોં પર શરમના ગુલાબી શેરડા પડી ગયા, અને એકાએક મને લાગ્યું કે પત્ર જાણે મારા હાથમાં જ છે, ક્યારનો લખાઈ ગયેલો, તૈયાર, સરનામું બરાબર, સરખી રીતે બીડી દેવામાં આવેલો. કશીક પરિચિત, મધુર, મૃદુ યાદની લહેરખી મારા માનસપટમાં ઝબકી ગઈ.

"રો... ઝિ... ના..." મેં શરૂ કરી દીધું.

"રોઝિના!" અમે ભેગાં મળીને ગાવા લાગ્યાં. હું હર્ષના આવેશમાં તેને ભેટી પડતો માંડ રહી ગયો, અને તેનું તો શરમથી અંગેઅંગ રાતું થઈ ગયું, તે લગાતાર હસી રહી હતી, અને તેની કાળી પાંપણોમાં આંસુ ટચૂકડાં મોતીઓની જેમ ચળકી રહ્યાં હતાં.

"બસ, બહુ થયું! બહુ થયું! આવજો! બસ હવે, આવજો!" તે ઉતાવળમાં બોલી. "આ લો કાગળ અને આ છે પહોંચાડવાનું સરનામું. આવજો, કાલે મળીશું!"

મારા હાથ હેતથી દબાવીને અને માથું હલાવીને વિદાય લેતી તે જાણે તીરના વેગે ઊડતી શેરીમાં સમાઈ ગઈ. હું તેની પાછળ મીટ માંડીને કેટલીય વાર સુધી ત્યાં ને ત્યાં ઊભો રહ્યો.

"કાલે મળીશું! કાલે મળીશું!" તે દેખાતી બંધ થઈ ત્યારે પણ મારા મનમાં એ શબ્દોનો રણકાર ગુંજી રહ્યો હતો.

ત્રીજી રાત

વરસાદ વરસી રહ્યો હતો અને ગમગીની છવાયેલી હતી. પ્રકાશનો અણસારો પણ ક્યાંય નજરે પડતો નહોતો. એકલતામાં અટવાતી મારી વૃદ્ધાવસ્થા જેવો દિવસ હતો. મારા મનમાં વિચિત્ર વિચારો ઊભરાઈ રહ્યા છે, સાવ આછી આછી લાગણીઓ અને પાંખી પાંખી સમસ્યાઓ છલકાઈ રહી છે, પરંતુ તેમાં સ્પષ્ટતા આણવાની શકિત કોણ જાણે કેમ મારામાં નથી રહી. ના, આ બધું મારાથી ઉકેલાય એમ નથી!

આજની રાતે મુલાકાત નહિ થાય. ગઈ રાતે અમે છૂટાં પડયાં ત્યારે આકાશમાં વાદળાં ઘેરાઈ રહ્યાં હતાં અને ધુમ્મસ જામવા લાગ્યું હતું. મેં કહેલું કે કાલે મોસમ બહુ ખરાબ હશે. તેણે કશો જવાબ નહોતો આપ્યો, તેને નિરાશા નહોતી જોઈતી, કારણ કે તેનો દિન તો સ્વચ્છ અને ઝળકતો હોય, તેના સુખમાં તો જરાક જેવડાયે વાદળની છાયા ન હોય.

"વરસાદ હશે તો આપણે નહિ મળીએ," તેણે કહેલું. "હું નહિ આવું."

મને હતું કે આજનો વરસાદ તો તેના ધ્યાનમાંયે નહિ આવે, છતાં તે નહોતી આવી.

કાલે રાતે અમારી ત્રીજી મુલાકાત હતી, ત્રીજી ઊજળી રાત હતી, ત્રીજી ધવલ નિશા હતી...

પરંતુ અજબ વાત છે કે સુખ અને આનંદ માનવીને કેવી સુંદરતા બક્ષે છે! હૈયામાં કેવો પ્રેમ છલકાવા લાગે છે! એમ થાય કે બધોયે પ્રેમ બીજા કોઈ હૈયામાં રેડી દઈએ, મનમાં ઝંખના જાગે કે આસપાસ બધે ખુશાલી અને હાસ્યના રણકાર ગુંજી ઊઠે. અને ખુશી કેટલી ઝડપથી ફેલાઈ જાય છે! કાલે રાતે તેના શબ્દોમાં કેવી કોમળતા હતી, તેના હૈયામાં કેવું હેત હતું! તેણે મને મધુરપ આપી, મારી લાગણીઓનાં ભારે ખેવના રાખી, ખૂબ હેતાળ સૂર રેલાવીને મને આશા અને હામ બક્ષી! અરે, તેના સુખે પ્રેરેલાં લટકાંની કેવી અજબ દુનિયા! અને મેં માની લીધું કે બધું અસલી છે, માની લીધું કે તે...

પણ ભલા ભગવાન, કેમ માની લીધું? બધું બીજા કોઈનું હતું, કશુંયે મારું નહોતું, તેમ છતાં હું એવો અંધ કેવી રીતે બની ગયો? તેનું હેત, તેની કાળજી, તેનો પ્રેમ—હા, મારા તરફનું વહાલ પણ—અને પોતાના સુખમાં મને ભાગીદાર બનાવવાની આતુરતા, બધુંયે અન્ય જોડેની અપેક્ષિત મુલાકાતના હર્ષોન્માદ સિવાય બીજું કંઈ જ નહોતું... અમે પેલાની વ્યર્થ વાટ જોતાં રહ્યાં પણ તે આવ્યો નહિ ત્યારે તેની ભ્રમરો સંકોડાઈ ગયેલી, તે ગભરાઈ ગયેલી, ઢીલી પડી ગયેલી. તેની બધી હલચલ અને વાણીની હળવાશ, વિનોદ, અને ખુશાલીમાં ઓટ આવી ગઈ હતી. અને અજબ વાત છે કે તે મારી ઉપર બમણું વહાલ વરસાવવા લાગી હતી, જાણે કેમ પોતાને જેની આશા હતી પણ ન પામવાની બીક હતી તેની રેલમછેલ મને

બક્ષવાનું તેને સહજ મન થયું હોય. મારી નાસ્તેન્કા એટલી ગભરાટમાં પડી ગયેલી અને મૂંઝાઈ ગયેલી કે તે આખરે મારા પ્રેમને પારખી ગઈ હોય અને તેને મારા બિચારા દિલ તરફ અનુકંપા થઈ હોય એમ મને લાગે છે. એટલે, આપણે પોતે જ્યારે દુખી હોઈએ ત્યારે આપણને બીજાના દુખનો વધારે ખ્યાલ રહે, એવી હાલતમાં આપણી લાગણીઓ નષ્ટ ન થઈ જાય પરંતુ, એથી ઊલટું, વધારે પ્રબળ બને...

હું ઉમંગે છલકાતું હૈયું લઈને તેને મળવા ગયેલો, અને મુલાકાતની ઘડીની વાટ આતુરતાથી જોતો રહેલો. મને અત્યારે જેવી લાગણી થઈ રહી છે તેની કશી જ આશંકા મારા મનમાં નહોતી. મને આવા અંજામનો ખ્યાલ મુદ્દલ નહોતો. તેના હૃદયમાં ખુશીનું તેજ ઝગારા મારી રહ્યું હતું, તે પેલાના જવાબની રાહ જોઈ રહી હતી. એ પોતે જ જવાબ બનીને આવવાનો હતો, તેનો સાદ સાંભળીને દોડતો આવવાનો હતો. તે પૂરો એક કલાક વહેલી પહોંચી ગયેલી. શરૂઆતમાં તેને દરેક બાબત રમૂજી લાગતી, મારો હરેક શબ્દ સાંભળીને તે હસી પડતી.

મારા દિલની વાત હું તેને કહેવા જતો હતો, પણ પછી ન કહી.

"તમને ખબર છે કે હું આટલી બધી ખુશ કેમ છું?" તે બોલી. "જાણો છો કે તમને જોઈને હું આજે આટલી બધી ખુશ કેમ થઈ જાઉં છું? તમારી ઉપર મને આટલું બધું વહાલ કેમ ઊપજે છે?"

"ના, કેમ?" મેં પૂછ્યું, અને મારું હૈયું જોરથી ધડકવા લાગ્યું.

"મને તમારી ઉપર આટલું બધું વહાલ ઊપજે છે કારણ કે તમે મારા પ્રેમમાં નથી પડી ગયા. અરે, તમારે બદલે બીજું કોઈ પણ હોત તો તેણે મને પજવી હોત અને હેરાન કરી નાખી હોત, રોદણાં રોયાં હોત અને નિસાસા નાખ્યા હોત, પણ તમે બહુ સજ્જન છો!"

એટલું કહેતાં તેણે મારો હાથ એવા જોરથી દબાવ્યો કે મારા મોંમાંથી ઊંહકારો નીકળી ગયો. તે હસી પડી.

"પ્રભુની દયા! તમે કેવા સરસ દોસ્ત છો!" તે એક મિનિટ પછી ગંભીરતાથી બોલી. "અરે, ઈશ્વરે જ તમને મોકલ્યા છે! જરાક વિચાર કરો, તમે મારી ભેગા ન હોત તો મારું શું થાત! તમે કેવા સાવ સ્વાર્થ વગરના છો! કેવા ઉદાર દિલે મને વહાલ કરો છો! મારું લગ્ન થઈ જાય પછી આપણે બહુ ગાઢ દોસ્તો બની રહીશું, આપણી દોસ્તીમાં ભાઈબહેન

કરતાંયે વધારે પ્યાર હશે. મારા હૈયામાં જેટલું વહાલ તેની ઉપર હશે એટલું જ લગભગ તમારી ઉપર હશે..."

એક પળ તો મને કારમી ગમગીનીનો ભાસ થયો, પણ આનંદ જેવું કશુંક મારા દિલમાં સળવળી રહ્યું હતું.

"તમે ઘેલાં થઈ ગયાં છો," મેં કહ્યું, "ગભરાશો નહિ, મને તો લાગે છે કે એ કદાચ નહિ આવે."

"ભલા ભગવાન! ના!" તેણે જવાબ આપ્યો. "મારા મનમાં સુખની ભરતી ઓછી હોત તો મને લાગે છે કે તમારા ઠપકાનાં અને અવિશ્વાસનાં વેણ સાંભળીને હું રડી પડી હોત. તમે મને વિચાર કરવાનું, બહુ વિચાર કરવાનું, કારણ આપ્યું છે પણ તેની વાત પછી, હમણાં તો એકરાર કરી લઉં કે તમે ખરું જ કહ્યું છે. હા, ખરું જ કહ્યું છે. કોણ જાણે કેમ હું બહુ બેચેન છું, મારા મનમાં આશા ઉછાળા મારી રહી છે અને મારું દિલ કોણ જાણે કેમ બહુ આળું બની ગયું છે. પણ બસ થયું, ગમગીનીઓની વાત રહેવા દઈએ!.."

પગલાંનો અવાજ સાંભળીને અમે થંભી ગયાં. એક માણસ અંધારાના વાતાવરણમાંથી નીકળતો અમારી તરફ આવી રહ્યો હતો. અમે આગળ ચાલવા લાગ્યાં. તેણે તો લગભગ સાદ પાડી દીધો. હું તેનો હાથ મૂકી દઈને આગળ ચાલતી પકડવા તૈયાર થઈ ગયો. પણ અમારી ભૂલ હતી — માણસ કંઈ તે નહોતો.

"શાની બીક લાગી? મારો હાથ કેમ મૂકી દીધો?" તેણે પૂછ્યું, અને પોતાનો હાથ વળી પાછો મારા હાથમાં પરોવી દીધો. "ભલે ને, કેમ નહિ? આપણે ભેગાં જ તેને મળીશું. મારી તો એવી મંછા છે કે ભલે જુએ, આપણને એકબીજાની ઉપર કેટલું વહાલ છે તે ભલે નજરે જોઈ લે."

"આપણને એકબીજાની ઉપર કેવું વહાલ છે!" હું બોલી ઊઠયો.

"અરે નાસ્તેન્કા! અરે નાસ્તેન્કા!" મને થયું. "એ એક શબ્દમાં કેટલો મર્મ ભરેલો છે! આવું વહાલ **ક્યારેક** તો અંતરમાં ભારે બોજો બની જાય છે અને દિલને સાવ ટાઢું પાડી દે છે. તારો હાથ ઠંડોગાર છે, અને મારો હાથ જાણે અંગારા જેવો. અરે નાસ્તેન્કા, તું કેવી આંધળીભીંત છે!.. સુખમાં ઘેલું માણસ ક્યારેક કેવું અસહ્ય બની જાય છે! પણ મને તારી ઉપર ગુસ્સો તો કોઈ રીતે આવે જ નહિ!.."

આખરે હું મારી લાગણીઓને કાબૂમાં ન રાખી શક્યો.

"નાસ્તેન્કા! સાંભળો!" હું બોલી ઊઠયો. "તમને ખબર છે કે કાલની રાત પછી મારી ઉપર કેવી વીતી છે?"

"ના, શું થયું? ઝટ બોલો! અત્યાર સુધી કેમ કંઈ કહ્યું નહિ?"

"નાસ્તેન્કા, પહેલી વાત તો એ કે તમે સોંપેલું કામ મેં બરાબર પાર પાડી લીધું, તમારા ભલા ઓળખીતા લોકોને ત્યાં જઈને કાગળ પહોંચાડી દીધો, પછી ઘેર ગયો... પછી ઘેર જઈને પથારીમાં પડયો."

"બસ, એટલું જ?" તે હસતી હસતી વચમાં બોલી.

"હા, લગભગ એટલું જ," મેં ભારે મહેનત કરીને જવાબ આપ્યો કારણ કે કાળમુખાં આંસુ મારી આંખોમાં છલકાઈ રહ્યાં હતાં. "આપણી મુલાકાતના વખતથી એક કલાક વહેલો ઊઠી ગયો, પણ જાણે નીંદર જરાય કરી જ ન હોય એમ મને લાગ્યું. સમજાણ નથી પડતી કે મને શું થઈ ગયેલું. હું તેની જ વાત તમને કહેવા અહીંયાં આવ્યો, તમને કહેવા કે મારે માટે સમય જાણે થંભી ગયેલો, એ ઘડીથી માત્ર એક જ લાગણી, એક જ સંવેદના, મારા દિલમાં સદા રહેશે, જાણે સમગ્ર જીવન મારે માટે થંભી ગયું હોય એમ એક જ ક્ષણ અનંત કાળ સમી બની રહેશે. હું જાગ્યો ત્યારે મને જાણે લાંબા સમયથી પરિચિત સંગીત, મધુરું સંગીત, ક્યાંક સાંભળેલું અને પછી ભુલાઈ ગયેલું સંગીત, યાદ આવતું હોય એમ લાગ્યું. મને એવી લાગણી થઈ કે મારી આખી જિંદગી દરમિયાન એ સંગીત જાણે મારા હૈયામાંથી ફૂટી નીકળવા તરખાટ મચાવતું રહ્યું છે અને અંતે હવે જ..."

"અરે! ભલા ભગવાન! ભલા ભગવાન!" નાસ્તેન્કા વચમાં બોલી ઊઠી. "આ બધું શું છે? મને તો તમારો એક શબ્દ પણ સમજાતો નથી!"

"અરે નાસ્તેન્કા! મારી આવી અજબ લાગણીનો અનુભવ તમને પણ કરાવવાનું મને બહુ મન હતું..." મેં વ્યથા ભરેલા અવાજે શરૂ કર્યું. મારા અવાજમાં આશાનો એક કણ, ભલે સાવ ટચૂકડો કણ, હજી બાકી હતો.

"ચુપ! વધુ બોલશો નહિ!" તેણે કહ્યું. તેને એક ઝબકારામાં બધું સમજાઈ ગયું હતું, ખરી ચતુર!

એકદમ તે જાણે અણધારી રીતે જ બહુ વાતો કરવા લાગી, ખુશખુશાલ અને રમતિયાળ બની ગઈ. તેણે મારો હાથ પકડી લીધો, તે હસતી રહી

અને મને હસાવવાની કોશિશ કરતી રહી. મારી મૂંઝવણમાં બોલાતો દરેક શબ્દ સાંભળીને તે ખડખડાટ હસી પડતી. મને ખીજ ચડવા લાગી, અને તેણે એકાએક નખરાળી અદા ધારણ કરી લીધી.

"જુઓ," તે બોલી, "તમે મારા પ્રેમમાં નથી પડી ગયા એટલે મને જરાક અકળામણ તો થાય જ છે. આદમીના મનમાં શું હશે તેની ખબર જ ન પડે! પણ ભલે, મિસ્ટર અક્કડ, મારી નિખાલસતાનાં વખાણ કર્યા વગર તો ચાલશે જ નહિ. હું તમને બધું કહી દઉં છું, મારા મનમાં ભલે ગમે તેવો બેવકૂફીનો ખ્યાલ આવે તોયે કહી દઉં છું!"

"સાંભળો! અગિયાર વાગી ગયા!" શહેરમાં દૂર આવેલા ટાવરના એકધારા ડંકા કાને પડતાં હું બોલ્યો. તે એકદમ હસવું દબાવી દઈને ચુપ થઈ જતી ડંકા ગણવા લાગી.

"હા, અગિયાર વાગી ગયા," તે આખરે ઢીલા અને કંપતા અવાજે બોલી.

મને તરત અફસોસ થયો કે બિચારીને ગભરાવી નાખીને ડંકા ગણતી કરી દીધી, અને મારા મનના ખાર બદલ મેં પોતાની ઉપર જ શાપ વરસાવ્યા. તેની દશા જોઈને હું ખિન્ન થઈ ગયો. મને સમજાતું નહોતું કે મારા પાપનું પ્રાયશ્ચિત કેવી રીતે કરવું. હું તેને દિલાસો દેવા લાગ્યો, પેલાની તરફેણનાં કારણો ઉપજાવી કાઢવા લાગ્યો, અને સાબિત કરવા લાગ્યો કે ચોક્કસ કોઈ ખાસ વાત બની હશે એટલે જ તે નહિ આવી શક્યો હોય. એ ઘડીએ નાસ્તેન્કાને સમજાવી લેવાનું સાવ સહેલું હતું, અથવા એમ કહું કે એવી ઘડીએ તો કોઈ પણ માણસ ગમે તેવો ખુલાસો માની લેવા ખુશીથી તૈયાર થઈ જાય, અને કશાક કારણની આછી છાયા પણ જોવા મળે તો ખૂબ જ રાહત અનુભવે.

"સાંભળો, આ તો રમૂજ પડે એવું છે," હું વિષય અંગે વધારે ને વધારે ઉત્સાહમાં આવી જતો અને મારી દલીલોની વિશદતા જોઈને હરખાતો બોલ્યો. "તે કોઈ રીતે આવી શકે જ નહિ! નાસ્તેન્કા, તમે તો મને ભૂલમાં નાખી દઈને એટલો બધો ગોટાળે ચડાવી દીધો કે વખતના હિસાબમાં મેં સાવ છબરડો વાળી દીધો! જરાક વિચાર કરો — તમારો કાગળ તેને હજી માંડ પહોંચ્યો હોય, ધારો કે તે આવી શકે એમ ન હોય અને તમને જવાબ લખે, પણ તેનો કાગળ તમને કાલ પહેલાં તો ન જ મળે! હું કાલે બને

એટલો વહેલો જઈને લઈ આવીશ, અને તમને તરત ખબર આપીશ. વિચાર કરો કે હજાર હજાર અણધારી વાતો બની શકે. તમારો કાગળ પહોંચે ત્યારે તે ઘરમાં જ ન હોય તો? તેણે કદાચ હજી વાંચ્યો પણ ન હોય! આખર તો ગમે તે બની શકે!"

"હા, ખરી વાત," નાસ્તેન્કા જવાબમાં બોલી. "મને તો ખ્યાલ જ ન આવ્યો, ખરેખર ગમે તે બની શકે." તે એમ જ મનને મનાવતી બોલતી રહી, પરંતુ કશાક અસ્પષ્ટ અને વિપરીત વિચારના બોદા સૂરની માઠી અસર તેમાં વરતાતી હતી. "જુઓ, આમ કરો," તેણે કહ્યું, "કાલે બને એટલા વહેલા જાઓ અને જવાબ હોય તો મને તરત ખબર પહોંચાડો. તમે તો જાણો છો કે હું ક્યાં રહું છું, નહિ?" અને તેણે પોતાનું સરનામું મને ફરી જણાવ્યું.

પછી મારી જોડે તેનું વર્તન બહુ મીઠું, બહુ હેતાળ, બની ગયું... મારી બધી વાતો ખૂબ ધ્યાનથી સાંભળતી હોય એમ લાગતું હતું, પરંતુ હું સીધો સવાલ પૂછું ત્યારે જવાબ ન આપતી અને જાણે અકળાઈ જઈને મોં બીજી તરફ ફેરવી લેતી. મેં તેની આંખો પર નજર નાખી—હા, એમ જ હતું, રડી રહી હતી.

"અરે, આ શું? આમ રડાય નહિ! સાવ નાના બચ્ચા જેવાં છો! બાળકવેડા મૂકી દો! બસ હવે! રડવા દો!"

તેણે મોં મલકાવવાની અને સ્વસ્થ બનવાની કોશિશ કરી, પરંતુ તેની ચિબુક ફરકી રહી હતી અને છાતી હજી ધડકી રહી હતી.

"હું તો તમારો વિચાર કરી રહી છું," થોડીક વાર ચુપ રહીને તે બોલી. "તમે બહુ જ ભલા છો, અને મારું દિલ પથ્થરનું હોય તો જ આટલી ભલાઈ જોઈને લાગણી ન થાય. તમને ખબર છે કે મારા મનમાં હમણાં કેવો ખ્યાલ આવી ગયો? હું તમારી બેની સરખામણી કરવા લાગેલી. તે—તે કેમ તમે નથી? તે કેમ તમારા જેવા નથી? હું તેને વધારે ચાહું છું એ ખરું, પણ તમે તેનાથી બહેતર છો."

મેં કશો જવાબ ન આપ્યો. તેને જાણે જવાબમાં કંઈક સાંભળવાની આશા હોય એમ લાગતું હતું.

"હા, એમ જરૂર બને ખરું કે હું હજી તેને બરાબર સમજી ન હોઉં, સરખી રીતે જાણી ન શકી હોઉં. હું હંમેશાં તેનાથી ડરતી રહી છું, તે કાયમ

ગંભીર રહેતો, એક રીતે જાણે મગરૂર. મને બેશક ખબર છે કે તે એવો તો ખાલી દેખાવમાં જ છે, તેના હૈયામાં મારા દિલ કરતાં વધારે વહાલ છલકાતું રહે છે... મને બરાબર યાદ છે કે હું પહેલાં વહેલી તેની પાસે પહોંચેલી ત્યારે તેણે મારી સામે કેવી રીતે જોયેલું. તેમ છતાં મને લાગે છે કે મારા મનમાં તેની તરફ વધારે પડતો આદર છે, એના મનમાં ના જાણે આમ લાગે કે અમે સરખાં નથી, નહિ?"

"ના, નાસ્તેન્કા, ના!" મેં જવાબ દીધો. "તેનો અર્થ એવો છે કે તમને દુનિયામાં વધારેમાં વધારે વહાલું, પોતાનાથીયે વધારે વહાલું, કોઈ હોય તો તે."

"હા, ખરી વાત, એમ જ," ભોળી નાસ્તેન્કા માની ગઈ. "પણ તમને ખબર છે કે મારા મનમાં હમણાં કેવો ખ્યાલ આવી ગયો? એટલું કહી દઉં કે આ વાતને તેની જોડે કશો જ સંબંધ નથી, આ તો સામાન્ય વાત છે, મારા મનમાં કેટલાય વખતથી ઘોળાતી રહી છે: આપણે સૌ ભાઈભાંડુ જેવાં કેમ ન બની રહીએ? સારામાં સારાં માણસો પણ કશુંક મનમાં દબાવી કેમ રાખતાં હોય છે? કશુંક બીજાથી ખાનગી કેમ રાખતાં હોય છે? મનમાં જે વાત હોય, ખરી લાગતી હોય, તે સાફ બતાવી કેમ ન દેવી? દરેક માણસ ખરેખર હોય તેનાથી વધારે ગંભીર દેખાવાની કોશિશ કરે છે, જાણે કેમ તેને બીક લાગતી હોય કે પોતાની લાગણીઓને વધારે પડતી વહેલી જાહેર કરી દેવાથી તે હીણી બની જાય..."

"અરે નાસ્તેન્કા, તમારી વાત તો સાવ સાચી છે પણ તેનાં ઘણાં ઘણાં કારણો હોય છે," એ ઘડીએ મારી લાગણીઓને અગાઉ કરતાં વધારે દબાવી દેતો હું વચમાં બોલ્યો.

"ના, ના," તે એકદમ લાગણીવશ થઈ જતી બોલી ઊઠી, "તમે તો બીજા લોકો જેવા કોઈ રીતે નથી જ. મને ખરેખર નથી સમજાતું કે મારા મનની લાગણી તમને બરાબર કેવી રીતે જણાવું, પણ મને લાગે છે કે તમે તો... જુઓ ને... દાખલા તરીકે... મને લાગે છે કે તમે મારે ખાતર કશુંક કુરબાન કરી રહ્યા છો," તેણે મારી ઉપર ઊડતી નજર ફેરવતાં હળવા અવાજે ઉમેર્યું. "હું આ તમને કહી રહી છું તેની માફી તમારે મને આપવી જ પડશે, સીધીસાદી છોકરી છું, મેં હજી દુનિયા બહુ જોઈ નથી, અને વાત કેમ કહેવી તેની સમજણ મને ક્યારેક ખરેખર નથી પડતી,"

તે જાણે કશીક છાની લાગણીને લીધે કંપતા અવાજે બોલી, અને એ લાગણીને મોં મલકાવીને છુપાવવાની કોશિશ કરવા લાગી. "પણ મારે તમને એટલું કહી દેવું હતું કે હું તમારી કેટલી અહેસાનમંદ છું, મને પણ એવી બધી લાગણીઓ થાય છે... ઈશ્વર તમને સુખી કરે! અને તે દિવસે તમે મને તમારા પેલા સ્વપ્નદર્શીની બધી વાતો કહેલી તેમાંથી એક પણ સાચી નથી, મતલબ કે તેને તમારી જોડે મુદ્દલ સંબંધ નથી. તમે સાજા નરવા છો, તમારા પોતાના વર્ણનથી ખરેખર સાવ નિરાળા છો. તમે કદીયે કોઈના પ્રેમમાં પડો તો મારી શુભ કામના છે કે તમને તેની જોડે પૂરું સુખ મળે. મારે તેનું તો કશું ભલું વાંછવાનું હોય જ નહિ કારણ કે તમારી જોડે તે બેશક સુખી થાય જ. હું પોતે સ્ત્રી છું એટલે બરાબર સમજું છું, અને તમારે મારી વાત માની જ લેવી પડે..."

તે ચુપ થઈ ગઈ અને હેતથી મારો હાથ દબાવવા લાગી. મારી ઉત્તેજિત દશામાં હું પણ કંઈ બોલી ન શક્યો. એમ ને એમ થોડોક વખત વીતી ગયો.

"લાગે છે કે આજે તો નહિ જ આવે," તે માથું ઊંચું કરતી આખરે બોલી, "બહુ મોડું થઈ ગયું છે..."

"કાલે જરૂર આવશે," મેં ખૂબ જ મક્કમ અને ખાતરીભર્યા અવાજે કહ્યું.

"હા," તે જરાક રાજી થતી બોલી. "એમ જ લાગે છે, કાલે આવશે. ઠીક ત્યારે, આવજો! કાલે મળીશું! વરસાદ હશે તો કદાચ નહિ આવું. પણ પરમ દિવસે તો આવીશ જ, ચોક્કસ આવીશ, ગમે તેમ થાય તોયે આવીશ. તમે પણ આવજો, જરૂર. મારી ઇચ્છા છે કે તમે આવો, બધી વાત કરીશ."

અમે છૂટાં પડી રહ્યાં હતાં ત્યારે તેણે પોતાનો હાથ મારા હાથમાં મૂકીને નિર્મળ નજરે મારી સામે જોતાં કહ્યું:

"હવે તો આપણે સદા ભેગાં જ રહીશું, નહિ?"

અરે નાસ્તેન્કા! અરે નાસ્તેન્કા! તને ખબર હોત કે હવે મને કેવી એકલતા લાગે છે!

ઘડિયાળમાં નવના ડંકા થયા ત્યારે ઓરડામાં વધારે વાર બેસી રહેવાનું મારે માટે અસહ્ય બની ગયું. વરસાદ વરસી રહ્યો હતો પણ હું તો કપડાં બદલાવીને બહાર નીકળી ગયો. ત્યાં પહોંચીને અમારે બાંકડે બેસી ગયો.

હું તેની શેરીમાં ગયા, પણ પછી શરમ આવી એટલે તેની બારી તરફ નજર પણ નાખ્યા વગર, તેના ઘર સુધી ગયા વગર, પાછો વળી ગયો. હું પાછો ઘેર પહોંચ્યો ત્યારે અગાઉ કદી ન જાણેલી એવી હતાશામાં ડૂબી ગયો હતો. કેવો વરસાદ! કેવું બેરંગ કંટાળાજનક વાતાવરણ! મોસમ એટલી ખરાબ ન હોત તો હું આખી રાત ત્યાં જ ભટકતો રહ્યો હોત.

પણ કાલે! કાલે! કાલે મને બધી વાત કહેશે!

આજે પત્ર નહોતો. પણ ન જ હોય. તેમનું મિલન તો થઈ ગયું છે.

ચોથી રાત

હે પ્રભુ! કેવો અંજામ! બધું ખતમ થઈ ગયું!

હું નવ વાગ્યે પહોંચ્યો. તે આવી ગઈ હતી. મને જરાક છેટેથી જ નજરે પડી ગઈ હતી. પહેલી રાતની જેમ જ કઠેરા ઉપર નમીને ઊભી અને મારાં પગલાં તેને નહોતાં સંભળાયાં.

"નાસ્તેન્કા!" મહેનત કરીને મારી ઉત્તેજના દબાવીને હતાં મેં તેને બોલાવી.

તે એકદમ મારી તરફ ફરી ગઈ.

"આપો!" તેણે કહ્યું. "ઝટ આપી દો!"

હું આભો બનીને તેની સામે જોતો રહ્યો.

"કાગળ ક્યાં છે? લાવ્યા છો ને?" એક હાથે કઠેરાને જોરથી પકડીને તેણે પૂછ્યું.

"ના, કાગળ તો નથી," હું આખરે બોલ્યો. "તમે હજી તેને મળ્યાં નથી?"

તેનું મોં એકદમ ફિક્કું પડી ગયું. તે કેટલીય વાર સુધી મને તાકતી ઊભી રહી. મેં તેની છેલ્લી આશાને ધૂળમાં રગદોળી નાખી હતી.

"ભલે, ભગવાન તેનું ભલું કરે!" તે આખરે ઢીલા તૂટક અવાજે બોલી. "મને આમ રઝળતી મૂકી દેવા માગતો હોય તો ભલે, ભગવાન તેનું ભલું કરે!"

તેણે નજર નીચે ઢાળી દીધી, પછી જાણે નજર મારી જોડે મિલાવવાની કોશિશ કરી પણ મિલાવી ન શકી. તેણે લાગણીઓને કાબૂમાં રાખવાની

મહેનત થોડીક વાર કરી, પરંતુ પછી એકાએક ફરી ગઈ અને કઠેરા ઉપર નમીને ચોધાર આંસુએ રડવા લાગી.

"બસ, બસ," મેં બોલવાનું શરૂ તો કર્યું, પણ તેની હાલત જોતાં આગળ કશું બોલવાની શકિત મારામાં ન રહી. અને કહેવાનું હતુંયે શું?

"મને દિલાસો ન આપશો," તે રડતી રડતી બોલી, "તેની વાત જ કરતા નહિ, આવશે એમ કહેતા નહિ, જરાય સમજાવતા નહિ કે તેણે મને સાવ નિર્દયતાથી, મુદ્દલ માણસાઈ વગર, આમ રઝળતી મૂકી દીધી છે! પણ કેમ? કેમ? મારા કાગળમાં, કાળમુખા કાગળમાં, તો એવું કંઈ બેશક નહોતું, કે હશે?.."

તે ચુપ થઈ ગઈ. ડૂસકાંથી તેનું ગળું રૂંધાઈ ગયું હતું. તેને જોઈને મારું હૈયું વલોવાઈ ગયું.

"ઓહ! કેવી નિર્દયતા! માણસાઈનો છાંટોયે નહિ!" તે ફરી બોલવા લાગી. "અને એક લીટીયે ન લખી! ન લખી! એટલું તો લખી જ શક્યો હોત કે હવે મારી જરૂર નથી, મને તરછોડી કાઢવી છે, પણ આખા ત્રણ દિવસમાં એક લીટીએ નહિ! બિચારી નિરાધાર છોકરીને તુચ્છકારવાનું અને દૂભવવાનું તેને કેટલું સહેલું લાગ્યું! અને વાંક એટલો જ કે હું તેને ચાહું છું! અરે, આ ત્રણ દિવસમાં મારી ઉપર કેવી કેવી વીતી છે! હે પ્રભુ! હે ઈશ્વર! કેવું યાદ આવે છે કે એ વખતે પહેલી વાર હું જ તેની પાસે ગયેલી, રાંક બનીને તેની પાસે ગયેલી, રડેલી, મને પ્રેમ આપવા, પ્રેમનું ખાલી જરાક જેટલું ટીપું આપવા, તેને વીનવતી રહેલી! એટલું એટલું— અને પછી!.. સાંભળો," તે મારી તરફ ફરી અને તેની કાળી આંખોમાં જાણે ઝબકારો થયો, "ના, એમ નથી! હોય જ નહિ! શક્ય જ નથી! આપણ બેમાંથી એકની ભૂલ છે, કાં તમારી ને કાં મારી. કદાચ તેને મારો કાગળ હજી મળ્યો જ ન હોય? કદાચ તેને કાગળની હજી કશી ખબર જ ન હોય? કારણ કે તેણે મારી જોડે કર્યું છે એવું જંગલી અને જુલમી વર્તન માણસ કોઈની જોડે કેવી રીતે કરી શકે? ભગવાનને ખાતર કહો, વિચાર કરી જુઓ મને સમજાતું નથી એટલે સમજાવો—કેવી રીતે કરી શકે? એક શબ્દ પણ નહિ! દુનિયાના ખરાબમાં ખરાબ માણસ તરફ પણ આથી તો વધારે જ દયા બતાવવામાં આવે! કદાચ તેણે મારે વિશે કંઈક સાંભળ્યું હોય? કદાચ કોઈએ તેને મારે વિશે કૂડી વાતો કહી હોય?" તે જોરથી

બોલતી છેલ્લો સવાલ કરીને મારી તરફ ફરી. "તમને શું લાગે છે?"

"સાંભળો, નાસ્તેન્કા, હું કાલે જઈને તમારા વતી તેની જોડે વાત કરીશ."

"પછી?"

"બધું તેને પૂછીશ. બધું જણાવીશ."

"અને પછી?"

"તમે કાગળ લખો. ના પાડશો નહિ, નાસ્તેન્કા, બિલકુલ ના પાડશો નહિ. તમારા એવા પગલાનું માન તે બરાબર જાળવે એ જોવાનું કામ મારું... તેને પૂરી જાણકારી મળી જશે અને પછી જો..."

"ના, મારા મિત્ર, ના," તે વચમાં બોલી ઊઠી. "બસ થઈ ગયું! હવે મારા તરફથી એક લીટી પણ નહિ, એક શબ્દ પણ નહિ. બહુ થઈ ગયું! હું તેને ઓળખતી જ નથી, હવે ચાહતી જ નથી, તેને ભૂલી જઈશ..."

તે આગળ ન બોલી શકી.

"ધીરાં પડો! મન ઠેકાણે રાખો! આવો, અહીંયાં બેસો, નાસ્તેન્કા!" હું તેને બાંકડા પર બેસાડતો બોલ્યો.

"મારું મન ઠેકાણે જ છે. ફિકર ન કરો. કંઈ નથી. આ તો ખાલી આંસુ છે, હમણાં સુકાઈ જશે. તમે શું એમ માની લીધેલું કે હું જીવ કાઢી નાખીશ, નદીમાં ઝંપલાવી દઈશ?"

મારું કાળજું કપાઈ ગયું. મને કંઈક બોલવાનું મન થયું પણ હોઠેથી એકેય શબ્દ નીકળ્યો જ નહિ.

"કહો તો," તે મારો હાથ પોતાના હાથમાં લેતી બોલી, "તમે આમ ન જ કર્યું હોત, ખરું ને? સામે ચાલીને તમારી પાસે આવેલીને તમે ન જ તરછોડી હોત, તેના બિચારા મૂરખ હૈયાને બેશરમીથી તુચ્છકારી કાઢીને તમારી નફરત તેના મોં ઉપર કદી ન ઝીંકી હોત, ખરું ને? તમે શું તેની સંભાળ ન રાખી હોત? તમને શું એટલું ન સમજાયું હોત કે બિચારી એકલી હતી, તેને ખબર જ નહોતી કે શરૂઆત કેવી રીતે થઈ ગઈ, હૈયામાં છલકાતા તમારી તરફના પ્રેમથી બચી રહેતાં નહોતું આવડતું, તેનો દોષ નહોતો... તેનો વાંક નહોતો... તેણે કશું જ ખોટું નહોતું કર્યું! હે ભગવાન! ભલા ભગવાન!"

"નાસ્તેન્કા!" હું એકદમ બોલી ઊઠ્યો, મારી લાગણીઓને કાબૂમાં ન રાખી શક્યો. "નાસ્તેન્કા! તમે મારી ઉપર કાળો કેર વરસાવી રહ્યાં છો! તમે મારું હૈયું પીંખી રહ્યાં છો, મારો જીવ લઈ રહ્યાં છો, નાસ્તેન્કા! હવે મારાથી ચુપ રહેવાય એમ નથી! મારે બોલી જ નાખવું પડશે, મારા હૈયામાં ઊભરાઈ રહેલું બધું તમારી સામે જાહેર કરી જ દેવું પડશે!"

બોલતો બોલતો હું બાંકડા પરથી ઊભો થઈ ગયો. તેણે મારા હાથ પોતાના હાથમાં લઈને વિસ્મિત નજરે મારી સામે જોયું.

"આ તમને શું થઈ ગયું?" આખરે તે બોલી.

"સાંભળો," મેં મક્કમ અવાજે કહ્યું, "સાંભળો, નાસ્તેન્કા! હું તમને હમણાં જે કહેવાનો છું તે નર્યો બકવાદ છે, ઠાલો તરંગ છે, ખાલી મૂર્ખાઈ છે! મને ખબર છે કે એમ કદી બની શકે જ નહિ, પણ હવે હું મૂંગો રહી શકું એમ નથી. જે તમારા સંતાપનું કારણ છે તેના નામે હું તમને વીનવું છું કે મને પહેલેથી જ માફી બક્ષી દેજો."

"પણ શું? શું?" તેણે પૂછ્યું. તેનાં આંસુ સુકાઈ ગયાં હતાં, તેની નજર મારી ઉપર મંડાયેલી હતી, તેની આંખોમાં કુતૂહલ અને વિસ્મયનું અજબ તેજ વરતાતું હતું. "તમને શું થઈ ગયું છે?"

"હું જાણું છું કે આશા રાખવી નકામી છે, પણ હું તમને ચાહું છું, નાસ્તેન્કા! વાત એમ છે! મેં બધું કહી દીધું!" હું નાઉમેદીની લાગણીથી બોલ્યો. "હવે તમારે જ નક્કી કરવાનું છે કે મારી સાથે અત્યાર સુધી વાત કરતાં હતાં એવી રીતે ચાલુ રાખશો કે નહિ, અને હું તમને જે કહેવાનો છું તે સાંભળવા તૈયાર છો કે નહિ."

"પણ કેમ નહિ?" નાસ્તેન્કા વચમાં બોલી ઊઠી. "એથી શું થયું? હું તો બેશક જાણતી હતી કે તમને મારી ઉપર વહાલ છે, પણ મારું મન કહેતું હતું કે તમારું વહાલ એવું નથી, જુદી જાતનું છે... હે ભગવાન! હે ઈશ્વર!"

"પહેલાં તો એમ જ હતું, નાસ્તેન્કા, પણ હવે... પણ હવે તો તમે પોટલું લઈને તેની પાસે ગયાં ત્યારે તમારા મનમાં જેવી લાગણી હતી એવી જ લાગણી મને થાય છે. એથી બદતર, નાસ્તેન્કા, કારણ કે તે બીજી કોઈને નહોતા ચાહતા પણ તમે બીજાને ચાહો છો."

"તમે શું કરી રહ્યા છો? મને તો જરાય સમજાતું જ નથી. પણ કેમ... અથવા કેમ નહિ પણ શા માટે... તમે... અને આટલા અચાનક... ભગવાન! ભગવાન! હું લવારો કરી રહી છું! પણ તમે..."

નાસ્તેન્કા તદ્દન ગૂંચવાણમાં પડી ગઈ. તેના ગાલ એકદમ રાતા થઈ ગયા, અને તેણે શરમાઈને નજર આઘી ખસેડી લીધી.

"પણ હું શું કરું, નાસ્તેન્કા, શું કરું! વાંક મારો જ છે, મેં ખોટો ફાયદો ઉઠાવ્યો... ના, એમ નથી, વાંક મારો નથી, નાસ્તેન્કા! મને એવી લાગણી થાય છે, એવું સંભળાય છે, મારું દિલ મને કહી રહ્યું છે, કે હું ખરું જ કરી રહ્યો છું, હું કદી તમને દૂભવી ન શકું, તમારું અપમાન ન કરી શકું! હું તમારો મિત્ર હતો, અને હજી છું, મેં વિશ્વાસઘાત નથી કર્યો. મારી આંખોમાંથી વહેતાં આંસુ જુઓ, નાસ્તેન્કા! ભલે વહેતાં, ભલે વહેતાં, એમાં હાનિ જેવું કંઈ નથી! સુકાઈ જશે, નાસ્તેન્કા..."

"અરે, બેસો, બેસી જાઓ," તે મારો હાથ ઝાલીને મને બેસાડી દેવાની કોશિશ કરતી બોલી. "ભલા ભગવાન!"

"ના, નાસ્તેન્કા, હું નહિ બેસું, હવે અહીંયાં રોકાઈ શકું એમ નથી, તમારે મને મળવાનું હવે નહિ થાય, મારે કહેવું છે તે કહીને હું ચાલ્યો જઈશ. મારું કહેવાનું એટલું જ છે કે મારા પ્રેમની ખબર તમને કદી ન પડી હોત. તેને મેં છાનો જ રાખ્યો હોત. મારા સ્વાર્થને કારણે આવી ઘડીએ તમને સતાવવાનો ખ્યાલ મેં મનમાં કદી ન જ આણ્યો હોત. પણ મારાથી સહન થયું નહિ. તમે પોતે જ તેની વાત શરૂ કરેલી, વાંક તમારો જ છે, બધો દોષ તમારો છે, મારો નહિ. તમે મને વેગળો નહિ ધકેલી શકો..."

"ના, ના, અને હું ધકેલતીયે નથી, બિલકુલ નહિ!" નાસ્તેન્કા પોતાની મૂંઝવણને છુપાવવાની પૂરી કોશિશ કરતી બોલી બિચારી!

"તમે મને ચાલતો નથી કરી દેવાનાં? નહિ! અને હું પોતે જ નાસી જવાનો હતો! હું જરૂર ચાલ્યો જઈશ, પણ તે પહેલાં બધું તમને જણાવી દઈશ કારણ કે તમે હમણાં મારી સાથે વાત કરી રહ્યાં હતાં ત્યારે હું માંડ ચુપ રહી શકતો હતો, અને તમે એટલે કે તમે (નાસ્તેન્કા, આ બાબતનો ઉલ્લેખ કરું છું તે માફ કરી દેજો) તરછોડાઈ રહ્યાં હતાં તથા તમારા પ્રેમને તુચ્છકારવામાં આવી રહ્યો હતો એ કારણે તમે રડી રહ્યાં હતાં તથા વ્યથામાં અટવાઈ રહ્યાં હતાં, ત્યારે મને થતું હતું, મને ખબર હતી, કે મારા

હૈયામાં તમારી તરફ પારાવાર પ્રેમ ભરેલો હતો, નાસ્તેન્કા, પારાવાર પ્રેમ ભરેલો હતો! અને મારા એ પ્રેમ વડે હું તમને મદદ નહોતો કરી શકતો એથી મને કારમી પીડા થતી હતી,... મારું હૈયું ચિરાઈ જતું હતું, હું વધારે વાર મૂંગો ન રહી શક્યો, મારે બોલવું જ પડયું, નાસ્તેન્કા, બોલવું જ પડયું!"

"હા, હા, વાત કરો, આવી રીતે જ વાત કરો!" નાસ્તેન્કા અકળ ભાવાવેગમાં બોલી. "તમને મારા શબ્દો કદાચ અજબ લાગશે... પણ વાત કરો, ચાલુ રાખો! હું પછી બધું કહીશ! બધું કહીશ!"

"તમને મારી બાબતમાં અફસોસ છે, નાસ્તેન્કા, ખાલી અફસોસ જ છે, દોસ્ત મારાં! પણ જે થઈ ગયું તે થઈ ગયું! કહ્યું તો ન કહ્યું કોઈ રીતે ન જ થાય. ખરું ને? હવે તમે બધું જાણો છો. એટલે આપણે અહીંથી જ શરૂઆત કરીએ. ઠીક, બધું રૂડું મઝાનું છે હવે! પણ મારી વાત પૂરી સાંભળી લો. તમે અહીંયાં બેઠાં બેઠાં રડી રહ્યાં હતાં ત્યારે મને થયું (કહી નાખવા દો કે મનમાં શું થયું) મને થયું કે (પણ બેશક એમ કદી બને તો નહિ જ, નાસ્તેન્કા) મને થયું કે તમે... મને થયું કે તમે... જાણે કોઈ સાવ અજબ રીતે હવે તેને ચાહતાં મટી ગયાં છો. અને ત્યારે—આ વાત મારા મનમાં ગઈ રાતે અને તેની પહેલાંની રાતે પણ ઘોળાતી રહી હતી, નાસ્તેન્કા—અને ત્યારે મારી હાલત એવી થઈ ગઈ કે મારે કંઈક કરવું જ પડે, જરૂર કંઈક કરવું જ પડે, જેથી તમે મને પ્રેમ કરવા લાગો. તમે મને કહેલું, તમે પોતે જ કહેલું, નાસ્તેન્કા, કે તમને મારી તરફ લગભગ પ્રેમ થઈ ગયો હતો. હા, તો હું શું કહેવાનો હતો? ભલે, લાગે છે કે બધું કહી જ નાખ્યું છે. હવે તો એટલું જ કહીશ કે તમે કદી મને પ્રેમ કર્યો હોત તો જિંદગી કેવી હોત બસ એટલું જ અને વધારે કશું નહિ! તો સાંભળો, મારાં મિત્ર—કેમ કે તમે આખર મારાં મિત્ર તો છો જ—હું બેશક સાધારણ માણસ છું, ગરીબ અને સાવ નિર્માલ્ય છું, પણ અસલ વાત એ નથી (હું આડુંઅવળું બોલબોલ કરતો હોઉં એમ લાગે છે, પણ તેના કારણમાં મારી અકળામણ છે, નાસ્તેન્કા), ખરી વાત એમ છે કે હું તમને બહુ વહાલ કરત, તમારી ઉપર એટલો પ્રેમ ઠાલવી દેત કે તમે તેને પ્રેમ કરતાં હો, મારાથી અજાણ્યાં તેને પ્રેમ કરતાં રહો, તોપણ મારો એ પ્રેમ તમને બોજા જેવો કોઈ રીતે ન જ લાગ્યો હોત. તમને દરેક પળ માત્ર

એટલો જ ખ્યાલ રહેત, તમને કેવળ એમ જ લાગત, કે તમારી નજીક એક હૈયું ધબકી રહ્યું છે, અહેસાનમંદ અને ભાવભીનું હૈયું ધબકી રહ્યું છે, એ હૈયું સદા તમારું જ રહેવાનું છે. અરે નાસ્તેન્કા! નાસ્તેન્કા! તમે મને આ શું કરી નાખ્યું!"

"રડો નહિ, હું તમને રડતા જોવા નથી માગતી," નાસ્તેન્કા એકદમ બાંકડા પરથી ઊભી થઈ જતી બોલી. "ઊભા થાઓ, મારી ભેગા ચાલો, રડો નહિ, રડો નહિ," તેણે કહ્યું, અને પોતાના રૂમાલ વડે મારાં આંસુ લૂછી નાખ્યાં. "તો ચાલો, મારેય કદાચ તમને કહેવાનું કંઈક હોય... તેણે મને તરછોડી દીધી છે, તે મને ભૂલી ગયો છે—જોકે હું હજી તેને ચાહું છું (મારે તમારી જોડે છળ નથી કરવો)—એટલે... પણ બોલો, જવાબ આપો. ધારો કે હું તમને પ્રેમ કરવા લાગી હોત... મતલબ કે... ખાલી ધારો જ... અરે મારા દોસ્ત, મારા દોસ્ત! મને યાદ આવે છે, મને વિચાર આવે છે, કે મેં કેવી રીતે તમારા પ્રેમની હાંસી ઉડાવેલી, મારા પ્રેમમાં ન પડી જવા બદલ તમારાં વખાણ કરેલાં!.. હે ભગવાન! હું પહેલેથી કેમ ન કળી ગઈ? કેમ ન કળી ગઈ? હું સાવ મૂરખ જેવી જ રહી ગઈ, પણ... ભલે, ભલે, મેં ફેંસલો કરી લીધો છે, બધું કહી દઈશ..."

"સાંભળો, નાસ્તેન્કા, મારી વાત સાંભળો. હું હમણાં જ તમારી પાસેથી ચાલ્યો જાઉં છું. હવે તો હું તમને ખાલી સતાવી જ રહ્યો છું. તમારો અંતરાત્મા તમને ડંખવા લાગ્યો છે કારણ કે તમે મારી હાંસી ઉડાવેલી, અને હું નથી ઇચ્છતો, બિલકુલ નથી ઇચ્છતો, કે તમારે એ પીડા પણ વેઠવી પડે, તમારું પોતાનું દુખ તો તમારે સહેવાનું જ છે... બેશક વાંક મારો જ છે, નાસ્તેન્કા, આવજો!"

"ઊભા રહો, મારી વાત સાંભળો, થોડીક ધીરજ રાખશો?"

"ધીરજ? કેવી ધીરજ? શા માટે?"

"હું તેને ચાહું છું એ ખરું, પણ વખત જતાં મારો એ પ્રેમ ઓસરી જશે, ઓસરી જ જાય, અત્યારે જ ઓસરી રહ્યો છે, મને લાગે છે... કોને ખબર છે, કદાચ આજે રાતે જ ખતમ થઈ જાય, કારણ કે હવે મને તેની તરફ ધિક્કાર છૂટે છે, તેણે મને તુચ્છકારી કાઢી, પણ તમે મારા દુખમાં મારી ભેગા રહ્યા, તમે મને ચાહો છો એટલે જ તમે તેના જેવું ન કર્યું, મને રઝળતી ન મૂકી દીધી, તે મને ચાહતો જ નહોતો, અને

પાછી હું તમને ચાહું છું... હા, ચાહું છું! તમે મને ચાહો છો એવી જ રીતે ચાહું છું! મેં તમને પહેલાં પણ કહેલું, તમે જાણો છો કે કહેલું—હું તમને ચાહું છું કારણ કે તમે તેના કરતાં બહેતર છો, કારણ કે તમે વધારે નેકદિલ છો, કારણ કે... કારણ કે... તે..."

બિચારી નાસ્તેન્કા એટલી બધી લાગણીવશ થઈ ગઈ કે આગળ બોલી જ ન શકી, તેણે માથું મારે ખભે ઢાળી દીધું, પછી મારી છાતીએ સરકાવી દીધું, અને ધ્રૂસ્કાફાટ રડતી રહી. મેં તેને દિલાસો દેવાની, તેનું હૈયું હળવું કરવાની, બહુ કોશિશ કરી પણ તે કોઈ રીતે આંસુ રોકી ન શકી. તે મારો હાથ દબાવતી રહી અને ડૂસકાં ભરતી ભરતી વારે વારે કહેતી રહી: "ઊભા રહો, ઊભા રહો, હમણાં જ રડવાનું બંધ થઈ જશે! મારે તમને કહેવું છે... ખોટો અર્થ તારવી લેતા નહિ, આ આંસુ તો એમ જ છે, ખાલી નબળાઈને લીધે રડવું આવી ગયું છે, હમણાં ખતમ થઈ જશે." આખરે તેનાં ડૂસકાં બંધ થઈ ગયાં, તેણે આંસુ લૂછી નાખ્યાં, અને અમે ચાલવા લાગ્યાં. હું કંઈક બોલવા જતો હતો પણ તેણે મને વીનવીને અટકાવી દીધો. અમે બેઉ ચૂપ થઈ ગયાં. આખરે તેણે સ્વસ્થ થઈને કહેવાનું શરૂ કર્યું.

"જુઓ, પ્રેમની બાબતમાં મારું મન અસ્થિર અને ચંચળ હોય એવો ખ્યાલ ન બાંધી લેતા," તે કમજોર અને કંપતા અવાજે બોલી, પરંતુ તેમાં એવો કશોક આગ્રહભર્યો રણકાર હતો જે સીધો મારા હૈયા સોંસરવો ઊતરીને મધુર પીડાના સણકા પેદા કરવા લાગ્યો. "એમ ન માની લેતા કે મારામાં બધું સહેલાઈથી અને ઝડપથી વિસારે પાડી દેવાનું કે બેવફાઈ કરવાનું લક્ષણ હોય... હું આખું વરસ તેને ચાહતી રહી છું, અને ઈશ્વરના સોગન ખાઈને કહું છું કે મેં ક્યારેય, ખ્યાલોમાં પણ, બેવફાઈ નથી કરી. તેણે મારી વફાદારીને તુચ્છકારી કાઢી છે, મારી હાંસી ઉડાવી છે—ભલે, ભગવાન તેનું ભલું કરે! પણ તેણે મને દૂભવી છે, મારા પ્રેમનું અપમાન કર્યું છે. હું... હું તેને નથી ચાહતી, હું તો ઉદાર, લાગણીશીલ, અને નેકદિલ હોય તેને જ ચાહી શકું, કેમ કે હું પોતે જ એવી છું, અને તે મારા પ્રેમને લાયક નથી—ભલે, ભગવાન તેનું ભલું કરે! તેણે સારું જ કર્યું છે, મને તેનામાં પાછળથી નિરાશા મળી હોત તો, મને તેની અસલી સૂરતની ખબર પડી હોત ત્યારે, મારી હાલત બદતર બની ગઈ હોત...

હવે બધું ખતમ થઈ ગયું છે! પણ કોને ખબર છે, મારા ભલા દોસ્ત," તે મારી આંગળીઓમાં પોતાની આંગળીઓ પરોવતાં બોલી, "કોને ખબર છે, કદાચ મારો આ પ્રેમ ભ્રમજાળ જ હતો હોય, મારી કલ્પનાનો ખેલ જ રહ્યો હોય, મને દાદીમાની નજરની બહાર જવાની છૂટ નહોતી મળતી એટલે ખાલી ટીખળ અને નકામાં મનની નાદાનીમાંથી જ પ્રેમ તેની શરૂઆત થઈ ગઈ હોય! મારો પ્રેમ મારે કદાચ તેની ઉપર ન ઢાળવો જોઈએ, કદાચ બીજા કોઈને, નિરાળા આદમીને, મારી દયા ખાય અને... અને... ના, રહેવા દો, એ વાત જ રહેવા દો..." નાસ્તેન્કા ઉત્તેજનાને લીધે હાંફી જતી અધવચ્ચે જ અટકી ગઈ. "મારે તો એટલું જ કહેવું છે... એટલું જ કહેવું છે કે હું તેને ચાહું છું (ના, મેં તેને ચાહ્યો હતો) તે છતાં, તે છતાં, જો તમે ફરી એક વાર કહો... જો તમને લાગતું હોય કે તમારો પ્રેમ મારા દિલમાંથી અગાઉના પ્રેમને ખરેખર હટાવી દે એટલો જોરદાર છે... જો તમે મારી ઉપર દયા કરવા માગતા હો, જો તમે મને નસીબના હાથમાં એકલી, દુખી, હતાશ છાંડી દેવા ન માગતા હો, જો તમે મને આજે જેવી રીતે ચાહો છો એવી જ રીતે સદા ચાહવા માગતા હો, તો હું સોગન ખાઈને કહું છું કે મારું અહેસાન... મારો પ્રેમ તમારા પ્રેમને લાયક રહેશે... આ બધું સાંભળી લીધા પછી હવે મારો હાથ ઝાલવો છે?"

"નાસ્તેન્કા!" હું બોલી ઊઠ્યો. ડૂસકાંથી મારું ગળું રૂંધાઈ રહ્યું હતું. "નાસ્તેન્કા!.. અરે નાસ્તેન્કા!.."

"બસ, બસ! બહુ થયું! હવે હૈયું હલકું ફૂલ થઈ ગયું!" તે મહેનત કરીને બોલી. "કહેવાનું હતું તે બધું કહેવાઈ ગયું છે, નહિ? હવે તમે સુખી છો, અને હુંયે સુખી છું, આને વિશે એક શબ્દ પણ બોલશો નહિ, હમણાં નહિ, મારી ઉપર દયા કરો!.. બીજી કોઈ વાત કરો, ઈશ્વરને ખાતર!.."

"હા, નાસ્તેન્કા, હા! આ વાત હવે બસ, મારા મનમાં સુખ છે, હું... હા, આપણે બીજી કશી વાત કરીએ, નાસ્તેન્કા, એકદમ બીજો કોઈ વિષય શરૂ કરી દઈએ, હા વળી! હું તૈયાર છું..."

અમને કશી વાત સૂઝી નહિ, અમે હસતાં રહ્યાં, રડતાં રહ્યાં, હજાર હજાર નિરર્થક આડાઅવળા શબ્દો લવતાં રહ્યાં; અમે પાળબંધીએ આંટા

માર્યા, એકાએક ફરી જઈને સામી પગથીએ જવા લાગ્યાં, વળી થંભી જઈને પાછાં કઠેરા તરફ ગયાં. અમે જાણે બે નાનાં બાળકો જેવાં હતાં.

"અત્યારે તો હું એકલો રહું છું, પણ કાલે..." મે કહ્યું. "તમને તો ખબર છે, નાસ્તેન્કા, કે હું ગરીબ છું, વરસે માત્ર બારસોની આવક છે, પણ ફિકર નહિ..."

"બેશક નહિ જ વળી, અને દાદીમાને તો પેન્શન મળે છે, તે આપણી ઉપર બોજો નહિ બને. આપણે દાદીમાને ભેગાં રાખીશું."

"હા, જરૂર, દાદીમાને ચોક્કસ ભેગાં રાખીશું... પણ માત્ર્યોના..."

"અરે હા, અમારી ફ્યોકલા પણ છે ને!.."

"માત્ર્યોના બિચારી નેક ઓરત છે, પણ તેનામાં એક ખામી છે, લાંબી સૂઝ નહિ, જરાય નહિ, નાસ્તેન્કા, પણ એથી શો ફેર પડે!.."

"કંઈ નહિ. બેઉ ભેગી રહેશે, પણ કાલે તમારે અમારા ઘરમાં રહેવા આવી જવાનું છે."

"શું કહ્યું? તમારે ત્યાં? ભલે, મને વાંધો નથી."

"હા, અમારે ત્યાં જ રહેવાનું રાખો. મેડો તો છે જ, અને પાછો હમણાં ખાલી છે. ખાનદાન કુટુંબનાં એક ડોશીમા રહેતાં હતાં, પણ હવે બીજે રહેવા ગયાં છે. મને ખબર છે કે દાદીમા કોઈ જુવાન આદમીને મેડો ભાડે આપવા માગે છે. મેં કહ્યું કે 'જુવાન કેમ?' તો જવાબ દીધો કે 'હું તો હવે ખર્યું પાન કહેવાઉં, ઘરમાં કોઈ જુવાન માણસ હોય તો સારું. તું નકામું ધારી ન લેતી કે તારે ખાતર મુરતિયો ગોતવાની મુરાદ હોય, નાસ્તેન્કા!' એટલે હું તરત ખરું કારણ સમજી ગઈ."

"વાહ રે, નાસ્તેન્કા!"

અમે બેઉ હસવા લાગ્યાં.

"બસ હવે, હસવું બંધ કરો! તમારું ઘર ક્યાં છે?" તેણે સવાલ કર્યો. "હું તો પૂછવાનું સાવ ભૂલી જ ગઈ."

"પણે, પુલ નજીક, બારાન્નિકોવના મકાનમાં."

"બહુ મોટું મકાન છે, નહિ?"

"હા, બહુ મોટું."

"હું સમજું છું કે મકાન મોટાનું છે, પણ બને એટલા જલદી ઘર ખાલી કરીને અમારે ત્યાં આવી જાઓ..."

"સવાર પડે એટલી વાર છે, નાસ્તેન્કા, બસ કાલની જ વાટ છે. જરાક ભાડું ચડી ગયું છે, પણ તેની ફિકર નથી, પગાર હવે તો થોડાક દિવસમાં જ મળવાનો છે."

"જુઓ ને, હું ભણાવવાનું કામ કરી શકું... મતલબ કે પહેલાં ભણી લઉં અને પછી ભણાવવાનું કામ કરું."

"વાહ, એ તો બહુ સારું!.. અને મને થોડા વખતમાં ગ્રૅચ્યુઇટીના પૈસા મળશે, નાસ્તેન્કા."

"તો કાલથી તમે મારા ભાડૂત."

"અને આપણે 'સેવિલનો નાઈ' જોવા જઈશું, થોડા દિવસમાં વળી શરૂ થઈ જશે."

"હા, જઈશું," નાસ્તેન્કા મોં મલકાવતી બોલી. "પણ ના, તેને બદલે બીજું કંઈક જોવા જઈએ તો સારું."

"ભલે, બીજું કંઈક, વધારે ઠીક રહેશે, મને તો ખ્યાલ જ ન આવ્યો."

એવી વાતો કરતાં અમે આંટા મારતાં રહ્યાં, જાણે ઘેનમાં હતાં, અંજાઈ ગયેલાં હતાં, અજાણ હતાં કે અમને શું થઈ ગયું છે. કોઈ એક જગ્યાએ પહોંચીએ, ઊભાં રહી જઈએ, કેટલીય વાર સુધી વાતો કરતાં રહીએ, અથવા પાછાં ફરી જઈને ચાલવા લાગીએ, ભગવાનને ખબર કઈ તરફ, વળી હસવા લાગીએ, વળી રડવા લાગીએ. અથવા નાસ્તેન્કાને અચાનક જ ઘેર જવાનું મન થાય, મારાથી તેને રોકવાની હિંમત તો ન જ થાય પણ હું તેને છેક ઘર સુધી પહોંચાડવાની મરજી બતાવું, અમે ચાલવા લાગીએ, પા કે અરધા કલાક પછી પાછાં પાળબંધીએ આંટા મારતાં હોઈએ અથવા અમારે બાંકડે બેઠાં હોઈએ, અને તેનું ભાન થતાં અશ્ચર્યમાં ગરકાવ થઈ જઈએ. અથવા તે એકાએક નિસાસા નાખવા લાગે, તેની આંખોમાં આંસુ ચળકવા લાગે, અને હું હતાશામાં સરી પડું, મારું લોહી જાણે થીજી જાય. પરંતુ બીજી જ પળે તે મારો હાથ દબાવતી હોય, મને ફરી આંટા મારવા અને વાતો કરવા અને ગપ્પાં હાંકવા ઘસડી જતી હોય.

"બસ, હવે ઘેર જવું જોઈએ, ખરેખર જવું જોઈએ, બહુ મોડું થઈ ગયું છે," નાસ્તેન્કા આખરે બોલી. "બાળકવેડા બહુ કરી લીધા આપણે!"

"ખરી વાત, નાસ્તેન્કા, પણ હવે મને નીંદર નહિ આવે, હું ઘેર જઈશ જ નહિ."

"નીંદર તો મનેય નહિ આવે, પણ ઘર સુધી મૂકી જાઓ."

"ચોક્કસ!"

"પણ આ વેળા તો સાચેસાચ ઘેર જવાનું જ છે."

"હા વળી, જરૂર જવાનું જ છે."

"તમારો બોલ? કારણ કે આખર મારે વહેલામોડું ઘેર તો જવું જ પડે ને!"

"મારો બોલ છે!" મેં હસતાં હસતાં કહ્યું.

"ઠીક, તો ચાલો."

"ભલે, ચાલો."

"ઉપર જુઓ, નાસ્તેન્કા, આકાશમાં નજર નાખો! કાલે દિવસ મઝાનો હશે. ચાંદાને નીરખો, અને જુઓ તો ખરાં, ગગન કેવું નીલું છે! પણે જોવા જેવું છે—પીળું વાદળ ચાંદાની ઉપર છવાઈ રહ્યું છે, ઝટ કરો, નજર નાખી લો! અરે ગયું, આગળ નીકળી ગયું! હવે જુઓ, જુઓ!"

પરંતુ નાસ્તેન્કા વાદળને નહોતી નીરખી રહી, તે તો જ્યાં ઊભી હતી ત્યાં જ જાણે જડાઈ ગઈ હતી, સાવ મૂંગી થઈ ગઈ હતી. થોડીક વાર પછી મને લાગ્યું કે તે શરમાતી સંકોચાતી નજીક સરકી રહી છે. મારા હાથમાં તેનો હાથ મને કંપતો લાગ્યો. મેં તેની સામે જોયું. તે મારા હાથ પર વધારે ઝૂકી ગઈ.

એક યુવાન અમારી પાસેથી નીકળ્યો, અચાનક ઊભો રહી ગયો, જરાક વાર અમારી સામે તાકીને પાછો ચાલતો થઈ ગયો. મારા દિલના ધબકારા જાણે બંધ થઈ ગયા.

"નાસ્તેન્કા," હું હળવા અવાજે બોલ્યો, "કોણ છે, નાસ્તેન્કા?"

"તે," નાસ્તેન્કા હોઠ ફફડાવીને વધારે નજીક સરકતી મને લપાઈ ગઈ. તેની કાયા વધારે ને વધારે જોરથી કંપી રહી હતી. મારા પગ ફસકાઈ પડતા માંડ રહી ગયા.

"નાસ્તેન્કા! નાસ્તેન્કા! તું છે!" અમને પાછળથી સાદ સંભળાયા. એ જ પળે પેલો યુવાન વેગીલાં ડગલાં ભરતો અમારી તરફ આવવા લાગ્યો.

હે ભગવાન! તે કેવી ચીસ પાડી ઊઠી! કેવી ચોંકી ગઈ! કેવી રીતે મારો હાથ પડતો મૂકીને વીજળીના વેગે પેલાની પાસે પહોંચી ગઈ!.. હું તો જાણે સાવ ઢીલો પડી જઈને તેમને જોતો ઊભો રહ્યો. પણ તેણે પેલાના હાથમાં પોતાનો હાથ હજી તો માંડ મૂક્યો હતો, તે પેલાના બાહુપાશમાં

હજી તો માંડ સમાઈ હતી, એટલામાં એકાએક મારી તરફ ફરીને વીજળીના ઝબકારાની જેમ, પવનના ઝપાટાની જેમ, મારી પાસે પહોંચી ગઈ અને મારી સાનભાન ઠેકાણે આવે તે પહેલાં જ તેણે મારે ગળે હાથ વીંટાળીને મને ખૂબ વહાલથી ચૂમી ભરી લીધી. પછી મને એક શબ્દ પણ કહ્યા વગર તે પાછી પેલાની પાસે દોડી ગઈ અને તેના હાથમાં હાથ પરોવીને તેના ભેગી મારાથી દૂર ને દૂર ચાલી ગઈ.

હું કેટલીય વાર સુધી ઊભો રહીને તેમને જતાં નીરખતો રહ્યો... આખરે તેઓ દેખાતાં બંધ થઈ ગયાં.

પ્રભાત

પ્રભાતે મારી રાત્રિઓનો અંત આવી ગયો. સાવ બેનૂર દિવસ હતો. વરસાદ વરસી રહ્યો હતો, ફોરાં મારી બારીએ ટપટપાટ કરી રહ્યાં હતાં. મારા નાનકડા ઓરડામાં અંધારું હતું. આકાશમાં વાદળાં ઘેરાયેલાં હતાં. મને માથામાં દુખતું હતું અને ચક્કર આવતાં હતાં. મારાં અંગઅંગમાં તાવ ભરાઈ રહ્યો હતો.

"તમારો કાગળ છે, માલિક, ટપાલમાં આવ્યો છે, ટપાલી આપી ગયો છે," માત્ર્યોના મારી પાસે આવીને ઊભી રહેતી બોલી.

"કાગળ? કોનો?" હું ખુરશીમાંથી ઊભો થઈ જતો બોલી ઊઠયો.

"ખબર નથી, માલિક, ખોલીને જુઓ, અંદર કદાચ લખેલું હોય કે કોનો છે."

મેં કવર ખોલીને કાગળ કાઢયો. તેનો જ હતો!

"અરે, માફ કરજો, મને માફ કરજો," નાસ્તેન્કાએ લખ્યું હતું. "તમારે પગે પડીને વીનવું છું કે મને માફ કરી દેજો! મેં મારી પોતાની જોડે અને તમારી જોડે પણ છળ કર્યો. જાણે સપનું હતું, તરંગ હતો... આજે તમારા ખ્યાલે મને ભારે સંતાપ થઈ રહ્યો છે, માફ કરજો... માફ કરજો...

"મારી બાબતમાં બહુ આકરો ફેંસલો ન કરી લેતા, કારણ કે તમારા તરફની મારી લાગણીમાં જરાય ફરક નથી પડયો; મેં તમને કહેલું કે મને તમારી ઉપર વહાલ છે, અને ચોક્કસ વહાલ છે જ, વહાલથીય કશુંક વધારે

છે! હે ઈશ્વર! તમને બેઉને એકીસાથે ચાહી શકતી હોત તો કેવું સારું! તમે તે હોત તો કેવું સારું!"

"તે તમે હોત તો કેવું સારું!" મારા મનમાં યાદ ઝબકી ગઈ. મને તારા શબ્દો યાદ આવી ગયા, નાસ્તેન્કા!

"ઈશ્વર જાણે છે કે મને તમારે ખાતર શું શું કરવાની તાલાવેલી છે! મને ખબર છે કે તમારું દિલ ભારે થઈ ગયેલું છે, તમે ગમગીન છો. મેં તમારી લાગણીઓ દૂભવી છે, પણ તમે તો જાણો છો કે માણસના દિલમાં પ્યાર હોય તો નારાજી ઝાઝી વાર ન ટકે. અને તમે તો ચોક્કસ મને વહાલ કરો છો!

"અહેસાન માનું છું! હા, તમારા એ વહાલ બદલ અહેસાનમંદ છું, કારણ કે તે મીઠા સપનાની જેમ, જાગી ગયા પછી પણ લાંબા વખત સુધી મનમાં ફોરતા રહેતા મીઠા સપનાની જેમ, મારી યાદમાં મઢાઈ ગયેલું છે. મને હંમેશાં એ ઘડી યાદ રહેશે કે જ્યારે તમે ભાઈ જેવી નિખાલસતાથી દિલની વાત મને જણાવી દીધેલી, મારા હતાશ હૈયાની ભેટ ઉદારતાથી સ્વીકારી લીધેલી—તેની સંભાળ રાખવા, તેનું જતન કરવા, સારવાર કરીને તેને ફરી તરવરતું બનાવી દેવા. મને માફ કરી દેશો તો મારા મનમાં તમારી યાદ ફરતે મારા કાયમી અહેસાનની આભા ઝળકતી રહેશે, એ લાગણી મારા દિલમાં કદી ઓસરશે નહિ. હું એ યાદને જીવની જેમ જાળવી રાખીશ, તેને વફાદર રહીશ, તેને છેહ નહિ દઉં, મારા હૈયાને ભટકવા નહિ દઉં, તે એકદમ અચલ છે. કાલે રાતે જ તે સદાને માટે જેનું હતું તેની પાસે કેવા વેગે ઊડી ગયેલું!

"આપણે મળીશું, તમે અમારે ત્યાં જરૂર આવજો, અમને તરછોડી ન દેજો, હંમેશાં મારા દોસ્ત બની રહેજો, મારા ભાઈ બની રહેજો. મળો ત્યારે તમારો હાથ મારા હાથમાં મૂકજો, મૂકશો ને? તમારો હાથ મારા હાથમાં મૂકશો જ, તમે મને માફી બક્ષી છે, બક્ષી છે ને? તમે મને **અગાઉ જેટલું જ** વહાલ કરો છો ને?

"અરે, મને વહાલ કરો, તરછોડી ન દો, કારણ કે હું આ ઘટીએ તમને બહુ બહુ વહાલ કરું છું, તમારા વહાલને લાયક છું, તમારા વહાલને લાયક રહેવા માગું છું... મારા મીઠા દોસ્ત! તેની જોડે મારું લગ્ન આવતે અઠવાડિયે થવાનું છે. તે પાછો આવ્યો, મારે માટે હૈયામાં પ્રેમ છલકાવતો

આવ્યો, તે ક્યારેય મને ભૂલ્યો નહોતો... હું તેને વિશે લખી રહી છું એથી ગુસ્સે ન થશો. મારી મંછા તેને લઈને તમારી પાસે આવવાની છે, તમારું હેત તેને આપવાનો ઈનકાર ન કરશો, નાહિ કરો ને?

"મને માફ કરજો, યાદ કરજો, અને વહાલ કરજો.

તમારી

નાસ્તન્કા"

મેં પત્ર ફરીફરીને વાંચ્યો. મને રડવાનું મન થયું. આખર પત્ર મારી આંગળીઓમાંથી સરી પડયો. મેં બેઉ હાથ મારા મોં પર ઢાંકી દીધા.

"અરે, સાંભળો તો, સાંભળો તો!" માત્યોના બોલી.

"શું છે, ડોશીમા?"

"જુઓ, બધાં જાળાં સાફ કરી નાખ્યાં છે, લગ્ન કરવાનાં ન મહેમાનોની મહેફિલ કરવાનું મન હોય તો મોકો છે..."

મેં માત્યોનાની સામે જોયું. તે હજુ સાજી નરવી અને આનંદી **જુવાન** ઘરડી બાઈ હતી, પણ કોણ જાણે કેમ અચાનક જ મને લાગ્યું કે તેની કાયા જાણે વળી ગયેલી અને ઢીલી પડી ગયેલી છે, તેની આંખોમાં જાણે ઝળકાટ નથી, તેના ચહેરામાં જાણે કરચલીઓ પડી ગઈ છે... કોણ જાણે કેમ પણ મને અચાનક લાગ્યું કે મારો ઓરડોયે જાણે માત્યોનાની જેમ જરાજીર્ણ થઈ ગયો છે, છત અને ભીંતોમાં ડાઘા પડી ગયા છે, બધું બેરંગ લાગે છે, બેસુમાર જાળાં બાઝેલાં છે. કોણ જાણે કેમ પણ બારીમાંથી બહાર નજર નાખતાં મને લાગ્યું કે સામેનું ઘર પણ જાણે અવસ્થાને આરે પહોંચેલું અને બેરંગ બની ગયું છે, થાંભલીઓ પરથી ચૂનો ઊખડી ગયો છે, કાંગરીઓ કાળી મેશ થઈ ગઈ છે અને તેમાં તિરાડો પડી ગઈ છે, ચળકતી પીળી દીવાલોમાં ધાબા પડી ગયા છે અને તે કાબરચીતરી બની ગઈ છે...

ફરી વાર મારી નજર સામે બધું મને જાણે બેરંગ બની જતું લાગ્યું. તેનું કારણ કદાચ એ હોય કે અણધાર્યું ડોકિયું કરવા લાગેલું સૂર્યકિરણ પાછું વરસાદના કાળા વાદળની પાછળ છુપાઈ ગયું હતું. અથવા કદાચ કારણ એ હોય કે મારા સમગ્ર જીવનનું સાવ બેનૂર અને બેહદ ગમગીન ચિત્ર મારી

નજર સામે પથરાઈ ગયું હતું, અને તેમાં મને હું આજે બરાબર પંદર વરસ પછી છું એવો ઘરડો, એ જ પુરાણા ઓરડામાં, હંમેશની જેમ જ એકલતામાં અટવાતો, વરસો દરમિયાન બિલકુલ શાણી ન બનેલી એ જ બુઢ્ઢી માત્ર્યોનાના સંગમાં દેખાતો હતો.

પરંતુ મારી નારાજીને મનમાં ઘૂંટતો રહું! ના, નાસ્તેન્કા, કદી નહિ! તારા નિર્મળ અને અક્ષુબ્ધ સુખમાં ગમગીનીના વાદળનો પડછાયો પણ કદી પડવા દઉં, કડવાશ ભરેલી ફરિયાદ કરીને તારા દિલમાં ઉદાસીની છાયા સરખીયે કદી ફરકવા દઉં, અથવા તારા હૈયામાં હર્ષની છોળો ઊડી રહી હોય ત્યારે તેને અંતરાત્માના છાના ડંખ વડે જખમી થવા દઈને પીડાથી સંકોડાઈ જવા દઉં, છેડાછેડી બાંધીને તેની જોડે ચાલતી વેળા તેં તારી કાળી લટોમાં ગૂંથેલાં મનોહર પુષ્પોમાંથી એકને પણ હું કદી કચરી નાખું!.. અરે, કદી નહિ! કદી નહિ! તારાં ગગન સદા નિર્મળ રહો! તારો મધુરો મલકાટ સદા ઝળકતો અને નચિંત રહો! તેં કોઈ અન્યને, એકલવાયા અને અહેસાનમંદ દિલને, બક્ષેલી પરમાનંદ અને પરમસુખની એક ઘડી બદલ તારી ઉપર ઈશ્વરની દયા સદા ઊતરતી રહો!

ભલા ભગવાન! પરમાનંદની આખી ઘડી! અરે, તે શું આખા આયુ માટે પૂરતી નથી!..

૧૮૪૮

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૧૭, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)

મહાન સર્વહારા વર્ગીય લેખક મક્સીમ ગોર્કીએ વિશ્વવિખ્યાત લેખક ફ્યોદોર દોસ્તોયેવ્સ્કીનું (૧૮૨૧-૧૮૮૧) વર્ણન શેક્સપીયર, દાન્તે, ગેટે અને તોલ્સ્તોય જેવા લેખકોની સાથે સમાન કક્ષાએ મૂકી શકાય એવા પ્રતિભાવાન માનવી તરીકે કર્યું હતું.

'ગરીબ બિચારાં' (૧૮૪૫) અને 'ધવલ નિશાઓ' (૧૮૪૮) કૃતિઓ યુવાન દોસ્તોયેવ્સ્કીએ ઝારશાહીની સખત કેદ તથા હદપારીની સજાના પરિણામે ભાંગી પડતાં પહેલાં કરેલાં પ્રથમ સર્જનો છે.

દોસ્તોયેવ્સ્કીની નવલકથાઓ 'મૃત ઘરમાંથી નોંધો' તથા 'હિણાયેલાં અને નિંદાયેલાં' ૧૮૬૧માં પ્રકાશિત થઈ હતી, અને આગળ જતાં જાણીતી મનોવૈજ્ઞાનિક નવલકથાઓ—'ગુનો અને સજા' (૧૮૬૬), 'મૂર્ખ' (૧૮૬૯), 'છોકરો' (૧૮૭૫), 'કારામાઝોવ બંધુઓ' (૧૮૮૦) પ્રકાશિત થતાં તેને આખા જગતમાં ખ્યાતિ મળી.

દોસ્તોયેવ્સ્કીના સમગ્ર સર્જનમાં એક બાબત સર્વસામાન્ય છે—માનવી અંગેની વેદનામય ચિંતા, હિણાયેલાં તથા નિંદાયેલાં લોકોના દુખ અંગે ઊંડી વ્યથા. લેખકે વેરઝેરના અનિષ્ટ સામ્રાજ્યમાંથી સદ્‌ભાવ અને સત્યની તેજસ્વી દુનિયાનો માર્ગ ખોળવાના પ્રયાસો પોતાનાં સર્જનોમાં કર્યા છે.